તત્ત્વાર્થદીપનિબન્ધ-સર્વનિર્ણયપ્રકરણાન્તર્ગત

# ।। સાધનપ્રકરણ ।।

અનુવાદક-વિવેચક :
ગો.વા.શ્રીસુન્દરલાલ મણિલાલ વકીલ

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

**પ્રકાશક :**
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી,
જિ. કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫. ફોનઃ (૦૨૮૩૪) ૨૩૧૪૬૩
Email : gosharad@rediffmail.com
Must Visit :
http://www.pushtimarg.net
http://vallabhacharyavidyapeeth.org/

**સમ્પાદક :** શરદ્ ગોસ્વામી

**પ્રકાશનવર્ષ : વિ.સં.૨૦૭૦**

**પ્રતિ : ૩૦૦૦**

**નિઃશુલ્કવિતરણાર્થ**

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર,
માંડવી - કચ્છ, ગુજરાત,૩૭૦ ૪૬૫.
ફોનઃ૦૨૮૩૪ - ૨૩૧૪૬૩
(સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૬)

**મુદ્રક :**
પૂર્વીપ્રેસ પ્રા. લી., રાજકોટ.

# શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ

**કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, પિનકોડઃ ૩૭૦૪૬૫**
**(ટેલીફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩)**

| ગ્રન્થ | | | પ્રકાશનસહાય |
|---|---|---|---|
| | **પુષ્ટિમાર્ગની પ્રાથમિક સમજ માટે** | | |
| ૧. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૧૦ |
| ૨. પ્રવેશિકા | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૧૦ |
| ૩. Praveshika | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (અંગ્રેજી) | ૧૦ |
| ૪. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૨૦ |
| ૫. પુષ્ટિપ્રવેશ ૧-૨ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૨૦ |
| ૬. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (ગુજરાતી) | ૧૦ |
| ૭. પુષ્ટિપથ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | (હિન્દી) | ૧૦ |
| ૮. પ્રમેયરત્નસંગ્રહ | લેખક : ગોસ્વામી શ્રીશરદ્કુમાજી | ( ગુજ. ) | ૨૦ |
| ૯. Manual of the devotionalpath of Pushti. | લેખક : ઉપરમુજબ | | ૬૫ |
| | **તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ** | | |
| ૧૦. શબ્દખંડીયા વિદ્વત્પરિચર્ચા | | (સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૧. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી | | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી | | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૩. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી | | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૧૫૦ |
| ૧૪. અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી | | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | ૨૦૦ |
| ૧૫. વલ્લભવેદાન્ત | લેખકઃ ગો.શ્રીશ્યામ મનોહરજી | (સંસ્કૃત -અંગ્રેજી-હિન્દી) | નિઃશુલ્ક |
| | **સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન** | | |
| ૧૬. વાર્તાપરિચર્ચા | | | ૧૫ |
| ૧૭. અધિકારપરિચર્ચા | | | ૧૦૦ |
| ૧૮. સાધનાપ્રણાલી | | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૧૯. પુષ્ટિભક્તિમાં કથાસાધના વિચારગોષ્ઠી | | (અપ્રાપ્ય) | ૫૦ |
| ૨૦. શરણાગતિ વિચારગોષ્ઠી | | | ૫૦ |
| ૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી (પૈંરક પ્રશ્નોત્તરી) | | (જુજ પ્રતો) | નિઃશુલ્ક |
| ૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠ | | | ૫૦ |
| ૨૩. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં જઘન્યાધિકાર વિચારગોષ્ઠી | | | ૮૦ |
| ૨૪. પ્રતિબન્ધ (પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ) | | | ૧૦૦ |
| ૨૫. પુષ્ટિભક્તિ અને પ્રપત્તિ સાધનામાં ફળ | | | ૧૦૦ |

## નિત્યસ્તોત્રપાઠ

| | | |
|---|---|---|
| ૨૬. | પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) પાકું બાઈંડિંગ | ૨૦ |
| ૨૭. | પુષ્ટિપાઠાવલી (હિન્દી) પાકું બાઈંડિંગ | ૨૦ |
| ૨૮. | પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ | ૨૦ |
| ૨૯. | પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) કાચું બાઈંડિંગ ૪''.૩'' નાની સાઈઝ | ૧૦ |
| ૩૦. | પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (અનુવાદ સહિત) | ૨૦ |

## અધ્યયનોપયોગી ગ્રન્થો

| | | |
|---|---|---|
| ૩૧. | શ્રીભાગવતમહાપુરાણ (ચારભાગ. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય સમ્મત અર્થવાળું) | ૪૦૦ |
| ૩૨. | ષોડશગ્રન્થ. (સરળ ગુજરાતી ભાવાર્થ-વિવેચન સાથે. પેજ સં. ૨૩૦. વિતરણ કરવા ઈચ્છનાર ટ્રસ્ટ કાર્યાલયનો સમ્પર્ક કરે. ૧ પ્રતિ ની પડતર રૂ. ૩૫. પોસ્ટેજ અલગથી) | |
| ૩૩. | જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૈમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો,પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચન નું ૪૫૦ થી વધુ પાનામાં સંકલન. | ૭૦ |
| ૩૪. | કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ(અપ્રાપ્ય) | ૦૭ |
| ૩૫. | ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન,પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. | ૫૦ |
| ૩૬. | પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ (પ્રશ્નોત્તરી) | ૨૫ |
| ૩૭. | ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ, લે. ભૈંપેન્દ્રભાઈ ભાટીયા | ૫૦ |
| ૩૮. | ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લે. ઉપર મુજબ(અપ્રાપ્ય) | ૫૦ |
| ૩૯. | ભગવદ્ગીતાનો ભક્તિયોગ, બારમો અધ્યાય, લેખક : ગો.શ્રીશ્યામમનોહરજી | નિઃશુલ્ક |
| ૪૦. | ભગવદ્ગીતાનો પુરુષોત્તમયોગ, પંદરમો અધ્યાય, લેખક :ગો.શ્રીશ્યામમનોહરજી | નિઃશુલ્ક |
| ૪૧. | દ્રવ્યશુદ્ધિ. અપરસ-સુતક વગેરે બાબતનો નિર્ણય ગ્રન્થ. લે.:ગો.શ્રીપુરુષોત્તમજી | નિઃશુલ્ક |
| ૪૨. | ભાગવત શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ-અધ્યાય નો ટુકમાં અર્થ. લેખકઃ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી | ૧૦ |
| ૪૩. | શ્રીભાગવતાર્થપ્રકરણ.(શ્રીવલ્લભાચાર્ય રચિત તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગતનું પ્રકરણ. શ્રીમદ્ભાગવતના શાસ્ત્ર-સ્કન્ધ-પ્રકરણ અને અધ્યાય ના અર્થોનું વિસ્તૃત વિવેચન.) અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી. | ૧૫૦ |
| ૪૪. | શાસ્ત્રાર્થપ્રકરણ (શ્રીવલ્લભાચાર્ય વિરચિત તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું પ્રથમ પ્રકરણ. શ્રીપુરુષોત્તમજીની આવરણભંગ ટીકાના ગુજરાતી અનુવાદ સાથે) | ૩૦ |
| ૪૫. | પુરુષોત્તમ પ્રતિષ્ઠાપ્રકાર (શ્રીગુસાંઈજી રચિત સેવ્ય સ્વરૂપને પુષ્ટ કરાવવાની વિધિનું વિસ્તૃત ગુજરાતી વિવેચન)લેઃગો.શ્રીશ્યામમનોહરજી | નિઃશુલ્ક |
| ૪૬. | ગૃહસેવા અને વ્રજલીલા, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી | નિઃશુલ્ક |

૪૭. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વ્યાખ્યાતા ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૪૮. શ્રીકૃષ્ણચરિત્ર (દશમસ્કન્ધનો સરળ ગુજરાતી ભાવાનુવાદ)
અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અપ્રાપ્ય
૪૯. રસદષ્ટિની તરફેણમાં. લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય
૫૦. સિદ્ધાન્તનું આચમન પ્રશ્નોત્તરી. ઉત્તરદાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૧. ભક્તિવર્ધિની. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી અપ્રાપ્ય-નિઃશુલ્ક
૫૨. સેવા : ઋતુ-ઉત્સવ-મનોરથ. વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૩. હમકું ઈતની સમજ ભલી (અમૃતવચનાવલી)પ્રાચીન અર્વાચીન આધુનિક
આચાર્યોના વચનામૃતો નિઃશુલ્ક
૫૪.पुष्टिविधानम्-२ (व्याकरणम्) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका पदच्छेद-अन्वय-शब्दपरिचय-वृत्तिपरिचय ૧૦૦
૫૫.पुष्टिविधानम्-३(व्रजभाषा) श्रीवल्लभाचार्य-श्रीगोपीनाथजी-श्रीगुसांईजी
रचित २६ग्रन्थोंका शब्दार्थ-श्लोकार्थ-विवेचन-पादानुक्रमणिका ૧૫૦
૫૬.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत शास्त्रार्थप्रकरणम्, (व्रजभाषाटीका)
श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड ૫૦/૭૦
૫૭.तत्त्वार्थदीपनिबन्धान्तर्गत सर्वनिर्णयप्रकरणम् (व्रजभाषाटीका)
श्रीवल्लभाचार्य विरचित, पेपरबेक/हार्डबाउंड ૮૦/૧૦૦
૫૮.विवेकत्रयम्, प्रपञ्च-जीव-मूलरूप (संस्कृत) ૧૦
૫૯.श्रीपुरुषोत्तमग्रन्थावली - ५ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીય અપરાધનિરૂપણવિવૃતિ તેમજ ઉત્સવપ્રતાન મૈળ
ગ્રન્થો તેમજ તેનો વ્રજભાષા-હિન્દી-ગુજરાતી અનુવાદ) ૧૦૦
૬૦.श्रीपुरुषोत्तमग्रन्थावली - ६ (દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજી રચિત
ઉપનિષદો, ભગવદ્ગીતા તથા ન્યાસાદેશતાત્પર્ય ની સંસ્કૃત ટીકા) ૨૦૦
૬૧.गृहसेवा और व्रजलीला(व्रजभाषा)व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
૬૨.भगवद्गीताका भक्तियोग. व्याख्यात: गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
૬૩. सेवा : ऋतु-उत्सव-मनोरथ, विवेचक : गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क
૬૪. सेवाकौमुदी (नवधाभक्ति), हिन्दी,लेखक : श्रीलालूभट्टजी,
व्याख्याता : गो.श्रीश्याम मनोहरजी अप्राप्य-नि:शुल्क
૬૫. ब्रह्मवाद (हिन्दी) लेखक : गो.श्रीश्याम मनोहरजी नि:शुल्क

## ઈતિહાસ

૬૬. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. :
ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિઃશુલ્ક
૬૭. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. :
ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) નિઃશુલ્ક

૬૮. શ્રીગોપીનાથપ્રભુચરણ; શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. ૨૫

**સન્દર્ભ ગ્રન્થો**

૬૯. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા. શ્રીવલ્લભાચાર્ય-શ્રીગપીનાથજી-શ્રીગુસાંઈજી રચિત ૨૬ ગ્રન્થોંની પાદાનુક્રમણિકા ૧૦

૭૦. હમકું ઈતની સમજ ભલી. એક વાર વાંચવા જેવું. પ્રાચીન-અર્વાચીન-આધુનિક આચાર્યોના માર્મિક વચનામૃતોનો સચિત્ર સંગ્રહ. નિઃશુલ્ક

૭૧. Summary of Shuddhadvaita Vangmaya. લેખક : ગો.શરદ્ (મુંબઈ યુનિવર્સિટીનો અભ્યાસ ગ્રન્થ) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજીના ગ્રન્થોનો અંગ્રેજીમાં ટુંક પરિચય. ૧૫

**ગોશાળા :** મહિલાબાગ પાસે, માંડવી-કચ્છ

**જીર્ણોદ્ધાર :** શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી. ગામ : વિંજાણ, તા.અબડાસા-કચ્છ

**શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગીય વાઙ્મય :**

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આધારભૈંત સંસ્કૃત-વ્રજ-ગુજરાતી વગેરે ભાષામાં લિખિત મૈંળ ગદ્ય-પદ્ય ગ્રન્થસાહિત્ય, તેનો અનુવાદ તેમજ તેના પર લિખિત વિવેચન વગેરે (સામ્પ્રદાયિક શબ્દકોશ, સામ્પ્રદાયિક વચનાનુક્રમણિકા, ભગવદ્ગીતાપાદાનુક્રમણિકા વગેરે અધ્યયનોપયોગી) સાહિત્યનો બૃહત્ સંગ્રહ. ડાઉન્લોૅડ અને માર્ગદર્શન માટે લિંક્ :

http://www.pushtimarg.net/pushti/pushti-vangmay.html

**હાલમાં નીચે મુજબ ગ્રન્થો તેની સંસ્કૃત ટીકાઓ અને અનુવાદ સહિત વાઙ્મયમાં ઉપલબ્ધ છેઃ**

ષોડશગ્રન્થ, શિક્ષાપદ્યાનિ, તત્ત્વાર્થદીપનિબન્ધ, બ્રહ્મસૈંત્રાણુભાષ્ય, મધુરાષ્ટકમ્, પરિવૃઢાષ્ટકમ્, પુરુષોત્તમનામસહસ્રમ્, ત્રિવિધનામાવલી, સુબોધિની (સ્કન્ધ ૧-૨), સેવાશ્લોકાઃ, વિદ્વન્મંડનમ્, સૌન્દર્યપદ્યમ્, સાધનદીપિકા, પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર, ભાગવતપુરાણ (૧ થી ૭, ૧૦ અને ૧૧ સ્કન્ધ નો ગુજરાતી-હિન્દી અનુવાદ), હરિરાયવાઙ્મુક્તાવલી (૫૫ ગ્રન્થો) દ્રવ્યશુદ્ધિ, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, પ્રસ્થાનરત્નાકર, અવતારવાદાવલી ખંડ ૨-૩, વાદાવલી, ભગવદ્ગીતામૃતતરંગિણી, વલ્લભાષ્ટકમ્, સર્વોત્તમસ્તોત્રમ્.

**શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ : શ્રીવલ્લભાચાર્ય નગર, રેફરલ હોસ્પિટલ પાછળ, હાલોલ, જિ. પંચમહાલ.** અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ.

http://www.vallabhacharyavidyapeeth.org/

**પુષ્ટિસ્વાધ્યાય :** અઠવાડીયાના લગભગ બધા દિવસ આબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓ માટે સમ્પ્રદાયના મૈંળ ગ્રન્થોનું અધ્યાપન વિદ્વાન્ આચાર્યવંશજો દ્વારા ત્રણ માધ્યમથી કરવામાં આવે છેઃ ૧. ટેલિફોનિક કોન્ફરન્સ્ ૨. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ ઑડિયો ૩. ઈંટર્નેટ્ દ્વારા લાઈવ્ વીડીયો કોન્ફરન્સ્. વધુ માહિતિ માટે ફોન સમ્પર્ક :યોગેન્દ્રભાઈઃ(+91) 9323733796 પિનાકીનભાઈ : (+91)9726444515 નીરજભાઈ(અમેરિકા): +7325424165.

ઈમેલ્ સમ્પર્ક : pushtiswadhyay@gmail.com.

गोस्वामी श्रीश्याम मनोहरजीद्वारा सम्पादित-पुनर्मुद्रित

# शुद्धाद्वैत पुष्टिभक्ति सम्प्रदायके
# मूल संस्कृत ग्रन्थ

१. सव्याख्यषोडशग्रन्थ [संयुक्तप्रकाशन, दुर्लभ]

खंड १. श्रीयमुनाष्टकम् से सिद्धान्तरहस्यम्

खंड २. नवरत्नम् से भक्तिवर्धिनी

खंड ३. जलभेदः से सेवाफलम्

२. सव्याख्यषड्ग्रन्थाः [संयुक्तप्रकाशन, दुलर्भ]

३. तत्त्वार्थदीपनिबन्ध

खंड १. शास्त्रार्थ-सर्वनिर्णयप्रकरण

खंड २. भागवतार्थप्रकरण स्कन्ध १-५

खंड ३. भागवतार्थप्रकरण स्कन्ध ६-१२

४. प्रकाश-रश्मि व्याख्या सहित ब्रह्मसूत्राणुभाष्यम्

खंड १. प्रथमाध्याय [नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ]

खंड २. प्रथमाध्याय [नाथद्वारा टेम्पलबोर्ड, अतिदुर्लभ]

खंड ३. द्वितीयाध्याय

खंड ४. तृतीयाध्याय

खंड ५. चतुर्थाध्याय

५. श्रीमद्भागवतसुबोधिनी

खंड १. प्रथम-द्वितीयस्कन्ध

खंड ४. जन्मप्रकरण

खंड ५. तामसप्रमाणप्रकरण

खंड ६. तामसप्रमेय-साधनप्रकरण

खंड ७. तामसफलप्रकरण

खंड ८. राजसप्रमाण-प्रमेयप्रकरण

खंड ९.राजससाधन-फलप्रकरण

खंड १०. सात्त्विकप्रमेय-साधन-फलप्रकरण

६. वेदान्ताधिकरणमाला-भावप्रकाशिका

७. विविधविवरणोपेत पत्रावलम्बनम्

८. प्रस्थानरत्नाकर

९. विद्वन्मण्डनम्

१०. श्रीबालकृष्णग्रन्थावली

११. वादावली

ब्रह्मवाद, वादकथा, विग्रहवाद, प्रपंचवाद, प्रपंचसंसारभेदवाद, ब्रह्मजीवतदैक्यस्वरूपनिरूपणम्, विरुद्धधर्माश्रयत्वविवेचनम्, आत्मवादः, प्रश्नोत्तरसाहस्रीपर्यालोचनम्, प्रश्नोत्तरसाहस्रीचर्चित-प्रकृत्यधिकरणसमालोचनम्, केवलाद्वैतवादाभिमताविद्यास्वरूपविमर्शः, अक्षरपुरुषोत्तम-द्वैतनिरासवादः

१२. अवतारवादावली

खंड २. भेदाभेदवाद, सृष्टिभेदवाद, आविर्भावतिरोभाववाद, ख्यातिवाद, प्रतिबिम्बवाद, अन्धकारवाद.

खंड ३. ब्राह्मणत्वादिदेवतावादः, जीवव्यापकत्वखण्डनवाद, जीवप्रतिबिम्बत्व-खण्डनवादः, भागवतस्वरूपविषयकशमानिरासवादः, उपदेशादिविषयकशमा-निरासवादः, भगवत्प्रतिकृतिपूजनवादः, ऊर्ध्वपुण्ड्रधारणवादः, तुलसीमाला-धारणवादः, शङ्खचक्रधारणवादः, भक्तिरसत्ववादः, भक्त्युत्कर्षवादः, नामफलादि-प्रकारवादः, जयश्रीकृष्णोच्चारणवादः, स्ववृत्तिवादः, वस्त्रादिसेवावादः, मूर्तिपूजनवादः, भागवतपाठादेः शंकानिरासवादः.

१३. पुष्टिविधानम् [गुजराती, व्रज तथा संस्कृत संस्करण]

१४. श्रीवल्लभमहाप्रभुस्तोत्राणि

१५. श्रीपुरुषोत्तमप्रतिष्ठाप्रकारः

१६. वल्लभाख्यान (सप्तटीकोपेत)

४क्र.१, २ तथा ४/१, ४/२ को छोड कर सभी ग्रन्थ श्रीवल्लविद्यापीठ-श्रीविट्ठलेश्वर-प्रभुचरण आ.हो.ट्रस्ट (कोल्हापुर) द्वारा प्रकाशित.

## गोस्वामी श्रीश्याम मनोहरजीकी हिन्दी-गुजराती पुस्तकें

- वाल्लभवेदान्त निबन्धसंग्रह (हिन्दी)
- विवेक (हिन्दी)
- पुरुषोत्तमयोग (गुजराती-हिन्दी)
- श्रीयमुनाष्टकम् (हिन्दी)
- सिद्धान्तसूक्ति (गुजराती)
- वार्तान्की सैद्धान्तिक संगति
- चतुःश्लोकी(हिन्दी)
- गृहसेवा और व्रजलीला (गुजराती-हिन्दी)
- रसदृष्टिनी तरफेणमां (हिन्दी-गुजराती)
- विशोधनिका (चार खंड) (गुजराती-हिन्दी)
- नवरत्नम् (गुजराती-हिन्दी)
- सिद्धान्तनुं आचमन (गुजराती)
- पुष्टिप्रवाहमर्यादाभेद (गुजराती)
- पुष्टिमार्गीय पीठाधीश स्वरूप और कर्तव्य
- चिरकुट चर्चा समीक्षा (हिन्दी-गुजराती)
- ब्रह्मवाद (वादावली सम्पादकीय)
- सेवाकौमुदी/नवधाभक्ति (हिन्दी)
- साकारब्रह्मवाद (तत्त्वचिन्तन भक्ति और संस्कृति विमर्श) (हिन्दी)
- नवरत्नोपदेशका मानसविश्लेषण(गुजराती-हिन्दी)
- श्रीवल्लभाचार्यके दर्शनका यथार्थ स्वरूप (हिन्दी)
- शरणागतिविचारगोष्ठी एक पूरक प्रश्नोत्तरी (गुजराती)
- धर्म-अर्थ-काम-मोक्षकी पुष्टिमार्गीय विवेचना(हिन्दी-गुजराती)
- भगवत्सेवानो सिद्धान्तशुद्ध प्रकार: एक प्रश्नोत्तरी (गुजराती)

**सम्पर्क :** गोस्वामी श्रीश्याम मनोहरजी,

व्रजकमल, ६३ स्वस्तिक सोसायटी, ४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले(पश्चिम) मुम्बई. ४०००५६

# સમ્પાદકીય

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત સર્વનિર્ણયનિબન્ધનું અવાન્તર પ્રકરણ 'સાધનપ્રકરણ' અનેક દષ્ટિથી વિશિષ્ટ છે. એક તરફ આમાં પુષ્ટિમાર્ગીય ભક્તિ-પ્રપત્તિ સાધનાનું અથ થી ઇતિ પર્યન્ત સાંગોપાંગ ક્રમિક નિરૂપણ છે તો બીજી તરફ ષોડશગ્રન્થોમાં અનુક્ત વિષયોનું સંકલન પણ.

પરન્તુ સાધનપ્રકરણનું ખરું મહત્વ ત્યારે સમજાયું કે જ્યારે જુનાગઢની મોટી હવેલીનો કેસ ભારતની સુપ્રિમ કોર્ટમાં ચાલવાનો હતો. પુષ્ટિમાર્ગના ઇતિહાસમાં એ કાળ એવો હતો કે જ્યારે મોટા ભાગના પુષ્ટિમાર્ગીય ગુરુ-શિષ્યોની ગાડી પુષ્ટિમાર્ગના પાટા પરથી બહુ દૈર ઊતરી ગયેલી હતી. 'હવેલી' તરીકે ઓળખાતા ગુરુના ઘરો જાહેર દેવાલયથી પણ આગળ જઈને વેપારી પેઢી જેવા બની ચુક્યા હતા. હવેલિઓમાં ફૂલોની કપાયેલી નકામી ડાંડીઓ અને સમારાયેલા શાકના છોંડા સિવાય —બ્રહ્મસમ્બન્ધદીક્ષા, ગુરુની પધરામણી, ફુલઘરની સેવા, મેવાઘરની સેવા, ભંડારની સેવા, શાકઘરની સેવા, દર્શન, મનોરથ, પ્રસાદ, પ્રસાદી તુલસીપત્ર, ચરણામૃત, સંધ્યાજળ, ઝારીજળ, કીર્તન-કથા, ઘાસચારો —બધું વેચાતું હતું. મનોરથોના ભાવોના રીતસર પાટીયાઓ લટકી રહ્યા હતા. આજે, જો કે સ્થિતિ એનાથી પણ વધુ ખરાબ છે. આવા કાળમાં, કોર્ટ સમક્ષ પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોને રજુ કરવા માટે શ્રીવલ્લભવંશજ ગોસ્વામીઓએ ભેગા મળીને **''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર''** તૈયાર કર્યું જેના કેટલાક અંશો આ પુસ્તકના અંતમાં પ્રકાશિત 'અમૃતવચનાવલી'માં મુદ્રિત કરવામાં આવ્યા છે.

સંયુક્ત ઘોષણાપત્રને સુપ્રિમ કોર્ટમાં પ્રસ્તુત કરતા પહેલાં તેનો ડ્રાફ્ટ પૈંજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા) એ તૈયાર કરીને સમસ્ત શ્રીવલ્લભવંશજો સમક્ષ વિચાર તેમજ સમ્મતિ માટે મૈંક્યો. દૈવયોગે એ મીટીંગ્માં હું પણ હાજર હતો. તારીખ ૬-૧૦-૧૯૮૬ના સંયુક્ત ઘોષણાપત્રના ડ્રાફ્ટની કૉપિ બધા આચાર્યવંશજોને આપ્યા બાદ તેનું વાંચન કરવામાં આવ્યું. સંયુક્ત ઘોષણાપત્ર જેમ-જેમ વંચાઈ રહ્યું હતું તેમ-તેમ ત્યાં હાજર ઘણા લોકોના ચહેરાની રંગત બદલાતી જોવા મળતી હતી. કેટલાક સિદ્ધાન્તનિષ્ઠ શ્રીવલ્લભવંશજોએ તો પલક વારમાં સમ્મતિમાં સહી કરી આપી પરન્તુ અન્યોએ તો લાંબી-લચક ગરમા-ગરમ ચર્ચાઓના અંતે **''આ તો ખાલી કોર્ટની સામે મૂકવા માટેનું લખાણ છે, એમાં લખ્યું છે તે મુજબ કરવા કોઈ બંધાયેલું નથી''** એવી આશાએ ડરતાં-ડરતાં સમ્મતિ આપી.

બધાના આશ્ચર્ય વચ્ચે અસમ્ભવ જણાતું કાર્ય પાર પડ્યું. પરન્તુ મીટિંગના બે જ દિવસ પછી એટલે કે તા. ૮-૧૦-૧૯૮૬ના એ ભ્રમ ભાંગી ગયો. પોરબંદર અને સુરત ના તત્કાલીન પીઠ ગોસ્વામી શ્રીવલ્લભવંશજોનો પત્ર આવ્યો કે જુનાગઢના કેસ બાબત સુપ્રિમકોર્ટમાં રિવ્યુ પિટિશન કરવા સિવાય બીજી કોઈ બાબતમાં, એટલે કે સંયુક્ત ઘોષણાપત્રમાં, તેમની સમ્મતિ માનવી નહીં. તેમાંના એક શ્રીવલ્લભવંશજે તા. ૨૨-૧૦-૧૯૮૬ના પત્રમાં સમ્મતિ પાછી ખેંચવા બાબત ખુલાસો કરતા જણાવ્યું કે (**સાધનપ્રકરણ** માંની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા **''તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્, પરિચર્યાં સદા કુર્યાત્''** અર્થાત્ *''જો કોઈ સ્થળે ઉત્તમ લક્ષણો વાળા ગુરુ પ્રાપ્ત ન થાય તો ગુરુ કર્યા વિના જાતે જ શ્રીકૃષ્ણની સેવામાં તત્પર બની જવું જોઈએ''* ના અર્થઘટન તરીકે) સંયુક્ત ઘોષણાપત્રમાં લખાયેલ વિધાન **''બિના બ્રહ્મસમ્બન્ધ લિયે ભી અપને ઘરમેં ભગવત્સેવાકી છૂટ તો હૈ હી''** કાઢી નાખવું!

વિષમ કાળમાં અયોગ્ય લોકો વંશપરંપરા કે ભાગવતતત્ત્વજ્ઞતા ના નામે પુષ્ટિભક્તિ સમ્પ્રદાય પર પોતાનો ઈજારો ઠોકી બેસાડીને ભોળા ભક્તિમાર્ગીઓનું શોષણ ન કરવા લાગે તેવા ઉમદા હેતુથી આચાર્યચરણોએ જે વ્યવસ્થા દેખાડી હતી તેને પ્રકટ ન કરવાનો બદ ઈરાદો આ પત્રમાં સાફ-સાફ દેખાતો હતો. આ બધી વાતો પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાના સંક્ષિપ્ત વિવરણમાં છપાયેલી છે જે સુવિદિત છે. પણ અપ્રકટ અને ખરી ગૈંઢ વાત તો કંઈક બીજી જ હતી. સંયુક્તઘોષણાપત્રમાં પોતાની સમ્મતિ પાછી ખેંચનાર ગોસ્વામી મહાનુભાવે મારી હાજરીમાં પૈંજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજીને નિર્લજ્જપણે એમ કહ્યું હતું કે

**''જ્યાં સુધી બીજો કોઈ વેપાર-ધંધો સેટ્ થઈ ન જાય ત્યાં સુધી (ધંધાકીય) હવેલીને બંધ કેવી રીતે કરી શકાય! આવામાં જો સંયુક્ત ઘોષણા પત્ર માં અમારી સમ્મતીના આધારે કોઈ અમને ઠાકોરજીના નામે ભેટ-સામગ્રી લેવાનું બંધ કરવા દબાણ કરે તો અમારે ક્યાં જવું? ''**

આ દુર્ઘટના પછી તો સિદ્ધાન્તચર્ચાએ ખુબ જોર પકડ્યું. શ્રીમહાપ્રભુજીના ઉપરોક્ત વિધાનને હાંસીયામાં ધકેલી દેવાના ઈરાદાથી ''સર્વનિર્ણયનું સાધનપ્રકરણ મર્યાદામાર્ગને લગતું છે'', ''ગુરુના લક્ષણોનું નિરૂપણ દીક્ષા લેવા માટે નથી પણ ગુરુના ભજન માટે છે'' આવી-આવી અનર્ગલ વાતો શ્રીવલ્લભવંશજો દ્વારા વહેતી મૈંકાતી ગઈ જે આજે પણ ચાલી રહ્યું છે. રક્ષક જ ભક્ષક બની ગયા એવો તાલ પુષ્ટિમાર્ગમાં થઈ ગયો!

સ્વચ્છન્દતાના યુગમાં કોણ કોને કહે અને કોણ કોનું માને પણ! આ સ્થિતિમાં એવો નિર્ધાર કરવામાં આવ્યો કે કમસે કમ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી અજાણ હોવાને કારણે તો કોઈ શ્રીમહાપ્રભુજીથી વિમુખ ન જ બને એવો ડિંડિમઘોષ વાલ્લભસિદ્ધાન્તોનો થવો જોઈએ. તેથી જ્યારે 'પુષ્ટિવિધાનમ્' નામે પુષ્ટિમાર્ગના સંવિધાન(કોન્સ્ટિટ્યુશન્)નું પ્રથમ વખત પ્રકાશન કરવામાં આવ્યું ત્યારે તેમાં ષોડશગ્રન્થો અને સાધનદીપિકા ની સાથો સાથ **'સાધનપ્રકરણ'**નો પણ સમાવેશ આગ્રહપૈંર્વક કરવામાં આવ્યો. આજે તો ૧૯૯૮ ની સાલથી સાધનપ્રકરણ પર પૈંજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા)ના પ્રવચનો પ્રતિ વર્ષ થઈ રહ્યા છે. વિશ્વભરમાં તેનું જીવંત પ્રસારણ થઈ રહ્યું છે અને તેનું રેકોર્ડિંગ્ પણ થઈ રહ્યું છે જેનો લાભ અસંખ્ય લોકો લઈ રહ્યા છે.

**પ્રાસંગિક :** પાછલા પાંચેક વર્ષથી અમેરીકામાં વસતા સિદ્ધાન્તનિષ્ઠ વૈષ્ણવો ટેલિકોન્ફરન્સ્ના માધ્યમથી પુષ્ટિવિધાનમ્ નું સઘન અધ્યયન કરી રહ્યા છે. ષોડશગ્રન્થ અને સાધનદીપિકા ઉપરાંત સમયે-સમયે બીજા પણ ઘણા ગ્રન્થોનું અધ્યયન સમ્પન્ન થયા બાદ સમ્પ્રતિ **સાધનપ્રકરણ** ના અધ્યયનનો આરમ્ભ થયો છે. ભરૂચના વિદ્વાન વૈષ્ણવ ગોલોકવાસી શ્રીસુંદરલાલ વકીલે કરેલ સર્વનિર્ણયના સાધનપ્રકરણનો અનુવાદ અને પ્રકાશ-આવરણભંગના આધારે કરેલ તેનું વિવેચન અધ્યેતાઓને ઉપકારક થશે તેવા વિચારે લેખક તથા પૈંર્વપ્રકાશકો નો આભાર માનતાં તેનું પુનઃપ્રકાશન કરવામાં આવી રહ્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોથી શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થતા ગ્રન્થોના પ્રકાશનકાર્યની જવાબદારી સહર્ષ પોતાના પર લેનારા શ્રીપીયૈંષ ગોંદિયા તથા શ્રીપ્રવીણભાઈ ડઢાણીયા નો સહયોગ અવિસ્મરણીય છે.

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ વતી**
શરદ્ ગોસ્વામી(માંડવી-હાલોલ)

# ।। અનુક્રમણિકા ।।

**(કારિકા ક્રમાંક) પૃષ્ઠસંખ્યા કારિકા સારાંશ**

**(૨૧૨-૨૧૪) ૧-૩** કલિકાલમાં સર્વે વેદવિરુદ્ધ આચારમાં રચેલા-પચેલા છે. વેદનો સ્વાધ્યાય વગેરે છુટી ગયો છે. સદાચારથી લોકો વિમુખ થઈ ગયા છે. જે કંઈ ધાર્મિક આચાર પાળવામાં આવી રહ્યા છે તે પણ વિધિહીન છે. લોકો વિક્ષિપ્ત મનવાળા ભ્રાન્ત ભોગાસક્ત બની ગયા છે તદુપરાંત દેશ-કાલાદિ ધર્મના છ અંગો કલિકાળમાં દુર્લભતર થઈ પડ્યા છે ત્યારે ધર્મ ક્યાંથી નભવાનો છે!

**(૨૧૫) ૪** આમ છતાં યથાશક્તિ ધર્મમાંગમાં રહીને કૃષ્ણભજન કરવામાં આવે તો જેમ-તેમ તરિ જવાય.

**(૨૧૬-૧૭) ૬** ભગવન્માર્ગમાં બે મુખ્ય પ્રતિ બન્ધક ૧.વેદનિન્દા તથા ૨.અધર્માચરણ-ભગવન્માર્ગની સર્વતઃ ઉત્કૃષ્ટતા.

**(૨૧૮-૧૯।।) ૧૦-૧૨** ભક્તિમાર્ગમાં અમુખ્યને પ્રાપ્ત થતા ફળનું નિરૂપણ. ભગવાનને દારાગારપુત્રાદિ સર્વનું સમર્પણ કરી આત્મનિવેદન કરી પ્રેમ પ્લુત હોય એવો ભક્ત કોટિઓમાં પણ દુર્લભ છે.

**(૨૨૦-૨૧) ૧૬-૧૮** અહીં પ્રમેય વિશિષ્ટવેદાર્થ છે, સાધન પ્રેમ તથા ફળ ભગવત્સાયુજ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં ભગવદ્ગીતામાં સંક્ષેપમાં જ્યારે વ્યાસાવતાર લઈને શ્રીભાગવતમાં વિસ્તારથી આનું નિરૂપણ કર્યું છે.

**(૨૨૨) ૧૯** સર્વ માર્ગોમાં આ માર્ગ સર્વોત્તમ છે. ભાગવતમાર્ગે જીવને અધઃપાત થવાનો ભય નથી, કારણ કે ભગવાનનો સ્વભાવ મોચક છે.

**(૨૨૩-૨૪)૨૦-૨૨** સામ્પ્રતકલિકાલમાં વર્ણાશ્રમિનો મુખ્ય વૈદિક ધર્મનષ્ટ થયેલો હોઈને તથા છલથી કરાતો ધર્મ ફલતો ન હોવાથી એવા નષ્ટપ્રાય ધર્મથી મુક્તિ થતી નથી, તેથી છલથી તથા દુઃખથી સાધ્ય એવા તે આભાસરૂપ ધર્મનો ત્યાગ કરી સામ્પ્રત સમયમાં બુદ્ધિમાન્ પુરુષે નિઃસન્દિગ્ધ ફલ આપે એવા ભગવન્માર્ગનો જ દૃઢ આશ્રય કરવો એ જ શ્રેયસ્કર છે.

**(૨૨૫) ૨૩** ભક્તિમાર્ગે આચાર તથા પ્રક્રિયા વેદવિરુદ્ધ નથી. ભક્તિમાર્ગના વક્તા ભગવાન પોતે છે તેથી તેનું પ્રામાણ્ય છે. ભક્તિમાર્ગે મુક્તિ પરાશ્રયા છે-ભગવદધીન છે.

**(૨૨૬) ૨૫** સર્વથા ભગવત્કૃપા રહિત માટે આ માર્ગમાં પણ બધું અશક્ય જ છે. ભગવત્કૃપાપાત્રને જે રીતે આ માર્ગ ફલિત થાય તેનો ઉપાય કહેવામાં આવે છે.

**(૨૨૭) ૨૬** ભગવન્માર્ગીયિ ગુરુ તથા શિષ્ય ના લક્ષણો.

**(૨૨૮) ૩૦** ઉત્તમલક્ષણવાલા ગુરુ ન હોય વા દુર્લભ હોય તો ભક્તે સ્વયમ્ જ હરિમૈંર્તિ પધરાવી ભગવત્સેવા અવશ્ય કરવી. સાકાર-વ્યાપક હોવાથી તથા મન્ત્રવિધાનથી પણ મૈંર્તિ સાક્ષાત્ ભગવાન્ જ છે તેથી મૈંર્તિની ભગવત્તામાં જરા પણ શંકા ન કરવી.

**(૨૩૦) ૩૩** ભગવત્સેવકે ભક્તિમાર્ગાનુસાર વસ્ત્ર-અલંકાર આદિ ઉપચાર સ્થાનપુરઃસર કરવા.

**(૨૩૧) ૩૯** ભાર્યાદિનો ભગવત્સેવાર્થે વિનિયોગ કરવો. ભાર્યાદિ સેવામાં ઉદાસીન હોય તો પોતે સેવા કરવી. પણ જો તેઓ ભગવત્સેવામાં પ્રતિકૈંલ હોય તો તેમનો ત્યાગ કરવામાં દોષ નથી.

**(૨૩૨) ૪૧** વ્યાપાર ધંધામાં વ્યગ્ર હોય એવા ગૃહસ્થ ભગવદ્ભક્તનો સેવા પ્રકાર-પ્રતિદિન એક યામ જેટલી હરિસેવા કરવી, ભાગવત પાઠ નિયમશઃ કરવો.

**(૨૩૩-૩૪) ૪૩-૪૫** આ દેહનો અવસાન થયે અવશ્ય કૃતાર્થ થઈશ એવી ભાવનારા રાખીને સદા ભગવપરિચર્યા કરતાં-કરતાં ભગવદ્ભક્તે નિષ્ઠુર વચન પણ સહી લેવા. અને કદાપિ

વૈરાગ્ય તથા સન્તોષ ત્યજવા નહિ.

(૨૩૫) ૪૬ સર્વ અપેક્ષા, વૃથા વાર્તાલાપ તથા વૃથા ક્રિયા નો ત્યાગ કરી દઢ વિશ્વાસ રાખીને સ્થિર મનથી ભગવત્સેવા કરવી

(૨૩૬) ૪૮ શ્રેષ્ઠ તથા અક્લિષ્ટ પદાર્થનો પ્રભુસેવામાં વિનિયોગ કરવો.

(૨૩૭) ૫૦ વસ્ત્ર પ્રક્ષાલનાદિ બહિરંગ ભગવત્સેવા પણ પોતે જ કરવી. એકકાલ, દ્વિકાલ, તેમજ ત્રિકાલ પણ સેવા કરવી.

(૨૩૮) ૫૫ ૧.યથાશક્તિ સ્વધર્માચરણ, ૨.વિધર્મથી સર્વથા નિવર્તન તથા ૩.સર્વથા ઈન્દ્રિયાશ્વનો વિશેષ નિગ્રહ આ ૩ ધર્મો વૈષ્ણવે કદાપિ ન ત્યજવા.

(૨૩૯) ૬૬ આ ત્રણે ધર્મોનું વિરોધિ જે કંઈ હોય તેનો ત્યાગ કરવો. પરોપકારાદિ અન્ય ધર્મો કરતાં ભગવદ્ધર્મ શ્રેષ્ઠ છે એ તારતમ્ય સમજીને ભગવદ્ધર્મમાં વિક્ષેપ કરનારા અન્ય ધર્મોનો ત્યાગ કરવો.

(૨૪૦) જેમ-જેમ પ્રભુ મનમાં વસસે તેમ-તેમ સેવા-સ્મરણમાં નિષ્ઠા વધશે.

(૨૪૧) ૬૯ સર્વાત્મક કૃષ્ણપ્રભુ સમીપ દીનભાવ રાખવો, અહંકાર ત્યજવો અને માન-પાનની અપેક્ષા ન રાખવી.

(૨૪૨) ૭૦ ભગવત્સેવકે સર્વદા નિર્ભય અને નિઃસ્પૃહ થઈને જાહેમાં પણ મોટેથી ભગવન્ના-મોચ્ચાર કરવો.

(૨૪૩) ૭૨ પ્રયત્ન કરી શ્રીમદ્ભાગવતનો પાઠ દમ્ભ રહિત તેમજ નિર્હેતુક થઈને કરવો.

(૨૪૪) ૭૩ તુલસીમાલા, ઊર્ધ્વપુંડ્ર તિલક તથા શંખચક્રાદિ ધરવા. એ વૈષ્ણવત્વનું ચિહ્ન છે.

(૨૪૫) ૭૯ વૈષ્ણવે એકાદશ્યાદિ વ્રતોપવાસ તેમજ ભગવજ્જયન્તીઓ કરવી.

(૨૪૬) ૮૧ બ્રહ્મચારી, વાનપ્રસ્થ, વિધવા, વિધુર વગેરે એ આ બધું શક્ય બને તો કરવું જ. સંન્યાસી માટે તો પર્યટન શ્રેષ્ઠ છે.

(૨૪૭) ૮૨ ભગવત્સેવા કરતાં સમ્ભાવિત પાંચ દોષોનું નિરૂપણ તથા તેનું નિરાકરણ. જો નિરાકરણ શક્ય ન હોય તો તીર્થપર્યટનનો અનુકલ્પ.

(૨૪૮) ૮૪ ભગવાને યજ્ઞોને તથા તીર્થોને સમાન કર્યા છે તેથી તીર્થપર્યટન બધા વર્ણના લોકો માટે શ્રેષ્ઠ કલ્પ છે.

(૨૫૦) ૮૬ તીર્થાટનના નિયમો : કૃષ્ણતત્પર થઈ નિરન્તર ભગવન્નામોચ્ચારણ કરવું. દેહેવસાન પર્યન્ત એકાકી સદા પર્યટન કરવું. શાન્ત રહેવું.

(૨૫૧-૫૨) ૮૬-૮૭ આ રીતે દેહપાત પર્યન્ત તીર્થપર્યટન કરવામાં ધન-ઘરના ત્યાગની અનુજ્ઞા અથવા તેમનો કૃષ્ણસેવાર્થે વિનિયોગ કરવો એવા આશયની ભગવત્સમ્મતિ.

(૨૫૩) ૮૭ પર્વોક્ત અધિકાર ન હોય તો નિષ્કામ થઈને સદા શ્રીમદ્ભાગવતનો પાઠ નિયમપૈર્વક કરવો.

(૨૫૪) ૮૮ પ્રાણ ચાલ્યા જાય તો પણ આજીવિકા માટે ભાગવતનો ઉપયોગ ન કરવો.

(૨૫૫) ૮૯ પ્રપત્તિમાર્ગ. જગન્નાથાદિ ભગવદ્ધામો કે જ્યાં નિરન્તર ભગવત્પૈંજાનો પ્રવાહ ચાલતો હોય ત્યાં સર્વકોઈ પ્રપત્તિમાર્ગીયે ભગવત્તત્પર થઈ સદા સ્થિતિ કરવી.

# ।। साधनप्रकरणम् ।।

एवं साङ्ख्य-योगद्वारा सर्वाणि मतानि दूषयित्वा, वेदविरोधाभावेऽपि भक्तिमार्गे ब्राह्मणविरूद्धवेषाभावेऽपि प्रकारभेदः अस्ति इति कस्यचिद् शङ्का स्यात् ''पाषण्डमार्गः अयमपि'' इति तन्निराकरणार्थं प्रकारान्तरे हेतुं वदन् भक्तिमार्गं प्रपञ्चयति **अधुनातु** इति त्रिभिः.

**अधुना तु कलौ सर्वे विरुद्धाचारतत्पराः।।**
**स्वाध्यायादिक्रियाहीनाः तथाचारपराङ्मुखाः।।२१२।।**

---

# ।। સાધનપ્રકરણ ।।

*''ભક્તિમાર્ગ વેદમાર્ગથી વિરુદ્ધ નથી, તેમ તેમાં બ્રાહ્મણાદિ વર્ણોથી વિરુદ્ધ વેષ પણ નથી, તો પણ ભક્તિમાર્ગમાં શંખચક્રાદિ ધારણ કરવા એમ કહ્યું છે અને વેદમાર્ગમાં તેમ કહ્યું નથી. આવો વેદથી વિલક્ષણ પ્રકાર ભક્તિમાર્ગમાં છે, તેથી આ ભક્તિમાર્ગ પણ પાખંડમાર્ગ કેમ ન હોય?''* આ શંકાનું નિરાકરણ કરવાને પ્રકારાન્તરે **અધુનાતુ** ઈતિ (૨૦૯।૨૧૧) એમ ત્રણ કારિકાએ હેતુ કહેતાં શ્રીમદાચાર્યચરણ ઉત્કર્ષકથનદ્વારા ભક્તિમાર્ગનો વિસ્તાર કરે છે.

સાંખ્ય અને યોગ દ્વારા સર્વમતોના દૈષણ કહ્યાં. હવે વૈદિક માર્ગ કેવી રીતે ઉત્સન્ન (નષ્ટ) થયો છે તે તથા શ્રીમદ્ભાગવતમાર્ગ જ હવે કેવી રીતે સરળ અને સુશક્ય છે તે જણાવવા સાધનમાં ભક્તિપ્રકરણનો પ્રારમ્ભ કરે છે :

**અધુના તુ કલૌ સર્વે વિરુદ્ધાચારતત્પરાઃ।**
**સ્વાધ્યાયાદિક્રિયાહીનાઃ તથા આચારપરાઙ્મુખાઃ।।૨૧૨।।**

**શબ્દાર્થ :** પરન્તુ હાલ કલિયુગમાં સર્વે જીવો વિરુદ્ધ આચરણ કરવામાં તત્પર થઈ ગયા છે, સ્વાધ્યાયાદિક્રિયાઓથી રહિત છે, તેમજ આચારથી બહિર્મુખ છે.

**ક્રિયમાણં તથા આચારં વિધિહીનં પ્રકુર્વતે।**
**વિક્ષિપ્તમનસો ભ્રાન્તા જિહ્વોપસ્થપરાયણાઃ।।૨૧૩।।**

**શબ્દાર્થ :** વળી તેઓ જે આચાર પાળી રહ્યા છે તે પણ અત્યન્ત વિધિહીન પાળે છે. તેમનાં મન વિક્ષેપયુક્ત છે, તેઓ ભ્રાન્ત છે અને +જિહ્વેન્દ્રિય તથા ઉપસ્થ-પ્રજનેન્દ્રિયને તૃપ્ત

---

+ આ કલિકાલમાં સર્વે જીવો માત્ર જિહ્વેન્દ્રિયને તથા ઉપસ્થ પ્રજનેન્દ્રિયને તુચ્છ રસથી તૃપ્ત કરવામાં જ પરાયણ છે. શ્રીમદાચાર્યચરણો અત્ર હિતપ્રદ બોધ કરે છે કે જિહ્વોપસ્થ પરાયણ લોકો વેદના સદુપદેશનો તથા સાક્ષાત્ ભગવદાજ્ઞાનો ભઙ્ગ કરે છે. ''મા શિશ્નદેવા અપિ ગુરૃતં નઃ'' (ઋગ્વેદ. મં. ૭।૫।૨૧।૪.) અર્થાત્ શિશ્નદેવો શિશ્નની સાથે ક્રીડા કરનારા બ્રહ્મચર્યનું પાલન ન કરનારા લોકો અમારા ઋત(સત્યનો-યજ્ઞનો) ભઙ્ગ મા કરો. એમ વૈદિક મન્ત્ર ઇન્દ્રિયાશ્વવિનિગ્રહદ્વારા બ્રહ્મચર્યનો ઉદ્ઘોષ કરી રહ્યો છે. તેમજ શ્રીભગવાન્

**क्रियमाणं तथाचारं विधिहीनं प्रकुर्वते।।**
**विक्षिप्तमनसो भ्रान्ताः जिह्वोपस्थपरायणाः।।२१३।।**
**व्रात्यप्रायाः स्वतो दुष्टास् तत्र धर्मः कथं भवेत्।।**
**षड्भिः सम्पद्यते धर्मस् ते दुर्लभतराः कलौ।।२१४।।**

---

કરવામાં પરાયણ છે.

**વ્રાત્યપ્રાયાઃ સ્વતો દુષ્ટાઃ તત્ર ધર્મઃ કથં ભવેત્।**
**ષડ્ભિઃ સમ્પદ્યતે ધર્મઃ તે દુર્લભતરાઃ કલૌ।।૨૧૪।।**

**શબ્દાર્થ :** તેઓ લગભગ *વ્રાત્યના જેવા થઈ ગયા છે અને સ્વતઃ દુષ્ટ છે. આવા જીવોને વિષે ધર્મ કેવી રીતે સિદ્ધ થાય? ધર્મ સિદ્ધ થવાને અર્થે દેશકાલાદિ ૬ શુદ્ધ પદાર્થની આવશ્યકતા છે. શુદ્ધિના એ ષટ્પદાર્થ કલિયુગમાં અતિશય દુર્લભ છે.

**અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્ સદા।**
**શ્રીભાગવતમાર્ગેણ સ કથઞ્ચિત્ તરિષ્યતિ।।૨૧૫।।**

**શબ્દાર્થ :** તથાપિ ધર્મમાર્ગની રીતિએ સ્થિતિ કરી, શ્રીમદ્ભાગવતમાર્ગે ભગવાન્ કૃષ્ણનું ભજન નિરન્તર કરવું. આમ કરનારો જીવ જેમ-તેમ કરીને તરી શકશે.

**અત્રાપિ વેદનિન્દાયામ્ અધર્મકરણાત્ તથા।**
**નરકે ન ભવેત્ પાતઃ કિન્તુ હીનેષુ જાયતે।।૨૧૬।।**
**પૂર્વસંસ્કારતઃ તત્ર ભજન્ મુચ્યેત જન્મભિઃ।**
**અત્યન્તાભિનિવેશઃ ચેત્ સંસારે ન ભવેત્ તદા।।**
**એતાવન્માત્રતાપિ અસ્તિ માર્ગે અસ્મિન્ મુરવૈરિણઃ।।૨૧૭।।**

**શબ્દાર્થ :** શ્રીમદ્ભાગવતમાર્ગમાં પણ જો વેદની નિન્દા થાય અને અધર્મનું આચરણ થાય તો નરકમાં પાત તો થતો નથી, પરન્તુ હીનયોનિમાં જન્મ થાય છે(૨૧૩). તત્ર પૈર્વના સંસ્કારથી ભજન કરતાં બહુજન્મે તે જીવ મુક્તિ પામે છે. પરન્તુ જો સંસારમાં તેની

---

એકાદશસ્કન્ધમાં આજ્ઞા કરે છે કે ''જિહ્વોપસ્થજયો ધૃતિઃ'' (ભાગ.પુરા.૧૧।૧૯।૩૬). એક તરફથી આ પુરુષને જિહ્વા અને પ્રજનેન્દ્રિય તેને બીજી તરફ ખેંચી જાય છે. એમ જાણે બહુ સપત્નીઓ ગૃહપતિને લૈંટે તેમ આ પુરુષ ઇન્દ્રિયોથી લુંટાય છે, ભ્રષ્ટ થાય છે. ''તાવદ્ જિતેન્દ્રિયો ન સ્યાદ્ વિજિતાન્યેન્દ્રિયઃ પુમાન્, ન જેયેદ્ રસનં યાવદ્ જિતં સર્વં જિતે રસે'' (ભાગ.પુરા.૧૧।૮।૨૧) ''અતિપ્રમાથિ (મથી નાંખનારી) જિહ્વાને લીધે રસવિમોહિત થયેલો જીવ મત્સ્યવત્ મૃત્યુ પામે છે. રસનેન્દ્રિય વિના અન્ય ઇન્દ્રિયોને લોકો સત્વર જીતે છે તેથી અન્ય ઇન્દ્રિયો જેણે જીતી છે એવો પુરુષ જ્યાં સુધી રસના-જિહ્વાને જીતતો નથી ત્યાં સુધી જિતેન્દ્રિય થતો નથી. પરન્તુ રસનેન્દ્રિય જીતાય તો સર્વ જીતાયું છે''. આ પ્રકારે ભાગવતમાં અવધૈતગીતાદિમાં શ્રીભગવાન્ જિહ્વાનો તથા ઉપસ્થનો પરાજય કરવાની આજ્ઞા કરી રહ્યા છે.

*વ્રાત્ય : ૧૬ વર્ષ પર્યન્ત બ્રહ્મણનો, ૨૨ વર્ષ પર્યન્ત ક્ષત્રિયનો તથા ૨૪ વર્ષ પર્યન્ત વૈશ્યનો ઉપનયન કાલ છે. આ કાલાવધિ પછી પણ જે દ્વિજો ઉપનયનરહિત રહે તેઓ સાવિત્રીપતિત હોઈને 'વ્રાત્ય' કહેવાય છે. જુઓ મનુ. ૨।૩૮।૩૯.

कालदोषात् शक्तिह्रासे वेदाभावात् सर्वधर्माभावः।।२१२-१४।।
तर्हि किं विधेयम्? इति आकांक्षायाम् आह **अथाऽपि** इति.

---

અત્યન્ત આસક્તિ હોય તો મુક્તિ પણ થતી નથી, આટલું પણ ફળ આ મુરારિના સંસારવૈરી ભગવાન્ શ્રીકૃષ્ણના માર્ગમાં છે. (૨૦૮-૨૧૪)

**વિવેચન :**

*હાલ કલિયુગમાં તો સર્વે જીવો વિરુદ્ધ આચરણ કરવામાં જ નિરન્તર તત્પર છે. તેઓ સ્વાધ્યાય(વેદાધ્યયન) ઈત્યાદિ ક્રિયાઓ કરતા નથી. તેમજ તેઓ આચારથી વિમુખ છે. વળી વૈદિકમાર્ગે કરવાના આચારોમાંથી જે કોઈ આચાર તેઓ પાળે છે તે આચાર પણ તેઓ વિધિરહિત જ પાળે છે. તેમનાં મન વિક્ષેપ પામ્યાં છે. તે સર્વે ભ્રાન્ત છે. કલિયુગમાં ત્રૈવર્ણિકો પણ વ્રાત્યપ્રાયઃ થઈ જાય છે. અર્થાત્ ગર્ભાધાનાદિ તથા યજ્ઞોપવીતાદિ સંસ્કાર યથાવિધિ ન પામવાથી પતિત થયેલા છે. એ જીવો સ્વભાવથી જ દુષ્ટ છે. આવા જીવોમાં ધર્મ ક્યાંથી સમ્ભવે?* વૈદિક ધર્મનો આચાર આધુનિક કલિકાલના જીવોને અશક્ય જ છે. ૧.દેશ ૨.કાલ ૩.દ્રવ્ય ૪.કર્મ ૫.મન્ત્ર તથા ૬.કર્તા આ ષટ્ *પદાર્થની શુદ્ધિ હોય તો વૈદિકધર્મ સમ્ભવે, પરન્તુ વૈદિકધર્મને આવશ્યક એવા આ શુદ્ધ દેશકાલદ્રવ્યાદિ ષટ્ પદાર્થ જ કલિયુગમાં અધિકને અધિક દુર્લભ થતા જાય છે.*

તત્ર **''આચાપ્રભવો ધર્મ''**, **''શૌચાચારવિહિનાનાં સમસ્તા નિષ્ફલાઃ ક્રિયાઃ''** (બ્રહ્મપુરા. આહ્નિકાચાર.) ''ધર્મ આચારમાંથી ઉદ્ભવે છે''. ''શૌચચારથી જેઓ રહિત છે તેમની સમસ્તક્રિયા નિષ્ફળ છે''. આ સ્મૃતિ વાક્યથી, તેમજ **''યથાકારી યથાચારી તથા ભવતિ''** (બૃહદા.ઉપ.૪।૪।૫) આ પુરુષ જેવાં કૃત્યો કરે, જેવા આચાર પાળે તેવો એ થાય છે'' આ શ્રુતિવાક્યથી સિદ્ધ થાય છે કે શ્રૌતધર્મને સ્માર્તાચારની અપેક્ષા છે. તેનાથી વિરુદ્ધ આચરણથી પાપ સમ્ભવતું હોવાથી હમણાં કરાતો વિરુદ્ધાચાર ધર્મ નથી, પરન્તુ ધર્માભાસ છે. આ પ્રકારે મૈંળમાં વિવેચન કરીને હવે શ્રીમદાચાર્યચરણ હેતુપૈંર્વક સિદ્ધ અર્થ કહે છે કે *કાલદોષને લીધે જીવોની શક્તિઓનો હ્રાસ થયેલો હોઈને આધુનિક સમયમાં વેદનો અભાવ થવાથી સર્વ ધર્મનો અભાવ છે.* એથી હમણાં વેદોક્ત પ્રકાર વ્યંગ(અંગહીન) થયલો હોવાથી, વેદોક્ત પ્રકાર આધુનિક કલિકાલમાં સિદ્ધ થતો નથી. તેથી તે વૈદિકધર્મ સામ્પ્રતકાલમાં બલિષ્ઠ નથી એવો ભાવાર્થ ફલે છે. આથી શા માટે ભાગવતમાર્ગ નામનો બીજો કોઈ પ્રકાર મુમુક્ષુએ હવે કલિકાલમાં આદરવો જોઈએ તે સમજાય છે. (૨૦૯।૨૧૧)

**શંકા :** ત્યારે શું વૈદિકધર્મનો ત્યાગ કરવો? જો તેમ થાય તો સર્વથા જ પાખંડપણું સંભવે છે. *તો પછી શું કરવું?* આવી આકાંક્ષા થાય તો કારિકામાં સમાધાન કરે છે કે **અથાપિ**. *ધર્મમાર્ગે*

**अथापि धर्ममार्गेण स्थित्वा कृष्णं भजेत् सदा।।**
**श्रीभागवतमार्गेण स कथञ्चित् तरिष्यति।।२१५।।**

पाषण्डमतस्वीकारम् अकृत्वा यथाशक्त्यग्निहोत्रादिकं कुर्वन् सदा कृष्णं भजन् भवति भगवदुक्तेनैव मार्गेण ततो मुख्यधर्माभावात् न फलं, भगवद्भजनात् च न पातः, किन्तु कथञ्चित् कलिं तरिष्यति. कलिदोषाभिभूतो न भविष्यति इति अर्थः।।२१५।।

---

*સ્થિત થઈને જીવે નિરન્તર ભગવાન્ શ્રીકૃષ્ણનું ભજન કરવું. તો તે જીવ શ્રીભાગવતમાર્ગે યથાકથંચિત્ તરી જશે''. માયાવાદાદિ પાષંડમતનો સ્વીકાર ન કરતાં દ્વિજે નિજવર્ણાશ્રમપ્રાપ્ત અગ્નિહોત્રાદિક ધર્મનું યથાશક્તિ આચરણ ભક્તિમાર્ગના અંગ તરીકે કરવું અને તે સાથે સદા ભગવાન્ શ્રીકૃષ્ણનું ભજન કરતો-કરતો તે દ્વિજ ભગવાને કહેલા ભાગવતમાર્ગમાં સ્થિત થાય એ યુક્ત છે. -તેમ કર્યાથી, વેદનો મુખ્ય ધર્મ આચરણ કરેલો ન હોવાથી, તે મનુષ્યને ધર્મનું ફળ પ્રાપ્ત થશે નહિ પરન્તુ તેણે ભગવદ્‌ભજન કરેલું હોવાથી તેનો નરકપાત પણ થશે નહિ, પરન્તુ શ્રીભાગવતમાર્ગે તે જીવ જેમ-તેમ કરીને તરી જશે.*

એકાદશસ્કન્ધમાં ભગવાને જે ધર્મબળે ભગવદ્ભજનનો પ્રકાર કહ્યો તે હમણાં અશક્ય હોવાથી યથાશક્તિ તદનુકલ્પરૂપ (જે વૈદિકધર્મ કહ્યો છે તે આધુનિક સમયના જીવોથી યથાર્થ પાળી શકાય એમ નથી તેથી તેને અનુસરે એવો તદનુકલ્પરૂપ-તચ્છાયારૂપ તદવિરોદિ વૈદિકધર્મ યથાશક્તિ પાલવો.) ધર્માચરણ કરવું એવો પક્ષ આદરીને શ્રીભગવાને કહેલો પ્રકાર કર્તવ્ય છે એવો ઉપદેશ હવે પોતે કરે છે. માયાવાદિ મત જગન્મિથ્યાત્મવાદિ કહીને ભગવાન્‌ના સર્વ માહાત્મ્યનો નાશ કરે છે, શ્રુતિસ્મૃતિથી વિરુદ્ધ છે તથા પ્રતારણા(છેતરામણું)શાસ્ત્ર છે અને તેથી ભગવદ્‌ભક્તોએ તેની ઉપેક્ષા કરવી જોઈએ એમ પ્રથમ શાસ્ત્રાર્થપ્રકરણ (કા.૮૦।૮૬) માં શ્રીમદાચાર્યચરણે એ મતની પાષંડરૂપતાનું ઉપપાદન કર્યું છે. આગળ પણ તેનું કથન કરશે. તેથી એ મતનો સ્વીકાર કર્યા વિના દ્વિજો સ્વવર્ણાશ્રમપ્રાપ્ત અગ્નિહોત્રાદિક ધર્મનું પાલન પોત-પોતાની શક્તિ પ્રમાણે ભક્તિમાર્ગના અંગત્વે કરવું અને મુખ્યત્વે ભગવન્માર્ગમાં સ્થિતિ કરીને ભગવાન્ શ્રીકૃષ્ણની નિરન્તર સેવા કરવી. **''યદ્યનીશો ધારયિતું મનો બ્રહ્મણિ નિશ્ચલમ્, મયિ સર્વાણિ કર્માણિ નિરપેક્ષઃ સમાચર''** (ભાગ.પુરા. ૧૧।૧૧।૨૨) માં શ્રીભગવાન્ કહે છે કે

> ''હે ઉદ્ધવ! જો તું બ્રહ્મને વિષે મનની નિશ્ચલ ધારણા કરવા અશક્ત હોય તો નિરપેક્ષ થઈને તું સર્વે કર્મોને મારે વિષે સમર્પિત કર. શ્રદ્ધાલુ થઈને મારી લોકને પાવન કરનારી કલ્યાણી કથાનું વારંવાર શ્રવણ કરતો ગાન કરતો-કરતો, તથા મારાં લીલાચરિત્રનું અનુસ્મરણ કરતો તથા મારા જન્મનો અભિનય કરતો એમ મારે અર્થે ધર્મ, કામ તથા અર્થ ને આચરતો મારે શરણે રહેલો જીવ, હે ઉદ્ધવ, સનાતન એવા મારાં વિષે

નિશ્ચલ ભક્તિ પ્રાપ્ત થાય છે (૨૩।૨૪).

આ ભગવદાજ્ઞા પ્રમાણે જીવે ભગવાન્‌ને આશ્રયે રહી નિરપેક્ષ થઈ સર્વ કર્મ ભગવાન્‌ને સમર્પિત કરવા, શ્રદ્ધાપૈર્વક ભગવત્કથા શ્રવણ કરવી, ભગવદગુણગાન કરવા તથા ભગવલ્લીલાનું સ્મરણ કરવું. એ પ્રમાણે જે ભગવન્માર્ગમાં ભગવદર્થે જ ધર્મનું, અર્થનું તથા કામાદિનું આચરણ થાય છે તે ભગવન્માર્ગે જીવે શ્રીભગવાન્‌નું સદા અવિચ્છિન્ન પ્રકારે ભજન કરવું.

આ પ્રકારે ભાગવતમાર્ગ કાલાદિસાધનની અપેક્ષા કરતો નથી એમ નિશ્ચિત થયું. ભાગવતમાર્ગે સ્થિતિ કરનારો જીવ કલિકાલના દોષથી લેપાતો નથી, એટલું જ નહિ, પરન્તુ કલિયુગમાં જે કોઈ સ્વલ્પ પણ સાધન કરે તો તેને કલિયુગ મહાફલદાન કરે એવો જે કલિ છે તે કલિયુગ તેને અનુકૈલ થતો હોઈને ભગવન્માર્ગના આ પ્રથમ અધિકારીને જીવન્મુક્તિ પ્રાપ્ત થાય છે એમ (શ્રીમદ્ભાગવતના ૩।૨૫।૩૯-૪૦ શ્લોકમાં) ભગવાન્ શ્રીકપિલદેવજી દેવહૂતિને બોધ કરે છે :

**વિસૃજ્ય સર્વાનન્યાંશ્ચ મામેવં વિશ્વતોમુખમ્, ભજન્ત્યનન્યથા ભક્ત્યા તાન્ મૃત્યોરતિપારયે ઈમં લૌકં તથૈવાઽમુમ્ આત્માનમ્ ઉભયાયિનમ્, આત્માનમ્ અનુ યે ચેહ યે રાયઃ પશવો ગૃહાઃ**

**ભાવાર્થ :** જેઓ પૈર્વોક્ત અધિકારરહિત છે, તાદશ શરીરાદિ રહિત છે અને જેઓ કેવલ પુણ્યપરિપાકવશાત્ આ પ્રકારની દશાને પ્રાપ્ત થઈને વક્ષ્યમાણ પ્રકારે ભગવાન્‌ને ઉપાસે છે તેમને ભક્તિ ન હોવાથી, હું તેમને મૃત્યુને પેલે પાર લઈ જાઉં છું'' સાંખ્ય સિદ્ધાન્તત્વથી અત્ર પરિત્યાગ મુખ્ય છે. ભગવાન્ કહે છે કે ''જેઓ આ લોકને તથા પરલોકને ત્યજે છે તથા ઉભયલોકકામી આત્માને દેહાદિચતુર્વિધને જેઓ ત્યજે છે, તથા જેઓ આ લોકમાં દેહાદિકને અનુસરનારા પુત્રાદિને તથા ગૃહપરિચ્છેદાદિને, ધનને તથા પશુઓને તથા અન્ય સર્વને-પ્રતિષ્ઠાદિ ધર્મોને, તથા અભિમાનાદિને ત્યજે છે અને આમ સર્વનો પરિત્યાગ કરીને જેઓ વિશ્વતોમુખ એવા મને અનન્ય ભક્તિથી ભજે છે તેમને હું મૃત્યુમાંથી પેલે પાર લઈ જાઉં છું. અર્થાત્ તેમને જીવન્મુક્તિ એટલે છે મૃત્યુગ્રસ્તદેહસમ્બન્ધ હોતો નથી. તેમને મુક્તિ નથી તેમ મૃત્યુ પણ નથી, પરન્તુ સનકાદિવત્ તેઓ સ્થિતિ કરે છે.

આથી પણ અધિક અધિકાર હોય તો ત્યાંજ (ભાગ.પુરા.૩।૨૫।૩૭-૩૮) શ્લોકમાં વૈકુંઠમાં ભોગ પ્રાપ્ત થાય છે એવું ફલ ભગવાને કથ્યું છે. શ્રીમદાચાર્યચરણે 'સેવાફલવિવરણ' નામના ગ્રન્થમાં +''વૈકુંઠાદિમાં ભગવત્સેવામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ

---

**+અથો વિભૂતિં મમ માયાવિનઃ તામૈશ્વર્યમષ્ટાઙ્ગમનુપ્રવિષ્ટામ્।**
**શ્રિયં ભાગવતીં વા અસ્પૃહયન્તિ ભદ્રાં પરસ્ય મે તે અશ્નુવતે નુ લોકે।।૩૭।।**
**ન કર્હિચિન્ મત્પરાઃ શાન્તરૂપે નંક્ષ્યન્તિ નો મે અનિમિષો લેઢિ હેતિઃ।**
**યેષામ્ અહં પ્રિય આત્મા સુતશ્ચ સખા ગુરુઃ સુહૃદો દૈવમ્ ઈષ્ટમ્।।૩૮।।**

अत्र बाधकद्वयं त्यागार्थम् आह **अत्रापि वेदनिन्दायाम्** इति.

**अत्रापि वेदनिन्दायाम् अधर्मकरणात् तथा।।**
**नरके न भवेत् पातः किन्तु हीनेषु जायते।।२१६।।**

भगवन्मार्गे स्थित्वा यदि वेदानाम् अप्रामाण्यं वदेत् कथञ्चिदपि, तदा भगवन्नाम्नो नरकविरोधित्वात् न नरके पातः किन्तु तृतीयमार्गसाधनत्वाद् हीनेषु जायते. शूद्रादिषु

થાય'' એમ જે ફળ વર્ણવ્યું છે તેમાં જ આ ફળ પર્યવસાન પામે છે એમ જાણવું. (જુઓ શ્રીસુબોધિની.)

**શંકા :** ''જો એમ છે તો ભાગવતમાર્ગે જીવ સર્વથા તરી જશે જ એમ તમારે કહેવું જોઈએ, પરન્તુ શ્રીભાગવતમાર્ગે જીવ 'જેમ તેમ તરી જશે' એમ શા માટે કહો છો?'' આ શંકાનું સમાધાન કરવા શ્રીમદાચાર્યચરણ કહે છે કે **અત્રાપિ વેદનિન્દાયામ્**. *આ ભગવત્પ્રોક્ત ભાગવત માર્ગમાં પણ* [અ]*વેદની નિન્દા કરવી તથા* [આ]*અધર્મનું આચરણ કરવું આ બે બાધક છે.* તેમનો ભગવદ્ભક્તે ત્યાગ કરવો. *ભગવન્માર્ગે સ્થિતિ કર્યા પછી જો એ જીવ કોઈ પણ પ્રકારે *''વેદો અપ્રમાણ છે'' એમ કહીને વેદની નિન્દા કરે તો ભગવન્નામ કે જે નરકનું વિરોધિ છે તેના પ્રભાવબલે જો કે તે જીવ નરકમાં પડતો નથી તો પણ શૂદ્રાદિહીન જાતિમાં તે જીવ જન્મે છે.* કારણ કે વેદનિન્દા[1] તૃતીયમાર્ગનું સાધન છે. અર્થાત્ શ્રુતિમાં ''જાયસ્વ મ્રિયસ્વ'' જેમાં જન્મ-મરણના ફેરા વારંવાર થયા કરે છે એવો એ તૃતીયમાર્ગ યમલોકપ્રતિ ગમન કરવામાં અનુકૈલ છે અને વેદનિન્દા આ તૃતીયમાર્ગે ગમન કરાવે છે.

---

જો તે ભક્તિ મધ્યમા હોય તો ભગવાન્ ભિન્ન પ્રક્રમ કથે છે : ''માયાવી એવા મારી પુત્ર-ધનાદિરૂપ તથા સ્વર્ગાદિરૂપ વિભૈંતિની તે અણિમાદિ અષ્ટાઙ્ગ ઐશ્વર્યની, ભગવદ્ભજનને અનુસરતી તે મોક્ષપર્યન્ત સર્વ જ ભગવત્કૃત ભદ્રાસમ્પત્તિની પણ તેઓ સ્પૃહા કરતા નથી. પણ જો તેઓ સ્પૃહા કરે છે તો તેમને મધ્યમા ભક્તિ અવશ્ય તે-તે ફલદાન કરે છે. જો તેમને અન્યત્ર ભોગ રુચતો નથી તો વૈકુંઠમાં પણ તે ભક્તિ તેમને ભોગદાન કરે છે. કાલ તથા અક્ષરથી પણ પર એવા મારા વ્યાપિવૈકુંઠલોકને વિષે તેઓ ઐશ્વર્યાદિક સર્વ ભોગ ભોગવે છે. હે શાન્તરૂપ માતર્! સર્વ દોષરહિત વૈકુંઠને વિષે મારે પરાયણ રહેતા તેઓ નાશ પામતા નથી. જેમને પ્રિયવિષય આત્મા, સુત, સખા, ગુરુ, સુહૃદ્, દૈવ તથા ઈષ્ટફલ આમ અષ્ટવિધ વિષય પણ જેમનો હું થયો છું, મારાથી બીજું જેમનું કંઈ પણ નથી તેવા ભક્તોને મારું અનિમિષ કાલચક્ર ભક્ષણ કરતું નથી''.

અત્ર મધ્યમાધિકારનું સાલોકયાદિ ફળ કહ્યું છે. આ ફળમાં જે વૈકુંઠલોકમાં ભોગ કહ્યો છે તેનો સમાવેશ 'સેવાફલવિવરણ' નામના ગ્રન્થમાં કહેલા વૈકુંઠાદિમાં સેવૌપયિકદેહપ્રાપ્તિરૂપ ફળમાં થાય છે. અલૌકિકસામર્થ્ય, સાયુજ્ય, તથા વૈકુંઠાદિલોકમાં સેવોપયોગિદેહ એમ ત્રણ ફલ ભગવત્સેવામાં થાય છે. આ ફળવિવરણ માટે જુઓ કા.૨૧૬ નું ફળ ટિપ્પણ. આ ફળ કનિષ્ઠ કક્ષાના અધિકારીને પણ થાય છે. અલૌકિક ફળમાં કાળ નિયામક નથી.

૧.સ્વરૂપમાં, અર્થમાં, ફલમાં તથા સાધનમાં એમ કોઈપણ પ્રકારે ''વેદ અપ્રમાણ છે'' એમ કહેવાથી વેદનિન્દા થાય છે.

વેદનિન્દા કર્યાથી નરક પ્રાપ્ત થાય છે એમ શ્રીમદ્ભાગવતના +ચતુર્થ સ્કન્ધ(૪।૨।૩૦-૩૨) માં બ્રહ્મ-વેદની તથા બ્રાહ્મણોની નિન્દા કરનારા, સનાતન વેદશાસ્ત્રનો વિરોધ કરનારા લોકો પાષણ્ડનો આશ્રય કરી નરકને પ્રાપ્ત થાય છે'' એમ ભૃગુએ આપેલા શાપથી સિદ્ધ થાય છે. તે જ પ્રકારે (૬।૩।૩૩-૩૪) શ્રીમદ્ભાગવતના ષષ્ઠસ્કન્ધમાં *અજામિલના ઉપાખ્યાનમાં કહ્યું છે કે અજામિલ નામના બ્રાહ્મણની મતિ પૈંર્વે પુષ્પિત ત્રયીવિદ્યામાં કર્મજડ થઈ હતી. અને તે પછીથી તે અત્યન્ત દુષ્ટ આચરણ કરનારો પાપિષ્ઠ થયો હતો. તેવા અજામિલ જેવા દુષ્ટજીવનો પણ મૃત્યુ તમયે માત્ર 'હરિ'નામોચ્ચારના પ્રતાપબળથી નરકપાત થતો અટક્યો હતો. એટલું જ નહિ પરન્તુ ભગવન્નામોચ્ચારના માહાત્મ્યથી તેની ભગવદ્ધામમાં ગતિ થઈ. આથી ભગવન્નામ નરકવિરોધિ છે એમ સિદ્ધ થાય છે. આ પ્રકારે ભગવન્માર્ગીય જીવ વેદનિન્દા કરે તો સચ્છાસ્ત્ર એવા વેદની નિન્દા કર્યાથી તેને મુખ્યફળ પ્રાપ્ત થતું નથી, તેમ છતાં ભગવન્નામનો ઉચ્ચાર કર્યાથી તેનો નરકપાત પણ થતો નથી.

+.**''બ્રહ્મ ચ બ્રાહ્મણાંશ્ચૈવ યદ્ યૂયં પરિનિન્દથ। સેતું વિધારણં પુંસામતઃ પાખંડમાશ્રિતાઃ।।૩૦।।**
**એષ એવ હિ લોકાનાં શિવઃ પન્થાઃ સનાતનઃ। યં પૂર્વે ચાનુસન્તસ્થુઃ યત્પ્રમાણં જનાર્દનઃ।।૩૧।।**
**તદ્ બ્રહ્મ પરમં શુદ્ધં સતાં વર્ત્મ સનાતનમ્। વિગર્હ્ય યાત પાષંડં (નરકં) દૈવં વો યત્ર ભૂતરાટ્।।૩૨।।**
(શ્રીપુરુષોત્તમજીનો અર્થ 'નરકં' દિશે છે. વેદની અને તેથી વેદાર્થભૈંત ભગવાન્ની નિન્દા કરનારને નરક ફલ થાય એ ઉચિત છે). શિવના નન્દીશ્વરે જ્યારે વેદમાર્ગની નિન્દા કરી ત્યારે સનાતન વેદમાર્ગાનિષ્ઠ ભૃગુઋષિએ તે ભવવ્રતધારી શિવદિક્ષામાં સ્થિત થયેલાઓને દુરત્યય બ્રહ્મદંડ શાપ આપ્યો છે કે ''તમે સચ્છાસ્ત્રના વિરોધિ થઈને બ્રહ્મ-વેદની તથા બ્રહ્મણોની નિન્દા કરો છો કે જે બ્રહ્મ પુરુષોનો સેતુ છે, વિધારણ-ઉદ્ધારક છે. તેથી તમે પાષંડનો આશ્રય કર્યો છે(૩૦). આ સનાતન(વૈદિક માર્ગ) જ લોકોનો શિવ(કલ્યાણ) માર્ગ છે કે જે માર્ગે પૈંર્વના ઋષિઓએ પરમ્પરાથી સ્થિતિ કરી છે અને જેનું પ્રમાણ ભગવાન્ જનાર્દન છે. અર્થાત્ જીવોની મૈંલ અવિદ્યાનું મર્દન કરનારા ભગવાન્ આ માર્ગનું પ્રમાણ છે(૩૧). તે પરમ શુદ્ધ બ્રહ્મ-વેદ કે જે સાધુઓનો સનાતન માર્ગ છે તેની તમે નિન્દા કરી છે તેથી તમે પાષંડને-નરકને પ્રાપ્ત થાઓ કે જ્યાં ભૈંતપતિ તમારો દેવ થશે''.

* **નામોચ્ચારણમાહાત્મ્યં હરેઃ પશ્યત પુત્રકાઃ। અજામિલોઽપિ યેનૈવ મૃત્યુપાશાદ્ અમુચ્યત।।**
**તસ્માત્ સંકીર્તનં વિષ્ણોર્ જગન્મંગલમંહસામ્। મહતામપિ કૌરવ્ય વિદ્ધ્યેકાન્તિકનિષ્કૃતમ્।।**
યમરાજ કહે છે : હે બાળકો! હરિના નામોચ્ચારણનું માહાત્મ્ય તો જુઓ કે જેથી અજામિલ પણ મૃત્યુપાશમાંથી મુક્ત થયો. જે સાધુઓ સમદષ્ટિવાળા થઈને ભગવાન્ને પ્રપન્ન થયા છે તથા જેમણે ભગવાન્ની પવિત્ર ગાથાઓનું ગાન કર્યું છે, તેઓ હરિની ગદાથી રક્ષિત થાય છે. તેમની પાસે તમારે (યમદૈંતોએ) જવું નહિ. તેમને ન તો આપણો અધિકારી ભય કે ન તો આપણે દંડ કરવા સમર્થ છીએ.(૨૭) તેથી જેઓ નરકમાર્ગે ગૃહને તૃષ્ણાથી બદ્ધ થઈને મુકુન્દ એવા શ્રીભગવાન્ના ચરણકમલના મકરન્દરસથી નિરન્તર વિમુખ છે તેવા દુષ્ટ જીવોને તમે મારી પાસે લાવો.(૨૮) જે જીવની જિહ્વા ભગવદ્ગુણાનુવાદનો તથા ભગવન્નામનો ઉચ્ચાર ન કરતી હોય, જેનું ચિત્ત તે ભગવાન્ના ચરણારવિન્દનું સ્મરણ કરતું ન હોય અને જેનું મસ્તક ભગવાન્ શ્રીકૃષ્ણને એક દિવસ પણ નમતું ન હોય તેવા ભગવત્સેવાથી બહિર્મુખ થયેલા જીવોને તમે મારી પાસે લઈ આવો.(૨૯) તેથી હે કૌરવ્ય, ભગવાન્નું નામસંકીર્તન જગત્નું મઙ્ગલ કરે છે અને તે હરિનામકીર્તન મહાપાપોનું પણ એકાન્તિક પ્રાયશ્ચિત છે એમ તું જાણ(૩૧).

सम्भवति. अतो दृश्यते नीचयोनिषु भगवद्भक्तानां जन्मः. तस्माद् एतद् द्वयम् अकृत्वा भगवान् सेव्यः।।२१६।।

शूद्रादियोनौ जातस्य किं फलम्? इति आकांक्षायाम् आह **पूर्वसंस्कारतः** इति.

**पूर्वसंस्कारतस् तत्र भजन् मुच्यते जन्मभिः।।**
**अत्यन्ताभिनिवेशश्चेत् संसारे न भवेत् तदा।।**
**एतावन्मात्रताप्यस्ति मार्गेऽस्मिन् मुरवैरिणः।।२१७।।**

संस्कारवशाद् भगवद्भजने जायमाने तस्मिन् देहे वेदादीनां स्मरणाभावात् निन्दाभावे तुष्टः

---

તેથી ભક્તિમાર્ગીય જીવ વેદનિન્દા કરે ત્યારે વેદશાસ્ત્ર તથા ભગવચ્છાસ્ત્ર એમ ઉભયશાસ્ત્રનો વિરોધ પ્રાપ્ત થવાથી ત્રિશંકુન્યાયે ત્રિશંકુ જેવી તેની સ્થિતિ થાય છે. તેથી ભગવન્માર્ગે સ્થિત થયેલા જીવે વેદનિન્દા સર્વથા કરવી નહિ. અર્થાત્ *ભગવન્માર્ગે સ્થિત થઈને જીવ જો વેદનિન્દા કરે તો એને શૂદ્રાદિ હીનયોનિમાં જન્મ પ્રાપ્ત થાય છે. એથી જ શૂદ્રાદિ (કોળી, ભીલ ઈત્યાદિ) નીચ યોનિમાં પણ ભગવદ્ભક્તોનો જન્મ થતો દેખાય છે. તેથી વેદનિન્દા તથા અધર્મનું આચરણ આ બન્ને ભગવન્માર્ગમાં બાધક છે, તેથી એ બન્ને દોષનો પરિત્યાગ કરીને જીવે ભગવન્માર્ગમાં સ્થિત થઈ સદા ભગવાન્‌ની સેવા કરવી.*(૨૧૬)

**શંકા :** *આવો ભગવન્માર્ગીય જીવ વેદનિન્દા કરીને શૂદ્રાદિ નીચ યોનિમાં જન્મ પામે તો પછી* ''મગ્નશ્ચેત્ પાતાલં પ્રવિશેત્'' અર્થાત્ ''જો ડૈબે તો પાતાળમાં જ પ્રવેશ કરે'' એ ન્યાયે તેની સર્વથા અધોગતિ થાય કે ન થાય? *તેની શી ગતિ થાય?* આ શંકા હૃદયમાં રાખીને શ્રીમદાચાર્યચરણ અત્ર કારિકામાં **સમાધાન** કહે છે કે **પૂર્વસંસ્કારતઃ**. *પૂર્વજન્મના ભજનના સંસ્કારબળે તે જીવ નીચયોનિમાં પણ ભગવદ્ભજન કરે છે અને એમ બહુજન્મનો અન્તરાય પડ્યા પછી ભગવદ્‌ભજન કરતાં-કરતાં તે મુક્ત થાય છે.*

**શંકા :** ''બહુકાલનો અન્તરાય થયો હોય છે છતાં તેને પુનઃ ફલપ્રાપ્તિ થાય છે તેમાં શું કારણ?'' આ શંકાનું **સમાધાન** શ્રીમદાચાર્યચરણે કહ્યું છે કે *પૂર્વના સંસ્કારને લીધે ભગવદ્ભજન થતું હોવાથી તે દેહમાં તેને વેદાદિનું સ્મરણ થતું નથી અને તેથી તે વેદનિન્દા પણ કરતો નથી. એમ વેદનિન્દાના ન થવાથી ભગવાન્ સન્તુષ્ટ થઈને તેને મોક્ષદાન* કરે છે. આ પ્રમાણે પૈર્વે વેદનિન્દા કરેલી હોવાથી બહુજન્મના અન્તરાય પછી જ તેની મુક્તિ થાય છે એમ અર્થ ફલે છે.

**પૂર્વપક્ષ :** ''એમ વેદની નિન્દા કરનારને પણ અન્તે મુક્તિ પ્રાપ્ત થતી હોય ત્યારે તો વિલમ્બ થાય એ પણ ખોટું નથી, કારણ કે પરિણામમાં વિલમ્બ સુખનું દાન કરે છે. તેથી વેદનિન્દાને કારણે શૈદ્રાદિ યોનિ પ્રાપ્ત થાય એમાં કાંઈ પણ ક્ષતિ નથી, કારણ કે અન્તે તો

सन् भगवान् मोचयेद् इति अर्थः. तत्रापि एकं बाधकम् आह **अत्यन्ताभिनिवेशः चेद्** इति. संस्कारस्य दुर्बलत्वे ज्ञानाभावात् संसारे अभिनिवेशो भवति. ततो दृढभजनाभावात् न मुच्यते इति अर्थः. अनेन वेदनिन्दया पुनरावृत्तिः उक्ता. पुनः शुद्धसाधनेन जायमानां मुक्तिं न निवारयति. अतो वेदनिन्दाभावे भक्तिमार्गः समीचीनः.

---

તેનો મોક્ષ થવાનો જ છે''.

**સિદ્ધાન્તઃ** આ શંકા અયોગ્ય છે, કારણ કે *શૂદ્રાદિ યોનિમાં પૂર્વસંસ્કારબળે ભગવદ્ભજન કરીને મુક્તિ પ્રાપ્ત કરવામાં પણ જીવને એક બાધક નડે છે. તે એ કે **અત્યન્તાભિ-નિવેશશ્ચેદ્**. તે બાધક એ છે કે ''જો સંસારમાં અત્યન્ત અભિનિવેશ-આસક્તિ હોય તો-તો મુક્તિ પણ પ્રાપ્ત થતી નથી. પૂર્વજન્મના સંસ્કાર દુર્બળ હોય તો જ્ઞાન થતું નથી, અને તેથી સંસારમાં આસક્તિ થાય છે.* પૈર્વજન્મના સંસ્કાર દુર્બળ હોય તો ભગવાન્નું માહાત્મ્યજ્ઞાન થતું નથી અને તેથી સંસારમાં દઢ આસક્તિ થાય છે. આ દઢ સંસારાસક્તિથી ભગવાન્નું દઢ ભજન ન થતું હોવાથી તે જીવ મુક્ત થતો નથી એમ અર્થ સિદ્ધ થાય છે. તેથી ''વેદનિન્દા કરવા છતાં અન્તે મુક્તિ તો થવાની જ છે તેથી વિલમ્બ પણ અદુષ્ટ છે'' એવો પૈર્વપક્ષીનો આક્ષેપ અયોગ્ય છે. આથી શ્રીમદાચાર્યચરણે એવો સિદ્ધાન્ત કહ્યો છે કે ભક્તજીવે કદાપિ વેદનિન્દા કરવી નહિ. કારણ કે *વેદનિન્દા કર્યાથી પુનરાવૃત્તિ-પુનર્જન્મ થયા કરે છે. પરન્તુ પૂર્વજન્મમાં કરેલી વેદનિન્દા કંઈ શુદ્ધ સાધનથી પ્રાપ્ત થતી મુક્તિનું નિવારણ કરતી નથી. આથી વેદનિનન્દા ન કરવામાં આવે તો ભક્તિમાર્ગ ઉત્તમ છે.*

**અધર્માચરણ વિષે આવરણભંગમાં શ્રીપુરુષોત્તમજીનું વિવેચનઃ**

''જો કે વાસિષ્ઠલિંગોક્ત શાણ્ડિલ્ય ઉપાખ્યાન ધ્યાનમાં રાખીને શ્રીમદાચાર્યચરણે મૈંલ કારિકામાં અધર્મકરણથી પુનરાવર્તન થાય છે એમ કહ્યું છે, તથાપિ અધર્માચરણ વેદનિન્દા કરતાં અતિશય દુર્બલ છે. ''અતિશય દુરાચારી જીવ પણ જો મને અનન્યતાથી ભજે તો તે જીવ સમ્યગ્ વ્યવસ્થિત થયેલો છે'' આ શ્રીમદ્ભગવદ્ગીતાનું વાક્ય પણ એમ કહે છે કે (પૈર્વકાલીન) અધર્માચરણ ભક્તને હાનિ કરતું નથી. વળી

**''સ્વપાદમૂલં ભજતઃ પ્રિયસ્ય ત્યક્તાન્યભાવસ્ય હરિઃ પરેશઃ,**
**વિકર્મ યચ્ચોત્પતિતં કથઞ્ચિદ્ ધુનોતિ સર્વં હૃદિ સન્નિવિષ્ટઃ**(ભાગ.પુરા.૧૧।૫।૪૨).

અન્ય ભાવનો ત્યાગ કરીને પોતાના પાદમૈંલને ભજનારા પ્રિયભક્તનું જે દુષ્કર્મ જેમ-તેમ કરીને ગમે તે રીતે પણ ઉત્પન્ન થયું હોય છે તો તેને પરેશ-કાલકર્માદિના પણ નિયન્તા એવા ભગવાન્ શ્રીહરિ હૃદયમાં પ્રવિષ્ટ થઈને ખંખેરી નાંખે છે. આ શ્રીમદ્ભાગવતનું વાક્ય પણ કહે છે કે અનન્ય ભગવદ્ભક્તથી જો કે પાપકર્મ થતું જ નથી, તથાપિ જો તેનાથી કોઈક પ્રકારે પાપ થઈ પણ જાય તો તેવા યાદચ્છિક-અણધારેલા પાપનું નિવારણ ભગવાન્ પોતે કરી દે છે, કારણ કે ભગવાન્ 'પરેશ' છે, કાલકર્માદિના પણ નિયન્તા છે, અને તેથી નિજ ભક્તને દુષ્કર્મનો બાધ થતો અટકાવે

ननु उत्कर्षासहनेन कथं वेदं न निन्देद्? अतः सापायएव अयं मार्ग: इति आशंक्य आह **एतावन्मात्रताप्यस्ति** इति. अनिन्दायां मोक्षः, निन्दायामपि न नरकादिः. वेदातिरिक्तमतेषु भगवन्मार्गे एतावदपि फलम् अस्ति, नतु सांख्यादौ इति तेभ्य: उत्कर्षः।।२१७।।

भक्तिमार्गे अमुख्यानां फलम् आह **सर्वत्यागे** इति.

**सर्वत्यागेऽनन्यभावे कृष्णमात्रैकमानसे।।**
**सायुज्यं कृष्णदेवेन शीघ्रमेव ध्रुवं फलम्।।२१८।।**

---

છે. આથી બુદ્ધિપૈર્વક જે અધર્માચરણ કરવામાં આવે છે અને પછી જેનો પશ્ચાત્તાપ થતો નથી તેવા અધર્માચરણથી હીનયોનિમાં પુનર્જન્મ થાય છે. આથી આચાર્યશ્રીએ પોતે જે મૈલ કારિકામાં 'અધર્મકરણ' શબ્દ યોજ્યો છે. પરન્તુ વિવરણમાં તેનો ઉલ્લેખ કર્યો નથી તેથી શ્રીમદાચાર્યચરણ એમ સૈંચવે છે કે અધર્માચરણ દોષ વેદનિન્દાદોષ કરતાં દુર્બલ છે. આથી વેદનિન્દા ન થાય તો ભક્તિમાર્ગ ઉત્તમ છે એમ સિદ્ધ થયું.

**પૂર્વપક્ષ:** *ભગવન્માર્ગની અપેક્ષાએ વેદમાર્ગનો ઉત્કર્ષ શ્રવણ કરીને વેદનો ઉત્કર્ષ ન સહન થવાથી ભક્તો અવશ્ય વેદની નિન્દા કરશે જ અને તેથી તેમનો નીચ યોનિમાં જન્મ થશે જ. તેથી આ ભક્તિમાર્ગ પણ સવિઘ્ન છે''. આ શંકા થાય તો આચાર્યશ્રી સિદ્ધાન્ત કહે છે કે* ***એતાવન્માત્રતાપ્યસ્તિ.*** *''વેદની નિન્દા ન કરે તો મોક્ષ પ્રાપ્ત થાય, અને વેદની નિન્દા કરે તો પણ નરકાદિ પ્રાપ્ત ન થાય'' આટલું પણ ફલ વેદાતિરિક્તમતોમાં (વેદથી જુદા એવા મતોમાં) માત્ર આ ભગવન્માર્ગમાં જ થાય છે. અન્ય સાંખ્યાદિ માર્ગમાં તો આટલું પણ ફળ પ્રાપ્ત થતું નથી.* અન્ય સર્વમાર્ગમાં વેદનિન્દાથી તથા ધર્મવિરુદ્ધ આચરણથી નરકાદિ પ્રાપ્ત થાય અને વેદનિન્દા ન કરે તો પણ કલિયુગ તેમને અનુકૈંલ ન હોવાથી તેમને મોક્ષ પ્રાપ્ત થાય નહિ. (વેદવિરોધિ એવા) તે અન્ય સાંખ્યાદિ માર્ગો તો વિમાર્ગથી પરિપોષિત થયેલા હોઈને નરકફલ જ પ્રાપ્ત કરાવે છે. પરન્તુ ભગવન્માર્ગ તેવો નથી. પ્રારમ્ભદશામાં ભક્તિના અભાવમાં ભક્તિમાર્ગ સાપાય- સવિઘ્ન હોય તો પણ અન્તે ભક્તિમાર્ગમાં જ મોક્ષ ફલ પ્રાપ્ત થઈ શકે છે. *તેથી અન્ય સર્વ માર્ગ કરતાં ભગવન્માર્ગ ઉત્તમ છે.* (૨૧૪)

આ પ્રકારે ભગવન્માર્ગમાં કનિષ્ઠ અધિકારીનો પણ ફલતઃ ઉત્કર્ષ છે એમ કહીને *હવે ભક્તિમાર્ગીય (અમુખ્ય) મધ્યમાધિકારીનું ફળ કહે છેઃ*

**સર્વત્યાગે અન્યભાવે કૃષ્ણમાત્રૈકમાનસે ।**
**સાયુજ્યં કૃષ્ણદેવેન શીઘ્રમેવ ધ્રુવં ફલમ્।।૨૧૮।।**

**શબ્દાર્થ :** સર્વનો ત્યાગ થાય અને માત્ર ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ એક મન રહે ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણદેવની સાથે સાયુજ્યરૂપ ધ્રુવફળ સત્વર જ થાય છે (૨૧૫).

अन्तर्बहिः सर्वत्यागः. स्वामित्वेन कृष्णएव सर्वदा मनोनिवेशनम्. अभ्यासेन तद् भवति. अन्येषां देवानां तद्विभूतित्वेन, तत्सेवकत्वेन वा सन्माननं, यदि स्फुरति. एवं देहपातपर्यन्तं कृष्णैकमानसस्य सायुज्यं शीघ्रमेव भवति. कायवाग्विनियोगाभावेऽपि स्वस्नेहाभावेऽपि मनोमात्रस्थितौ फलम् एतद् इति अर्थः।।२१८।।

ततोऽपि विशेषम् आह **एतादृशस्तु** इति.

---

**વિવેચન :** *ભક્તિમાર્ગમાં અમુખ્ય મધ્યમ અધિકારિઓનું ફળ કહે છે* ***સર્વત્યાગે.*** **"ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः, अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते"** (ભગ.ગીતા ૧૨।૬-૧૦). "પરન્તુ જેઓ મારે વિષે સર્વે કર્મોનો ત્યાગ કરીને મત્પરાયણ થઈને અનન્ય જ યોગબલે મારું ધ્યાન કરતાં-કરતાં મને ઉપાસે છે તે મારામાં ચિત્ત પ્રવણ કરનારાઓને મૃત્યુસંસારસાગરમાંથી સત્વર સારી રીતે ઉદ્ધાર કરનારો હું છું" ઇત્યાદિ ભગવદ્ગીતાના શ્લોકમાં ભગવાને ભક્તિમાર્ગીય મધ્યમાધિકારીનું કથન કર્યું છે. અત્ર અનન્યયોગવાળા ભક્તનો સમુદ્ધાર ભગવાન્ વિનાવિલમ્બે કરે છે એમ શીઘ્ર ઉદ્ધારફળ કહેલું હોવાથી ભગવન્માર્ગના મધ્યમાધિકારમાં પણ બાધની શંકા થઈ શકતી ન હોવાથી ભક્તિમાર્ગમાં વેદમાર્ગસામ્યરૂપ ઉત્કર્ષ છે એમ નિરૂપણ કરવા હવે આચાર્યશ્રી મધ્યમાધિકારીનું ફળ કહે છે.

શ્રીમદાચાર્યચરણ ઉપરોક્ત ભગવદ્ગીતાના વાક્યનું તાત્પર્ય સમજાવતાં કહે છે કે *આવા અનન્ય ભક્તો આન્તર-બાહ્ય સર્વકર્મનો ત્યાગ કરે છે.* "ભગવાન્ શ્રીકૃષ્ણ જ અમારા સ્વામી છે" એમ સ્વામિત્વે સર્વદા ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ મનનો નિવેશ કરાવવો એમ ગીતા વાક્યમાં કહેલા 'અનન્યયોગ' પદનું તાત્પર્ય છે. *સ્વામી તરીકે એક પ્રભુ ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ સર્વદા મન પરોવાય એવો અનન્યયોગ અભ્યાસથી જ થાય છે.* અભ્યાસનો પ્રકાર આ રીતે છેઃ *અન્યદેવનું સન્માન અન્તઃકરણમાં સ્ફુરે તો તે અન્ય દેવો ભગવાન્ શ્રીકૃષ્ણની વિભૂતિઓ છે અર્થાત્ તેમના સેવકો છે એમ વિભૂતિ તરીકે અથવા સેવક તરીકે અન્યદેવોનું સન્માન કરવું.* એ પ્રમાણે અભ્યાસ કરવાથી અન્ય દેવોમાંથી ભાવ દૈંર થઈ ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ અનન્યભાવે મન સદા પરોવાશે". *આ પ્રકારે દેહપાતપર્યન્ત ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ જેનું એક મન થયું છે એવા ભગવદ્ભક્તોને સત્ત્વર જ સાયુજ્યફલ પ્રાપ્ત થાય છે.*

**શંકા :** ભગવાન્ શ્રીકૃષ્ણદેવ સાથે આ ભક્તને સાયુજ્યફલ સત્વર પ્રાપ્ત થાય છે એમ તમે કહો છો. વળી શ્રીભગવાન્ પણ તેમનો મૃત્યુસંસારસાગરમાંથી સત્વર ઉદ્ધાર કરે છે, એમ શ્રીભગવાને તેમને સત્વર સ્વપ્રાપ્તિનું કથન કરેલું હોવાથી ફળની દૃષ્ટિએ વિચાર કરો તો આ અધિકારી ઉત્તમ છે એમ પ્રતીત થાય છે. તો પણ તમે એ અધિકારી મધ્યમ છે એમ શા માટે કહો છો?" આ શંકાનું સમાધાન કરવા શ્રીમદાચાર્યચરણ સિદ્ધાન્ત કહે છે : "કૃષ્ણદેવ

**एतादृशस्तु पुरुषः कोटिष्वपि सुदुर्लभः।।**
**यो दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम्।।**
**हित्वा कृष्णे परं भावं गतः प्रेमप्लुतः सदा।।२१९।।**

पूर्वोक्तो लोके सम्भवत्यपि एतादृशस्तु दुर्लभः यो अग्रे वक्ष्यते. भागवते नारायणपरः

*સાથે સત્વર જ સાયુજ્ય થાય* (સાયુજ્ય ફળ ભગવાન્‌ની સાથે સંયોગાત્મક રસનો અનુભવ. અત્ર કાલ નિયામક નથી. જુઓ અગ્રિમ કારિકામાં ફલનું ટિપ્પણ.) એ નિશ્ચિત ફલ મધ્યમાધિકારી ભક્તનું જ છે. *ઉત્તમાધિકારીનું ફલ અગ્રે નિરૂપિત થશે. કાયા અને વાણી ના વિનિયોગ વિના સ્નેહવિના માત્ર ભગવાન્ શ્રીકૃષ્ણને વિષે એક મન રાખવાથી જ આ ફલ પ્રાપ્ત થાય છે.* તેથી આ મધ્યમાધિકારીનું જ ફલ છે. આ અધિકારી ભગવાન્ શ્રીકૃષ્ણમાં કાયાનો તથા વાણીનો વિનિયોગ કરતો નથી તેમજ સ્નેહ પણ રાખતો નથી, તેથી આ ઉત્તમ અધિકારી નથી. **''તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્''** તેમનો મૃત્યુરૂપી સંસારસાગરમાંથી સત્વર સારી રીતે ઉદ્ધાર કરનારો હું છું એ ભગવદ્ગીતાના વાક્યમાં પણ શ્રીભગવાને જે પ્રતિજ્ઞાપૈર્વક સત્વરઉદ્ધાર ફલ કહ્યું છે તે આ ભગવન્માર્ગનો ઉત્કર્ષ જણાવવાને અર્થે જ કહ્યું છે, પરન્તુ તેથી કંઈ અધિકારની ઉત્તમતા સિદ્ધ થતી નથી. કારણ કે ગીતાના વાક્યમાં આ સ્થળે 'ભક્તિ' પદ પણ કહ્યું નથી. તેથી અત્ર ઉત્તમ અધિકારનું નિરૂપણ નથી, પરન્તુ માર્ગ ઉત્કૃષ્ટ છે એવો જ બોધ કરવાને અર્થે ફલનું નિરૂપણ કર્યું છે એમ સમજવું.(૨૧૫)

આ પ્રકારે ભગવન્માર્ગે મધ્યમ અધિકારીનું નિરૂપણ કરીને હવે *એથી પણ ઉત્તમ દુર્લભ અધિકારીનું નિરૂપણ કરે છે:*

**એતાદશસ્તુ પુરુષઃ કોટિષ્વપિ સુદુર્લભઃ ।। ***
**યો દારાગારપુત્રાપ્તાન્ પ્રાણાન્ વિત્તમ્ ઈમં પરમ્।।**
**હિત્વા કૃષ્ણે પરં ભાવં ગતઃ પેમપ્લુતઃ સદા।।૨૧૯।।**

**શબ્દાર્થ :** સ્ત્રી ગૃહ પુત્ર બન્ધુ પ્રાણ ધન આલોક તથા પરલોક નો ત્યાગ કરીને ભગવાન્ શ્રીકૃષ્ણને વિષે પરમભાવ પ્રાપ્ત કરીને સદા પ્રેમમાં નિમગ્ન રહે તેવો પુરુષ તો કોટીજીવોમાં પણ અતિ દુર્લભ છે. (૨૧૬)

**વિવેચન :** *પૂર્વે કહેલો મધ્યમાધિકારી તો લોકમાં મળી પણ આવે, પરન્તુ આ કારિકામાં કહેલો ઉત્તમાધિકારી તો અતિ દુર્લભ છે. જે પુરુષ, સ્ત્રી ગૃહ પુત્ર આપ્ત પ્રાણ ધન આલોક તથા પરલોક ને ત્યજીને ભગવાન્ શ્રીકૃષ્ણમાં પરમ ભાવ પ્રાપ્ત કરીને નિરન્તર*

* આ કારિકાના ઉપન્યાસ માટે સરખાવો (ભાગ.પુરા.૯।૪।૬૫) **''યે દારાગારપુત્રાતાન્ પ્રાણાન્ વિત્તમ્ ઈમં પરમ્, હિત્વા માં શરણં યાતાઃ કથં તાન્ ત્યક્તુમ્ ઉત્સહે''.**

प्रशान्तात्मैव लोक दुर्लभः उक्तः. ज्ञानमिश्रो भक्तः प्रेमयुक्तस्तु ततोऽपि दुर्लभः. तत्रा पि सदा प्रेमप्लुतः. तस्य भगवत्सायुज्यं भवति इति किं वक्तव्यम् इति अर्थः।।२१९।।

*પ્રેમમાં નિમગ્ન રહે એવો ઉત્તમ અધિકારી તો કોટિ મનુષ્યોમાં પણ અતિ દુર્લભ છે.*
**''મુક્તાનામપિ સિદ્ધાનાં નારાયણપરાયણઃ, સુદુર્લભઃ પ્રશાન્તાત્મા કોટિષ્વપિ મહામુને''** (ભાગ.પુરા.૬।૧૪।૫) શ્રીમદ્ભાગવતમાં પણ ''જેનું અન્તઃકરણ પ્રશાન્ત છે એવો નારાયણ પરાયણ ભક્ત લોકમાં સિદ્ધ-મુક્તોની કોટીઓમાં પણ સુદુર્લભ છે એમ કહ્યું છે''.

શ્રીમદ્ભાગવતના ષષ્ઠસ્કન્ધમાં ચતુર્દશ અધ્યાયમાં (૨।૫ શ્લોકમાં) કહ્યું છે : ''શુદ્ધાસત્ત્વ યુક્ત દેવોને તથા નિર્મલ અન્તઃકરણવાળા ઋષિઓને ઘણું કરીને મોક્ષદાતા ભગવાન્‌ના ચરણને વિષે ભક્તિ થતી નથી. હે દ્વિજોત્તમ! પૃથિવીના રજકણો જેટલા અસંખ્ય જીવો આ જગત્‌માં છે. સહસ્ર મુમુક્ષુઓમાં કોઈક જ મોક્ષ પામે છે કે સિદ્ધિ પામે છે. હે મહામુને! કોટાનુકોટિ સિદ્ધ મુક્તોમાં પણ કોઈક જ નારાયણપરાયણ હોય છે. જેનું અન્તઃકરણ, અતિશાન્ત છે એવો નારાયણપરાયણ ભક્ત સુદુર્લભ છે''.

*આ પ્રકારે જેનું અન્તઃકરણ પ્રશાન્ત છે એવો નારાયણપરાયણ ભક્ત જ લોકમાં દુર્લભ કહ્યો છે. આવા ભક્ત કરતાં પણ જ્ઞાનમિશ્ર પ્રમેયુક્ત ભક્ત *દુર્લભ છે. આ ભક્તોમાં પણ જે ભક્ત નિરન્તર પ્રેમમાં જ નિમગ્ન રહે છે તે સુદુર્લભ છે.*

* શ્રીમદ્ભાગવત (૩।૨૫।૩૨-૩૬) માં એનું નિરૂપણ કર્યું છેઃ

**દેવાનાં ગુણલિંગાનામ્ આનુશ્રવિકર્કણામ્। સત્ત્વ એવૈકમનસો વૃત્તિઃ સ્વાભાવિકી તુ યા(૩૨)**
**અનિમિત્તા ભાગવતી ભક્તિઃ સિદ્ધેઃ ગરીયસી। જરયત્યાશુ યા કોશં નિગીર્ણમ્ અનલો યથા(૩૩)**
**નૈકાત્મતાં મે સ્પૃહયન્તિ કેચિદ્ મત્પાદસેવાઽભિરતા મદીહાઃ।**
**યેઽન્યોઽન્યતો ભાગવતાઃ પ્રસજ્ય સભાજયન્તે મમ પૌરુષાણિ(૩૪)**
**પશ્યન્તિ તે મે રુચિરાણ્મ્બ સન્તઃ પ્રસન્નવક્ત્રારુણલોચનાનિ।**
**રૂપાણિ દિવ્યાનિ વરપ્રદાનિ સાકં વાચં સ્પૃહણીયાં વદન્તિ(૩૫)**
**તૈર્દર્શનીયાવયવૈરુદાર-વિલાસહાસેક્ષિતવામસૂક્તૈઃ।**
**હૃતાત્માનો હૃતપ્રાણાંશ્ચ ભક્તિઃ અનિચ્છતો મે ગતિમ્ અણ્વીં પ્રયુંક્તે(૩૬)**

**શ્રીસુબોધિની ભાવાર્થઃ** એક જ ગોલકમાં દેવરૂપ તથા અસુરરૂપ એમ દ્વિવિધ ઇન્દ્રિયો છે. તત્ર આસુર ઇન્દ્રિયો લૌકિકમાં તથા નિષિદ્ધ કાર્યમાં રઞ્જન પામે છે. તેમને બળ કરીને પણ વિહિત કાર્યમાં પ્રવર્તાવવામાં આવે છે તો પણ તેઓ પરિતુષ્ટ થતી નથી. જે ઇન્દ્રિયો નિષિદ્ધ પ્રવૃત્તિમાંથી ગ્લાનિ પામે છે તે દૈવી ઇન્દ્રિયો છે. જેમ અમેધ્ય-અપવિત્ર પદાર્થનું દર્શન થતાં ગ્લાનિ થાય છે તેમ કામિનીનું દર્શન થતાં દૈવી ઇન્દ્રિયને ગ્લાનિ થાય છે. દૈવી ઇન્દ્રિયોનું લક્ષણ એ જ છે કે તેઓ લય-વિક્ષેપથી રહિત છે. દૈવી ઇન્દ્રિયો તે જ છે કે જે અલૌકિક વેદોક્ત જ કર્મ કે જ્ઞાન ઉત્પન્ન કરે છે. પરન્તુ જે ઇન્દ્રિયો લૌકિક કર્માદિ ઉત્પન્ન કરે છે તે આસુર છે. આસુર તથા દૈવ આ બન્ને ઇન્દ્રિયો પરસ્પર સ્પર્દ્ધા કરે છે. તેમાં આસુર ઇન્દ્રિયો બલિષ્ઠ છે. તેમને લીધે દૈવી ઇન્દ્રિયો સ્વકાર્યમાં પ્રવૃત્ત થઈ શકતી નથી. તત્ર બહુજન્મના અભ્યાસથી

ભગવાન્ પણ ઉત્તમાધિકારી ભગવદીયને વશ હોય છે તથા એને *અલૌકિકસામર્થ્યરૂપ મુખ્ય ફલનું દાન કરે છે એમ શ્રીમદ્ભાગવતના નવસ્કન્ધના અમ્બરીષ ઉપાખ્યાનમાં સિદ્ધ થાય છે. કારણ કે સાલોકયાદિ મુક્તિની પણ અપેક્ષા આ ઉત્તમ ભગવદીયો કરતા નથી. આ પ્રકારે જ્યાં ભક્તિમાર્ગના મધ્યમાધિકારમાં પણ અપાયની શંકા—બાધ થવાની શંકા નથી તો પછી ઉત્તમાધિકારમાં તો બાધ થવાનો ગન્ધ પણ ક્યાંથી હોય? તેથી આ ભગવન્માર્ગ બાધરહિત છે એમ સિદ્ધ થાય છે.

ઋષિઓની તથા ઇન્દ્રાદિ દેવોની ઇન્દ્રિયો દેવરૂપ થાય છે. મન પણ દૈવ તથા આસુર એમ દ્વિવિધ છે. તત્ર આસુર મન તે છે કે જે સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે, જે અનેક ભાવાપન્ન છે અને જે ગુણોથી ક્ષોભ પામે છે. પરન્તુ દૈવ મન એક સ્વભાવાપન્ન હોઈ મનનશીલ છે. ઇન્દ્રિયો ભલે ઉભયવિધ હોય, પરન્તુ મનને આસુર ન થવા દેવું, અને ત્યારે જ ઇન્દ્રિયો આસુર થતી અટકે છે. અતઃ જેનું મન એક છે, એક સ્વભાવાપન્ન છે, તેને જ ભક્તિ પ્રાપ્ત થાય છે. શ્રીભગવાન્ કહે છે ''શુદ્ધસત્ત્વરૂપ ભગવત્સ્વરૂપમાં જ જેની એકનિષ્ઠા છે તેની ઇન્દ્રિયો દૈવી છે કે જે ઇન્દ્રિયોનું લિંગ ગુણ-રૂપાદિ છે તથા જેમના કર્મો પણ વેદપ્રોક્ત છે, તેમની જે સ્વાભાવિકી વૃત્તિ છે તે જો અનિમિત્ત સ્વતન્ત્ર થાય અને જો ભાગવતી થાય, સાક્ષાત્ ભગવાન્‌ને વિષય કરે તો તે ભક્તિ સાયુજ્યમુક્તિ કરે છે. તેમની કાયિક, વાચિક તથા માનસ વૃત્તિઓમાં ભગવાન્‌ને વિષય કરે તો તે ભક્તિ સાયુજ્યમુક્તિ કરતાં પણ ઉત્તમ છે. કારણ કે એ ભક્તિ ગણેલા અન્નગ્રાસને જેમ ઉદરાગ્નિ જેરવે છે તેમ લિંગશરીરને સત્વર જીર્ણ કરે છે. (આ ફલરૂપા ભક્તિ છે. તે ભક્તો યવજ્જીવં આ ફલરૂપ ભગવદ્ભક્તિ કરે છે. તેમની કાયિક, વાચિક તથા માનસ વૃત્તિઓ ભગવાનને વિષે હોય છે. આવા) કેટલાકવિરલ ભગવદીયો છે કે જેઓ પરસ્પર આસક્તિ કરીને ભગવાન્‌ના ચરિત્રો અતિહર્ષથી પ્રમાણત્વે વધાવી લે છે. અન્ય કંઈ તેમને પ્રમાણ નથી. આવા ભાગવતભક્તો મારે અર્થે જ ચેષ્ટા પ્રવૃત્તિ કરીને તથા મારી ચરણસેવામાં જ અભિરક્ત થઈને મારી એકાત્મતાની અર્થાત્ મારા સાયુજ્યરૂપ ફલની પણ સ્પૃહા કરતાં નથી'' (૩૨।૩૪). તેમની ફલાવસ્થા કહે છેઃ ''(તેમને નિરન્તર મારો સાક્ષાત્કાર થાય છે) તેઓ મનોહર કર્ણાભરણવાલા, પ્રસન્નમુખકમલવાલા તથા અરુણલોચનવાલા મારા દિવ્ય તથા વરદાન કરનારા રૂપોનું દર્શન કરે છે. અને તેઓ (જીવતાં જ) તેમની સાથે ઈષ્ટાલાપ કરે છે'' (૩૫). તેમનું સાયુજ્ય કહે છેઃ ''પૈર્વોક્ત ભગવત્સ્વરૂપોનાં દર્શનીય અવયવોથી, ઉદારવિલાસથી, હાસપૈર્વક કટાક્ષથી તથા મોક્ષદાયક વામસૈંકતોથી જેમનાં આત્મા હરાયા છે તથા જેમના પ્રાણ હરાયા છે એવા તે ભક્તોને ઇચ્છા ન હોવા છતાં પણ મારી ભક્તિ અતિસૈંક્ષ્મ આનન્દરૂપ ભગવદાત્મક ફલનું દાન કરે છે''(૩૬).

* ''સેવાયાં કલત્રયમ્ : અલૌકિકસામર્થ્યં સાયુજ્યં દેહો વા વૈકુણ્ઠાદિષુ''. ચિત્ત તે ભગવાન્ શ્રીકૃષ્ણમાં પરોવાય તેનું નામ 'સેવા'. આ માનસી સેવા સિદ્ધ થયે સાક્ષાત્ ભગવત્સમ્બન્ધરૂપ ત્રણ ફલ પ્રાપ્ત થાય છે : ૧.અલૌકિક સામર્થ્ય ૨.સાયુજ્ય અથવા ૩.વૈકુણ્ઠાદિ લોકમાં સેવોપયોગિ દેહની પ્રાપ્તિ. ૧.અલૌકિક સામર્થ્યરૂપ મુખ્ય ફલમાં ''સો અશ્નુતે સર્વાન્ કમાન્ સહ બ્રહ્મણા વિપશ્ચિતા'' ઇત્યાદિ ફલવિવરણ કરતી શ્રુત્યુક્ત રીતિએ પુષ્ટિભક્ત વિવિધભોગ ચતુર પરમબ્રહ્મ પુરુષોત્તમની સાથે અલૌકિક સર્વ કામ ભોગવે છે. આ કામભોગમાં ભક્ત મુખ્ય છે અને ભક્તાધીન ભગવાન્ ગૌણ થઈ જાય છે. આ મુખ્ય ફલ ઉત્તમોત્તમ પુષ્ટિભક્તને થાય છે. પુષ્ટિભક્તને ઉત્તમ ફલદશામાં એવા તો કોઈક અલૌકિક સામર્થ્યનું દાન થાય છે કે જેથી પુરુષોત્તમ એવા ભગવાન્‌ની સાથે અલૌકિક કામભોગ કરવામાં તે ભક્ત પ્રધાન થાય છે. ભગવાન્ ભક્તાધીન થઈ ગૌણ થાય છે એમ અત્રોક્ત ફલવિવરણ શ્રુતિમાં 'સહબ્રહ્મણા' એમ તૃતીયાન્તપદે તથા ''અહં ભક્તપરાધીનો હ્યસ્વતન્ત્ર ઇવ દ્વિજ'' (ભાગ.પુરા.૯।૪।૬૩) હે દ્વિજ, ખરેખર હું અસ્વતન્ત્ર હોઉં એમ ભક્તને આધીન છું''. ઇત્યાદિ શ્લોકથી સિદ્ધ થાય છે.

આ મુખ્ય ભક્તિનું લક્ષણ શ્રીમદ્ભાગવત (૩।૨૯।૧૨-૧૪) માં કહ્યું છે :

**લક્ષણં ભક્તિયોગસ્ય નિર્ગુણસ્ય હ્યુદાહૃતમ્। અહૈતુક્યવ્યવહિતા યા ભક્તિઃ પુરુષોત્તમે સાલોક્ય-સાર્ષ્ટિ-સામીપ્ય-સારૂપ્યૈકત્વમપ્યુત, દીયમાનં ન ગૃહ્ણંતિ વિના મત્સેવનં જનાઃ સ એવ ભક્તિયોગાખ્ય આત્યન્તિક ઉદાહૃતઃ। યેનાતિવ્રજ્ય ત્રિગુણં મદ્ભાવાયોપપદ્યતે**

"ફલનું જેમાં અભિસન્ધાન હોતું નથી તેવી અહૈતુકી તથા જેમાં કાલકર્મનું વ્યવધાન હોતું નથી એવી જે ભક્તિ-પ્રેમપૈર્વિકા સેવા પુરુષોત્તમને વિષે કરાય છે તે જ ભક્તિને નિર્ગુણ આત્યન્તિક ભક્તિયોગનું લક્ષણ કહ્યું છે". તે ભક્તિનું દૃષ્ટાન્ત કહે છે કે "અત્ર સાલોક્ય-વૈકુંઠવાસનું, સાર્ષ્ટિ-સમાન ઐશ્વર્યનું, સામીપ્ય-ભગવત્સમીપે સ્થિતિનું, સારૂપ્ય-પોતાના સમાન ચતુર્ભુજત્વાદિરૂપનું તથા એકત્વ-સાયુજ્યનું એમ ચતુર્વિધ મુક્તિનું દાન કરવામાં આવે છે તો પણ ભગવદ્ભક્તો તે ગ્રહણ કરતાં નથી, પરન્તુ એ ભગવત્સેવકો તો કેવલ મારી ભગવત્સેવાનું જ ગ્રહણ કરે છે. આ પ્રકારે અત્યન્ત પ્રેમોત્પત્તિમાં જે ભક્તિમાં અન્ય ફલનો પણ અનાદર થાય છે એવો આ આત્યન્તિક ભક્તિયોગ કહ્યો છે કે જે ભક્તિયોગબલે ભગવત્સેવક ત્રિગુણને પેલે પાર જઈને મદ્ભાવને-ભગવત્ત્વને યોગ્ય થાય છે (૧૨।૧૪) એમ કહ્યું છે. તેથી મુક્તિફલ કરતાં પણ અધિક એવું ભજનાનન્દાધિકારરૂપ અલૌકિક સામર્થ્યરૂપી જ ફલ ઉત્તમાધિકારી ભક્તોને પ્રાપ્ત થાય છે. અને તે ફલનું જ વિવેચન 'પુષ્ટિપ્રવાહમર્યાદા' નામના ગ્રન્થમાં પુષ્ટિભક્તને વિષે કર્યું છે એમ દિશા સૈંચવાય છે. આ પ્રકારે ભગવન્માર્ગ *ફલતઃ સર્વતો અધિક છે એમ સિદ્ધ થયું.(૨૧૬)

---

* સાયુજ્યરૂપ ફલ મધ્યમાધિકારીને થાય છે. **"સહ યુનક્તિ ઈતિ સયુક્, સયુજઃ ભાવઃ સાયુજ્યમ્"** આ વ્યુત્પત્તિથી આ ફલમાં અન્તર્ગૃહતગતા ગોપીજનની માફક અથવા ગોપોની માફક ભક્તને સદા ભગવાન્ સાથે સંયોગાત્મક રસાનુભવ થાય છે. (૩) વૈકુણ્ઠાદિમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ, વૃન્દાવનાદિ ક્રીડાસ્થલે પ્રભુના સમીપ યોગ થવો, પશુ-પક્ષી, લતા, ગુલ્મ કે વૃક્ષાદિરૂપે વૈષ્ણવ દેહ પ્રાપ્ત થાય છે કે જેથી કોઈ પણ રીતે તે દેહ ભગવત્સેવા કરીને ભગવત્સમ્બન્ધ પ્રાપ્ત કરે. આ પણ એક ફલકક્ષા છે કે જે ભગવન્માર્ગના કનિષ્ઠ અધિકારીને પણ પ્રાપ્ત થઈ જાય છે. "આસામહો ચરણરેણુજુષામહં સ્યામ્, વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્" (ભાગ.પુરા.૧૦।૪૭।૬૧-૬૨) "અહો! હું વૃન્દાવનમાં આ ગોપીજનોના ચરણરજને સેવનારા ગુલ્મ, લતા, ઓષધિ ઈત્યાદિમાંથી કોઈ પણ થાઉં તો મારું કેટલું બધું અહોભાગ્ય!" ઈત્યાદિ શ્લોકમાં શ્રીઉદ્ધવજીએ આ ફલનો ઉલ્લેખ કર્યો છે. "ધન્યાઃ સ્મ મૈંઢમતયોઽપિ હરિણ્ય એતાઃ, પ્રાયો બતામ્બ વિહગા મુનયો વને અસ્મિમ્" ઈત્યાદિ (ભાગ.પુરા.૧૦।૧૮।૧૧-૧૪) શ્રીમદ્ભાગવતના વેણુગીતના શ્લોકમાં કહ્યું છે કે "વૃન્દાવનની મૈંઢમતિવાળી હરિણીઓ પણ પોતીકા પશુદેહના સુન્દર કમળનેત્રના પ્રણયકટાક્ષથી પ્રભુનાં દર્શન કરીને પ્રભુ સેવા કરીને કૃતાર્થ થઈ છે". તેમ જ વૃન્દાવનમાં મુનિઓ પણ પક્ષી થઈને નેત્ર નિમીલન કરી, અન્યવાણીનો ત્યાગ કરી ને વેદવૃક્ષની શાખાઓપર આરૂઢ થઈને પ્રભુના વેણુગીતનું શ્રવણ કરે છે. એમને આ પક્ષિદેહ પણ પ્રભુસેવામાં ઉપયોગી હોવાથી તેઓ કૃતાર્થ છે. "વૈષ્ણવા વૈ વનસ્પતયઃ" (તૈત્તિ.સં.) નિશ્ચય, વનસ્પતિઓ વૈષ્ણવ છે એ શ્રુત્યનુસાર વૃક્ષાદિસ્થાવર દેહે પણ વૈકુણ્ઠાદિમાં સેવાફલનો અનુભવ થાય છે. આ પ્રકારે વૃન્દાવનાદિ ભગવત્ક્રીડા સ્થળોમાં વૃક્ષાદિનો, સ્થાવરદેહનો, પશુપક્ષ્યાદિનો જઙ્ગમદેહ પ્રાપ્ત થાય તો તેથી પણ સેવાફલનો ભજનાનન્દનો અનુભવ થાય છે. કારણ કે પ્રભુધામમાં પ્રભુધામના લીલાસ્થળોના સ્થાવર-જઙ્ગમ પદાર્થો પણ અલૌકિક, નિત્ય તથા સ્વરૂપાત્મક છે. આવા સેવૌપયિક દેહની પ્રાપ્તિ થવારૂપી ફળ તો ભગવન્માર્ગના કનિષ્ઠ અધિકારીને પણ થઈ જાય છે આ રીતે ફલની દૃષ્ટિથી પણ ભગવન્માર્ગ સર્વતો અધિક છે.

एवं भक्तिमार्गे फलम् उपपाद्य सर्वमेव मार्गम् उपपादयति **''विशिष्टरूपम्...''** इत्यादिना **''एतन्मार्गद्वयं प्रोक्तम्...''** इत्यन्तेन.

*આ પ્રકારે ભક્તિમાર્ગે ફલનું ઉપપાદન કરીને સર્વ ભક્તિમાર્ગનું ઉપપાદન કરે છે **વિશિષ્ટરૂપમ્**:*

**વિશિષ્ટરૂપં વેદાર્થઃ ફલં પ્રેમ ચ સાધનમ્।।**
**તત્સાધનં નવવિધા ભક્તિઃ તત્પ્રતિપાદિકા।૨૨૦।।**
**ગીતા સંક્ષેપતઃ તસ્યા વક્તા સ્વયમ્ અભૂદ્ હરિઃ।।**
**તદ્વિસ્તારો ભાગવતં સર્વનિર્ણયપૂર્વકમ્।।**
**વ્યાસઃ સમાધિના સર્વમ્ આહ કૃષ્ણોક્તમ્ આદિતઃ।।૨૨૧।।**
**માર્ગો અયં સર્વમાર્ગાણામ્ ઉત્તમઃ પરિકીર્તિતઃ।।**
**યસ્મિન્ પાતભયં નાસ્તિ મોચકઃ સર્વથા યતઃ।।૨૨૨।।**
**વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્યે નષ્ટે છલેન તુ।**
**ક્રિયમાણે ન ધર્મઃ સ્યાદ્ અતઃ તસ્માદ્ ન મોચનમ્।।૨૨૩।।**
**બુદ્ધિમાનાદરં તસ્મિન્ છલે સાધ્યેઽપિ દુઃખતઃ।**
**ત્યક્ત્વા માર્ગે ધ્રુવફલે ભક્તિમાર્ગે સમાવિશેત્।।૨૨૪।।**

**શબ્દાર્થ :** વેદનો અર્થ વિશિષ્ટરૂપ છે. તે જ ફલ છે અને પ્રેમ સાધન છે. તેનું સાધન નવ પ્રકારની ભક્તિ છે. તેનું સંપેક્ષમાં પ્રતિપાદન કરનાર ગીતા છે. તેના વક્તા ભગવાન્ શ્રીહરિ પોતે જ થયા છે. ગીતાના અર્થનો વિસ્તાર શ્રીમદ્ભાગવત છે. ગીતામાં પ્રથમથી ભગવાન્ શ્રીકૃષ્ણે કહેલો સર્વ અર્થ શ્રીવ્યાસજીએ સમાધિથી અનુભવીને શ્રીમદ્ભાગવતમાં સર્વનિર્ણયપૈર્વક કહ્યો છે. સર્વે માર્ગોમાં આ ભાગવત માર્ગ ઉત્તમ કહેવાયેલો છે. તેમાં જીવને અધઃપાત થવાનો ભય રહેતો નથી, કારણ કે એ ભાગવત માર્ગ સર્વથા મોક્ષ આપનાર છે. વર્ણાશ્રમવાળાઓનો મુખ્ય ધર્મ નષ્ટ થયો છે. છતાં છલથી કરવામાં આવતા કર્મમાં ધર્મ થઈ શકતો નથી. તેથી તેનાથી મુક્તિ થતી નથી. બુદ્ધિમાન્ પુરુષે છલથી તથા દુઃખથી સાધ્ય એવા તે ધર્મમાર્ગમાં આદર ત્યજીને જેમાં ફલ નિશ્ચયે કરીને થાય જ છે એવા ધર્મિમાર્ગમાં–ભક્તિમાર્ગમાં સમ્યક્ પ્રકારે પ્રવેશ કરવો. (૨૧૭-૨૨૨)

**વિવેચન :** પ્રમાણથી, પ્રમેયથી, સાધનથી તથા ફલથી ભક્તિમાર્ગનો ઉત્કર્ષ દર્શાવવા માટે શ્રીમદાચાર્યચરણ **વિશિષ્ટરૂપમ્** ઇત્યાદિ સાડા ત્રણ કારિકાથી વિવરણ કરે છે. આ ભક્તિમાર્ગમાં પ્રમાણ કરતાં પણ પ્રમેય જ જીવને વધારે અનુકૈલ છે અને તે પ્રમેય ફલથી ભિન્ન નથી. તેથી પ્રથમ આચાર્યશ્રી પ્રમેયનું નિરૂપણ કરે છે કે *આ ભક્તિમાર્ગમાં પ્રમેય વિશિષ્ટરૂપ છે.* જે સ્વરૂપ અમુક–અપ્રાકૃતવિશેષણયુક્ત છે, પ્રાકૃતધર્મ જેનો આશ્રય કરતા નથી પરન્તુ જે અપ્રાકૃતનિખિલધર્મરૂપ છે એવા ધર્મી–પુરુષોત્તમ–કૃષ્ણ આ માર્ગનું પ્રમેય

**विशिष्टरूपं वेदार्थः फलं प्रेम च साधनम्।।**

अत्र प्रमेयं विशिष्टरूपम्. यस्य एकैकः अंशः काण्डद्वयेन प्रतिपाद्यते स ज्ञानक्रियोभययुतः. सएव च फलम्. तत्रापि साधनं च प्रेमैव.

**तत्साधनं नवविधा भक्तिस् तत्प्रतिपादिका।।२२०।।**

तत्साधनं नवविधा भक्तिः. श्रवणादिव्यतिरेकेण संस्कारवशात् फलकामनया वा जायमाना प्रीतिः गौणी स्यात्. श्रवणादीनां साधनत्वे प्रमाणं गीता. ''**भक्त्या त्वनन्यया शक्य**'' (भग.गीता.११।५४) इति साधन-साध्यरूपाम् एकीकृत्य आह.

---

છે એમ 'વિશિષ્ટરૂપ'નો અર્થ કહે છેઃ *જેમનો એક-એક અંશ કાંડદ્વયે પ્રતિપાદ્ય છે તે ભગવાન્ શ્રીપુરુષોત્તમ જ્ઞાન તથા ક્રિયા એમ ઉભય ધર્મથી યુક્ત છે-વિશિષ્ટ છે.*

વેદનો પૈંર્વ-કર્મકાંડ ભગવાનના ક્રિયાધર્મનું પ્રતિપાદન કરે છે તથા વેદનો ઉત્તર-જ્ઞાનકાંડ ભગવાનના જ્ઞાનધર્મનું પ્રતિપાદન કરે છે. શ્રીમદ્ભગવદ્ગીતા તથા શ્રીમદ્ભાગવત ક્રિયા તથા જ્ઞાન એ ઉભયધર્મથી વિશિષ્ટ એવા ધર્મીપુરુષોત્તમ શ્રીકૃષ્ણનું પ્રતિપાદન કરે છે. *તે ભગવાન્ કૃષ્ણ જ ફળ છે. તે ફળ પ્રાપ્ત કરવાનું સાધન પણ પ્રેમ જ છે.* રસની પૈંર્વાવસ્થારૂપ એવા આનન્દનું જે સૈંક્ષ્મરૂપ છે તે પ્રેમ છે.(૨૧૭) *તે પ્રમનું સાધન નવ પ્રકારની ભક્તિ છે.*

**શંકા :** ''પ્રેમબીજ નિત્ય હોવાથી પ્રતિબન્ધકના અભાવમાં શ્રવણાદિ નવપ્રકારની ભક્તિ કર્યા વિના પ્રેમ સુકરતાથી અવશ્ય પ્રકટ થશે. એટલે વિહિત નવવિધ ભક્તિઓનું કંઈ પણ પ્રયોજન નથી''. આવી શંકાનું **સમાધાન** કરવા શ્રીમદાચાર્યચરણ કહે છે : *શ્રવણાદિ વિના સંસ્કારબલથી કે ફલકામનાથી જે પ્રીતિ ઉદ્ભવે છે તે પ્રીતિ ગૌણ છે, મુખ્ય નથી.* તેથી પ્રીતિનું ગૌણત્વ પરિહરવા-મુખ્યપ્રેમ પ્રકટ કરવા શ્રવણાદિ નવ પ્રકારની ભક્તિ આવશ્યક છે. *શ્રવણાદિ નવવિધભક્તિ પ્રેમનું સાધન છે એમાં પ્રમાણ ગીતા છે. જેમકે* ***''ભક્ત્યાત્વનન્યા શક્યઃ અહમ્ એવંવિધો અર્જુન, જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ''*** *(ભગ.ગીતા૧૧-૫૪). હે પરન્તપ-અર્જુન, આવા પ્રકારનું જે મારું સ્વરૂપ છે તેનું યથાર્થ જ્ઞાન તથા તેના દર્શન તથા તેમાં પ્રવેશ પણ અનન્યભક્તિબલે થઈ શકે છે''. આ ગીતાવાક્યમાં ભક્તિને સાધન કહી છે. સાધનરૂપ તથા સાધ્યરૂપ ભક્તિને એકીકૃત કરીને આ વાક્ય કહ્યું છે.*

**શંકાઃ** વળી, ગીતાવાક્ય તો સ્મૃતિ હોવાથી શ્રુતિની અપેક્ષાએ નિર્બલ છે, તેથી *ગીતાવાક્ય અપ્રમાણ છે એવી શંકા પણ ન કરવી, કારણ કે ગીતા ફલવાક્ય છે.* અર્થાત્ શ્રીમદ્ભાગવદ્ગીતાના વાક્યો ફલરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણે શ્રીમુખે કહ્યાં છે અને તેથી તે વાક્યો સર્વથા સબળ પ્રમાણ છે. *ભગવાન્ કૃષ્ણ ફલરૂપ છે. કારણ કે ભગવાન્ કૃષ્ણ પોતે*

**गीता सङ्क्षेपतस् तस्या वक्ता स्वयम् अभूद् हरिः।।**
**तद्विस्तारो भागवतं सर्वनिर्णयपूर्वकम्।।**
**व्यासः समाधिना सर्वम् आह कृष्णोक्तम् आदितः।।२२१।।**

गीतायाअपि प्रामाण्यं फलवाक्यात्. कृष्णस्य फलरूपत्वं, परमानन्दरूपत्वात् पुरुषोत्तमत्वात् च. गीतार्थं सन्दिग्धं मत्वा विस्तरेण कथनार्थं भागवतं तेनैव रूपान्तरेण कृतम् ।।२२१।।

---

*પરમાનન્દરૂપ છે. વળી ભગવાન્ કૃષ્ણ પુરુષોત્તમ છે, તેથી પણ ભગવાન્ કૃષ્ણ ફલરૂપ છે.* આવા ફલરૂપ ભગવાન્ કૃષ્ણની વાણી હોવાથી એવા વક્તા ભગવાન્ હરિ પોતે હોવાથી શ્રીમદ્ભાગવદ્ગીતામાં સબળ પ્રમાણ છે.(૨૧૮)

*ગીતાશાસ્ત્ર સંક્ષિપ્ત છે, તેથી તેના અર્થમાં સન્દેહ થશે એમ માનીને વિસ્તારથી તેનો અર્થ પ્રતિપાદિત કરવા ભગવાન્ શ્રીકૃષ્ણે જ પોતે રૂપાન્તર (વ્યાસાવતારમાં) ધારણ કરીને શ્રીમદ્ભાગવતશાસ્ત્ર પ્રકટ કર્યું.* ગીતા ભક્તિશાસ્ત્ર છે, તેમ શ્રીમદ્ભાગવત પણ ભક્તિજનક શાસ્ત્ર છે. ગીતામાં ભગવાને જે અર્થ સંક્ષેપમાં કહ્યો તે જ અર્થને ભગવજ્જ્ઞાનાવતાર શ્રીમદ્વેદવ્યાસે નિર્મળ *સમાધિમાં અનુભવ્યો અને તે પછી તેનું વિસ્તાર પૈંર્વક કથન શ્રીમદ્ભાગવતમાં કર્યું છે.

શ્રીમદ્ભાગવતશાસ્ત્ર ગીતાનું ઉપબૃંહણ કરે છે. ગીતામાં કહેલા ભગવત્પ્રોક્ત અર્થનો શ્રીમદ્ભગવતશાસ્ત્ર વિસ્તાર કરે છે. **''અનર્થોપશમં સાક્ષાદ્ ભક્તિયોગમ્ અધોક્ષજે, લોકસ્યાજાનતો વિદ્વાંશ્ચક્રે સાત્વતસંહિતામ્''** (ભાગ.પુરા.૧।૭।૬). શ્રીમદ્ભાગવતના આ શ્લોકમાં અધોક્ષજ ભગવાન્‌ને વિષે ભક્તિ જ સાક્ષાત્ અનર્થનું નિવારણ કરે છે એવો

---

*અર્થાત્ ભગવત્પ્રોક્ત પદાર્થનું પ્રતિપાદન કરે એવી વેદસમાન ભાગવત સંહિતા વ્યાસજીએ પ્રકટ કરી. **''સાકારં બ્રહ્મ શુદ્ધં હિ માયા તચ્છક્તિરુત્તમા, તથા સર્વત્ર સન્મોહઃ સાક્ષાદ્ ભક્તિશ્ચ મોચિકા''.** શ્રીવ્યાસજીને નિર્મલ સમાધિમાં આ પ્રકારે દર્શન થયું કે ''બ્રહ્મ સાકાર અને શુદ્ધ છે. માયા દાસી તેની ઉત્તમ ભક્તિ છે કે જે માયાએ કરીને સર્વત્ર સમ્મોહ થાય છે, પરન્તુ તે સમ્મોહમાંથી જીવોને મુક્ત કરાવે એવો ઉપાય તો ભગવાન્‌ની સાક્ષાત્ ભક્તિ જ છે''. આમ ભક્તિયોગ જ અનર્થનિવારક છે એમ જાણીને શ્રીમદ્ભાગવતસંહિતા પ્રકટ કરતાં પહેલાં શ્રીવેદવ્યાસે બ્રહ્મનદી સરસ્વતીના તટ ઉપર આવેલા બદરીષણ્ડ જેવા તપઃસ્થાનમાં કે મોક્ષસ્થાનમાં પોતાના આશ્રમમાં આસન લીધું હતું. પછી ત્યાં જલનું આચમન કરીને ભક્તિમાર્ગની રીતિએ નિષ્કામત્વે નિર્મલ થયેલા મનમાં સમ્યક્ સમાધિયોગ સાધ્યો હતો. એ સમાધિમાં એમને આ પરમોદ્ધારક ભક્તિયોગનું દર્શન થયું. આવી ઉત્તમ સમાધિમાં અનુભવ કરીને શ્રીવેદવ્યાસે જે ભાગવતશાસ્ત્ર પ્રકય કર્યું તે સર્વદા પ્રમાણભૈંત છે. શ્રીવેદવ્યાસનો સમાધિયોગ કંઈ અન્ય ઋષિઓના સમાધિયોગની માફક રાજસાદિભાવાપન્ન નથી કે જેથી તે વિવાદાસ્પદ થાય, પરન્તુ એમનું સમાધિદર્શન ઉપર કહ્યું તેમ ઉત્તમોત્તમ નિર્ગુણ છે, ભગવદ્વાક્યને તથા વેદવાક્યને સમ્મત છે, અને તેથી સમાધિભાષા ભાગવત પ્રમાણભૈંત છે. શ્રીમદ્ભાગવતમાં ત્રણ ભાષા છે. ૧.સમાધિભાષા ૨.પરમત ભાષા તથા ૩.લૌકિકી ભાષા. તેમાં પરમત ભાષા તથા લૌકિકી ભાષા સમાધિભાષા જેટલી સર્વાંશે પ્રમાણભૈંત નથી, પરન્તુ સમાધિભાષા સર્વથા પ્રમાણભૈંત છે. (જુઓ પ્રથમસ્કન્ધના શ્રીમદ્ભાગવતાર્થ તથા શ્રીસુબોધિનીજી. (૧।૭।૪।૬)

**मार्गोऽयं सर्वमार्गाणाम् उत्तमः परिकीर्तितः।।**
**यस्मिन् पातभयं नास्ति मोचकः सर्वथा यतः।।२२२।।**

प्रमाणादीनां चतुर्णामपि एकरूपत्वात् सर्वमार्गापेक्षया अयम् उत्तमो मार्गः. तथाहि, प्रमाणं भगवद्वाक्यम्. वाक्येन प्रवृत्तः साधनम् असाधयन्नपि भगवता कृतार्थीक्रियते. प्रमेयपरिज्ञानं च फलानुभवरूपम्. साधनं च फलादपि अधिकम्. फलं च ज्ञानकर्मादिसाध्येभ्योऽपि अधिकम् इति. अतएव अस्मिन् मार्गे पातभयं नास्ति, प्रमाणप्रवृत्तिम् आरभ्य भगवतो रक्षकत्वात्. तत्र हेतुः **मोचकः सर्वथा यतः** इति. स हि सर्वानेव येन-केन-चिदुक्तप्रकारेणापि प्रवर्तमानान् मोचयति, मोचकस्वभावत्वात् तत्र स्ववाक्यानुगतान् कथं न मोचयेत्?।।२२२।।

---

અનુભવ શ્રીવેદવ્યાસજીએ સમાધિમાં કર્યો. તે પછી આ ભક્તિયોગ ન જાણનારા લોકને અર્થે વ્યાસજીએ સાત્ત્વત-ભાગવત સંહિતાને પ્રકટ કરી(૨૧૯).

*આ ભક્તિમાર્ગમાં પ્રમાણ, પ્રમેય, સાધન તથા ફલ આ ચારે એક રૂપ હોવાથી સર્વમાર્ગની અપેક્ષાએ આ ભગવન્માર્ગ ઉત્તમ છે. ભક્તિમાર્ગમાં પ્રમાણ ભગવદ્વાક્ય છે. આવા ભગવદ્વાક્યરૂપ પ્રમાણથી જે જીવ પ્રવૃત્ત થાય છે તે જીવ સાધન ન કરે તો પણ ભગવાન્ તેને કૃતાર્થ કરે છે.* તેથી ભક્તિમાર્ગમાં ભગવદ્વાક્યરૂપી પ્રમાણ ઉત્તમ છે. *હવે આ માર્ગનું પ્રમેય જે વિશિષ્ટરૂપ વેદાર્થ ભગવાન્ કૃષ્ણ છે તે પ્રમેયનું જ્ઞાન પણ ફલના અનુભવરૂપ જ છે.* તેથી ભક્તિમાર્ગનું પ્રમેય પણ ઉત્તમ છે. *એ જ રીતે ભગવન્માર્ગનું જે સાધન પ્રેમ છે તે પ્રમેરૂપસાધન ફલથી પણ અધિક છે* અને તેથી જ ભક્તોને ચતુર્વિધ મુક્તિનું દાન કરવામાં આવે તો પણ તેઓ ચતુર્વિધ મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. આ રીતે ભક્તિમાર્ગનું સાધન પણ ઉત્તમ છે. હવે ભક્તિમાર્ગીય ફલનો વિચાર કરીએ તો તે ફલ *પણ જ્ઞાનકર્માદિ સાધનથી પ્રાપ્ત થાતા ફળ કરતાં પણ ઉત્કૃષ્ટ છે.* આ રીતે ભક્તિમાર્ગમાં પ્રમાણ, પ્રમેય, સાધન તથા ફલ એમ ચારે એક-ભગવદ્રૂપ હોઈ ઉત્તમ છે. *તેથી આ માર્ગ અન્ય સર્વમાર્ગ કરતાં ઉત્કૃષ્ટ છે. એને લીધે જ આ ભગવન્માર્ગમાં અધઃપાત થવાનો ભય રહેતો નથી, કારણ કે ભગવાન્ પોતે ભક્તિમાર્ગીય જીવની પ્રમાણમાં પ્રવૃત્તિ થાય ત્યાંથી પ્રારમ્ભીને ફલપર્યન્ત નિરન્તર રક્ષા કર્યા કરે છે.* ભગવન્માર્ગમાં ભગવાન્ પોતે પ્રમાણથી આરમ્ભી ફલપર્યન્ત, જીવની રક્ષા કરે છે *એમાં હેતુ એ છે કે **"મોચકઃ સર્વથા યતઃ"**. કારણ કે ભગવાન્ સર્વથા મોચક છે, ભગવાન્નો સ્વભાવ જ એવો મુક્તિ આપનારો છે કે ગમે તે જીવ, ગમે તે વિહિત(શાસ્ત્રમાં કહેલે) પ્રકારે પ્રવૃત્તિ કર્યે જાય તો તે સર્વને ભગવાન્ મોક્ષનું દાન કરી દે છે. આ રીતે જ્યારે ભગવાન્ મોચક નિજ સ્વભાવને અનુસરીને સર્વ કોઈને પણ મુક્ત કરે છે તો પછી જે ભક્તો ભગવાને પોતે કહેલા ગીતાદિ વાક્યોને અનુસરી ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થાય છે, તેમને મુક્ત ન કરે તો કેમ જ સમ્ભવે?*

**वर्णाश्रमवतां धर्मे मुख्ये नष्टे छलेन तु।।**
**क्रियमाणे न धर्मः स्याद् अतः ततस्मात् न मोचनम्।।२२३।।**

किञ्च, यदा वेदादीनां कालवशाद् असाधकत्वं ज्ञातं तदा अयं मार्गो भगवता कथितः. तेन इदानीं न अन्यो मार्गः फलाय।।२२३।।

---

**શંકા :** ''ભગવાન્‌નો સ્વભાવ મુક્તિ આપવાનો છે તો પછી વેદાદિમાર્ગે પણ ભગવાન્ મુક્તિનું દાન કરશે! તો પછી ભક્તિમાર્ગે શો વિશેષ છે?'' આ શંકાનું સમાધાન કરે છે કે **વર્ણાશ્રમવતામ્.** *વર્ણાશ્રમવાળાઓના મુખ્ય ધર્મ નષ્ટ થયો છે. વળી વેદ ઈત્યાદિ ઉપાયો કાલવશાત્ ફલસાધન થતા નથી એમ જ્યારે જણાયું ત્યારે શ્રીભગવાને પોતે કૃપા કરીને આ ભાગવતમાર્ગ કહ્યો છે. તેથી હમણાં આ કલિકાલમાં ભગવન્માર્ગ વિના અન્ય કોઈ પણ માર્ગ ફલ પ્રાપ્ત કરવાનો નથી.*

યથાવિધિ ઉપનયન કરવામાં આવે તો બ્રાહ્મણ્યાદિ દેવતાનો સંસર્ગ દેહને વિષે થાય છે અને ત્યારે દેહને બ્રહ્મણ્યાદિરૂપતા પ્રાપ્ત થાય છે. યદ્યપિ શૈદ્રને શૈદ્રત્વરૂપ દેવતાના સંસર્ગને માટે ઉપનયનની અપેક્ષા નથી, તથાપિ બ્રાહ્મણપણું પોતાની વૃત્તિ અર્થાત્ ધંધા કે કાર્ય ઉપર આધાર રાખે છે એમ મહાભારતના આજગર પ્રકરણમાં કહ્યું છે. અર્થાત્ બ્રાહ્મણવર્ણની વૃત્તિથી જીવિકાથી બ્રાહ્મણને બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે. તે જ પ્રકારે સમાનન્યાયે શૈદ્રત્વ પણ શૈદ્રની વૃત્તિ અથવા શૈદ્રના ધંધા ઉપર આધાર રાખે છે એમ નિશ્ચય થાય છે. તેથી જે શૈદ્ર શૈદ્રની વૃત્તિ ન કરતો હોય તે અસચ્છૈદ્ર કહેવાય છે. આથી સર્વ વર્ણનું જ્ઞાન તે-તે વર્ણની વૃત્તિથી કે જીવનોપાયથી થઈ શકે છે. વૃત્તિથી વર્ણનો નિશ્ચય કરવામાં ન આવે અને જો પ્રત્યેક વર્ણ સ્વસ્વવૃત્તિનું યથાર્થ પાલન ન કરે તો વર્ણનો આભાસ થાય છે. તે જ પ્રકારે ભિન્ન-ભિન્ન આશ્રમમાં કહેલા આચાર પાળવામાં આવે તો જ મનુષ્યને તે-તે આશ્રમ સિદ્ધ થાય છે, નહિ તો આશ્રમનો આભાસમાત્ર થાય છે. **''ગૃહસ્થસ્ય ક્રિયાત્યાગો વ્રતત્યાગો બટોરપિ, તપસ્વિનો ગ્રામવાસો ભિક્ષોરિન્દ્રિયલૌલ્યતા, આશ્રમાપસદાહ્યેતે ખલ્વાશ્રમવિડમ્બકાઃ''** (ભાગ.પુરા.૭।૧૫।૩૮). ગૃહસ્થ ક્રિયાનો ત્યાગ કરે, બ્રહ્મચારી વ્રતનો ત્યાગ કરે, તપસ્વી ગ્રામમાં નિવાસ કરે અને ભિક્ષુક સંન્યાસી ઈન્દ્રિયની લોલુપતા રાખે તો આ સર્વે, ખરેખર, આશ્રમનો ઉપહાસ કરાવનારા છે''. આ વાક્યથી સિદ્ધ થાય છે કે તે-તે આશ્રમોક્ત આચારનું યથાયોગ્ય પાલન કરવામાં આવે તો જ તે-તે આશ્રમ સિદ્ધ થાય છે, નહિતો આશ્રમનો આભાસ થાય છે. તેથી વર્ણના તથા આશ્રમના યથોક્ત વૃત્ત્યાદિ તથા આચાર પાળવામાં આવે તો જ વર્ણાશ્રમ સિદ્ધ થાય છે. પરન્તુ આધુનિક સમયમાં જીવોને વર્ણાશ્રમોક્ત ધર્મોનું પાલન અશક્ય થઈ પડ્યું છે. આ પકારે વૈદિક ધર્મનો અંગભૈત અધિકાર નષ્ટ થયો છે. તેથી યથાર્થ વૈદિક ધર્માદિનું પાલન કોઈ કરી શકતું નથી. આ રીતે આધુનિક સમયમાં જે વૈદિક ધર્મ-કર્મ કરવામાં આવે છે તે મુખ્ય ધર્મ નથી, પરન્તુ નામનો ધર્મ છે. પરન્તુ નામમાત્ર ધર્મ કરવો તે 'છલ' કહેવાય છે. 'શબ્દભૃચ્છલઃ' અર્થાત્ ''કેવળ શબ્દનું ધારણ કરવું'' કે ''કેવળ નામનું ધારણ કરવું'' એને 'છલ' કહેવાય છે. આમ હાલમાં થતા નામમાત્રના કર્મથી અપૈર્વ ઉત્પન્ન

एवं मार्गस्य उत्तमत्वं प्रतिपाद्य सात्विकान् उपदिशति **बुद्धिमान्** इति.

થતું નથી અને તેથી મુક્તિ પણ થતી નથી. આ રીતે વેદાદિ પણ કલિકાલને વશ થઈ ફલ સિદ્ધ કરવામાં સાધન થશે નહિ એમ જ્યારે શ્રીભગવાને જોયું ત્યારે શ્રીભગવાને પોતે આ ભક્તિમાર્ગનું કથન કર્યું છે. આ પ્રકારે આધુનિક સમયમાં અન્ય વૈદિકાદિધર્મમાર્ગે મુક્તિરૂપ ફલ થતું ન હોવાથી તથા આ ભક્તિમાર્ગ જ સુગમ અને ફલસાધક હોવાથી આ ભગવન્માર્ગ-ભાગવતમાર્ગ ઉત્કૃષ્ટ છે એમ સિદ્ધ થાય છે. (૨૨૧)

**શંકા :** ''હમણાં અન્ય(ભાગવતાદિ) માર્ગનો ઉત્કર્ષ ભલે હોય, પરન્તુ સર્વદા નહિ. આમ સ્વીકારો તો કદાચિત્ યથોક્તરીતિએ ધર્મસમ્પત્તિ થયે હમણાં પણ વેદમાર્ગથી ફલસિદ્ધિ થશે'' આ પ્રકારે શઙ્કા થાય તો તેનું સમાધાન આ પ્રકારે છેઃ **''ગહના કર્મણો ગતિઃ''** (ભગ.ગીતા ૪।૧૭) ''કર્મની ગતિ ગહન છે''. **''શિલોઞ્છવૃત્ત્યા પરિતુષ્ટચિત્તઃ''** (ભાગ.પુરા. ૧૧।૧૭।૪૩) ''શિલોઞ્છવૃત્તિથી જેનું ચિત્ત પરિતુષ્ટ થયું છે''. **''ક્લેશોઽધિકતરસ્તેષામ્''** (ભગ.ગીતા ૧૨।૫) ''તે અવ્યક્તમાં આસક્ત ચિત્તવાળાઓને અધિકતર ક્લેશ થાય છે''. ઈત્યાદિ વાકયથી વૈદિકમાર્ગ સર્વદા દુઃખસાધ્ય છે. પરન્તુ આ ભક્તિમાર્ગ તેવો નથી. તેથી ભક્તિમાર્ગના ઉત્કર્ષને કદાપિ હાનિ થતી નથી. વર્ણાશ્રમવાળાઓનો મુખ્ય ધર્મ હાલ કલિકાલમાં નષ્ટ થયો છે. દેશ, કાલ, દ્રવ્ય, કર્મ, કર્ત્તા, તથા મન્ત્ર આ ૬ જો શુદ્ધ હોય તો જ વૈદિકધર્મ પાળી શકાય છે. વેદમાર્ગના ધર્મોનું જો યથાયોગ્ય પાલન થાય નહિ તો અથવા જો છલથી એમનું આચરણ કરવામાં આવે તો વૈદિક માર્ગનું ફલ થતું નથી એટલું જ નહિ પરન્તુ વૈદિકમાર્ગનું સેવન પણ દુઃખથી કરી શકાય છે. વૈદિકમાર્ગનું આચરણ સાંગોપાંગ થાય તો જ વેદોક્ત ફલ પ્રાપ્ત થાય છે. પરન્તુ જો એમાં કંઈ પણ વ્યંગતા આવે તો ફલ થતું નથી. આ પ્રકારે 'શબ્દભૃચ્છલ' ન્યાયે (આ કલિકાલમાં) વેદમાર્ગે જે ધર્માચરણ થાય છે તે યથાયોગ્ય સર્વાંશે થતું ન હોવાથી છલરૂપ છે અને જો થાય છે તો દુઃખથી થાય છે. તેમજ હવે વેદમાર્ગે ફલ પણ આ કલિકાલમાં મળે કે કેમ તે કહી શકાતું નથી. તેથી એવા વેદધર્મમાર્ગનો ત્યાગ કરી બુદ્ધિમાન્ પુરુષે આ કલિકાલમાં નિશ્ચિત ફલવાળા, સુકર તથા સર્વોત્કૃષ્ટ એવા ધર્મિમાર્ગમાં-ભગવન્માર્ગમાં સારી રીતે પ્રવેશ કરવો યોગ્ય છે એમ શ્રીમદાચાર્યચરણ ઉપદેશ કરે છે.

આ આશયથી *હવે પોતે સાત્ત્વિક અધિકારીઓને ઉપદેશ કરે છે કે* ***બુદ્ધિમાન્*** *ઈતિ.* ''ભગવન્માર્ગમાં પ્રથમ ક્યા અધિકારની અપેક્ષા છે?'' આ આકાંક્ષાનું સમાધાન કરે છે કે ''પ્રથમ તો ભગવન્માર્ગમાં પ્રવેશ કરનારો'' અધિકારી *બુદ્ધિમાન્ હોવો જોઈએ.

* **''બુદ્ધિશ્ચ આયુશ્ચ દોષાણામ્ અભાવઃ કારણં યતઃ, યસ્ય ન એતે ભવિષ્યન્તિ તસ્ય નાસ્ત્યધિકારિતા''** (ભાગ.પુરા.૨।૧।૪ સુબોધિની કારિકા). ''બુદ્ધિ, આયુષ્ય તથા દોષનો અભાવ આ ત્રણ ભગવન્માર્ગે સ્થિતિર્ગ થવામાં મુખ્ય કારણ છે. આ ત્રણે જેને નથી તેનો ભગવન્માર્ગમાં અધિકાર નથી''. ભગવન્માર્ગના અધિકારીએ ગૃહમાં બુદ્ધિની એકનિષ્ઠા ન થવા દેતાં આત્મતત્ત્વમાં ભગવતત્ત્વમાં બુદ્ધિની એકનિષ્ઠા થવા દેવી. પુરુષાર્થ સિદ્ધ થવા માટે સાધન થયેલું એવું આયુષ્ય તો તરુણાવસ્થા જ છે. તે અમૈલ્ય તારુણ્યનો વ્યય પણ વ્યવાય- પ્રજનેન્દ્રિયનો વિષય જે મૈથુન સુખ છે તે મૈથુનસુખની લોલુપતા -માં તથા

**बुद्धिमानादरं तस्मिन् छले साध्येऽपि दुःखतः।।**
**त्यक्त्वा मार्गे ध्रुवफले भक्तिमार्गे समाविशेत्।।२२४।।**

परमादरो बहुषु न सम्भवति. अतएव एकस्मिन् कर्तव्यः. तत्र वेदमार्गापेक्षयाऽपि भक्तिमार्गस्य उत्तमत्वप्रतिपादनात्, साम्प्रतम् अन्यस्य अभावात्, आदरेण भक्तिमार्गे प्रविशेत्. मार्गे प्रवेशमात्रेणैव कृतार्थत्वात्।।२२४।।

---

*પરમ આદર બહુ(માર્ગે) ને વિષે સમ્ભવતો નથી, તેથી એક(ભગવન્માર્ગ) ને વિષે જ પરમ આદર કર્તવ્ય છે. કારણ કે વેદમાર્ગ કરતાં પણ ભક્તિમાર્ગ સુકર તથા નિઃસંશય ફલદાન કરતો હોઈને ઉત્તમ છે એમ પ્રતિપાદિત કર્યું છે. વળી સામ્પ્રત સમયમાં એની તુલના કરે એવો અન્ય કોઈ પણ ઉત્તમ માર્ગ નથી તેથી પણ એક ભગવન્માર્ગને વિષે જ પરમ આદર કર્તવ્ય છે. ભક્તિમાર્ગે જ આદરસહિત પ્રવેશ કર્ત્તવ્ય છે કારણ કે ભક્તિમાર્ગને વિષે કેવલ પ્રવેશમાત્ર કરવાથી જ કૃતાર્થ થવાય છે.* **''અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્, સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ''** (ભગ.ગીતા ૯।૩૦) આ શ્રીમદ્ભગવદ્ગીતામાં ભગવાન્ પોતે કહે છે કે ''સદુરાચારી જીવ પણ જો મને અનન્યતાથી ભજે તો તેને સાધુ જાણવો, કારણ કે તેનો વ્યવસાય સુયોગ્ય છે''. તેથી ભગવાનની અનન્યભક્તિ કરાવે એવા ભક્તિમાર્ગમાં બુદ્ધિમાન્ સાત્ત્વિક પુરુષે સર્વથા આદરપૈર્વક સ્થિતિ કરવી.

ભક્તિમાર્ગમાં દેશકાલાદિ ષટ્પ્રકારની શુદ્ધિની અપેક્ષા નથી. એનું સાધન પણ જે પ્રેમ છે તે પણ વૈદિકમાર્ગના સાધનવત્ ક્લેશદાયક નથી. અર્થાત્ એ ભગવાન્નો ભાગવત માર્ગ

---

તેના સાધનમાં નિરર્થક જાય છે. એમ અમૈલ્ય તરુણવય ભગત્સત્સંગ સાધ્યા વિના નિરર્થક ગયું તો પછી વૃદ્ધ થઈને શું સાધી શકાય? આમ અમૈલ્ય આયુષ્યના દુર્વ્યયથી પુરુષાર્થમાંથી ભ્રષ્ટ થવાય છે. આયુષ્યનો અર્ધ ભાગ રાત્રિની નિદ્રા હરી લે છે, બીજો અર્ધભાગ-દિવસનો આયુષ્યભાગ અર્થ-દ્રવ્ય પ્રાપ્ત કરવાની ચેષ્ટાઓમાં તથા કુટુમ્બના ભરણ-પોષણમાં ચાલ્યો જાય છે. તેથી ગૃહસ્થીઓને સત્સંગ પ્રાપ્ત કરવાનો સમય જ નથી. એમ વિચાર કરીને ભગવન્માર્ગના બુદ્ધિમાન્ અધિકારીએ જે દેહ-પુત્ર તથા ભર્યાદિ આત્મઘાતક છે તેમની ચિન્તા ન કરતાં સર્વાત્મા ભગવાન્ હરિની કથાનું શ્રવણ, કીર્તન તથા સ્મરણ કરવામાં પોતાના અમૈલ્ય આયુષ્યનો વિનિયોગ કરવો''. આ પ્રકારે (૨।૧।૨-૫)નાં શ્રીસુબોધિનીજીમાં ભગવાન્માર્ગના અધિકારીનાં વિશેષણ કહ્યાં છે તેમાં શ્રીમદાચાર્યચરણે 'સદ્બુદ્ધિ' પણ અધિકારીનું એક આવશ્યક વિશેષણ છે એમ ઉપદેશ કર્યો છે. વળી, **''કર્મણિ અકર્મ યઃ પશ્યેદ્ અકર્મણિ ચ કર્મ યઃ, સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્''** (ભગ.ગીતા ૪।૧૮) ભગવદ્ગીતાના આ શ્લોકમાં ભગવાને બુદ્ધિમાન્ પુરુષનું લક્ષણ આપ્યું છે. અત્ર 'અમૃતતરંગિણી' ટીકાકાર વિવેચન કરે છે કે ''જે કર્મ ભગવત્સમ્બન્ધરહિત હોય અર્થાત્ જે કર્મની ભગવાને આજ્ઞા કરી ન હોય એવું કર્મ ભલે કર્તવ્ય હોય છતાં પણ એવા ભગવત્સમ્બન્ધવિનાના કર્મમાં જે પુરુષ અકર્મની દષ્ટિ રાખે છે અને ભગવાદાજ્ઞાબલે વા ભગવત્સમ્બન્ધને લીધે જે અકર્મમાં પણ કર્મની દષ્ટિ રાખે છે તે પુરુષ જ (ભગવન્મત પ્રમાણે) બુદ્ધિમાન્ છે અને તે જ કૃત્સ્નકર્મ કરનારો યોગી છે''. જેમકે ભગવદાજ્ઞાને અધીન થઈ અર્જુને અવધ્ય છતાં ભગવાન્થી બહિર્મુખ એવા પોતીકા દ્રોણાદિ ગુરુજનોનો પણ વધ કર્યો.

ननु एवं पाषण्डानामपि वचनानि भवन्ति इति आशंक्य आह **विरुद्धकरणं नास्ति** इति.

**विरुद्धकरणं नास्ति प्रक्रिया न विरुध्यते।।**
**कल्पितैरेव बाधः स्याद् अवोचाम प्रमाणताम्।।२२५।।**

न अत्र श्रुति-स्मृतिविरुद्धाचारो, नापि प्रमेयं वेदविरुद्धम्. अतो न अत्र विरुद्धसम्भावनापि. ननु पराश्रया मुक्तिः मायावादादिभिः निराकृतेति कथं न प्रमेयविरोधः? तत्र आह **कल्पितैरेव बाधःस्याद्** इति. ते हि स्वमात्रं फलत्वेन कल्पयन्ति तत्तु

સુકર છે એમ પૈર્વે કહેવામાં આવ્યું છે. શ્રીમદ્ભાગવતના શ્રવણથી એ ભક્તિભાવ એવો તો ઉત્તરોત્તર વૃદ્ધિગત થાય છે કે તેથી ભગવાન્ કૃષ્ણ પોતે જ ફલરૂપે પ્રકટ થઈ ઉત્તમોત્તમ રસનું દાન કરે છે એમ ફલતઃ પણ એ માર્ગની ઉત્તમતા અગ્રે સારી રીતે પ્રતિપાદિત થશે. (૨૨૨)

**શંકાઃ** *"ભક્તિમાર્ગ ઉત્તમ છે એમ તમે કહો છો. પરન્તુ સર્વે પાખંડી લોકો પણ પોતપોતાના માર્ગની ઉત્તમતા દર્શાવે છે અને લોકોને પોતાના માર્ગમાં પ્રવેશ કરવાનું કહે છે! તેમ આ પણ પાખંડમાર્ગ કેમ ન હોય?"* આ શંકા દૈર કરવા શ્રીમદાચાર્યચરણ કહે છેઃ

**વિરુદ્ધકરણં નાસ્તિ પ્રક્રિયા ન વિરુદ્ધ્યતે।**
**કલ્પિતૈરેવ બાધઃ સ્યાદ્ અવોચામ પ્રમાણતામ્।।૨૨૫।।**

**શબ્દાર્થઃ** ભક્તિમાર્ગમાં વિરુદ્ધ આચરણ નથી. પ્રક્રિયા(પરિપાટી) પણ વિરુદ્ધ નથી. કલ્પિત(વાક્યાભાસ) થી જ બાધ(બુદ્ધિ) થાય છે. (ભક્તિમાર્ગની) પ્રમાણતા અમે કહી છે.

**વિવેચનઃ** આ ભક્તિમાર્ગ પાખંડમાર્ગ નથી, કારણ કે *આ ભગવન્માર્ગમાં શ્રુતિ-સ્મૃતિથી વિરુદ્ધ કોઈ પણ આચાર નથી. તેમજ પ્રક્રિયા-પરિપાટી પણ તેવી વિરુદ્ધ નથી. વળી, આ માર્ગનું પ્રમેય પણ વેદવિરુદ્ધ નથી. એ રીતે આ ભગવન્માર્ગ વેદથી વિરુદ્ધ હોય વા પાખંડી હોય એવી સમ્ભાવના પણ થઈ શકતી નથી.*

**શંકાઃ** *"તમે સિદ્ધાન્તી જે *પરાશ્રયા મુક્તિ સ્વીકારો છો તેનું માયાવાદી તેમજ અન્ય વાદીઓએ નિરાકરણ કર્યું છે, તો પછી પ્રમેય અર્થાત્ પ્રમાણથી સિદ્ધ કરવાની વસ્તુને વિષે કંઈ પણ વિરોધ નથી એમ કેમ કહી શકાય?"*

આ શંકાનો નિરાસ કરવા શ્રીમદાચાર્યચરણ કહે છે કે ***કલ્પિતૈરેવ બાધઃ સ્યાદ્***

* મુક્તિ દ્વિવિધ છે ૧.સ્વાશ્રયા અને ૨.પરાશ્રયા. ૧.માયાવાદીના મત પ્રમાણે મુક્તિ સ્વાશ્રયા છે. જીવ પોતે જ બ્રહ્મ છે. એટલે મુક્તિ સ્વને અધીન છે. મુક્તિમાં જીવ પોતે બ્રહ્મ છે એવી અનુભૈંતિ જીવે કરવાની છે. આ મતમાં મુક્તિ પ્રાપ્તવ્ય વસ્તુ નથી, પરન્તુ દુઃખાભાવરૂપ છે. ૨.ભક્તિમાર્ગે મુક્તિ પરાશ્રયા છે, 'પર' ભગવાન્‌ની વરણેચ્છાને આધીન છે. આ મોક્ષમાં દુઃખની નિવૃત્તિ ઉપરાન્ત અલૌકિક નિરવધિ પરમાનન્દની પ્રાપ્તિ થાય છે. આ પરાશ્રય મુક્તિ પણ ફલરૂપ છે અને ભગવાન્ તેનું દાન કરે છે. માયાવાદીની સ્વાશ્રયા મુક્તિ પ્રાપ્તવ્ય દાન નથી, પરન્તુ કેવલ સ્વાનુભવૈકગમ્ય છે.

*ઈતિ.* વસ્તુતઃ મુક્તિ સ્વાશ્રયા નથી, પરન્તુ મુક્તિ જીવથી પર એવા પરબ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમને અધીન હોવાથી પરાશ્રયા જ છે. આ સિદ્ધાન્ત બાધિત છે એવી બુદ્ધિ કલ્પિતવાક્યભાસથી જ થાય છે. જીવ ફલરૂપ નથી. જીવપ્રાપ્તિ ફલ નથી. કારણ કે જીવ તો અંશ છે કે પ્રાદેશમાત્ર છે; અને બ્રહ્મ તો જીવથી અધિક છે. **''અધિકન્તુ ભેદનિર્દેશાત્''** (બ્રહ્મસૈં.૨।૩।૨૨) પરબ્રહ્મ તો જીવાત્માથી અધિક છે કારણ કે ભેદનિર્દેશ છે'' ઈત્યાદિ બ્રહ્મસૈંત્રથી બ્રહ્મ તથા જીવનો ભેદ સિદ્ધ થાય છે. આથી પ્રત્યેક જીવને માટે પરપ્રાપ્તિ-પુરુષોત્તમની પ્રાપ્તિ મૃગ્ય જ છે, હરિકૃપાથી મેળવવાની જ છે, સ્વાધીન નથી. આથી યાવદ્દુઃખની નિવૃત્તિ થાય એટલું જ માત્ર ફલ છે, એમ કહી શકાતું નથી. વળી વાદીએ કહેલા વાક્યમાં જીવલિંગ દર્શાવ્યું નથી તેથી જીવનું ફલત્વ સિદ્ધ થતું નથી.

*માયાવાદી જે આ સ્વાશ્રયામુક્તિને સ્વકીરે છે તે વેદવાક્યથી વિરુદ્ધ છે અને કપોલકલ્પિત છે.* **''આત્મલાભાત્ ન પરં વિદ્યતે'', ''તરતિ શોકમ્ આત્માવિત્''** (છાન્દો. ઉપ.૭।૧।૩). અર્થાત્ ''આત્મલાભ કરતાં પરમ (ફલ) નથી. આત્મજ્ઞાની શોકને તરી જાય છે'' ઈત્યાદિ વાક્યો ફલસમ્બન્ધિ છે તેથી એ ફલવાક્યમાં રહેલા 'આત્મ' પદનો અર્થ 'પરબ્રહ્મ-ભગવાન્' થાય છે એમ સ્વીકારવું જોઈએ. એટલે ''ભગવત્પ્રાપ્તિ કરતાં બીજું કોઈ પણ અધિક પરમફલ નથી'', ''આત્મા એવા ભગવાન્નું જ્ઞાન જેને થયું છે તે શોકને તરી જાય છે'' એમ યોગ્ય અર્થ ન કરતાં, *તે વાદીઓ સ્વમાત્રને અર્થાત્ કેવલ શારીર આત્માને જ ફલ તરીકે કલ્પે છે.* વાદીનું મન્તવ્ય આ પ્રકારે છે :

> **''આત્માનં ચેદ્ વિજાનીયાદ્ અયમસ્મીતિ પૂરુષઃ, કિમિચ્છન્ કસ્ય વા હેતોઃ શરીરમ્ અનુસઞ્જ્વરેત્''** (બૃહદા.ઉપ.૪।૪।૧૨) ''આત્માને 'હું આ પુરુષ છું' એમ વિશેષે કરીને જાણે તો પછી શું ઈચ્છીને અથવા ક્યા હેતુથી શરીરનો પશ્ચાત્તાપ કરે?'' આ શ્રુતિવાક્યથી સિદ્ધ થાય છે કે વિવિક્ત આત્મજ્ઞાનથી પણ યાવન્માત્ર દુઃખની નિવૃત્તિ થાય છે તો પછી સ્વનું ફલત્વ કેમ નહિ?''

*પરન્તુ વાદીનું આ મત અપ્રમાણિક છે, કારણ કે 'આત્મ' શબ્દ ભગવદ્વાચક છે* અર્થાત્ ભગવદર્થનું કથન કરે છે. શ્રુતિ કહે છે કે **''સર્વે વેદા યત્ પદમ્ આમનન્તિ''** (કઠોપ. ૨।૧૫) સર્વે વેદો તે પરબ્રહ્મ-પરમાત્માનું જ નિરૂપણ કરે છે''. તેથી *વેદાન્તોનું તાત્પર્ય પણ જીવનું નિરૂપણ કરવામાં નથી.* અને તેથી જ સૈંત્રકાર બાદરાયણ પણ બ્રહ્મજિજ્ઞાસાની-બ્રહ્મવિચારની જ પ્રતિજ્ઞા કરે છે, જીવજિજ્ઞાસા-શારીરજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરતા નથી''. વળી **''અનુપપત્તેસ્તુ ન શારીરઃ''** (બ્રહ્મસૈં.૧।૨।૩) શારીર-જીવાત્મા પરબ્રહ્મ નથી'' એવું સૈંત્ર પણ સૈંત્રકાર યોજત નહિ. અતઃ મૈત્રેયીબ્રાહ્મણમાં પણ ઉપસંહારનું પ્રાબલ્ય (શ્રુત્યાદિ

फलरूपत्वम्, अतः परमानन्दो अधिको भवतीति न कदापि मुक्तिः स्वाधीना. अतः तत्र स्नेहएव तत्प्राप्तिहेतुः. अतो युक्त्यापि भगवन्मार्गस्य प्रामाण्यं साधितम् इति अर्थः।।२२५।।

**सर्वथा चेद् हरिकृपा न भविष्यति यस्य हि ।।**
**तस्य सर्वम् अशक्यं स्यान् मार्गेऽस्मिन् सुतरामपि।।**
**कृपायुक्तस्य तु यथा सिध्येत् कारणमुच्यते।।२२६।।**

परम् अत्र न सर्वेषां फलमुखाधिकारः किन्तु येषु भगवत्कृपा, कृपापरिज्ञानं च

---

વાક્યનો અર્થ નિશ્ચિત કરવા માટે વાક્યનો ઉપસંહાર પણ પ્રબલ છે એવો નિયમ મીમાંસકો સ્વીકારે છે.) નિશ્ચિત કરીએ તો પણ 'આત્મા' શબ્દ પરમાત્મા-ભગવાન્ પરત્વે યોજાયેલો છે એમ સમજી, ''મુક્તિ પરમાત્મા-ભગવાન્‌ને આધીન છે'', અર્થાત્ ''મુક્તિ પરાશ્રયા છે'' એવો સિદ્ધાન્ત જ સ્વીકારવો. *આ પ્રકારે શારીરજીવાત્માથી અધિક એવા આનન્દમય પરબ્રહ્મની પ્રાપ્તિ થાય એ જ ફલ છે એમ સિદ્ધ થાય છે. પરબ્રહ્મ પરમાત્મારૂપ ભગવાન્ કૃષ્ણની પ્રાપ્તિ થવામાં ભગવતસ્નેહ જ હેતુ-કારણરૂપ છે. એ પ્રમાણે મુક્તિથી પણ આ ભગવન્માર્ગનું પ્રામાણ્ય સિદ્ધ થાય છે.*(૨૨૩)

**શંકાઃ** ''ભક્તિમાર્ગ એવો ઉત્તમ પ્રમાણસિદ્ધ છે તો સર્વે પ્રેક્ષાવન્ત (નિરીક્ષણ કરનારા લોકો) જીવોની પ્રવૃત્તિ એ માર્ગમાં કેમ થતી નથી?'' એવી આકાંક્ષા થાય તો ભક્તિમાર્ગના અધિકારીઓ દોષરહિત હોવા જોઈએ એવું અધિકારીનું વિશેષણ ધ્યાનમાં રાખીને શ્રીમદાચાર્યચરણ તત્સાધન સૈંચવતાં સમાધાન કહે છેઃ

**સર્વથા ચેદ્ હરિકૃપા ન ભવિષ્યતિ યસ્ય હિ ।**
**તસ્ય સર્વમ્ અશક્યં સ્યાત્ માર્ગેઽસ્મિન્ સુતરામપિ ।।**
**કૃપાયુક્તસ્ય તુ યથા સિદ્ધયેત્ કારણમ્ ઉચ્યતે ।।૨૨૬।।**

**શબ્દાર્થઃ** જે જીવના ઉપર સર્વથા હરિની કૃપા થાય નહિ તેના માટે તો ખરેખર આ માર્ગમાં વિશેષે કરીને બધું જ અશક્ય છે. પરન્તુ જે જીવ ઉપર ભગવત્કૃપા થઈ છે તેવા કૃપાયુક્ત જીવનું જે પ્રકારે સર્વ સિદ્ધ થાય તેનું કારણ અમે અત્ર કહીએ છીએ.(૨૨૪)

**વિવેચનઃ** *અહીં બધાનો ફલમુખ અધિકાર નથી પરન્તુ જે જીવો ઉપર ભગવાન્‌ની કૃપા થાય છે તેમની જ આ માર્ગમાં પ્રવૃત્તિ થાય છે.* સર્વે જીવોનો આ માર્ગમાં ભગવત્કૃપા વિના ફલદાન કરાવે એવો મુખ્ય અધિકાર હોતો નથી. જે જીવ ઉપર ભગવાન્‌ની કૃપા થાય છે તેને જ ભક્તિના મુખ્ય ફલનું દાન થાય છે. પાપનાશ થવા રૂપી મુકિત તો દેવ, અસુર, માનુષ ઈત્યાદિ સર્વ કોઈ જીવને ભક્તિ કરવાથી પ્રાપ્ત થાય છે.

ભગવત્કૃપા ભગવદધીન છે અને અવ્યક્ત છે, અપ્રકટ છે. તે પણ ભક્તિમાર્ગમાં અમુક જીવની રુચિ છે કે નહિ તેના ઉપરથી આ ભગવન્માર્ગના અધિકારનો નિશ્ચય થઈ શકે છે.

मार्गरुच्या निश्चीयते।।२२६।।

तत्र आदितः साधनानि आह **कृष्णसेवापरम्** इति.

**कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्।।**
**श्रीभागवत–तत्त्वज्ञं भजेद् जिज्ञासुरादरात्।।२२७।।**

---

*ભગવત્કૃપાનું પરિજ્ઞાન માર્ગની રુચિ ઉપરથી થઈ શકે છે* અને ભક્તિમાર્ગમાં રુચિ છે કે નહિ તેનું પરિજ્ઞાન ભક્તિમાર્ગીય વેષથી, વચનથી, તથા આચારથી થઈ શકે છે.

ભક્તિમાર્ગમાં રુચિ રાખનારો જીવ સદા તિલક, કંઠી, છાપા ઈત્યાદિ ભક્તનો વેષ ધારણ કરે છે. ભગવાન્‌ને વિષે દૃઢ વિશ્વાસ રાખવાનાં વચનો ઉચ્ચાર્યા કરે છે, એકાન્તમાં કે બધા સામે પણ ભગવન્નામનો નિર્ભયતાથી જાપ કર્યા કરે છે; અને ભક્તિમાર્ગીય આચાર અનુસાર પોતાનું વર્તન રાખે છે. (૨૨૪)

**શંકાઃ** ''જો આ પ્રકારે ભગવત્કૃપાથી જ ફલસિદ્ધિ થાય તો પછી સાધનની વ્યર્થતા છે!''. આ આકાંક્ષાનું સમાધાન એ છે કે સાધન પણ ભગવત્કૃપાદ્વારા જ પ્રાપ્ય છે. કૃપા એ ભગવાન્‌ના 'અનુગ્રહ' નામના ધર્માન્તરનું રૂપ છે. ભગવાન્‌નો અનુગ્રહ થાય એ જ ભક્તિનું કારણ છે એમ 'ભક્તિહેતુનિર્ણય' નામના ગ્રન્થમાં શ્રીપ્રભુચરણે વિવેચન કર્યું છે. ભગવાન્‌ના અનુગ્રહબલે ભક્તિસિદ્ધ થાય તો પણ તદવસ્થારૂપ પ્રેમ સાધનસાપેક્ષ હોવાથી તે પ્રેમ જે પ્રકારે સિદ્ધ થાય તે પ્રકારના સાધન કહે છે.

*આ રીતે જે જીવ ઉપર ભગવત્કૃપાનું અનુમાન થઈ શકે છે તેણે આદિથી ભક્તિમાર્ગમાં શું-શું સાધનો કરવા તે હવે કહે છેઃ*

**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ ।**
**શ્રીભાગવતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્ ।।૨૨૭।।**

**શબ્દાર્થઃ** (ફલપ્રેપ્સુ) જિજ્ઞાસુ જીવે ભગવાન્ શ્રીકૃષ્ણની સેવામાં તત્પર હોય એવા, દમ્ભ કામ લોભ ઈત્યાદિ દોષથી રહિત હોય એવા તથા શ્રીમદ્ભાગવતના તત્ત્વનું જેણે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય એવા પુરુષની સારી સમીક્ષા કરીને તેનું આદરપૈર્વક ભજન કરવું. (અર્થાત્ આદરપૈર્વક તેમના કહેલા પ્રકારે ભાગવત્સેવા કરવી.) (૨૨૫)

**વિવેચનઃ** સાધનમાં પ્રથમ ગુરુજોઈએ. **''અજિજ્ઞાસિતમદ્ધર્મો ગુરું મુનિમ્ ઉપાવ્રજેત્''** (ભાગ.પુરા.૧૧।૧૮।૩૮।૨) મારા ધર્મનો જેણે વિચાર કર્યો નથી તેણે મનનશીલ ગુરુસમીપ જવું'' એવુ એકાદશસ્કન્ધમાં ભગવદ્વાક્ય છે. તેમજ એકાદશસ્કન્ધના 'પ્રબુદ્ધ' નામના યોગેશ્વરના શ્રીસુબોધિનીજીમાં કહ્યું છેઃ **''નિરાલમ્બો યથા લોકે સ્થાનભ્રષ્ટો નિગદ્યતે,** હરેઃ

यो हि गुरुः सेवाम् उपदेक्ष्यति स स्वयं चेत् ताम् उत्तमां जानीयात् तदा कथं न स्वयं कुर्याद् इति सेवापरएव गुरुः. तत्रापि निमित्तानि वारयति **दम्भादिरहितम्** इति. सेवा च प्रमाणमूलैव पुरुषार्थपर्यवसायिनी. अन्यथा मनसि अन्यद् विधाय अन्यथाकरणे न फलसिद्धिः इति अभिप्रायेण आह **श्रीभागवततत्वज्ञम्** इति.

---

**કૃપાવિશિષ્ટોઽપિ ગુરુહીનઃ તથૈવ ચ, યથા ભક્તિઃ સ્વતન્ત્રોક્તા ગુરુસેવાપિ તાદૃશી''**. ''જેમ લોકમાં આશ્રયરહિત (પુરુષ) સ્થાનભ્રષ્ટ થાય છે, તેમ હરિની કૃપાવાળો પુરુષ પણ જો ગુરુરહિત હોય તો તે પણ સ્થાનભ્રષ્ટ થાય છે. જેમ ભક્તિ સ્વતન્ત્ર કહેવામાં આવી છે, તેમ ગુરુસેવા પણ તેવી જ છે'' આ રીતે (ભગવન્માર્ગમાં) ગુરુની આવશ્યકતા પ્રતિપાદિત કરી છે. અત્ર *કારિકામાં શ્રીમદાચાર્યચરણ ગુરુનાં લક્ષણ આપતા કહે છે કે ***કૃષ્ણસેવાપરમિતિ*** *૧.પ્રથમ તો ગુરુભગવાન્ કૃષ્ણની સેવામાં જ પરાયણ હોવા જોઈએ. જો પોતે ભગવત્સેવા કરવાનો ઉપદેશ કરતા હોય છતાં પોતેજ જો ભગવત્સેવા કરી બતાવતા ન હોય તો તે ગુરુભગવત્સેવાને ઉત્તમ માને છે એમ કહી શકાતું નથી.* વળી ભગવત્સેવા કરવાથી હૃદયમાં ભગવાન્‌નો પ્રવેશ થાય ત્યારે ભક્તિમાર્ગીય સાધનમાં નિષ્ઠા વધે છે. તેથી શિષ્યને અર્થાત્ શરણાગત જીવને કૃષ્ણસેવા કરવામાં રુચિ થવાને અર્થે ઉપદેષ્ટા ગુરુનું પ્રથમ લક્ષણ એ છે કે તે ગુરુપોતે ભગવાન્ શ્રીકૃષ્ણની સેવામાં જ પરાયણ હોવા જોઈએ. *વળી, ૨.ગુરુજો શ્રીકૃષ્ણસેવા પણ અમુક નિમિત્તથી કરતા હોય તો શ્રીમદાચાર્યચરણ તેનું નિવારણ કરવા કારિકામાં ગુરુનું બીજું લક્ષણ કહે છે કે **દમ્ભાદિરહિતમિતિ**. ગુરુપોતે દમ્ભાદિ દોષથી રહિત હોવા જોઈએ.* દમ્ભદિમાં 'આદિ' પદે કામ, લોભ, પૈંજા ઇત્યાદિ દોષો ગણાય છે. અર્થાત્ ગુરુપોતે દમ્ભ, કામ, લોભ, પૈંજા ઇત્યાદિ કપટદોષથી રહિત હોવા જોઈએ. *૩.ભગવત્સેવા પણ જો સર્વ પ્રમાણનું સારરૂપ જે શ્રીમદ્ભાગવતશાસ્ત્ર છે તેને અનુસરીને પ્રમાણમૂલા થઈ હોય તો જ તે ભગવત્સેવા પુરુષાર્થ સિદ્ધ કરે છે. જો એમ ન હોય તો મનમાં વિચાર કરે કંઈ અને કરે કંઈ બીજું જ આમ મનમાં અન્યથા વિચારીને અન્યથા-પ્રમાણવિરુદ્ધ ભગવત્સેવા કરવામાં આવે તો તેથી ફલસિદ્ધ થતું નથી. આ અભિપ્રાયથી શ્રીમદાચાર્યચરણ કારિકામાં ગુરુનું તૃતીય લક્ષણ કહે છે કે **શ્રીભાગવતત્ત્વજ્ઞમિતિ**.* અર્થાત્ ગુરુ શ્રીમદ્ભાગવત શાસ્ત્રના તત્ત્વમાં નિષ્ણાત હોવા જોઈએ.

(૧।૩।૪૩) શ્રીમદ્ભાગવતનું વાક્ય છે કે ''સર્વે વેદોનો સાર તથા ઇતિહાસોનો સાર જેમાં સમૃદ્ધત કર્યો છે એવું શ્રીમદ્ભાગવતમાં શ્રીશુકે મહારાજ પરીક્ષિતને શ્રવણ કરાવ્યું''. આ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર સર્વ વેદોનો સાર હોવાથી ત્રૈવર્ણિકનો ઉદ્ધાર કરે છે, તેમ જ સર્વ ઇતિહાસોનો સાર હોવાથી સ્ત્રીશૈંદ્રાદિનો પણ ઉદ્ધાર કરે છે. એમ શ્રીમદ્ભાગવત શાસ્ત્ર સર્વનો ઉદ્ધાર કરનારું મુક્તિશાસ્ત્ર

---

* અત્ર ૧.કૃષ્ણસેવા પરાયણ, ૨.દમ્ભાદિરહિત તથા ૩.શ્રીભાગવતતત્ત્વજ્ઞ એમ ત્રણ લક્ષણ ગુરુનાં શ્રીમદાચાર્યજીએ કહ્યાં છે. આ લક્ષણ શ્રીમદ્ભાગવતના ૧૧।૩।૨૧ શ્લોકમાં સિદ્ધ થાય છે. **''તસ્માદ્ ગુરું પ્રપદ્યેત જિજ્ઞાસુઃ શ્રેય ઉત્તમં, શાબ્દે પરે ચ નિષ્ણાતં બ્રહ્મણિ ઉપશમાશ્રયમ્''**.

**जिज्ञासुः** नतु कौतुकाद्याविष्टः. भजनं सर्वभावेन तदा तदुक्तप्रकारेण भगवत्सेवा कर्तव्या।।२२७।।

---

છે. આમ શ્રીમદ્ભાગવતશાસ્ત્ર સર્વે પ્રમાણશાસ્ત્રનું પણ સારભૈંત છે. તેથી એવા શ્રીમદ્ભાગવતના તત્ત્વજ્ઞ થવું એ જ ગુરુનું શાબ્દનિષ્ણાતત્વ છે. તેથી ગુરુશ્રીમદ્ભાગવતશાસ્ત્રનું તત્ત્વ જાણતા હોવા જોઈએ. તેના યથાર્થ તત્ત્વને અનુસરી જે અહૈતુકી ભગવત્સેવા પ્રતિપાદિત કરી છે તેવી ભગવત્સેવામાં જે તત્પર હોય અને તેવી ભગવાત્સેવા કરવાનો ઉપદેશ કરતા હોય, જે દમ્ભાદિદોષથી રહિત હોય તેવા ગુરુની વિશેષે કરીને સમ્યક્ પ્રકારે પરીક્ષા કરીને ભજન કરવું.

શ્રીમદાચાર્યચરણે મૈંલમાં **'નરમ્'** પદ યોજ્યું છે તેથી એમ સિદ્ધ થાય છે કે ગુરુ નર હોવા જોઈએ. અર્થાત્ પોતે પુરુષાર્થ સિદ્ધ કરે અને બીજાને સિદ્ધ કરાવે એવા હોવા જોઈએ. શિષ્યે આવા લક્ષણવાળા ગુરુનું વીક્ષણ–સમ્યક્ સારી રીતે પરીક્ષણ કરીને ભજન કરવું.

આ પ્રકારે ગુરુનું સ્વરૂપ નિશ્ચિત કરીને હવે શિષ્યનું સેવકનું લક્ષણ આપે છે કેઃ ***જિજ્ઞાસુઃ. શિષ્ય જિજ્ઞાસુ હોવો જોઈએ.*** શિષ્ય સાધનરહિત પરમનિઃશ્રેયસનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉત્કટ ઈચ્છાવાળો હોવો જોઈએ. પરન્તુ ***તે કૌતુક–કુતુહલ ઈત્યાદિથી આવિષ્ટ થયલો હોવો જોઈએ નહિ. શિષ્યે આદરપૂર્વક સર્વભાવે ભજન કરવું.*** સર્વભાવે ભજવું એટલે નિષ્કપટતાથી આત્મનિવેદન કરવું. 'આત્મનિવેદન' એટલે ''ઐહિકનું તથા પારલૌકિકનું આત્મા સહિત નિષ્કપટપણે ભગવત્સમર્પણ''. માત્સર્યદોષથી રહિત થઈ સાવધાન થઈને પોતાની શક્તિ પ્રમાણે આદરસહિત ગુરુની આજ્ઞા પાળવી એ આત્મસમર્પણનું નિદર્શન છે. આ સર્વનું નિરૂપણ (૩।૧૩।૯) શ્રીમદ્ભાગવતના શ્લોકના શ્રીસુબોધિનીજીમાં શ્રીમદાચાર્યચરણે કર્યું છે. એનું ઉદાહરણ પણ એજ સ્કન્ધના (૩।૨૪।૧૨) શ્લોકમાં શ્રીસુબોધિનીજીમાં કર્દમ પ્રતિ બ્રહ્મવાક્યમાં આપ્યું છે. આ પ્રકારે પ્રપન્ન(શરણાગત) થયેલા શિષ્યને અગ્રિમ સિદ્ધ થાય છે. એ રીતે સર્વોત્તમાદિ સામ્પ્રદાયિક સ્તોત્રનો પાઠ પણ ગુરુભજનનું જ અંગ છે. વળી આ ગુરુભજન ફલોપકારિ અંગ છે. કારણ કે **''યસ્ય દેવે પરાભક્તિઃ યથા દેવે તથા ગુરૌ, તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ''** (શ્વેતા.ઉપ. ૬।૨૩) જેની દેવમાં પરાભક્તિ છે અને જેવી ભક્તિ દેવમાં છે તેવી ગુરુમાં છે તે મહાત્માને કહેલા આ અર્થો પ્રકાશમાન્ થાય છે'' એમ શ્રુતિવાક્ય છે. આ પ્રમાણે જિજ્ઞાસાથી ગુરુની પરીક્ષા કરવી અને તે પછી આદરથી તેમનું ભજન કરવું. એ બે ક્રમિક સાધનો કહ્યાં. શિષ્ય પણ ભગવત્કૃપાવાળો જોઈએ એમ પ્રથમ (૨૨૪) કારિકામાં કહ્યું છે તેથી શિષ્યમાં જિજ્ઞાસા તથા ભગવત્કૃપા છે એમ ગુરુએ પણ શિષ્યની પરીક્ષા કરવી જોઈએ એમ સૈંચવ્યું છે. જો આ પ્રમાણે ગુરુશિષ્યની પરીક્ષા કરે નહિ તો **''ઈદં તે ન અતપસ્કાય ન અભક્તાય કદાચન, ન ચ અશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યો અભ્યસૂયતે''** (ભગ.ગીતા ૧૮।૬૭) ''આ જ્ઞાનનું દાન

તારે અતપસ્વીને, અભક્તને કદાપિ કરવું નહિ'' એ ગીતામાં કરેલી ભગવદાજ્ઞાનો ભંગ પણ ગુરુએ કર્યા કહેવાય.

આ જિજ્ઞાસા પણ **''સાત્ત્વિકા ભગવદ્ભક્તા યે મુક્તાવધિકારિણઃ, ભવાન્તસમ્ભવા દૈવાત્ તેષામ્ અર્થે નિરૂપ્યતે''** આ શાસ્ત્રાર્થ પ્રકરણની કારિકા(૨) માં કહેલા અધિકારીને જ સમ્ભવે છે. અત્ર અધિકારી કોણ? આ શંકા થાય તો શ્રીમદાચાર્યચરણ કહે છે : આ ભાગવતતત્ત્વાર્થમાં અધિકારીઓ સાત્ત્વિક હોવા જોઈએ. અર્થાત્ સ્વભાવ પ્રકૃતિની અપેક્ષાએ જેઓ અધિક વિહિત અલૌકિક કરે છે તેઓ *સાત્ત્વિક છે. સાત્ત્વિકો દેવોને ભજે છે. દેવયજન કરવારૂપી ચિત્તના આ સાત્ત્વિકપરિણામરૂપ સ્વભાવવાળી ઉત્તમ પ્રકૃતિને પણ દૈર કરીને જેઓ કંઈક અધિક ઉત્કૃષ્ટ અલૌકિકકર્મ કરે છે તેઓ સાત્ત્વિક છે. પરમફલની ઇચ્છા કરનારા અધિકારી સાત્ત્વિક બુદ્ધિમાન્, નિષ્કામ, દોષરહિત તથા ભગવત્સેવક હોવા જોઈએ અને ''ભગવદિચ્છાએ આ મારો અન્તિમ જન્મ હોય તો તે જન્મ વ્યર્થ ન થવો જોઈએ'' એવું સમજનારા હોવા જોઈએ. આવા ઉત્તમ દૈવીપ્રકૃતિવાળા, તેમજ પરમ ફલ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા અધિકારીને જ ગુરુભક્તિથી આદર ઉત્પન્ન કરે એવી ઉત્કટ જિજ્ઞાસા સમ્ભવે છે તેથી બ્રહ્મસમ્બન્ધ પણ એવા ઉત્તમ અધિકારીને જ ફલોન્મુખ થાય છે. *આ પ્રકારે કૃષ્ણસેવા પરાયણ ઇત્યાદિ લક્ષણ યુક્ત ગુરુપ્રાપ્ત થાય તો તે ગુરુકહે તે પ્રકારે ભગવત્સેવા કરવી.* આ રીતે સપરિકર આદ્ય સાધનનો ઉપદેશ કર્યો.

મૈંલકારિકામાં **'વીક્ષ્ય'** એવું પદ યોજ્યું છે તેથી એમ સૈંચવાય છે કે કારિકામાં જે ગુરુનાં લક્ષણો દર્શાવ્યા છે તેવાં લક્ષણો આ ભગવન્માર્ગીય ગુરુમાં છે કે કેમ તેની સમ્યક પ્રકારે પરીક્ષા આંકીને જ મુમુક્ષુ જીવે ગુરુ કરવા. તન્ત્રાદિક અન્ય માર્ગમાં શિષ્યની પરિક્ષા ગુરુ કરે છે, જ્યારે આ ભાગવતમાર્ગમાં શિષ્યે ગુરુની સારી રીતે પરિક્ષા કરવી. આમ અન્ય માર્ગ કરતાં આ માર્ગ વિલક્ષણ છે એમ જણાવય છે. આ પ્રકારે ગુરુની પરીક્ષા જો ન કરવામાં આવે તો લોકમાં જેમ એક અન્ધ પુરુષને અનુસરતો બીજો અન્ધ પુરુષ ઘેટાંની માફક અનુસરે છે અને બન્ને ખાડામાં પડે છે તેમ એક જણે અમુક ગુરુ કર્યા તેથી મારે પણ તેમને જ ગુરુ કરવા જોઈએ એવી અન્ધશ્રદ્ધાથી ગુરુની પરીક્ષા વિના જો ભક્તિમાર્ગમાં ગુરુકરવામાં આવે તો ગુરુતથા શિષ્ય બન્નેનો અધઃપાત થાય છે. એ ઉદ્દેશથી જ શ્રોતા-વક્તાનું યથાર્થ નિરૂપણ કરનારા 'જલભેદ'-'પઞ્ચપદ્યાનિ' નામના ગ્રન્થ શ્રીમદાચાર્યચરણે રચ્યા છે. કારિકાના 'નરમ્' પદથી એમ સૈંચવાય છે કે ગુરુપોતે નર-પુરુષ હોવા જોઈએ. અર્થાત્ ગુરુ પોતે ભક્તિપુરુષાર્થ સાધે અને શિષ્યને સિદ્ધ કરાવે એવો નર-પુરુષ હોવા જોઈએ. તેથી કારિકામાં ઉપદેશેલા

---

* **''યજ્યન્તે સાત્ત્વિકા દેવાન્ યક્ષરક્ષાંસિ રાજસાઃ, પ્રેતાન્ ભૂતગણાંશ્ચન્યે''** (ભગ.ગીતા ૧૭।૪). ''સાત્ત્વિકો દેવોને ભજે છે. રાજસો યક્ષ-રાક્ષસોને તથા અન્ય તામસો પ્રેતો તથા ભૈંત-ગણોને ભજે છે''. અત્ર દેવોનું યજન કરવું એ સાત્ત્વિકોનું લક્ષણ છે એમ શ્રીભગવાને કહ્યું છે.

सच दुर्लभः इति. तेनापि वक्तव्यं प्रकारम् आह **तदभावे** इति.

**तदभावे स्वयं वाऽपि मूर्तिं कृत्वा हरेः क्वचित्।।**
**परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम्।।२२८।।**

क्वचिद् देशविशेषे सत्परिपन्थिनाम् अभावयुक्ते हरेः मूर्तिं कृत्वा भजेत्. अयमेव अस्य मार्गस्य प्रकारः उत्तमः यन् मूर्तौ कृतं सर्वं भगवति कृतं भवति.

---

લક્ષણવાલા ગુરુ પ્રાપ્ત થાય તો જિજ્ઞાસુ તથા ભગવત્કૃપાયુક્ત શિષ્યે તેના પ્રતિ દેવવત્ ભક્તિભાવ આદરપૈંર્વક રાખવો. ગુરુએ પણ શિષ્યની ભક્તિ તપ કરવાપણું તથા જિજ્ઞાસા ઈત્યાદિ સર્વ લક્ષણોનું નિરીક્ષણ કરી તેને ભગવદ્ભક્તિનો ઉપદેશ કરવો. (૨૨૫)

*પરન્તુ આ પ્રકારના લક્ષણવાળા ગુરુ કલિયુગમાં દુર્લભ છે.* કલિયુગ બલિષ્ઠ હોવાથી હવે પછીના કલિકાલમાં થનારા ગુરુઓમાં આ પ્રકારના ગુરુલક્ષણોનો અભાવ થશે- આવા લક્ષણવાલા ગુરુઆધુનિક સમયમાં કદાચ પ્રાપ્ત ન પણ થાય *-એવો વિચાર કરી શ્રીમદાચાર્યચરણ પોતાનામાં જ આ ભગવન્માર્ગનાં ગુરુત્વનું નિયમન કરતાં કહે છેઃ*

**તદભાવે સ્વયં વાડપિ મૂર્તિ કૃત્વા હરેઃ ક્વચિત્ ।**
**પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્ ।।૨૨૮ ।।**
**સાકાર-વ્યાપકત્વાત્ ચ મન્ત્રાસ્યાપિ વિધાનતઃ ।।**

**શબ્દાર્થઃ** અથવા તો તેવા ગુરુના અભાવમાં જાતે જ કોઈ સ્થળે હરિની મૈંર્તિ કરીને પણ સદા ભગવાન્‌ની પરિચર્યા કરવી. મૈંર્તિ હરિનું રૂપ છે. (પરબ્રહ્મ ભગવત્તત્ત્વ) વ્યાપક તથા સાકાર હોવાથી, તેમજ મન્ત્રના વિધાનબળે તત્ર (મૈંર્તિમાં) રહેલો છે. (૨૨૬)

**વિવેચનઃ તદભાવે ઈતિ.** જો એવા ગુરુદુર્લભ હોય તો ભક્તિમાર્ગમાં જિજ્ઞાસુએ ક્યો પ્રકાર આદરવો તે હવે શ્રીમદાચાર્યચરણ કહે છેઃ *"જે કોઈ પણ દેશવિશેષમાં ભક્તિમાર્ગીય સાધુ-દૈવી જીવને પ્રતિબન્ધ કરનારાઓનો અભાવ હોય તેવા સ્થળે હરિની મૂર્તિ કરીને ભજન કરવું, તે ભગવત્સ્વરૂપની સેવા કરવી. આ જીવને માટે આ પ્રકાર જ ઉત્તમ છે, કારણ કે*

---

* **"દેશાન્ પુણ્યાન્ આશ્રયેત મદ્ભક્તૈઃ સાધુભિઃ શ્રિતાન્"** (ભાગ.પુરા.૧૧।૧). **"યત્ર યત્ર હરેરર્ચા સ દેશઃ શ્રેયસાં પદમ્"** (ભાગ.પુરા.૭।૧૪।૨૭) "મારા સાધુ (ભગવદ્)ભક્તોએ આશ્રય કરેલા પુણ્યદેશનો આશ્રય લેવો". "તે જ પુણ્યતમ દેશ છે કે જ્યાં સત્પાત્ર પ્રાપ્ત થાય છે, જ્યાં ભગવાન્‌નું બિમ્બ છે, જ્યાં તપો-વિદ્યા-દયાયુક્ત બ્રાહ્મણકુલો વસે છે. કશું નહિ તો જ્યાં હરિની અર્ચા-પૈંજા થાય છે તે દેશ શ્રેયઃ-કલ્યાણોનું ધામ છે. ભ્રમણ કરતા ધર્મચક્રનું નાભિચક્ર નૈમિશારણ્યને વિષે તે દેશના ધર્મબલે ચૈંરેચૈંરા થઈ ગયું અને તેથી ફલબલે નૈમિશારણ્ય ઉત્તમ દેશ ગણાય છે તેમ અત્ર પણ પુણ્યદેશમાં ભગવત્સેવા કરવી. આપત્તિ હોય તો બંગાદિ હીન દેશનો પણ ભગવત્સેવાર્થે આશ્રય કરવો એવો ભાવાર્થ છે. (૭।૨૪।૨૮-૩૩) ભાગવતમાં પુણ્યતમ દેશ તરીકે ગઙ્ગાદિ નદીઓ, પુષ્કરાદિ સરોવરો, અર્હાશ્રિત ક્ષેત્રો, કુરુક્ષેત્ર, ગયાશિર, પ્રયાગ, પુલહાશ્રમ, નૈમિષ, ફલ્ગુન, સેતુ, પ્રભાસ, કુશસ્થલી, વારાણસી, મધુપુરી, પમ્પા, બિન્દુસરોવર, નારાયણશ્રમ, નન્દા, સીતારામાશ્રમાદિ તથા સર્વ કુલાચલો ગણાવ્યા છે. આ પુણ્યતમ દેશો છે કે જેઓ હરિની અર્ચાથી સેવાયલા છે. જેણે કલ્યાણ કરવું હોય તેણે નિરન્તર આ પુણ્યદેશોનું સેવન કરવું.

*હરિમૂર્તિને વિષે જે કંઈ કરવામાં આવે છે તે ભગવાન્‌ને વિષે જ કરેલું ગણાય છે''.*

અત્ર આ વક્તવ્ય છે. જ્યાં સત્કાર્યમાં વિઘ્ન કરનારા ન હોય અને જ્યાં સાધુ ભગવાદ્ભક્તો વસતા હોય એવા કોઈક *પુણ્યશાલી દેશમાં ભક્તિમાર્ગીય જીવે નિવાસ કરવો. અને ત્યાં ભગવાન્‌ની જ કોઈક મૈર્તિ ભગવાને એકાદશ સ્કન્ધમાં **''શૈલી દારુમયી લૌહી લેપ્યા લેખ્યા ચ સૈકતી, મનોમયી મણિમયી પ્રતિમા અષ્ટવિધા સ્મૃતા''** (ભાગ.પુરા.૧૧।૨૭) કહી છે તેવી ૧.દારુમયી (શ્રીજગન્નાથજીના જેવી કાષ્ઠમાં બિરાજતી) ૨.શૈલી-શિલામાં બિરાજતી, ૩.મણિમયી, ૪.લેખ્યા-ચિત્રમાં બિરાજતી, ૫.સૈકતી-રેતીમાં બિરાજતી, ૬.લૈપ્યા, ૭.લૌહી (લોઢાંની) અથવા ૮.મનોમયી આ અષ્ટ પ્રકારમાંથી કોઈ પણ એક ભગવન્મૈર્તિ પધરાવવી, વિશેષતઃ ધાતુની, શીલાની કે ચિત્રની પ્રતિમા પધરાવવી અને તેની સેવા કરવી. આ પ્રકારે પોતે જ ભગવત્સ્વરૂપ સેવા કરતાં-કરતાં પણ જો પ્રકારવિશેષમાં ભગવત્સેવકને સન્દેહ થાય ત્યારે જો કોઈ ઉપરોક્ત ગુરુઅથવા તાદશ ભગવદીયો મળી આવે તો તેમને પ્રકારાંશમાં સેવાનો ક્રમ તેણે પૈંછી લેવો- તેમની પાસેથી સેવાસમ્બન્ધિ પ્રશ્નનું નિરાકરણ કરી લેવું -એમ પણ સૈંચન થાય છે. એવી શ્રીમૈંર્ત્તિને ભગવત્સ્વરૂપ સમજી તેને વિષે સ્વામી કે સર્વસમર્થ પ્રભુની ભાવના કરવી, તથા પોતે ભગવાન્‌નો દાસ છે એમ માની દાસભાવે સેવા કરવી. ભગવત્કથાનાં શ્રવણ, ગુણગાન, સ્મરણ ઈત્યાદિ જે ભક્તિના હેતુઓ છે તેમનો ક્રમ ન કહેતાં અત્ર પ્રારમ્ભમાં જ મૈર્તિ કરીને તે સ્વરૂપનું ભજન કરવું એવો ઉપદેશ કર્યો છે એનું કારણ એ છે કે એ રીતે હરિમૈંર્ત્તિની સેવા કરવાથી ભગવાન્‌ની સાક્ષાત્ સેવા થાય છે. જે કંઈ હરિમૈંર્ત્તિને કરવામાં આવે છે તે ભગવાન્‌ને જ કરેલું થાય છે -એ જ સામાન્યન્યાયે મૈંર્ત્તિનો અપરાધ થાય છે તો ભગવાન્‌નો પણ અપરાધ થાય છે એમ સમજવું.

**શંકાઃ ''સૂર્યો અગ્નિઃ બ્રાહ્મણા ગાવો વૈષ્ણવઃ ખં મરુજ્જલમ્, ભૂરાત્મા સર્વભૂતાનિ ભદ્ર પૂજાપદાનિ મે''** (ભાગ.૧૧।૧૧।૪૨). સૈંર્ય, અગ્નિ, બ્રાહ્મણ, ગાયો, વૈષ્ણવ, આકાશ, મરુત્, જલ, ભૈંમિ, આત્મા તથા સર્વભૈંતો આ સર્વ હે ભદ્ર, મારી પૈંજાનાં સ્થાન છે''. એમ શ્રીમદ્ભાગવતમાં ભગવાને બીજાઓને પણ જ્યારે પૈંજાસ્થાન કહ્યાં છે તેમજ શાલિગ્રામને વિષે ભગવત્સાન્નિધ્ય શાસ્ત્રસિદ્ધ છે ત્યારે તેમનો ત્યાગ કરીને મૈંર્તિમાં જ ભજનનો ઉપદેશ શા માટે કરો છો?'' આ આકાંક્ષા થાય તો આચાર્યશ્રી તેનું સમાધાન કરે છે. સાત્ત્વિક જીવો ત્રણ પ્રકારના છેઃ જ્ઞાનપ્રધાન, ભક્તિપ્રધાન તથા ઉપાસનાપ્રધાન. તેથી તેમને તે-તે જ્ઞાન, ભક્તિ તથા ઉપાસના ની રીતિએ કહેવામાં આવે તો બોધ થાય એવા હેતુથી ત્રણે પ્રકારથી મૈંર્ત્તિ ભગવાન્ જ છે એમ તે-તે અધિકારીને અર્થે ઉપદેશ કરે છેઃ

*મૂર્ત્તિનું ભગવત્ત્વ અર્થાત્ મૂર્ત્તિ ભગવાન્ છે એમ ત્રણ પ્રકારે નિરૂપિત કરે છેઃ* ***તદ્રૂપમિતિ.*** *જ્ઞાનદષ્ટિથી મૂર્ત્તિ ભગવાન્‌નું જ રૂપ છે. વસ્તુનો વિચાર કરીએ તો સર્વ કંઈ*

तत्र मूर्तेः भगवत्वं त्रेधा निरूपयति **तद्रूपम्** इति. वस्तुविचारेण सर्वस्य भगवद्रूपत्वाद् विशेषस्तु अयम् ''एनम् उद्धरिष्यामि'' इति तदा मृदादेः प्रादुर्भूतो भक्तिमार्गानुसारेण आह **तत्र च स्थितम्** इति. मूर्तौ स्थितम्. परं यत्र हस्तः तत्र हस्तः तत्-तदवयवेषु तत्-तदयवाः

---

*ભગવદ્રૂપ છે તેથી મૂર્ત્તિ પણ ભગવાન્ છે. મૂર્ત્તિને વિષે આ એક વિશેષ છે કે ''હું (અમુક) ભક્તનો ઉદ્ધાર કરીશ'' એવી ઇચ્છાથી ભગવાન્ મૃત્તિકાદિની મૂર્ત્તિમાં પ્રકટ થાય છે.* જેમ સ્તમ્ભમાંથી પ્રકટ થયેલા નૃસિંહ ભગવાન્‌નો પ્રાદુર્ભાવ પ્રહ્લાદાદિ ભક્તનો ઉદ્ધાર કરવાને અર્થે થયો તેમ અત્ર મૈર્ત્તિમાંથી પ્રકટ થતા ભગવાન્ તે સ્વરૂપની સેવા કરતા હોય એવા અમુક ભક્તનો જ ઉદ્ધાર કરવાને અર્થે પાદુર્ભાવ પામે છે એમ સમજવું. પરન્તુ સૈર્ય-શાલિગ્રામાદિમાં બિરાજતા ભગવાન્ જેમ સાધારણ રીતે સર્વનો ઉદ્ધાર કરવા પ્રાદુર્ભાવ પામે છે તેમ અત્ર મૈર્ત્તિને વિષે થતું નથી. મૃત્તિકાદિ મૈર્ત્તિસ્વરૂપે વિરાજતા ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની સ્વરૂપસેવા કરનારા ભક્તને અર્થે એવી વિશેષે ઇચ્છા કરે છે કે ''હું આ મારા સેવકનો ઉદ્ધાર કરીશ જ'' પરન્તુ સૈર્ય-શાલિગ્રામાદિને વિષે ભગવાન્ એવી વિશેષ ઇચ્છા કરતા નથી, તેથી ભગવદ્‌ભક્તોએ વિશેષે કરીને પોતીકો ઉદ્ધાર કરે એવી ભગવન્મૈર્તિની જ સેવા કરવી.

**'ઇન્દ્રદ્યુમ્ન'** નામના ભક્તનો ઉદ્ધાર કરવા ભગવાન્ શ્રીજગન્નાથજી દારુ(કાષ્ઠ) બ્રહ્મરૂપે પ્રકટ થયા. પોતાને જે પ્રકારનો આકાર ધરવાની ઇચ્છા હતી તે પ્રકારનો આકાર તક્ષકદ્વારા ચન્દન કાષ્ઠમાંથી પ્રકટ થયો એ શ્રીજગન્નાથજીના માહાત્મ્યમાં પ્રસિદ્ધ છે. તેમ અત્ર પણ જીવની લૌકિકીકૃતિ અભિવ્યક્તિમાં વ્યાપૃત છે તો પણ ભગવાનની ઇચ્છા(સુથારના) શરીરમાં પ્રવેશ કરે છે તેથી કોઈ પણ શંકાલેશ રહેતો નથી. અર્થાત્ જીવની લૌકિકી કૃતિદ્વારા જેવા સ્વરૂપે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતે અભિવ્યક્ત-પ્રકટ થવાની ઇચ્છા કરે છે તેવા સ્વરૂપે પોતે પ્રકટ થઈ તે મૈર્તિની-ભગવત્સ્વરૂપની સેવા કરનારા (નિજ) ભક્તજીવનો પોતે ઉદ્ધાર કરે છે.

હવે આચાર્યશ્રી દ્વિતીય પ્રકારે *ભક્તિમાર્ગાનુસારે સાત્ત્વિક ભક્તોને ઉપદેશ કરે છે કે* ***તત્ર ચ સ્થિતમિતિ.*** *ભગવદ્રૂપ ત્યાં મૂર્તિને વિષે રહેલું છે. જ્યાં મૂર્તિનો શ્રીહસ્ત છે ત્યાં ભગવાન્‌નો શ્રીહસ્ત છે. એ રીતે મૂર્તિના તે-તે સર્વે અવયવોમાં ભગવાન્‌ના તે-તે અવયવો હોય છે* તેથી હરિમૈર્તિ જ ભગવત્સ્વરૂપ છે. મૈર્તિ જ ભગવાન્ છે એવી બુદ્ધિ દુર્ઘટ નથી, તત્ર હેતુ કહે છે કે **વ્યાપકં સાકારં બ્રહ્મેતિ.** સાકારબ્રહ્મ જ વ્યાપક છે એમ (બ્રહ્મસૈત્ર ૧।૨।૮) વૈશ્વાનરાધિકરણાદિમાં તથા (ભાગવત ૧૦।૯) *દામોદરલીલાદિમાં સિદ્ધ થયું છે. અન્તસ્થ બ્રહ્મ જ સર્વાન્તરકર્તૃ છે એમ અન્તર્યામિ બ્રાહ્મણમાં સિદ્ધ થયું છે. વળી બ્રહ્મ **''સર્વતઃ પાણિપાદાન્તમ્''** (શ્વેતા.ઉપ.૩।૧૬; ગીતા ૧૩।૧૩) સર્વતઃ હસ્ત અને ચરણના અન્તવાળું છે. તેથી અવયવો પરિચ્છિન્ન છે એમ સિદ્ધ થાય છે. અવયવો પરિચ્છિન્ન

इति।।२२८।।

तत्र हेतुः

**साकार–व्यापकत्वाच्च मन्त्रस्यापि विधानतः।।**

व्यापकं साकारं ब्रह्म इति. अतः सर्वे कटकाद्युपचाराः भगवदवयवेष्वेव साक्षात्कृता भवन्ति. उपासनामार्गानुसारेणापि मूर्तावेव भगवद्भजनं भवति इति आह **मन्त्रस्यापि**

---

હોવાથી મૈંર્ત્તિમાં તેમની સ્થિતિ ઘટે છે. બ્રહ્મ સાકાર છે, વ્યાપક છે, સર્વતઃ પાણિપાદના અન્તવાળું છે અને સર્વત્ર અન્તર્યામી છે, તેથી મૈંર્ત્તિનો તથા પરબ્રહ્મ ભગવાન્‌નો અભેદ છે એમ બુદ્ધિ દુર્ઘટ નથી. આ પ્રકારે હરિમૈંર્તિ ભગવાન્‌નું જ સ્વરૂપ છે એટલે હરિમૈંર્ત્તિને જે કટક, કુંડલાદિના ઉપચાર થાય છે તેનો અંગીકાર સાક્ષાત્ ભગવત્સ્વરૂપ જ કરે છે એમ સમજવું. **''તત્ર ચ સ્થિતમ્''** એ કારિકાના 'ચ'='અને' પદથી એમ સૈંચવાય છે કે પૈંર્વ કહ્યું તેમ મૈંર્ત્તિમાં ભગવાન્‌નો પ્રાદુર્ભાવ, સર્વના ઉદ્ધારાર્થે થતો નથી, પરન્તુ તેની સેવા કરનારા ભક્તોના ઉદ્ધારને અર્થે જ થયો છે એમ સમજવું.

*હવે આચાર્યશ્રી તૃતીય ઉપાસનાપ્રધાન સાત્ત્વિક જીવોને ઉપદેશ કરે છે કે ઉપાસનામાર્ગાનુસારે પણ મૂર્તિને વિષે જ ભગવદ્ભજન (શ્રેષ્ઠ) થાય છે. આચાર્યશ્રી કહે છે કે* ***મન્ત્રસ્યાપિ વિધાનત.*** *મન્ત્રના વિધાનથી અથવા મન્ત્રનું વિધાન કરેલું હોવાથી મૂર્ત્તિને વિષે જે ભજન કરવામાં આવે છે તે ભગવદ્ભજન જ થાય છે. **ન્યાસાદિપૂર્વક સર્વે (સુદર્શનાદિ પાર્ષદો) ની પૂજા (ઉપાસનામાર્ગે ભગવાને) કહી છે.*

**શંકા :** આ પ્રકારે સર્વ મૈંર્ત્તિઓને વિષે સમાનતાથી ભજન કરવાનું પ્રાપ્ત થાય તો પછી કયી એક મૈંર્ત્તિને વિષે ભજન કરવું યોગ્ય છે?'' એવી શંકા થાય તો *શ્રીમદાચાર્યચરણ વિશેષ સમાધાન* કરે છે કે ***શ્રીકૃષ્ણમિતિ.*** ભક્તિથી શ્રીકૃષ્ણસ્વરૂપની સેવા કરવી.

---

* જેમનું માહાત્મ્ય અનવગાહ્ય–અગાધ છે એવા સર્વ ભગવસમર્થ ભગવાન્‌માં એકકે સમયે બે વિરુદ્ધધર્મો સમ્ભવે છે. વસ્તુસ્વભાવથી ભગવાન્ વ્યાપક હોઈને પણ પ્રાદેશમાત્ર છે, સાકાર છે. સર્વવ્યાપક પુરાણપુરુષોત્તમ કૃષ્ણ ભગવાન્‌ને યશોદાએ પ્રાકૃત બાળક માનીને દોરીથી બાંધવા પ્રયત્ન કર્યો ત્યારે વિસ્મય પામતી અન્ય સર્વ ગોપિકાઓ સમક્ષ યશોદાજીએ જે–જે દામ લીધાં તે–તે બે આંગળ જેટલાં ઓછાં થયા. સર્વવ્યાપક ભગવાન્ જીવપ્રયત્નથી કેમ બાંધી શકાય? અન્તે ભગવાન્ નિજ માતા ઉપર કૃપા રકીને સ્વેચ્છાથી બંધાયા. આ સેશ્વર વિશ્વ જેમને વશ છે તે ભગવાન્ હરિ વિરુદ્ધધર્માશ્રયી હોઈ સર્વ દુઃખ પણ હરી લે છે અને ભક્તવશ્ય પણ થઈ જાય છે.

****ચલાઽચલેતિ દ્વિવિધા પ્રતિષ્ઠા જીવમન્દિરમ્, ઉદ્વાસાવાહને ન સ્તઃ સ્થિરાયામ્ ઉદ્ધવાર્ચને (૧૩)
અસ્થિરાયાં વિકલ્પઃ સ્યાત્ સ્થંડિલે તુ ભવેદ્ દ્વયમ્। સ્વપનં ત્વવિલેપ્યાયામ્ અન્યત્ર પરિમાર્જનમ્ (૧૪)
દ્રવ્યૈઃ પ્રસિદ્ધૈઃ મદ્યાગઃ પ્રતિમાદિષ્વમાયિનઃ। ભક્તસ્ય ચ યથાલબ્ધૈઃ હૃદિ ભાવેન ચૈવ હિ (૧૫)
સ્નાનાલંકરણં પ્રેષ્ઠમ્ અર્ચાયામેવ તૂદ્ધવ!। સ્થંડિલે તત્ત્વવિન્યાસો વહ્નાવાજ્યપ્લુતં હવિઃ(૧૬)
શ્રદ્ધયોપાહૃતં પ્રેષ્ઠં ભક્તેન મમ વાર્યપિ । ભૂર્યપ્યભક્તોપહૃતં ન મે તોષાય કલ્પતે ।।૧૭।।**

**विधानतः** इति. न्यासादिपूर्वकं सर्वपूजा.
मूर्तौ विशेषम् आह **श्रीकृष्णम्** इति.

---

**+શ્રીકૃષ્ણં પૂજયેદ્ ભક્ત્યા યથાલબ્ધોપચારકૈઃ ।।૨૨૮।।**
**યથા સુન્દરતાં યાતિ વસ્ત્રૈઃ આભરણૈરપિ ।।**
**અલંકુર્વીત સપ્રેમ તથા સ્થાનપુરઃસરમ્ ।।૨૨૯।।**

**ભાવાર્થઃ** યથાલબ્ધ-યદચ્છાથી પ્રાપ્ત થયેલા દ્રવ્યથી ઉપચારોએ કરીને ભક્તિથી ભગવાન્ શ્રીકૃષ્ણનું પૈંજન કરવું. અર્થાત્ પ્રભુના સમીપ સ્થિતિ કરીને પ્રભુનું યથાયોગ્ય સેવન કરવું.

અત્ર શ્રીમદ્ભાગવતના એકાદશસ્કન્ધમાં (૧૧।૨૭।૧૨) ભગવાને શૈલી (શિલાની) દારુ(કાષ્ઠ) મયી ઈત્યાદિ અષ્ટ પ્રકારની પ્રતિમા નિરૂપિત કર્યા પછી વિવિધ મૈર્ત્તિપૈંજાનું કથન કરીને કહ્યું છે કે ''ભક્ત જો શ્રદ્ધાથી માત્ર જલ સમર્પે તો તે જલને ભગવાન્ શ્રેષ્ઠ સામગ્રી ગણે છે. પરન્તુ અભક્ત જો મહાભોગ સમર્પે તો તેથી તે ભગવાન્‌ને સન્તોષ આપી શકતો નથી'', તે પછી (૧૧।૨૭।૨૦ શ્લોકમાં) ન્યાસાદિપૈંર્વક સર્વે પાર્ષદોની પૈંજા ભગવાને પ્રતિપાદિત કરી છે. આ જ પ્રકારે ઉદ્ધવજીનું જ્ઞાનમિશ્રત્વ જણાવીને શ્રીભગવાને એકાદશસ્કન્ધમાં એમના પ્રતિ મૈર્ત્તિભજનનો ઉપદેશ ભક્તિલાભને અર્થે કર્યો છે. તે જ પ્રકારે એકાદશસ્કન્ધના ૧૯ માં અધ્યાયમાં પણ ''હું તને પુનઃ મારી ભક્તિનું પરમ કારણ કહીશ'' (૧૧।૧૯।૧૯) એમ પ્રતિજ્ઞા કરીને, ''મારી અમૃતરૂપ કથામાં શ્રદ્ધા, મારું નિરન્તર અનુકીર્તન, મારી પૈંજામાં પરિનિષ્ઠા તથા સ્તુતિઓથી મારું સ્તવન, મારી પરિચર્યામાં આદર, સર્વાંગે અભિવન્દન'' ઈત્યાદિએ ઉપક્રમ કરીને ભગવાને ઉપસંહાર કર્યો છે કે ''હે ઉદ્ધવ, આ પ્રકારે ધર્મો કર્યાથી આત્મનિવેદન કરનારા મનુષ્યોને મારે વિષે ભક્તિ ઉત્પન્ન થાય છે. તો પછી બીજો ક્યો અર્થ અવશિષ્ટ રહે છે?'' આથી ભક્તિમિશ્ર ભક્ત પ્રતિ પણ પૈંર્વોક્ત જ સાધનો કહ્યાં છે અને તેમાં મૈર્ત્તિપરિચર્યાનો જ પ્રત્યાહારે ઉપદેશ કર્યો છે. આ પ્રકારે શ્રીમદાચાર્યચરણે જ્ઞાન, ભક્તિ તથા ઉપાસના એ ત્રણે પ્રકારમાં મૈર્તિ ભગવાન્ છે એવો બોધ કરવાને હેતુઓ કહ્યા છે. જ્ઞાનપ્રધાન, ભક્તિપ્રધાન તથા ઉપાસનાપ્રધાન એમ સર્વે સાત્ત્વિકોએ ભગવન્મૈર્ત્તિની પરિચર્યા કરવી એ જ ભગવદાશય પ્રતીત થાય છે. તેથી અત્ર શ્રીમદાચાર્યચરણે મૈર્ત્તિપરિચર્યાનો જ ઉપદેશ કર્યો છે એમ દિશે છે. અથી જ ''ઉભયત્ર પરિચર્યા કરવી'' (ભાગ.પુરા.૧૧।૩।૨૯) એમ યોગેશ્વરનું વાક્ય છે. વળી, ''મારી (શ્રીભગવાન્‌ની) સેવા-પૈંજા સ્થાપવામાં શ્રદ્ધા રાખવી'', ''શ્રીભગવાન્‌ની પરિચર્યામાં આદર રાખવો''. 'પરિચર્યા' એટલે સ્તુતિ કરવી-નમ્ર થઈ (ભગવાન્‌નું) ગુણકર્માનુકીર્તન કરવું ઈત્યાદિ. (ભાગ.પુરા.૧૧।૧૧।૩૪, ૩૮) ભગવદ્વાક્યો પણ છે. તેથી હરિમૈર્ત્તિને વિષે પરિચર્યા કરવી એ જ મુખ્ય છે એમ સ્થાપિત થયું.

+શ્રીભગવાન્‌ની આ મૈર્ત્તિપૈંજાની કારિકાના ઉપન્યાસ માટે સરખાવો ભાગવત ૧૨।૨૭ ના સમાનાર્થક વાક્યો **વસ્ત્રોપવીતાભરણ-પત્રસ્રગ્ગન્ધલેપનૈઃ, અલંકુર્વીત સપ્રેમ મદ્ભક્તો માં યથોચિતમ્ (૩૨) ગુડપાયસસર્પીષિ શષ્કુલ્યાપૂપ-મોદકાન્, સંયાવ-દધિ-સૂપાંશ્ચ નૈવેદ્યં સતિ કલ્પયેત્(૩૪) અભ્યંગોન્મર્દનાદર્શ-દન્તધાવાભિષેચનમ્, અન્નાદ્યગીતનૃત્યાદિ-પર્વણિ સ્યુરુતાન્વહમ્(૩૫).**

વસ્ત્ર, ઉપવીત, આભરણ, પત્ર, માલા, ગન્ધ તથા ચન્દનના લેપથી યથોચિત પ્રકારે મારા ભક્તે મને (શ્રીકૃષ્ણને) સપ્રેમ અલંકારાદિ શ્રૃંગાર ધરવા.(૩૨) ગોળ, ખીર, વલોવેલું માખણ, શષ્કુલિ(જલેબી, પુરી-ભાખરી), અપૈંપ(માલપૈંડા), મોદક (લાડુ), સંજાબ(ઘઉંની ખીર) દધિ, સૈંપ વગેરે જે હોય તે નૈવેદ્ય સમર્પવા.(૩૪) (મને)સુગન્ધિ તેલ, અત્તરથી અભયંગ-ઉન્મર્દન કરવા. દર્પણ ધરવા, દંતધાવન, અભિષેચન, પકવાન્ન ભોગ, ખાદ્યપદાર્થો ગીત તથા નૃત્યાદિ (ઉપાસના) પુણ્ય પર્વે અથવા પ્રતિદિન ધરાવવા.

વસ્ત્રોથી તેમજ આભરણોથી પણ જે રીતે ભગવાન્ શ્રીકૃષ્ણપ્રભુના સ્વરૂપનું સુન્દર દર્શન થાય તે રીતે તે-તે શ્રીઅંગના તે-તે સ્થાનપુરઃસર અલંકારાદિ શૃંગાર ભગવત્સેવકે પ્રભુને પ્રેમથી ધરવા.(૨૨૭)

**વિવેચનઃ** ભગવાન્ શ્રીકૃષ્ણની ભક્તિથી પૈંજા-સેવા કરવી. મૈંર્ત્તિને વિષે ભગવાન્‌ની સ્થિતિ આવેશરૂપ હોય છે, જેમકે વહ્નિનો આવેશ લોહપિંડને વિષે હોય છે. *શ્રીકૃષ્ણની મૂર્ત્તિ અને અન્ય દેવની મૂર્ત્તિને વિષે ભેદ એ છે કે ભગવાન્ શ્રીકૃષ્ણની મૂર્ત્તિને વિષે સાક્ષાત્ મૂલરૂપનો આવેશ હોય છે, જ્યારે અન્યદેવની કે અવતારની મૂર્ત્તિને વિષે મૂલરૂપનો આવેશ હોતો નથી, પરન્તુ ભગવાન્‌ના અંશરૂપ અવતારાદિ રૂપનો આવેશ હોય છે. અર્થાત્ અન્ય દેવાદિની મૂર્ત્તિને વિષે બે અન્તરાય હોય છે :* એક તો ભગવાન્‌ના અંશરૂપ અક્ષર પુરુષનો અને બીજો તે અક્ષર પુરુષના અંશરૂપ અવતારનો. આમ હોઈને કૃષ્ણવ્યતિરિક્ત મૈંર્ત્યન્તરમાં ભગવાન્ શ્રીકૃષ્ણ વિનાની બીજી મૈંર્ત્તિઓમાં જે આવેશ છે તે અવતારરૂપનો છે. એ સિદ્ધાન્તનો બોધ **''એતન્નાનાવતારાણાં નિધાનં બીજમ્ અવ્યયમ્''** (ભાગ.પુરા. ૧।૩।૬) ''ભિન્ન-ભિન્ન અવતારોનું નિધાન અવ્યબીજ આ છે'' ઈત્યાદિ વાક્યમાં કર્યો છે.**

મૈંળ કારિકામાં 'શ્રીકૃષ્ણ' પદ યોજ્યું છે તેથી ભગવાન્ શ્રીકૃષ્ણના યુગલસ્વરૂપની સેવા કરવી એમ પણ સૈંચવાય છે. *મુખ્યત્વે પ્રાપ્ત થયેલા દ્રવ્યોથી રાજાધિરાજને યોગ્ય એવી ભાવનાથી ઉપચારો કર્તવ્ય છે.* જે દ્રવ્ય પ્રાપ્ત થાય તે દ્રવ્યથી મુખ્યતાએ રાજકુમારને

**કૃષ્ણ જ ભગવાન્ છે, અવતારી છે, પૈંર્ણાનન્દ છે. અને તેથી ભગવાન્ શ્રીકૃષ્ણ કરતાં અન્ય સર્વ દેવાદિ પ્રાકૃત છે. બૃહત્-બ્રહ્મ પણ ગણિતાનન્દક છે અર્થાત્ શ્રુત્યુક્ત અક્ષર બ્રહ્મનો આનન્દ પણ ગણિત છે એ સિદ્ધાન્ત (૧।૩।૨૬-૨૮) શ્રીમદ્ભાગવત કહે છેઃ

**અવતારાહ્યસંખ્યેયા હરેઃ સત્યનિધેઃ દ્વિજાઃ। યથાડવિદાસિનઃ કુલ્યાઃ સરસાઃ સ્યુઃ સહસ્રશઃ।। ઋષયો મનવો દેવા મનુપુત્રા મહૌજસઃ। કલાઃ સર્વે હરેરેવ સપ્રજાપતયઃ સ્મૃતાઃ।। એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્ । ઈન્દ્રારિવ્યાકુલં લોકે મૃડયન્તિ યુગે-યુગે।।**

**અર્થાત્ઃ** હે દ્વિજો! સત્ત્વનિધિ એવા ભગવાન્ શ્રીહરિના અવતારો અસંખ્યેય છે. જેમકે અક્ષય જલના સરોવરની ક્ષુદ્રપ્રવાહવાળી નહેરો સહસ્રશઃ હોય છે. ઋષિઓ, મનુઓ, દેવો, મનુપુત્રો તેમજ બીજા પણ બ્રહ્માંડમૈંર્ત્તિ એવા શ્રીભગવાન્ પુરુષ નારાયણના અંશો તથા કલાઓ છે-ધર્માવિશથી યુક્ત છે -એવું સ્મરણ થાય છે. આ સર્વે તેમજ બીજા પણ બ્રહ્માંડમૈંર્તિ એવા શ્રીભગવાન્ પુરુષ નારાયણના અંશો તથા કલાઓ છે. પરન્તુ શ્રીકૃષ્ણ તો પોતે ભગવાન્ છે. (પુરુષાદિ જેમના અંશો છે તે ભગવાન્ શ્રીકૃષ્ણ છે એમ અર્થ છે.) ભગવાન્‌ના આ અવતારો યુગે-યુગે દૈત્યોથી વ્યાકુળ થયેલા જગત્‌ને સુખ આપે છે. તેથી પૈંજા-સેવા કરવી તો શ્રીકૃષ્ણની કરવી, કારણ કે ત્યાં સાક્ષાત્ મૈંલરૂપ અંશી પુરુષોત્તમ એવા શ્રીભગવાન્‌નો આવેશ હોય છે. મૈંળસ્વરૂપનું ભજન જ મુખ્ય છે. કૃષ્ણ ભગવાન્ જ મૈંળરૂપ છે એમ **''કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્''** ''કૃષ્ણ તો ભગવાન્ પોતે છે'' ઈત્યાદિ વાક્યે સિદ્ધ થાય છે. ''કૃષ્ણ=કૃષ્ + ણ. અત્ર 'કૃષ્' પદ ભૈં=સત્તાવાચક છે. તથા 'ણ' પદ નિર્વૃતિ-આનન્દવાચક છે. કૃષ્+ણ પદક ઐક્ય થઈને 'કૃષ્ણ' શબ્દ પરબ્રહ્મવાચક છે'', ઈત્યાદિ *શ્રુતિ પ્રમાણે કૃષ્ણનું પરબ્રહ્મત્વ-ભગવત્ત્વ સિદ્ધ થાય છે. વળી, ''જેમ વૃક્ષના મૈંળમાં જલસિંચન

मूर्त्यन्तरे द्व्यन्तरितत्वम्. यथावत् मुख्यतया प्राप्तैः द्रव्यैः उपचाराः कर्तव्याः।।२२९।।
तत्रापि भक्तिमार्गानुसारेण उपचाराः मुख्याः इति आह **यथा सुन्दरतां याति** इति.
**यथा सुन्दरतां याति वस्त्रैराभरणैरपि।।**

---

યોગ્ય એવા ઉપચારો કરીને ભગવાન્ શ્રીકૃષ્ણનું પૈંજન કરવું. **''પૂજનં ચ સમીપે સ્થિત્વા યથાયોગ્યં સેવનમ્. પરિચર્યા તુ વિપ્રકર્ષે સ્થિત્વેતિ વિશેષઃ. ઉચિતઃ સત્કાર ઉપચારઃ''** ''સીમપમાં રહીને યથાયોગ્ય સેવન કરવું તે 'પૈંજન' કહેવાય છે. દૈર સ્થિતિ કરીને યથાયોગ્ય સેવન કરવું તે 'પરિચર્યા' કહેવાય છે. 'ઉપચાર' એટલે ઉચિત સત્કાર. ઉપચારો સ્વ-સ્વ શકત્યનુસાર સહસ્ર, ષોડશ વા પઞ્ચ હોય છે. આથી મુખ્યતાએ પ્રાપ્ત થયેલા દ્રવ્યથી મહારાજધિરાજને યોગ્ય હોય એવા ઉચિત સત્કારોથી સમીપમાં રહીને શ્રીભગવાન્ શ્રીકૃષ્ણના સ્વરૂપનું યથાયોગ્ય સેવન કરવું એમ આશય ફળે છે.

ભગવન્મૈંર્ત્તિમાં ભગવાનની નિરન્તર સ્થિતિ સદા વિરાજમાન છે એમ ભક્તિમાર્ગમાં સ્વીકારવામાં આવે છે. તેથી ઉદ્વાસ અને આવાહન સંસ્કાર ભક્તિમાર્ગમાં સમ્ભવતા જ નથી. આ સમ્પ્રદાયમાં પાદ્યસંસ્કાર સ્નાનસમયે થાય છે. અને બાલભાવથી શ્રીકૃષ્ણની સેવા કરવામાં આવતી હોવાથી દન્તધાવન પણ શ્રીઠાકુરજીને કરાવાતું નથી. સુગન્ધિ તેલ-અત્તરથી અભ્યંગ-ઉન્મર્દન, આદર્શ તથા અભિષેચન ઈત્યાદિ રાજકુમારને ઉચિત એવા ઉપચારો-સંસ્કારો યથાસમ્ભવ નિત્ય કે ઉત્સવોના દિવસે કોઈ-કોઈ પ્રસંગે કરવામાં આવે છે. એ રીતે અન્ય સંસ્કારો પણ જો ભક્તિ સમ્પ્રદાયના હોય તો તેનું જ્ઞાન સમ્પ્રદાયવેત્તાઓ પાસેથી પ્રાપ્ત કરી લેવું. *ભક્તિમાર્ગાનુસાર કરેલા ઉપચાર મુખ્ય છે એમ દર્શાવવા શ્રીમદાચાર્યચરણ કારિકામાં કહે છે કે* ***''યથા સુન્દરતાં યાતિ''*** વસ્ત્ર, આભરણ, કડા, મુકુટ, માળા ઈત્યાદિથી જે પ્રકારે ભગવાન્ શ્રીકૃષ્ણપ્રભુનું સ્વરૂપ સુન્દર દર્શન આપે તે પ્રકારે ભગવાન્ના સ્થાનાદિ મન્દિર-આસનાદિના અલંકારપૈંર્વક પ્રેમથી શ્રીકૃષ્ણપ્રભુના તે-તે શ્રીઅંગને વિષે અલંકારાદિ શૃંગાર ધરવા. *ભગવત્સેવા કરતાં-કરતાં ચિત્તમાં ઉદ્વેગ થવો જોઈએ નહિ એવો ઉપદેશ કરવા શ્રીમદાચાર્યચરણે કારિકામાં કહ્યું છે કે* ***સપ્રેમ****. પ્રભુને પ્રેમસહિત અલંકાર-શૃંગાર ધરવા.*

---

કરવાથી વૃક્ષના થડ, ડાળા, શાખા, પર્ણ ઈત્યાદિ સર્વ અવયવને તૃપ્તિ મળે છે તેમ અચ્યુત એવા મૈંળ ભગવાન્ શ્રીકૃષ્ણની ઈજ્યા-આરાધના-પૈંજા-સેવા કરવાથી એમના અંશરૂપ અન્ય સર્વ અવતારો તથા દેવતાદિ તૃપ્ત થાય છે'' ઈત્યાદિ વાક્યો શ્રીમદ્ભાગવતાદિ શાસ્ત્ર કહે છે. એ પ્રમાણે ભગવન્માર્ગમાં ભગવાન્ શ્રીકૃષ્ણ જ સેવ્ય છે એમ સિદ્ધ થાય છે.

***''કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિર્વૃતિવાચકઃ, તયોરૈક્યં પરં બ્રહ્મ 'કૃષ્ણ' ઈત્યભિધીયતે, કૃષ્ણો બ્રહ્મૈવ શાશ્વતમ્''** (કૃષ્ણોપ. ૧૪.), **''શ્રીકૃષ્ણાખ્યં પરં બ્રહ્મ''**(ગોપી.ઉપ.૨).

+ **''સર્વાર્હણમચ્યુતેજ્યા''** (ભાગ.પુરા.૪।૩૧।૧૪; ૮।૫।૪૯) અચ્યુત ભગવાનની પૈંજા થાય એટલે સર્વે દેવો પૈંજિત થાય છે. ભગવદારાધન સર્વ દેવતાર્હણનું ફલ સાધે છે.

**अलंकुर्वीत सप्रेम तथा स्थानपुरःसरम्।।२३०।।**

ઉદ્વેગ બે પ્રકારે થાય છે ૧.ચિત્તની ચંચલતાથી તથા ૨.ખેદથી. ખેદ પણ બે પ્રકારનો હોય છે ૧.દેહના રોગાદિને લીધે તથા ૨.ભગવાન્ પ્રતિ સેવામાં ઉપચાર યથાયોગ્ય થાય નહિ તેથી. પ્રેમથી સેવા કરનારા ભક્તે શ્રીઠાકોરજીને શીતકાલ, ઉષ્ણકાલ તથા વર્ષાઋતુના સમયાનુસાર જલ, વસ્ત્ર, શૃંગાર તથા સામગ્રી ઈત્યાદિ અંગીકાર કરાવવા. હરિસ્થાન-પ્રભુમન્દિરને સમ્માર્જન કરવું, ઉપલેપન ઈત્યાદિથી શુધ્ધ રાખવું. શ્રીભગવાને પોતે જ કહ્યું છે કે *''**સમ્માર્જનોપલેપાભ્યાં સેકમંડલવર્તનૈઃ, ગૃહશુશ્રૂષણં મહ્યં દાસવદ્ યદ્ અમાયયા**'' (ભાગ.પુરા.૧૧।૧૧।૩૮) ''બુહારી કર્યાથી, ઉપલેપનથી, જલસિંચનથી, (સ્વસ્તિકાદિ) માણ્ડલવર્તન ઈત્યાદિથી ભગવાન્ શ્રીકૃષ્ણના સુખાર્થે ભગવન્મન્દિરની સ્વચ્છતા રાખવારૂપી સેવા કરવી'' એ દાસનો ધર્મ કહ્યો છે. આ તો માત્ર ઉપલક્ષણ છે. તેથી હરિસ્થાન-ભગવન્મન્દિર, શય્યા, આસન, વિતાન (ચન્દ્રવા-પિછવાઈ) ઈત્યાદિ સર્વે પદાર્થો પ્રભુના

---

* ભગવન્મદિર કરી ભગવન્મૈર્ત્તિની રાજસેવાનો આ પ્રકાર શ્રીભગવાને પોતે જ ઉદ્ધવને શ્રીમદ્ભાગવત (૧૧।૧૧।૩૫-૪૫ તથા ૧૧।૧૧।૨૭।૫૦-૫૩ શ્લોકમાં કહ્યો છેઃ

**''મત્કથાશ્રવણે શ્રદ્ધા મદનુધ્યાનમ્ ઉદ્ધવ, સર્વલાભોપહરણં દાસ્યેનાત્મનિવેદનમ્।।૩૫।।**
**મજ્જન્મકર્મકથનં મમ પર્વાનુમોદનમ્, ગીતતાંડવવાદિત્રગોષ્ઠીભિઃ મદ્ગૃહોત્સવઃ।।૩૬।।**

ભગવન્મૈર્ત્તિના તથા ભગવદ્ભક્તનાં દર્શન, સ્તુતિ, નમસ્કાર, તથા ગુણકર્માનુકીર્તન કરવા, ભગવત્કથાનું શ્રવણ કરવામાં શ્રદ્ધા રાખવી, ભગવચ્ચિન્તન કરવું, ભગવાન્‌ને સર્વ લાભનું સમર્પણ કરવું, દાસ્યભાવે આત્મનિવેદન કરવું.(૩૫) જન્માષ્ટમ્યાદિ તથા રાસોત્સવાદિ ભગવત્પર્વોત્સવો કરવા, એકત્ર થઈ સંગીત, તાંડવ નૃત્ય, વાદિત્ર તથા કથાઓ કરીને ભગવન્મન્દિરમાં ઉત્સવ કરવા.(૩૬)

**યાત્રા બલિવિધાનં ચ સર્વવાર્ષિકપર્વસુ, ઉત્તમા તાન્ત્રિકી દીક્ષા મદીયવ્રતધારણમ્।।૩૭।।**
**મમાર્ચાસ્થાપને શ્રદ્ધા સ્વતઃ સંહત્વ ચોદ્યમઃ, ઉદ્યાનોપવનાક્રીડ-પુરમન્દિરકર્મણિ।।૩૮।।**

સર્વવાર્ષિક પર્વે તે-તે તિથિએ દોલયાત્રા, જલયાત્રા તથા રથયાત્રા ના ઉત્સવે પ્રભુને વિવિધ વસ્ત્રાલઙ્કાર, સ્રક્ચન્દન, પુષ્પમાલાદિ તથા મિષ્ટ મિષ્ટસામગ્રીના વિશેષ ભોગ સમર્પવા. એકાદશ્યાદિ ભગવદ્વ્રત કરવા, ભગવચ્છાસ્રોક્ત ઉત્તમ દીક્ષા લેવી.(૩૭) ભગવવદર્ચા (ભગવન્મૈર્ત્તિ) સ્થાપવામાં શ્રદ્ધા રાખવી તથા ભગવદર્થે ઉદ્યાનો, ઉપવનો, પુષ્પવાટિકાદિ ક્રીડાસ્થળો, ગોપુરો તથા મન્દિરો કરાવવા.(૩૮)

**સમ્માર્જનોપલેપાભ્યાં સેકમંડલવર્તનૈઃ, ગૃહશુશ્રૂષણં મહ્યં દાસવદ્ યદ્ અમાયયા ।।૩૯।।**
**અમાનિત્વમ્ અદમ્ભિત્વં કૃતસ્યાપરિકીર્તનમ્, અપિ દીપાવલોકં મે નોપયુંજ્યાદ્ નિવેદિતમ્ ।।૪૦।।**

ભગવત્સેવાકર્મમાં બને તો જાતે જ અથવા બીજા ભગવદ્ભક્તો સાથે ઉદ્યમ-પરિશ્રમ કરવો, નિષ્કપટભાવે દાસ થઈને ભગવન્મન્દિરનાં સમ્સમ્માર્જન, ઉપલેખન તથા ચન્દનાદિ સુગન્ધિઓથી જલસિંચન કરવાં, રંગવલ્લિઓથી સર્વભોભદ્ર, સ્વસ્તિક, તથા ચક્રામ્બુજાદિ મંડલો કરવાં.(૩૯) માનિત્વથી, દમ્ભિત્વથી તથા કરેલી પ્રભુસેવા બીજાને જણાવવાથી દૈંર રહેવું. ભગવાન્‌ને નિવેદિત કરેલા દીવાના પ્રકાશનો પણ સ્વાર્થે ઉપયોગ ન કરવો (દત્તાપહાર દોષ પૈંજા માર્ગે છે, નહિ કે પુષ્ટિમાર્ગે. તેથી પુષ્ટિ ભક્તને નિવેદિતાન્નાદિ લેવામાં દોષ નથી.)(૪૦)

**યદ્યદ્ ઈષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ, તત્તન્નિવેદયેદ્ મહ્યં તદાનન્ત્યાય કલ્પતે।।૪૧।।**

લોકમાં જે-જે ઈષ્ટતમ પદાર્થ હોય તેનું તથા પોતાને જે-જે પ્રિય હોય તે-તે સર્વ પદાર્થ ભગવાનને નિવેદિત કરવા. તેમ કરવાથી આનન્ત્ય ફલ પ્રાપ્ત થાય છે.

**મદર્ચાં સમ્પ્રતિષ્ઠાપ્ય મન્દિરં કારયેદ્ દઢમ્, પુષ્પોદ્યાનાનિ રમ્યાણિ પૂજાયાત્રોત્સવાશ્રિતાન્।।૫૦।।**

સમર્થ ધનિકોએ અવશ્ય મારી મૈંર્તિ પૈંજાની સમ્યક્ પ્રકારે પ્રતિષ્ઠા કરાવીને દઢ મન્દિર કરાવવું. તેમ ભગવાન્‌ની

**सप्रेम** इति अनुद्वेगार्थम्. **स्थानं** मन्दिरम्. तदलङ्कारपूर्वकमेव भगवदलङ्करणं कर्तव्यम् इति अर्थः।।२३०।।

एवं प्रवृत्तस्य भार्यादीनां विनियोगम् आह **भार्यादिरनुकूलश्चेद्** इति.

**भार्यादीरनुकूलश्चेत् कारयेद् भगवत्क्रियाम्।।**

---

વિનિયોગમાં આવે તે પૈંર્વે તેમને શણગારી રાખવા. આમ *ભગવત્સ્થાન-ભગવન્મન્દિરના અલંકાર પ્રથમથી સિદ્ધ કરીને જ પ્રભુને શૃંગાર ધરવા.* આ પ્રકારે યથોચિત ઉપચારથી ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા કરવી.(૨૨૭)

આ ભગવત્સેવોપચાર સહાયસાપેક્ષ છે અર્થાત્ ભાર્યાદિની સહાય હોય તો થઈ શકે છે. તેથી *આ રીતે પ્રભુની સેવા કરવામાં પ્રવૃત્તિ કરી રહ્યો હોય એવા કૃષ્ણભક્તે પોતાના ભાર્યાદિકનો વિનિયોગ ભગવત્સેવામાં ક્યે પ્રકારે કરવો તે હવે શ્રીમદાચાર્યચરણ કહે છેઃ*

**ભાર્યાદિઃ અનુકૂલઃ ચેત્ કારયેત્ ભગવત્ક્રિયામ્।।૨૩૦।।**
**ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્ ।**
**તત્ત્યાગે દૂષણં નાસ્તિ યતો વિષ્ણુપરાઙ્મુખાઃ।।૨૩૧।।**

**શબ્દાર્થઃ** પત્ની વગેરે ઘરના મનુષ્યો જો ભગવત્સેવામાં અનુકુળ હોય તો તેમની પાસે ભગવત્ક્રિયા કરાવવી, જો ઉદાસીન-તટસ્થ હોય તો પોતે ભગવત્સેવા કરવી, પરન્તુ જો તેઓ પ્રતિકુળ હોય તો ગૃહનો-ભાર્યાદિનો ત્યાગ કરવો. તેમનો ત્યાગ કરવામાં દૈંષણ નથી કારણ કે તેઓ ભગવાન્થી વિમુખ છે. (૨૨૮।૨૨૯)

**વિવેચનઃ** ભગવત્સેવામાં સ્ત્રી-પુત્રાદિના સહાયની અપેક્ષા હોય છે, તેથી જો ભાર્યાદિ ભગવત્સેવામાં અનુકુળ હોય તો તેમને ભગવત્સેવા કરવામાં *વિનિયોજવા. તેમની પાસે ભગવત્સેવા કરાવવી તે પણ પ્રભુને સુખ થાય તેથી કરાવવી, પરન્તુ આપણા પોતીકા

---

પ્રતિદિન સેવા-પૈંજાના, રથાદિ યાત્રાના તથા ડોલ જન્માષ્ટમી આદિ ઉત્સવના અર્થે મનોહર પુષ્પોના બગીચાઓ કરાવવા.

**પૂજાદીનાં પ્રવાહાર્થં મહાપર્વસ્વથાન્વહમ્, ક્ષેત્રાપણપુરગ્રામાન્ દત્ત્વા મત્સાર્ષ્ટિતામ્ ઇયાત્।।૫૧।।** વૈભવ હોય તો પ્રતિદિન નહિતો મહોત્સવોના દિવસે નિરન્તર ભગવત્સેવાના નિભાવને અર્થે ખેતરો, દુકાનો, પુરો તથા ગામો મન્દિરને અર્પણ કરવા. આવો ભક્ત (સકામ હોય તો) ભગવદૈશ્વર્યને પ્રાપ્ત થાય છે.

**પ્રતિષ્ઠયા સાર્વભૌમં સદ્મના ભુવનત્રયમ્, પૂજાદિના બ્રહ્મલોકં ત્રિભિઃ મત્સામ્યતામ્ ઇયાત્।।૫૨।।** ભગવન્મન્દિરની પ્રતિષ્ઠા કરાવવાથી સાર્વભૌમપદને પ્રાપ્ત થાય છે. માત્ર ભગવન્મન્દિર કરાવવાથી તેને ત્રિભુવનનું મુખ પ્રાપ્ત થાય છે, તથા પૈંજાદિથી બ્રહ્મલોકને તે પ્રાપ્ત થાય છે. વળી જો તે ત્રણે સેવા કરે તો સામ્યમુક્તિ પ્રાપ્ત કરે છે.

**મામેવ નૈરપેક્ષ્યેણ ભક્તિયોગેન વિન્દતિ, ભક્તિયોગં સ લભતે એવં યઃ પૂજયેત મામ્।।૫૩।।** પરન્તુ જો ભક્ત નિરપેક્ષતા-નિષ્કામતાથી ભક્તિયોગ કરે તો તે ભક્ત મને-ભગવાન્ને જ પ્રાપ્ત કરે છે. આ પ્રકારે જે જીવ મને-ભગવાન્ને પૈંજે છે તે ભક્તિયોગ પ્રાપ્ત કરે છે''.

સ્વાર્થને લીધે તેમની પાસે ભગવત્સેવા કરાવવી નહિ. ભાર્યાદિ ભગવત્સેવામાં અનુકૂલ ન હોય, પરન્તુ જો તેઓ ઉદાસીન-તટસ્થ હોય તો ભગવદ્ભક્તે જાતે ભગવત્સેવા કરી લેવી. ઉદાસીન ભાર્યાદિની પાસે જો ભગવત્સેવા કરાવવામાં આવે છે તો તેઓ આવી પડેલા નિર્બન્ધ-આગ્રહ-દબાણને લીધે પ્રેમ રાખ્યા વિના (સેવા કરીને) સેવાને વેઠ સમજે છે, તેથી તેમને કલેશ થાય છે. અને કિલષ્ટ પદાર્થનો અંગીકાર ભગવાન્ કરતા નથી. ભગવાન્ અકિલષ્ટકર્મા છે અર્થાત્ કલેશ થતો હોય એવું કર્મ પ્રભુને ઇષ્ટ નથી. તેથી ભગવદ્ભક્તે પોતે જ ભગવત્સેવા કરવી. *જો પરન્તુ ભાર્યાદિ (=ગૃહ પરિકર) ભગવત્સેવામાં પ્રતિકૂલ-વિરોધી થાય તો તેમનો ત્યાગ કરવો.* ગૃહનો અર્થાત્ ભગવદ્ભજનમાં પ્રતિકૂલ થનારા ભાર્યાદિકનો ત્યાગ કરવો, પરન્તુ પોતે જ ગૃહનો ત્યાગ ન કરવો એવું સૈંચવવા શ્રીમદાચાર્યચરણે 'ભાર્યાદિ' પદનો 'ગૃહ' એવો અર્થ કર્યો છે. અર્થાત્ સ્ત્રી, પુત્રાદિ જે કોઈ ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરતાં હોય તેમને ગૃહમાંથી બહાર કાઢવા પરન્તુ પોતે ગૃહત્યાગ કરવો નહિ. (ભક્તિયોગ સિદ્ધ કરવા કવચિત્ ભાર્યાદિકને વિષે વૈરાગ્ય તેમજ આસક્તિ રાખવામાં ભગવત્સેવકે કુશલતા વાપરવી.)

**શંકાઃ ''વૃદ્ધૌ ચ માતાપિતરૌ સાધ્વી ભાર્યા શિશુઃ સુતઃ, અપ્યન્યાયશતં કૃત્વા ભર્તવ્યા મનુરબ્રીવત્''** (મનુ.સ્મૃ.૧૧) માતા, પિતા, સાધ્વી, સ્ત્રી અને બાલક પુત્રનું પોષણ શત અન્યાય કરીને પણ કરવું'' આમ સ્મૃતિનું વાક્ય છે. તો પછી એમનો ત્યાગ કરવો અનુચિત છે, કારણ કે મધ્યમાધિકારમાં દોષ પણ સમ્ભવે છે''. આ શંકાનું સમાધાન કરવા શ્રીમદાચાર્યચરણ કારિકામાં કહે છે કે **વિષ્ણુપરાઙ્મુખા**. સ્ત્રી-પુત્રાદિક પણ જો ભગવાન્થી વિમુખ થતા હોય તો તેમનો ત્યાગ કરવો એમાં દોષ નથી, કારણ કે તેઓ ભગવદ્વિમુખ છે. **''તતો દુઃસંગમ્ ઉત્સૃજ્ય''** (ભાગ.પુરા.૧૧।૨૬।૨૬।) તેથી દુઃસંગનો ત્યાગ કરીને બુદ્ધિમાન્ પુરુષે સાધુ-સન્તોને વિષે આસક્તિ કરવી. ભગવદ્ભક્ત સન્તો સદુપદેશથી મનની આસક્તિ છેદે છે''. ઇત્યાદિ વાક્યમાં દુઃસંગનો ત્યાગ કરવો એવો ઉપદેશ કરેલો હોવાથી ભગવત્સેવામાં જે કોઈ પ્રતિબન્ધ કરે તેનો ત્યાગ કરવો જોઈએ. જો એમનો ત્યાગ કરવામાં ન આવે તો તેઓ બહિર્મુખ રહીને તેની સાથે રહીને તેમની સાથે રહેનારા ભગવત્સેવકને પણ

---

**આવરણભઙ્ગઃ** આથી દારાદિનું-ભાર્યાદિનું નિવેદન થયા પછી તેમનો ભગવત્સેવામાં વિનિયોગ દર્શાવ્યો છે. કારણ કે પ્રભુને તેમનું નિવેદન ન થયાથી પણ તેઓ પ્રતિકૂલ થાય એ સમ્ભવે છે. આ પ્રકારે ''મદર્થે ધર્મકામાર્થાન્ આચરન્'' (ભાગ. ૧૧।૧૧।૪) ''મદર્થેઽર્થપરિત્યાગો ભોગસ્ય ચ સુખસ્ય ચ'' (ભાગ. ૧૧।૧૯।૨૩) ''ભગવાન્ને અર્થે ધર્મનું, કામનું તથા અર્થનું આચરણ ભક્ત કરે છે''. ''મારે અર્થે મારો ભક્ત સર્વનો તેમજ ભોગનો તથા સુખનો પણ પરિત્યાગ કરે છે'' ઇત્યાદિ આત્મનિવેદિ વૈષ્ણવના ભગવદ્ધર્મબોધક વાક્યો પણ સમર્થિત થયા જાણવા.

**तत्त्यागे दूषणं नास्ति यतो विष्णुपराङ्मुखाः।।२३१।।**

भार्यादिकं गृहम्. विष्णुपराङ्मुखा भार्यादयः, अन्यथा परित्यागे दोषएव. अनेन अवैष्णवैः सह अस्मिन् मार्गे न स्थातव्यम् इति उक्तं भवति।।२३१।।

जीवने प्रकारम् आह **सर्वथा वृत्तिहीनश्चेद्** इति.

---

બહિર્મુખ કરે છે. વળી માતા-પિતા, સાધ્વી સ્રી ઈત્યાદિ સર્વે જો ભગવત્સેવાથી બહિર્મુખ ન હોય છતાં પણ જો તેમનો ત્યાગ કરવામાં આવે તો દોષ પ્રાપ્ત થાય એમ ઉપરોક્ત મનુસ્તુતિના વાક્યનું તાત્પર્ય છે. **''એવં કૃષ્ણાત્મનાથેષુ મનુષ્યેષુ ચ સૌહૃદમ્''** (ભાગ.પુરા. ૧૧।૩।૨૯) ''આ પ્રકારે ઈષ્ટ, દાન, તપ, જાપ, વૃત તથા પોતાનાં પ્રિય પદાર્થ દારાગારપુત્રાદિનું પરમાત્મા ભગવાન્‌ને નિવેદન કરીને પ્રભુને પોતાના નાથ સમજે એવા મનુષ્યોને વિષે સૌહૃદસ્નેહ રાખવો'' એ વાક્ય પ્રમાણે *જો ગૃહના ભાર્યાદિક કૃષ્ણપ્રભુને પોતાના સ્વામી સમજતા હોય છતાં પણ જો તેમનો ત્યાગ કરવામાં આવે તો ઉપરોક્ત મનુએ કહેલો દોષ લાગે છે* એવો ભાવાર્થ નિકળે છે. *તેથી આ માર્ગમાં અવૈષ્ણવની સાથે સ્થિતિ કરવી નહિ* એવો ઉપદેશ શ્રીમદાચાર્યચરણે અત્રે કહ્યો છે. (૨૨૯)

આ રીતે દ્રવ્યવન્ત ભગવત્સેવકોએ ભગવદ્ભજનમાં બાધ કરે એવા સંસારના તથા લોકવ્યવહારાદિના કાર્યાન્તરમાં આસક્ત ન થતાં અવ્યાવૃત્ત થઈને નિષ્પ્રપંચ થઈને કેવી રીતે સદા ભગવદ્ભજન કરવું તેનો પ્રકાર કહ્યો.

*હવે જેઓ દ્રવ્યહીન છે અને જેમને પોતાના આજીવિકાને અર્થે વૃત્તિ-ધંધો કરીને વિત્તોપાર્જન કરવાની આવશ્યકતા છે તેવા અન્ય વૈષ્ણવોએ કેવે પ્રકારે સ્થિતિ કરવી તેનો ઉપદેશ શ્રીમદાચાર્યચરણ કરે છેઃ*

**સર્વથા વૃત્તિહીનશ્ચેદ્ એકં યામં હરૌ નયેત્ ।**
**પઠેચ્ચ નિયમં કૃત્વા શ્રીભાગવતમ્ આદરાત્ ।।૨૩૨ ।।**
**સર્વં સહેત પરુષં સર્વેષાં કૃષ્ણભાવનાત્।।**

**શબ્દાર્થઃ** જો ભગવદ્ભક્ત (આરૂઢ વૈષ્ણવ-ભક્તિમાર્ગીય જીવ) સર્વથા વૃત્તિથી-આજીવિકાદિથી રહિત હોય તો તેણે એક યામ જેટલો સમય ભગવત્સેવામાં વ્યતીત કરવો અને નિયમ કરીને તેણે શ્રીમદ્ભાગવતનો પાઠ આદરથી કરવો. સર્વકઠોર વચનો કૃષ્ણભાવથી સહન કરવા.(૨૩૦)

**વિવેચનઃ** જે આરૂઢ વૈષ્ણવ સર્વથા વૃત્તિથી રહિત હોય, જેને આજીવિકાનું સાધન ન હોય અને *જેને પોતાનો નિર્વાહ કરવાને માટે દ્રવ્ય કમાવાની આવશ્યકતા હોય તેણે (ઓછામાં ઓછો) એક યામ અર્થાત્ લગભગ ત્રણ કલાક જેટલો સમય તો હરિની સેવામાં અવશ્ય*

**सर्वथा वृत्तिहीनश्चेद् एकं यामं हरौ नयेत्।।**
**पठेच्च नियमं कृत्वा श्रीभागवतमादरात्।।२३२।।**

यामामात्रं भगवत्सेवां विधाय पश्चाद् अनिषिद्धेन उपायेन जीवनं सम्पादयेत्.

---

*વ્યતીત કરવો જોઈએ. બાકીના સમયમાં (જુઓ શ્રીપુરુષોત્તમજી કૃત વૃત્તિવાદ) અનિષિદ્ધ ઉપાયે જીવન સમ્પાદિત કરવું-આજીવિકા પ્રાપ્ત કરવી*. કારણ કે શ્રીમદ્ભાગવતમાં નારદજીએ સર્વની વૃત્તિઓ કથતા કહ્યું છે કેઃ* **''વૃત્તિઃ સંકરજાતીનાં તત્તત્કુલકૃતા ભવેત્, અચૌરાણામ્ અપાપાનામ્ અન્ત્યજાન્તેઽવસાયિનામ્''** (ભાગ.પુરા.૭।૧૧।૩૦) *''ચૌર અને પાપીના ધંધા વિનાની જે સંકર જાતિની તે-તે કુલવૃત્તિ હોય તે (નિષ્પાપ વૃત્તિથી) જ જીવનનો નિર્વાહ ચલાવવો. **અન્ત્યજે-રજકચમારાદિએ તથા અન્તેવસાયાદિ એટલે ચાંડાલાદિએ ચોરી-હિંસા વિનાની સ્વસ્વકુલક્રમથી પ્રાપ્ત થયેલી વૃત્તિ કરવી''.*

**''દેવો અસુરો મનુષ્યો વા યક્ષો ગન્ધર્વ એવ ચ, ભજન્ મુકુન્દચરણં સ્વસ્તિમાન્ સ્યાદ્ યથા વયમ્''** (ભાગ. ૭।૭।૬૦), **''સર્વેઽધિકારિણો હ્યત્ર વિષ્ણુભક્તૌ યથા નૃપ''**

---

* જેને પોતીકા જીવન નિર્વાહને માટે દ્રવ્યોપાર્જન કરવાની આવશ્યકતા છે તેનો આ પક્ષ કહ્યો છે. પરન્તુ જેઓ શ્રીમન્ત છે તેમણે તો પૈંર્વ (કા.૨૨૭માં) કહેલા પ્રકારે જ નિરન્તર અવ્યાવૃત્ત થઈને ભગવત્સેવા કરવી. અત્રોક્ત ૧.અવ્યાવૃત્ત ગૃહસ્થ ભગવદ્ભક્તનો તથા ૨.વ્યાવૃત્ત ભગવદ્ભક્તનો પક્ષ શ્રીમદાચાર્યચરણે 'ભક્તિવર્ધિની' નામના નિજ ષોડશગ્રન્થમાં ઉપદેશ્યો છે. **''બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ, અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ, વ્યાવૃત્તોઽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્ સદા''.** ભક્તિબીજ દઢ કરવાનો પ્રકાર તો એ છે કે ગૃહે સ્થિત થઈને અવ્યાવૃત્ત થઈને સ્વધર્મથી નિજ ભગવદ્ધર્મથી પૈંજા-સેવા તથા શ્રવણાદિ થી ભગવાન્ શ્રીકૃષ્ણને ભજવા. વ્યાવૃત્ત હોવા છતાં પણ ભગવાન્ શ્રીહરિમાં પોતીકું ચિત્ત પરોવાય તે અર્થે ભગવત્કથાશ્રવણાદિમાં ચિત્ત પરોવવા યત્ન કરવો. ૧.ભગવદ્વિરહી શ્રીહરિરાયજી અત્રોક્ત 'અવ્યાવૃત્ત' તથા 'વ્યાવૃત્ત' પક્ષ આ પ્રકારે સમજાવે છેઃ ''તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્'' (ભગ.ગીતા ૯।૨૨) નિરન્તર મારો ભક્તિયોગ કરનારા તે ભક્તોનો યોગક્ષેમ હું પોતે નિભાવું છું''. આ વાક્યમાં શ્રીભગવાને પોતે નિજભક્તોનું ભરણપોષણ કરવાની જે પ્રતિજ્ઞા કરી છે તે પ્રમાણે ભગવાન્ આપણા ગૃહસ્થાશ્રમનો નિર્વાહ કરાવે એટલા ધનાદિપદાર્થ તો અવશ્ય સમ્પાદિત કરી આપશે જ એવા દઢ વિશ્વાસથી જે ભક્ત દ્રવ્યોપાર્જન કરવાનો મિથ્યા અભિનિવેશ ત્યજીને નિરન્તર શ્રીકૃષ્ણને ભજે છે તેને 'અવ્યાવૃત્ત' સમજવો. પરન્તુ જીવપ્રકૃતિને વશ જેને આવો દઢ ભગવદ્વિશ્વાસ રહેતો નથી તે ભક્ત ભલે સેવાના અનવસરમાં અનિન્દ્ય વૃત્તિથી ઉદ્યમ કરીને પોતીકા જીવનનો નિર્વાહ કરે. પરન્તુ આવા વ્યાવૃત્ત ભક્તે પણ સદા ભગવત્કથાશ્રવણાદિમાં ચિત્ત પરોવવા યત્ન કરવો. ૨.અવ્યાવૃત્ત=સન્નિપાતરૂપ લોકવ્યવહારથી રહિત, વ્યાવૃત્ત=સંસારાસક્ત. ૩.વ્યાવૃત્ત=ભગવદ્ભજનવિરોધિ લૌકિકવૈદિકધર્મનો વ્યાસઙ્ગ જેને છે તે. તદ્રહિત=અવ્યાવૃત્ત.

** સ્મૃતિમાં રજક, ચર્મકાર, નટ, બુરુડ, કૈવર્ત, મેદ તથા ભિલ્લ આ ૭ અન્ત્યજો ગણાવ્યા છે. ચાણ્ડાલ-પુષ્કસ-માતઙ્ગાદિને અન્તેવસાયિ એટલે અન્તિમ જાતિમાં ગણાવ્યા છે. આ સર્વે પ્રતિલોમસઙ્કર જાતિઓ વસ્ત્ર ધોવા ઈત્યાદિ સ્વસ્વકુલક્રમાગતવૃત્તિ જે ચૌર્યહિંસાદિથી રહિત હોય તે કરવી. કુલક્રમાગતવૃત્તિ પણ જો ચૌર્યહિંસાદિકની હોય તો તે સર્વથા નિષિદ્ધ છે.

पारम्पर्यजीवनमपि निषिद्धं चेत् तदा त्यक्तव्यम्. ''**अचौराणाम् अपापानाम्**'' (भाग.पुरा.७।११।३०) इति वचनात्. जीविकायां चित्तं व्यापृतं पुनः भगवति योजनार्थम् उपायम् आह **पठेच्च नियमं कृत्वा** इति. अनेन अल्पबहिर्मुखतायामपि भागवतम् अनुसन्धेयम् इति उपायः कथितः।।२३२।।

---

(સ્કન્દપુરાણ), ''**કિરાતહૂણાન્ધ્રપુલિન્દપુલ્કસા આભીરકંકા યવનાઃ ખસાદયઃ, યેઽન્યે ચ પાપા યદુપાશ્રયાશ્રયાઃ શુધ્યન્તિ તસ્મૈ પ્રભવિષ્ણવે નમઃ**''(ભાગ.પુરા.૨।૪।૧૮).

ઈત્યાદિ શ્રીમદ્ભાગવતના તથા સ્કન્દપુરાણના વાક્યબલે જો કે ભગવદ્ભજનને વિષે દેવ, અસુર, મનુષ્ય, પશુ, પક્ષિ, સ્ત્રી, શૈંદ્ર, પુલ્કસ-ભિલ્લ, કિરાત, હૂણ, શબર, યવન ઈત્યાદિ ગમે તે કોઈ હીન, પાપી વા ઉત્તમ જાતિના +સર્વ કોઈ જીવનો અધિકાર છે તો પણ ''**આહારશુદ્ધૌસત્ત્વશુદ્ધિઃ**'' (છાન્દો.ઉપ.૭।૨૬।૨) ''આહાર શુદ્ધ હોય તો સત્ત્વશુદ્ધિ થાય છે'' એ શ્રુતિ પ્રમાણે આહારની શુદ્ધિને અર્થે પોતીકી શુદ્ધ વા અનિષિદ્ધ વૃત્તિથી-આજીવિકાથી જે કંઈ અન્ન સમ્પાદિત થાય તે વડે જીવનનો નિર્વાહ કરવો. સ્વવૃત્તિ-આજીવિકા કરીને અન્ન સમ્પાદન કરવું આવશ્યક હોવાથી વૃત્તિ પણ સંકુચિત કરવી. અર્થાત્ નિષિદ્ધ જીવનોપાયથી તેણે દૈંર રહેવું.

*એ રીતે વૃત્ત્યર્થે જીવનના ઉપાય સિદ્ધ કરવા જતાં ચિત્ત જો ભગવદ્વિમુખ થાય તો આજીવિકામાં વ્યાકુલ થયેલા ચિત્તને પુનઃ ભગવાન્માં પરોવવાનો ઉપાય શ્રીમદાચાર્યચરણે કહ્યો છે કે* ***પઠેચ્ચ નિયમં કૃત્વા.*** *નિયમ કરીને ભગવદ્ભક્તોએ આદરથી શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો પાઠ અવશ્ય કરવો, આથી જો જીવને સ્વલ્પ પણ બહિર્મુખતા પ્રાપ્ત થાય તો પણ તેણે શ્રીમદ્ભાગવતશાસ્ત્રનું અનુસન્ધાન અવશ્ય કરવું એમ ઉપાય કહ્યો છે.* કારણ કે તેથી ચિત્ત સત્ત્વર ભગવાન્ શ્રીકૃષ્ણને વિષે પરોવાય છે. *આ ભજન આન્તર છે, મુખ્ય છે. જેમ બહિર્ભજનમાં પ્રતિબન્ધ કરનારા (સ્ત્રીપુત્રાદિ) નો સર્વથા પરિત્યાગ કરવાનું કહ્યું છે. તેમ *આન્તરભજન કરવામાં પણ જે પ્રતિબન્ધ કરે છે તેનો પણ સર્વ પ્રકારે ત્યાગ કરાવવાને શ્રીમદાચાર્યચરણ ઉપદેશ કરે છે કે* ***સર્વં સહેત.*** *ભગવાન્ શ્રીકૃષ્ણની બહિઃપૂજા-ભગવત્સેવા સિદ્ધ થવાને ભાર્યા તથા પુત્રાદિકને અવ્યાકુલ કરવા જોઈએ તેમ ભગવાન્ શ્રીકૃષ્ણના આન્તરભજન-ભગવત્કથાના શ્રવણાપાઠાદિ સિદ્ધ થવાને અર્થે*

---

+ભાગવતમાર્ગ-ભગવન્માર્ગ સર્વોદ્ધારક છે એ વિષે આ શ્લોક ઉપરાન્ત સ્મૃતિપુરાણાદિના અનેક પ્રમાણવાક્ય છે. ભાગ. ૨।૬।૪૬; ભાગ. ૭।૭।૫.।૫૪.*આન્તરભજન-શ્રીમદ્ભાગવતનો પાઠ તથા ભગવત્કથાનાં શ્રવણમનનાદિ. સ્વપિતા દક્ષના ગૃહે થતા યજ્ઞ પ્રતિ ગમન કરવાની પ્રાર્થના સતીએ કરી તે પ્રસંગે પિતૃગૃહે ગમનનું નિવારણ કરતાં રુદ્રે આ શ્લોક કહ્યો છેઃ ''**તથારિભિઃ ન વ્યથતે શિલીમુખૈઃ શેતેઽર્દિતાઙ્ગો હૃદયેન દૂયતા, સ્વાનાં યથા વક્રધિયાં દુરુક્તિભિઃ દિવાનિશં તપ્યતિ મર્મતાડિતઃ**'' ભાગવતપાઠાદિ આન્તર ભજનથી નિષ્ઠુરવાબાણ ચિત્તોદ્વિગાદિ ટળે છે.

एतद् भजनम् आन्तरं मुख्यम्. तत्र यथा बहिर्भजने प्रतिकूलपरित्यागः तथा आन्तरभजनेऽपि प्रतिकूलपरित्यागम् आह **सर्वं सहेत** इति.

**सर्वं सहेत परुषं सर्वेषां कृष्णभावनात्।।**

यथा गृहम् अव्याकुलं बहिःपूजायां कर्तव्यं तथैव हृदयम् अव्याकुलं विधेयम्. ''**तथाऽरिभिर्न व्यथते शिलीमुखैः**'' (भाग.पुरा.४।३।१९) इति वाक्याद् दुष्टानां वचनेन

---

*હૃદયને અવ્યાકુલ કરવું જોઈએ. ''**તથારિભિઃ ન વ્યથતે શિલીમુખૈઃ**'' (ભાગ.પુરા. ૪/૪/૩/૧૯) ''કુટિલબુદ્ધિવાલા સ્વજનોના કઠોરવચનથી જેવું હૃદય વીંધાય છે તેવું શત્રુના બાણોથી પણ વીંધાતુ નથી. આ શત્રુના બાણોથી અત્યન્ત પીડાયેલો પુરુષ સ્વલ્પકાલ પીડા પામી વીર શય્યામાં શયન કરે છે પરન્તુ કુટુમ્બીઓના દુષ્ટ વાગ્બાણોથી મર્મ ભેદાઈને જીવને અહર્નિશ સન્તાપ છે'' એ ભાગવત વાક્ય પ્રમાણે દુષ્ટ લોકોના કઠોરવચનરૂપ બાણો હૃદયને એવું તો આકુળ-વ્યાકુળ કરી દે છે કે તેથી ભગવાન્ શ્રીકૃષ્ણનું આન્તરભજન થઈ શકતું નથી પરન્તુ ચિત્તને ક્ષોભ થાય છે.* આમ શત્રુના બાણ કરતાં પણ અધિક વ્યથા તથા ક્ષોભ કરે એવાં દુષ્ટ જીવોનાં પરુષ-કઠોર વચનોથી ચિત્તને ક્ષોભ થવા દેવો નહિ, પરન્તુ *તેમના વચનોને સ્વહિત કરનારા સમજવા. જો તેમનાં તે અતિનિષ્ઠુર દુષ્ટવચનો અત્યન્ત વિરુદ્ધ હોય તો શ્રીમદાચાર્યચરણ પ્રકારભેદે તે નિષ્ઠુરવચનો સહન કરવાની યુક્તિ કહે છે કે **કૃષ્ણભાવનાદ્.** એવા નિષ્ઠુર વચનોને ઉચ્ચારનારા લોકોને વિષે કૃષ્ણભાવના કરીને એમના એ સર્વે નિષ્ઠુર-કઠોર વચનો પણ સહન કરી લેવાં. અર્થાત્ એમના દ્વારા શ્રીકૃષ્ણ ભગવાન્ પોતે જ આપણને ઉપદેશ કરે છે કે આપણે ભગવાન્ શ્રીકૃષ્ણથી ''બહિર્મુખ થઈને સ્થિતિ ન જ કરવી''.* એમ પ્રકારભેદથી પણ એ અતિનિષ્ઠુર વચનોને પણ હિતકારી સમજી ભગવત્સેવકે ધૈર્યથી મર્મભેદી દુષ્ટ વચનો સહન કરી લેવાં, અને ભગવાન્‌ને વિષે પોતીકું ચિત્ત પરોવવું. (૨૩૦)

આ પ્રકારે જીવિકાદિ વ્યાવૃત્તિમાં વ્યાકુલ થયેલા ચિત્તને પુનઃ ભગવાન્‌માં યોજવા ભગવદ્ભક્તે અવશ્ય શ્રીમદ્ભાગવતનો પાઠ નિયમપૈર્વક કરવો તથા એક યામ જેટલો સમય તેણે પ્રતિદિન હરિસેવામાં અવશ્ય વિનિયોજવો. શ્રીયમુનાષ્ટકાદિ સ્તોત્રનો પાઠ કરવો, કારણ કે તે પણ શ્રીમદ્ભાગવતના પાઠનો જ સહકારિ છે. તેથી સ્વલ્પ પણ બહિર્મુખ થવાય તો વૈષ્ણવે અવશ્ય શ્રીમદ્ભાગવતનો પાઠ કરવો. શ્રીમદ્ભાગવતનો પાઠ બહિર્મુખતા દૈંર કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે. ભગવત્સેવા તથા ભગવત્કથા એ ઉઉભય સિદ્ધ થાય એમ ભગવત્સેવકે વર્તવું. આ સિદ્ધ થવા માટે હવે ભગવત્તોષક ઉપાય કહે છે. કારણ કે ભગવાન્ જો અપ્રસન્ન થયા તો પછી કંઈ પણ સિદ્ધ થતું નથી. તેથી ''**દયયા સર્વભૂતેષુ સન્તુષ્ટ્યા યેનકેનચિત્, સર્વેન્દ્રિયોપશાન્ત્યા ચ તુષ્યત્યાશુ જનાર્દનઃ**'' (ભાગ.પુરા.૪।૩૧।૧૯) સર્વ ભૈંતોને-પ્રાણીઓને વિષે દયા રાખવાથી, જે કંઈ પ્રાપ્ત થાય તેનાથી સન્તોષ રાખ્યાથી તથા સર્વેન્દ્રિયોને શમાવી દેવાથી

क्षोभो भवति. तत्र तानि वचनानि हितत्वेन ग्राह्याणि. अत्यन्तं विरुद्धानि चेत् प्रकारभेदेन. तत्र उपपत्तिम् आह **कृष्णभावनाद्** इति. कृष्णएव अस्मान् उपदिशति ''बहिर्मुखतया न स्थातव्यम्'' इति अर्थः. उत्तमगुरुद्वयशिक्षा अनुसन्धेया इति आह **वैराग्यम्** इति

---

અવિદ્યાનો નાશ કરનારા જનાર્દન ભગવાન્ સત્વર પ્રસન્ન થાય છે'' આ વાક્ય પ્રમાણે હવે શ્રીમદાચાર્યચરણ ભગવત્તોષક અર્થાત્ ભગવાન્‌ને સન્તુષ્ટ કરવાનો ઉપાય કહે છે :

**વૈરાગ્યં પરિતોષં ચ સર્વથા ન પરિત્યજેત્ ।**
**એતદ્ દેહાવસાને તુ કૃતાર્થઃ સ્યાત્ ન સંશયઃ।।૨૩૩।।**
**ઇતિ નિશ્ચિત્ય મનસા કૃષ્ણં પરિચરેત્ સદા ।**
**સર્વાપેક્ષાં પરિત્યજ્ય દઢં કૃત્વા મનઃ સ્થિરમ્।।૨૩૪।।**
**દઢવિશ્વાસતો યુક્ત્યા યથા સિદ્ધ્યેત્ તથા આચરેત્ ।**
**વૃથાલાપક્રિયાધ્યાનં સર્વથૈવ પરિત્યજેત્।।૨૩૫।।**

**શબ્દાર્થ :** વૈરાગ્યનો તથા સન્તોષનો સર્વથા પરિત્યાગ કરવો નહિ. ''આ દેહના અવસાન સમયે તો અવશ્ય કૃત્તાર્થ થવાશે એમાં સંશય નથી'' આવો નિશ્ચય મનથી કરી, સર્વ અપેક્ષાનો પરિત્યાગ કરી, મનને દઢ તથા સ્થિર કરી ભગવાન્‌થી કૃષ્ણની સદા પરિચર્યા કરવી. યુક્તિથી દઢવિશ્વાસથી જે પ્રકારે ભગવત્સેવા સિદ્ધ થાય તેમ વૈષ્ણવે આચરણ કરવું. ભગવત્સેવકે મિથ્યા વાર્ત્તા, ક્રિયા તથા ધ્યાનનો સર્વથા જ પરિત્યાગ કરવો જોઈએ.(૨૩૧-૩૩)

**વિવેચન :** *શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કન્ધમાં કપોત તથા પિંગલા આ બે ઉત્તમ ગુરુઓની શિક્ષા કહી છે, તેનું અત્ર અનુસન્ધાન કરવું.* ***વૈરાગ્યમ્.*** જેમ કુટુમ્બમાં આસક્તિ રાખવાથી કબુતર મૃત્યુવશ થયો, તેમ ભગવદ્ભક્ત પણ કુટુમ્બમાં આસક્ત થવાથી તેવી દશાને પ્રાપ્ત ન થાય તેથી તેણે કુટુમ્બાસક્તિ દૈંર કરવા વૈરાગ્ય અવશ્ય રાખવો. 'પિંગલા' નામની વેશ્યા કાન્તવિષયક સર્વ આશાનો પરિત્યાગ કરી, ધનની પણ ઇચ્છા ન રાખી, ભગવદિચ્છાથી જે કંઈ પ્રાપ્ત થાય તેનાથી નિર્વાહ ચલાવી સન્તુષ્ટ થઈ, ભગવાન્‌ને વિષે ચિત્ત રાખતી હતી. તે જ રીતે ભગવદ્ભક્તે પણ ભગવદિચ્છાથી જે કંઈ પ્રાપ્ત થાય તેનાથી નિર્વાહ ચલાવી, સન્તુષ્ટ થઈ, ભગવાનમાં ચિત્ત રાખવું, પરન્તુ ચિત્તને આકુલ-વ્યાકુલ થવા દેવું નહિ. એ રીતે વૈરાગ્ય અને સન્તોષથી બહિર્મુખતા દૈંર થાય છે. કપોત અને પિંગલા નું દષ્ટાન્ત ઉત્તમ ગુરુ તરીકે સ્વીકારવું જોઈએ, કારણ કે તેઓ વૈરાગ્ય અને સન્તોષ સાથે ભગવન્નિષ્ઠાનો ઉપદેશ કરે છે. **''મધુકાર-મહાસર્પૌ લોકે અસ્મિન્ નો ગુરૂત્તમૌ, વૈરાગ્યં પરિતોષં ચ પ્રાપ્તા યત્ શિક્ષયા વયમ્''** (ભાગ. પુરા.૭।૧૩।૩૫) ''જેમની શિક્ષાથી અમે વૈરાગ્ય અને પરિતોષને પ્રાપ્ત થયા તે મધુકર તથા મહાસર્પ આ લોકમાં અમારા ઉત્તમ ગુરુઓ છે'' એમ સપ્તસ્કન્ધમાં કહ્યું છે. તત્ર મધમાખ ધનથી જ વૈરાગ્યનો અને સર્પ માત્ર સન્તોષનો જ ઉપદેશ કરે છે, પરન્તુ તેમનું ચિત્ત ભગવાન્‌માં નથી તેથી તેઓ ભગવચ્ચિત્તતાનો-ભગવનિષ્ઠાનો બોધ કરતા નથી. તેથી અત્ર

**वैराग्यं परितोषं च सर्वथा न परित्यजेत्।।२३३।।**

एवं सहने हेतुभूतं विचारम् आह **एतद्** इति.

**एतद् देहावसाने तु कृतार्थः स्यान् न संशयः।।**
**इति निश्चित्य मनसा कृष्णं परिचरेत् सदा।।२३४।।**

---

મધમાખ અને સર્પ ને ગુરુતરીકે ન સ્વીકારતાં શ્રીપુરુષોત્તમજીએ એકાદસ્કન્ધમાં અવધૈતગીતામાં કહેલા પૈર્વોક્ત કપોત તથા પિંગલાને જ ગુરુ તરીકે સ્વીકાર્યા છે. પરન્તુ ઉભયમધ્યે જે ઉચિત હોય તેનો અથવા અધિકાર પ્રમાણે ઉભય પ્રકારના દૃષ્ટાન્ત સ્વીકારવા અને ઉભયને ગુરુગણવા એ પક્ષ પણ પોતે દર્શાવ્યો છે.

આ પ્રકારે વૈરાગ્ય તથા પરિતોષ થી સર્વ સિદ્ધ થાય છે તેથી મૈંલકારિકામાં કહ્યું છે **સર્વથા**. વૈરાગ્ય તથા પરિતોષ નો **સર્વથા** ત્યાગ કરવો નહિ. દુષ્ટ કટુવચનોથી જે દુઃખ થાય તે સહન કરવું અશક્ય નથી. *દુઃખ સહન કરાવે એવો હેતુભૂત વિચાર કહે છે* ***એતદ્.*** *''આ દેહના અવસાન સમયે તો *અવશ્ય-સન્દેહ વિના કૃતાર્થ થવાશે જ એવા મનના દઢનિશ્ચય પૂર્વક ભગવાન્ શ્રીકૃષ્ણની સદા સેવા જ કરવી''. જેમ ભૃતક-પૈસાથી રોજ ભરનારો સેવક ''કાર્ય સમાપ્ત થયે રોજી મળવારૂપી ફલ પ્રાપ્ત થશે'' એવા વિચારથી (પોતીકા રોજનો) સમય-કાલ ક્યારે સમાપ્ત થાય એમ રાહ જુએ છે તેમ ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા કર્યાથી આ દેહના અવસાન સમયે તો અવશ્ય કૃતાર્થ થવાશે જ એમ નિશ્ચયપૂર્વક સમજી, ભગવદ્ભક્તે યથાશક્તિ ભગવાન્નું આન્તર્ભજન તથા બહિર્ભજન કરીને સદા ભગવત્સેવા કરતા-કરતા દેહનાં અન્તકાલનો વિચાર કરવો.*

જેમકે **''કાલં પ્રતીક્ષન્ વિમદો વિમત્સરઃ''**(ભાગ.પુરા.૧।૬।૨૬) ઇત્યાદિ વાક્યમાં કહ્યું છે કે નારદજી સન્તુષ્ટ મનથી ભૈંમિપર્યટન કરીને નિઃસ્પૃહ થઈ અનન્ત એવા શ્રીભગવાન્ના નામો નિર્લજ્જથઈને જપતા, ભગવાન્ના મંગલ તથા ગુહ્ય એવા લીલાચરિત્રોનું સ્મરણ કરતા અને આ રીતે ગર્વ તથા મત્સર દોષથી રહિત થઈને પોતાના અન્તકાલની રાહ જોતા. આ પ્રકારે મૃત્યુકાલની રાહ જોવાથી ભગવદ્ભક્તને લાભ એ છે કે શરીરરક્ષાદિના સાધનનો અભાવ હોય કે બાધક પ્રતિબન્ધક હોય તો પણ અન્તઃકરણમાં ક્લેશ થતો નથી. ''આ દેહના અન્તે તો અવશ્ય કૃતાર્થ થવાશે જ'' એમ નિશ્ચય કરી યથાસમ્ભવ ભગવત્સેવા જ કરવી એવો આ ઉપદેશ હીન તથા મધ્યમ અધિકારી માટે છે. આ પ્રકારે અન્તકાલનો વિચાર કર્યાથી વૈરાગ્ય તથા સન્તોષ રહે છે તથા સામા મનુષ્યના મર્મભેદક દુષ્ટ કઠોર વચનો સહન કરવાથી જે કંઈ દુઃખ થાય છે તે તો અવશ્ય દૈંર થાય છે જ. તથાપિ જે ઉત્તમ અધિકારી હોય છે તેને તો ભગવત્સેવા પોતે જ સ્વતઃપુરુષાર્થરૂપ છે તેથી તેને ઉપર કહ્યો તેવો ફલનો વિચાર થતો નથી.

---

**''યસ્ય સ્યાદદ્ધા ચ વિચિકિસાઽસ્તિ''** (છાં. ઉપ. ૩।૧૪।૪) **''અજ્ઞાચાશ્રદધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ''** (ભગ.ગીતા ૪।૪૦) આ શ્રુતિસ્મૃતિનાં વચનો અશ્રદ્ધાવાન્ સંશયાત્મનો વિનાશ કથે છે તેથી ''ભગવત્સેવા કર્યાથી આ દેહના અન્તે અવશ્ય કૃતાર્થ થવાશે જ એ સિદ્ધાન્ત વિષે સંશય કરવો નહિ.

भृतकः समयमिव देहावसानमेव विचिन्तयेत्. एकापि परिचर्या सकृत् कृता परमपुरुषार्थदा इति. परं विद्यमानदेहस्य निष्कृत्यर्थं **सदा परिचरेत्**।।२३४।।

ननु क्व देशे, कथं वा परिचरेद्? इति आकाङ्क्षायाम् आह **सर्वापेक्षाम्** इति.

**सर्वापेक्षां परित्यज्य दृढं कृत्वा मनः स्थिरम् ।।**
**दृढविश्वासतो युक्त्या यथा सिद्ध्येत् तथाचरेत् ।।**
**वृथालाप–क्रिया–ध्यानं सर्वथैव परित्यजेत्।।२३५।।**

---

**શંકા :** ''નિરન્તર ભગવત્સેવા કરવી અશક્ય છે, તેથી કૃતાર્થતા થશે નહિ'' એવી શંકા પણ ન કરવી, કારણ કે શ્રીમદાચાર્યચરણ આશ્વાસન આપી રહ્યા છે કે એક પણ *શ્રીપ્રભુની સેવા જો એક સમય પણ કરવામાં આવે તો તે ભગવત્સેવા પરમ પુરુષાર્થનું દાન કરે છે. તથાપિ ધારણ કરેલા દેહની શુદ્ધિને અર્થે કે ભક્તદેહની પ્રતિપત્તિને અર્થે સદા ભગવાન્ શ્રીકૃષ્ણની પરિચર્યા કરવી* એમ આચાર્યશ્રીએ હિતપ્રદ ઉપદેશ કર્યો છે.*

**શંકા :** ''ભગવત્સેવામાં દેશ, ગૃહ, સેવક, દ્રવ્ય, પાત્રો ઇત્યાદિની અપેક્ષા હોવાથી, જેમ સાધન વિના ધર્મ સિદ્ધ થાય નહિ તેમ સેવામાં આપેક્ષિત એવા ગૃહ, સેવક, દ્રવ્ય તથા પાત્રાદિ વિના ભગવત્સેવા સિદ્ધ થાય નહિ. તેથી *ક્યા દેશમાં-ગ્રામમાં, ગૃહમાં, વનમાં કે દેવાલયમાં સેવા કરવી? કેવે પ્રકારે સેવા કરવી?* ગૃહ સેવકે પાત્રાદિ સમ્પાદિત કરીને કે સમ્પાદિત કર્યા વિના કે ગમે તે પ્રકારે ભગવત્સેવા કરવી?'' *આ આકાંક્ષા થાય તો તેનું સમાધાન કરવા શ્રીમદાચાર્યચરણ કહે છે કે* ***સર્વાપેક્ષાં પરિત્યજ્ય.*** ગૃહ, સેવક, તથા દ્રવ્યાદિક સર્વ સાધનાદિની અપેક્ષાનો પરિત્યાગ કરીને ભગવદર્થે મનને દઢ તથા સ્થિર કરી દઢ વિશ્વાસથી તથા યુક્તિથી જે પ્રકારે ભગવાન્‌ને વિષે બહિર્મુખતા પ્રાપ્ત ન થાય તે પ્રકારે જ ભગવત્સેવા કરવી. ***''સાપેક્ષમ્ અસમર્થં ભવતિ''*** *(મહાભાષ્ય ૨/૧/૬૯) ''જે અન્યની અપેક્ષા કરતો હોય તે અસમર્થ થાય છે'' આ ન્યાય અત્ર ઘટે છે.* તેથી વૈષ્ણવે સર્વાપેક્ષાનો પરિત્યાગ કરી ભગવત્સેવા કરવી. *અર્થાત્ જે સમયે જે સેવોપયોગિ પદાર્થ ભગવદિચ્છાથી પ્રાપ્ત થઈ જાય*

---

* **''વૈધોપયોગોર્વરિતસ્ય ભૂયો વૈધોપયોગઃ પ્રતિપત્તિઃ''** 'વૈધ'=ઉપયોગમાં લેવાનો પદાર્થ હોય તેવા 'અવશિષ્ટ'=વૈધમાંથી બચેલા પદાર્થને આપણા ઉપયોગમાં ન લેતાં તેનો પુનઃ વિધિસમ્બન્ધિ ઉપયોગ કરાવવો તેને 'પ્રતિપત્તિ' કહે છે. જેમકે **''અગ્નય ઈદં ન મમ''** આ ધૃતાદિ દ્રવ્ય અગ્નિને અર્થે છે તેમ આ દેહ ભગવત્સેવાર્થે છે, મારે અર્થે નથી એવો વિચાર કરી ભગવદ્ભક્તે ભગવત્સેવા કરી આ દેહ કૃતાર્થ કરવો. જેમ જ્ઞાની પોતાના દેહની પ્રતિપ્રત્તિને અર્થે એકદંડાદિ ધર્મનું આચરણ કરે છે. તેમ ભગવદ્ભક્તે પણ પોતાના દેહની પ્રતિપ્રત્તિ વા સાર્થકતા કરવાને અર્થે અવશ્ય ભગવત્સેવા કરવી જોઈએ. જો ભગવત્સેવા નિત્ય કરવામાં આવે નહિ તો ભગવદ્ભક્તને લૌકિકમાં આસક્તિ થવારૂપી બન્ધ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ભગવત્સેવાનો કદાપિ ભંગ થાય નહિ, તેમ જ અન્યભાવનાબલે સેવા કુંઠિત થાય નહિ એવા ઉદ્દેશથી શ્રીમદાચાર્યચરણે મૈંલકારિકામાં **'સદા'** પદ યોજી ''ભગવદ્ભક્તે સદા કૃષ્ણસેવા કરવી'' એવો બોધ કર્યો છે.

सापेक्षम् असमर्थं भवतीति मूलं भगवदर्थे स्थापयित्वा साधनाभावाद् वैकल्यं जातमपि निवार्य चित्तं भगवत्येव स्थिरीकृत्य यथा पुत्रः पितरि मातरि वा विश्वासं करोति तथा दृढविश्वासो लौकिकयुक्त्या यथैव पूजा सिद्ध्यति तथैव कर्तव्यमिति लौकिकयुक्तिरेव

---

*તેમનાથી ભગવત્સેવા કરવી. જો ભગવત્સેવાર્થે ઉપયુક્ત સેવક-દ્રવ્યાદિ પ્રાપ્ત થઈ જાય તો ભલે, પરન્તુ જો તે ન પ્રાપ્ત થાય તો તેમને અર્થે કલેશ કરી ચિત્તને આકુલ-વ્યાકુલ ન થવા દેવું. તેમને સાપેક્ષ થઈ ભગવત્સેવકે પોતે અસમર્થ થવું નહિ. યદચ્છાથી પ્રાપ્ત થયેલા પદાર્થનો ભગવત્સેવામાં વિનિયોગ કરી ભગવાન્‌ને વિષે ચિત્ત સ્થિર કરવું.*

(વર્તમાન સમયમાં, વિશ્વ ભરમાં, શ્રીઠાકોરજીના ભોગ-રાગ-શૃંગાર માટે હવેલીઓમાં લાવ-લાવના પોકારો થઈ રહ્યા છે ત્યારે શ્રીવલ્લભના વંશજોએ, અધિકારી-ટ્રસ્ટીઓએ તથા અનુયાયી વૈષ્ણવોએ શ્રીવલ્લભાચાર્યચરણોની -*''યદચ્છાથી પ્રાપ્ત થયેલા પદાર્થનો ભગવત્સેવામાં વિનિયોગ કરી ભગવાન્‌ને વિષે ચિત્ત સ્થિર કરવું''* -આ આજ્ઞાને સમજવા-વિચારવાની ખાસ જરૂર છે).

અત્ર આ આશય છે : **''મય્યર્પણં ચ મનસઃ સર્વકામવિવર્જનમ્''** (ભાગ.પુરા. ૧૧।૧૯।૨૨) ભગવત્સેવકે મારે અર્થે અંગચેષ્ટા કરવી, વાણીથી મારા ગુણાનુવાદ કરવા તથા સર્વકામનો ત્યાગ કરી મારામાં મન અર્પણ કરવું'' આ વાક્યમાં ભગવાને ''ભક્તોએ સર્વાપેક્ષાનો પરિત્યાગ કરવો'' એમ ઉપદેશ કર્યો છે. તેથી પ્રથમ જે મન સાધનની અપેક્ષા ઉત્પન્ન કરે છે તથા જે મનને ફલની અપેક્ષા થાય છે, તે મૈંલ કારણભૈંત મનને જ ભગવદર્થે ભગવત્કામનામાં જ સ્થાપિત કરવું-નિરુદ્ધ કરવું. સાધનનો અભાવ હોવાથી બહિ:સેવામાં ચિત્તની વિકલતા-અસ્વસ્થતા ઉત્પન્ન થાય તો પણ તેને નિવૃત્ત કરી ભગવત્સેવકે એક ભગવાન્‌ને વિષે જ ચિત્તને સ્થિર કરવું.

*ભગવત્સેવાર્થે સાધનના અભાવથી થતી જે ચિત્તની વિકલતા છે તે સહનશીલતાના દઢ અભ્યાસથી દૂર થઈ શકે છે. જેમ માતા-પિતા બાળકનું અહિત કરતા નથી પરન્તુ સદા તેનું હિત જ કરે છે, તેમ ''ભગવાન્ પણ મારું સદા હિત જ કરશે'' એવો દઢ વિશ્વાસ ભગવાન્ શ્રીકૃષ્ણમાં રાખી લૌકિકયુક્તિથી જે પ્રકારે બહિર્મુખતા ન થાય તે પ્રકારે ઉપાયચાતુર્યથી ભગવત્સેવા જે પ્રકારે સિદ્ધ થાય તે પ્રકારે ભગવત્સેવકે આચરણ કરવું.* ભગવાન્‌થી બહિર્મુખ ન થવાય અને ભગવાન્‌ને વિષે દઢવિશ્વાસપૈંર્વક ભગવત્સેવા સદા થઈ શકે એવા પ્રકારનું *ચાતુર્ય-કર્મકૌશલ્ય ભગવત્સેવકે લોકમાં વાપરવું જોઈએ.

---

* જેમ સાભિલાષ સ્ત્રીને કામના હોય તો તેના તરફ ૠતુકાલે પ્રવૃત્તિ કરવી એ શાસ્ત્રાનુસાર છે, કામાનુસાર નથી, તેમ ભગવત્સેવાર્થે શાસ્ત્રાનુસાર લૌકિકોપાય કરવામાં બાધ નથી. તે પ્રવૃત્તિ સ્વભાવતઃ સકામ નથી, પરન્તુ શાસ્ત્રસિદ્ધ છે. **''યોગઃ કર્મસુ કૌશલમ્''** (ભગ.ગીતા ૨।૫૦) એ વાક્યમાં ભગવાને લોકમાં કર્મ કરવા અને કર્મથી બંધાવું નહિ એ પ્રકારનું યોગથી કર્મકૌશલ્ય ઉપદેશ્યું છે. એ પ્રકારે ભગવદ્‌ભક્ત જો ભગવત્સેવાર્થે આવશ્યક કર્મપ્રવૃત્તિ કરે તો એ કર્મ એને બન્ધક થતું નથી, બાહિર્મુખ્ય ઉત્પન્ન કરતું નથી.

उपदिष्टा. तद्युक्तिसिद्ध्यर्थं वृथालापादिकं प्राप्तं निषेधति **वृथालाप** इति. कायवाङ्ममनसां स्वभावतः प्रवृत्तां क्रियां त्यजेत्।।२३५।।

**यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः।।**
**येन स्यान् निर्वृतिश्चित्ते तत् कृष्णे साधयेद् ध्रुवम्।।२३६।।**

**શંકા :** ''લૌકિક યુક્તિ ચાતુરી પ્રમાણે આચરણ કર્યાથી બહિર્મુખતા પ્રાપ્ત થયા વિના રહેશે નહિ'' એ શંકાનું સમાધાન કરવા અત્ર *બાહિર્મુખ્ય પ્રાપ્ત ન કરાવે એવી લૌકિકી યુક્તિનો ઉપદેશ શ્રીમદાચાર્યચરણે કર્યો છે :* ***વૃથાલાપ****. મિથ્યા વાર્તાલાપ, ક્રિયા તથા ધ્યાન જે લોકમાં પ્રાપ્ત થાય છે તેનો વૈષ્ણવે સર્વથા ત્યાગ કરવો જ જોઈએ.* ભગવત્સેવા જે પ્રકારે આધિદૈવિકી થાય અને તેમાં ચિત્તની એકાગ્રતા થવા જે પ્રકારે બહિર્મુખતા પ્રાપ્ત ન થાય તેમ ભગવત્સેવકે વર્તવું -એમ ભાવાર્થ છે. ''લૌકિક ઉપાય તથા ચાતુરી કરવામાં બાહિર્મુખ્યનો અવસર પ્રાપ્ત જ છે'' એ શંકાનું સમાધાન આચાર્યશ્રી આ પ્રકારે કરે છે : ***''ભગવદ્ભક્તે કાય, મન તથા વાણીની જે સ્વાભાવિક સકામ ક્રિયાપ્રવૃત્તિ થાય છે તે અટકાવવી*** પરન્તુ ભગવત્સેવાને અર્થે શાસ્ત્ર પ્રમાણે જે પ્રવૃત્તિ કરવી આવશ્યક હોય તે પ્રવૃત્તિ તો તેણે કર્મકુશલતાથી કરવી. અર્થાત્ ભગવત્સેવાર્થે તે પ્રવૃત્તિ કરીને તેને બન્ધક થતી અટકાવવી. તેટલું માત્ર કર્યાથી તે જીવને ભગવાન્થી બહિર્મુખતા પ્રાપ્ત થતી નથી. (૨૩૧-૩૨)

**શંકા :** ''ભગવાન્ને જે-જે પદાર્થ સમર્પવાનો હોય તે-તે પદાર્થ ઉત્તમ હોઈને જ સમર્પાય છે. તેથી ઉત્તમ પદાર્થ પ્રાપ્ત કરવા લોકોનું મન અધિક રંજન કરવું પડે. આ પ્રકારે લૌકિક ચાતુર્યની આવશ્યકતા રહે તો તેથી પુનઃ બહિર્મુખતા અવશ્ય પ્રાપ્ત થવાની તથા કલેશ પણ અવશ્ય થવાનો જ!'' આ શંકાનું સમાધાન કરવા આચાર્યશ્રી કહે છે : *ભગવત્સેવામાં પણ ક્લિષ્ટ વસ્તુનું સમર્પણ કરવું નહિ.* કારણ કે ક્લિષ્ટ પદાર્થનો અંગીકાર પ્રભુ કરતા નથી. તેથી જેમાં કલેશ ન થાય એવા સન્માર્ગે પ્રાપ્ત કરેલા દ્રવ્યાદિને ભગવત્સમર્પિત કરવા. અન્યાયે કરીને તથા કલેશ પૈર્વક પ્રાપ્ત થયલા પદાર્થો ભગવાન્ શ્રીકૃષ્ણપ્રભુને ધરાવવા નહિ. આ પ્રકારે સન્માર્ગે સેવોપયોગિ પદાર્થોનું ઉપાર્જન કર્યાથી બહિર્મુખતા પણ પ્રાપ્ત થશે નહિ. *કિલષ્ટ પદાર્થ ત્રણ પ્રકારના છે : ૧.લોકકિલષ્ટ ૨.આત્મકિલષ્ટ તથા ૩.ચિત્તકિલષ્ટ.* આ ત્રિવિધ કિલષ્ટ પદાર્થથી ભિન્ન એવા અકિલષ્ટ પદાર્થોનું નિરૂપણ હવે આચાર્યશ્રી નિમ્નોક્ત કારિકામાં કરે છે :

***યદ્-યદ્ ઇષ્ટતમં લોકે યચ્ચાતિપ્રિયમાત્મનઃ।**
**યેન સ્યાત્ નિર્વૃતિઃ ચિતે તત્ કૃષ્ણે સાધયેદ્ ધ્રુવમ્।।૨૩૬।।**

**શબ્દાર્થ :** લોકમાં જે-જે પદાર્થો અત્યન્ત ઇષ્ટ (સર્વોત્કૃષ્ટ મનાતા) હોય, જે પદાર્થો આત્માને

*આ ૨૩૭મી કારિકાના ઉપન્યાસ માટે સરખાવો (ભાગ.પુરા.૧૧।૧૧।૪૧) **''યદ્-યદ્ ઇષ્ટતમં લોકે યચ્ચાપિ પ્રિયમાત્મનઃ, તત્-તત્ નિવેદયેત્ મહ્યં તદ્ આનન્ત્યાય કલ્પતે''.**

भगवत्सेवायामपि क्लिष्टं न समर्पयेत्. तत् क्लिष्टं त्रिविधं १.लोकक्लिष्टं २.आत्मक्लिष्टं ३.चित्तक्लिष्टं च इति. अतो अक्लिष्टं निरूप्यते. लोके यद्-यदिष्टतमम् आम्र-द्राक्षादि आत्मनः अत्यन्तं प्रियं दुग्धादि, सन्मार्गोपार्जितं, न अन्येषां भागरूपम्, चिरकालमनोरथचिन्तितम्, अतःकरणप्रियम्. तेनैव चित्तनिर्वृतिः. इतरनिषेधार्थम् एतद् उक्तम्।।२३६।।

सेवा मुख्या, नतु पूजेति मन्त्रमात्रपूजापरो न भवेद् इति आशयेन आह **स्वयं**

---

અત્યન્ત પ્રિય લાગતા હોય તથા જેનું સમર્પણ કરવાથી ચિત્તમાં પ્રસન્નતા થાય તે-તે વસ્તુનો નિશ્ચયપૈર્વક ભગવાન્ શ્રીકૃષ્ણમાં વિનિયોગ કરવો. (૨૩૪)

**વિવેચન :** *૧.લોકમાં જે-જે વસ્તુ કિલષ્ટ ગણાતી નથી, પરન્તુ જે અત્યન્ત ઈષ્ટ ગણાતી હોય, જેમકે કેરી-દ્રાક્ષ વગેરે ફળ રસાસ્વાદ આપવામાં સર્વાત્કૃષ્ટ ગણાયાં છે, તેવા ઉત્તમોત્તમ પદાર્થો પ્રભુને સમર્પિત કરવા. ૨.જે વસ્તુઓ આત્માને કિલષ્ટ લાગતી નથી, અત્યન્ત પ્રિય લાગે છે, જેમકે દૂધ ઈત્યાદિ તેવા પદાર્થો પ્રભુને સમર્પિત કરવા. આ પદાર્થો પણ સન્માર્ગે પ્રાપ્ત થયેલા હોય તો પ્રભુને સમર્પિત કરાય છે. અન્યના-પારકાના ભાગરૂપ થયેલા (વારસાના) કિલષ્ટ પદાર્થો ભગવાન્ શ્રીકૃષ્ણને સમર્પિત કરવા નહિ,* કારણ કે તેથી કલેશ થવાનો સમ્ભવ રહે છે. તેથી સન્માર્ગે ઉપાર્જિત કરેલા પદાર્થો જ શ્રીકૃષ્ણપ્રભુને અંગીકાર કરાવવા. *૩.વળી જે પદાર્થ ચિત્તને કલેશ ઉત્પન્ન કરતા નથી પરન્તુ ''પ્રાણપ્રષ્ઠ પ્રભુને અમુક શ્રેષ્ઠ પદાર્થ હું ક્યારે અંગીકાર કરાવું!'' એમ ચિરકાલના મનોરથ વડે જે પદાર્થનું આપણા મનમાં ચિન્તન થઈ રહ્યું હોય છે, અને જે પદાર્થ અન્તઃકરણને પ્રિય થઈ રહ્યા છે તેવા પદાર્થનું જ સમર્પણ ભગવાન્ શ્રીકૃષ્ણને કરવું ત્યારે જ ચિત્ત પ્રસન્ન થાય છે. આ વિના અન્ય સર્વ પદાર્થનો વિનિયોગ ભગવત્સેવામાં થતો નથી એમ બોધ કરવા આ કથન કર્યું છે.*(૨૩૪)

**શંકા :** ''મન્ત્રથી માનસ પૈંજા કરવાથી પણ ભગવાન્ સન્તુષ્ટ રહે છે અને સુખે ફલસિદ્ધિ થાય છે તો પછી આટલો બધો પ્રયાસ શા માટે કરો છો?'' આ શંકાનું સમાધાન કરવા શ્રીમદાચાર્યચરણ કહે છે કે *''ભક્તિમાર્ગમાં સેવા મુખ્ય છે, પૂજા મુખ્ય નથી, તેથી ભગવત્સેવકે મન્ત્રમાત્રથી માનસ પૂજા કરવામાં તત્પર થઈ જવું નહિ''.* આ પ્રકારના આશયથી આચાર્યથી આચાર્યશ્રી પોતે હવે કારિકામાં કહે છે કે :

**સ્વયં પરિચરેદ્ ભક્ત્યા વસ્ત્રપ્રક્ષાલનાદિભિઃ ।**
**એકકાલં દ્વિકાલં વા ત્રિકાલં વાપિ પૂજયેત્।।૨૩૭।।**

**શબ્દાર્થ :** વસ્ત્રપ્રક્ષાલન ઈત્યાદિએ કરીને જાતે જ ભક્તિથી ભગવાન્‌ની પરિચર્યા કરવી. એક સમય, બે સમય અથવા ત્રણ સમય પણ ભગવાન્ શ્રીકૃષ્ણનું *યથાયોગ્ય સેવન કરવું.

**परिचरेद्** इति.

**स्वयं परिचरेद् भक्त्या वस्त्रप्रक्षालनादिभिः।।**

**વિવેચન : *સ્વયં પરિચરેદ્.*** *આપણે જાતે જ ભગવાન્‌ની પરિચર્યા કરવી.* **''આદરઃ પરિચર્યાયામ્''** (ભાગ.પુરા.૧૧।૧૯।૨૧) ભગવાન્‌ની પરિચર્યામાં આદર રાખવો, તથા સર્વાંગે અભિવન્દન કરવું'' ઇત્યાદિ વાક્યે ભગવજ્જનોએ ભગવત્પરિચર્યાને વિષે પૃથક્ આદર કરવો એમ ઉપદેશ કર્યો છે. વળી, **''સાલોક્ય-સાર્ષ્ટિ-સામીપ્ય-સારૂપ્યૈકત્વમપિ ઉત, દીયમાનં ન ગૃહ્ણન્તિ વિના મત્સેવનં જનાઃ''** (ભાગ.પુરા.૩।૨૯।૧૩) **''સેવાનુરક્ત-મનસામ્ અભવોઽપિ ફલ્ગુઃ''** (ભાગ.પુરા.૫।૧૪।૪૪) અર્થાત્ ''મારા સેવકજનો મારી ભક્તિ-સેવાથી પૈર્ણ હોઈ, સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય, સારૂપ્ય, તથા એકત્વ (સાલોક્ય=વૈકુંઠે વાસ, સાર્ષ્ટિ=સમાનૈશ્વર્ય, સામીપ્ય=ભગવત્સમીપે સ્થિતિ, સારૂપ્ય= મુક્ત

* શ્રીમદાચાર્યચરણ અત્ર વાદિબોધનાર્થ સર્વસામાન્ય 'પૈંજા' પદ યોજે છે. **''પૂજનં ચ સમીપે સ્થિત્વા યથાયોગ્યં સેવનમ્, પરિચર્યા તુ વિપ્રકર્ષેઽપિ સ્થિત્વા ઇતિ શેષઃ''** શ્રીપુરુષોત્તમજીએ આ પ્રકારે 'પૈંજન' તથા 'પરિચર્યા'નું લક્ષણ આપ્યું છે. તેથી અત્રોક્ત પૈંજા એ સેવા જ છે. વેદતન્ત્રાદિમાં કહેલી પૈંજા-ભક્તિ નથી.

-ભક્તિમાર્ગમાં ભગવાન્ શ્રીપુરુષોત્તમ જ સેવ્ય છે જ્યારે પૈંજામાર્ગમાં અન્ય દેવતાઓ પૈંજાય છે.

-ભક્તિમાર્ગમાં પુરુષોત્તમ કેવલ ભક્તિને અધીન છે, મન્ત્રાદિને અધીન નથી; જ્યારે પૈંજામાર્ગે દેવતાઓ મન્ત્રાદિને અધીન છે.

-પૈંજાનું ફળ બ્રહ્મલોકાદિ હોય છે જ્યારે ભક્તિનું ફળ ભગવાન્ પોતે જ હોય છે.

-પૈંજા સાધન છે, ભક્તિ ફલ છે.

-ભક્તિથી જે ફલ સાધવામાં આવે છે તે પૈંજાદિથી સાધી શકાતું નથી પરન્તુ પૈંજાદિ સાધનોથી પ્રાપ્ત થતું ફલ ભક્તિથી પણ સિદ્ધ થઈ શકે છે.

-પૈંજા જો 'ભક્તિ' કહેવાય છે તો તે ગૌણ રીતે સમજવી.

પૈંજાનો તથા ભક્તિનો આ ભેદ શ્રીમત્પ્રભુચરણે 'ભક્તિહંસ' નામના નિજ ગ્રન્થમાં નિર્ણીત કર્યો છે.

**પૂજા તથા સેવાનો ભેદ :**

-સેવામાર્ગમાં પુરુષોત્તમ જ સેવ્ય છે. પૈંજામાર્ગમાં મૈંલપુરુષોત્તમને પૈંજવામાં આવતા નથી, પરન્તુ વિભૈંતિરૂપને પૈંજવામાં આવે છે.

-સેવામાં ભક્તિ નિયામક છે અર્થાત્ સ્નેહ મુખ્ય છે, જ્યારે પૈંજામાં વિધિ નિયામક છે.

-સેવામાં કાલનો નિયમ નથી, ભક્તનો મનોરથ થાય ત્યારે પણ સેવા થઈ છે; જ્યારે પૈંજામાં કાલનો નિયમ હોય છે.

-પૈંજામાર્ગમાં નૈવેદ્યાદિ ઉપચારોએ કરીને પૈંજ્યને સન્તોષ થાય ત્યારે અદૃષ્ટ ઉત્પન્ન થાય છે; જ્યારે સેવામાર્ગમાં સમર્પિત વસ્તુનો સાક્ષાત્ ઉપભોગ ભગવાન્ પ્રભુ કરે છે અને સેવાથી હરિ સન્તુષ્ટ થયે સર્વથી દુર્લભ પુરુષાર્થ સિદ્ધ થાય છે.

-આ રીતે પૈંજામાર્ગ અસન્તોષનું કારણરૂપ છે એમ પ્રતીત થવાથી શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાધીશે ભૈંમિ ઉપર પ્રકટ થઈ એવો શ્રીગોપીજનવલ્લભની સેવા કરવાનો કૃષ્ણભક્તિમાર્ગ પ્રકટ કર્યો છે કે જેમાં ગમે તે જીવ, ગમે તે વસ્તુ, ગમે તે પ્રકારે અને ગમે તે સ્થળે પ્રભુને અંગીકાર કરાવવાની ઇચ્છા કરે છે તો તેનો સાક્ષાત્ ઉપભોગ શ્રીગોપિકેશ પ્રભુ પોતાના મધુર હસતા મુખકમલમાં કરે છે. **''યસ્માદ્ અસ્મિન્ સ્થિતો યત્કિમપિ કથમપિ ક્વાપિ ઉપાહર્તુમ્ ઇચ્છતિ અદ્ધા તદ્ ગોપિકેશઃ સ્વવદનકમલે ચારુહાસે કરોતિ''** (શ્રીવલ્લભાષ્ટક શ્લોક ૪) આ રીતે પ્રકારભેદથી તથા ફલભેદથી સેવામાર્ગ પૈંજામાર્ગ કરતાં વિલક્ષણ છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુની સેવા જ મુખ્ય છે, પૈંજા મુખ્ય નથી એમ સમજવું.

આત્માને ભગવત્સમાન ચતુર્ભુજત્વાદિ પ્રાપ્ત થાય એવી મુક્તિ, એકત્વ=સાયુજ્ય.) ઈત્યાદિ મુક્તિનું પણ તેમને દાન કરવામા આવે છે તો પણ તેનું ગ્રહણ કરતા નથી. તેઓ માત્ર મારી સેવા વિના અન્ય કંઈ પણ ઇચ્છતા નથી''. આ ભક્તિલક્ષણવાળા વાક્યમાં તથા ''મધુસુદન-ભગવાન્‌ની સેવામાં અનુરક્ત થયેલા મનવાળા ભક્તોને તો 'અભવ' અર્થાત્ મોક્ષ પણ તુચ્છ છે, કંઈ પણ ગણનામાં નથી'' ઈત્યાદિ શ્રીભાગવતના વાક્યમાં ભગવત્સેવાને મોક્ષ કરતાં પણ અધિક ફલરૂપ કહી છે તેથી સેવા જ મુખ્ય છે. અહીં સાધન તરીકે ઉપદેશેલી 'પૈંજાનો' અર્થ સમીપમાં રહી ભગવાન્‌નું યથાયોગ્ય સેવન કરવું -એવો હોવાથી 'પૈંજા'નો અર્થ પ્રધાન-મુખ્ય સેવા જ વિવક્ષિત છે, પરન્તુ વેદ તન્ત્રાદિમાં કહેલી પૈંજા અત્ર સમજવી નહિ. અત્ર કહેલી પૈંજા વેદતન્ત્રાદિની પૈંજાથી ભિન્ન પ્રકારની છે.

ભગવત્સમીપે સ્થિત થઈ ભગવાન્‌નું યથાયોગ્ય સેવન કરવારૂપ આ પૈંજા તો મુખ્યસેવા છે. આ પૈંજા વૈદિક-તન્ત્રાદિની પૈંજા કરતાં ભિન્ન પ્રકારની હોવાથી શ્રીભગવાને ભાગવતના એકાદશસ્કન્ધના ૧૯ મા અધ્યાયના ૨૦મા શ્લોકથી ભક્તિનું પરમ કારણ કહેવામાં સાધનદશામાં પણ ૨૪ મા શ્લોકમાં આત્મનિવેદનપૈંર્વકત્વનું કથન કર્યું છે. જેમકે

**''એવં ધર્મૈઃ મનુષ્યાણામ્ ઉદ્ધવ! આત્મનિવેદિનામ્,**
**મયિ સંજાયતે ભક્તિઃ કો અન્યો અર્થો અસ્ય અવશિષ્યતે''**

(ભાગ.પુરા.૧૧।૧૯।૨૪)

''મારી અમૃત કથામાં શ્રદ્ધા, મારું નિરન્તર અનુકીર્તન, મારી પૈંજામાં પરિનિષ્ઠા, સ્તુતિઓથી મારું સ્તવન, મારી પરિચર્યામાં આદર, સર્વાંગે મારું અભિવન્દન, મારા ભક્તોની અધિક પૈંજા, સર્વપ્રાણીઓમાં મારી બુદ્ધિ, મારે અર્થે અંગચેષ્ટા, વાણીથી મારા ગુણોનું કીર્તન, ચિત્તને મારા ભજન વિરોધિ એવા સર્વકામથી રહિત કરીને મારામાં સમર્પિત કરવું, મારે અર્થે દ્રવ્ય-ભોગ-સુખનો ત્યાગ કરવો, યજ્ઞ, દાન, હોમ, જપ તપ, વ્રત ઈત્યાદિ સર્વ કંઈ મારે અર્થે કરવું, આ પ્રકારના ધર્મોથી, હે ઉદ્ધવ, મને આત્મનિવેદન કરનારા મનુષ્યોને મારે વિષે ભક્તિ સમુત્પન્ન થાય છે. તો પછી તેને બીજો ક્યો પુરુષાર્થ અવશિષ્ટ રહે છે? અર્થાત્ કોઈ પણ બાકી રહે નહિ''.

તે પછી (ભાગ. ૧૧।૧૯।૨૫।૨૬) બે શ્લોકમાં ગુણ તથા દોષ નું નિરૂપણ કર્યું છે. જેમકે ''પરમાત્મા ભગવાન્‌ને વિષે જ્યારે શાન્ત સત્યોપબૃંહિત ચિત્તનું સમર્પણ કરવામાં આવે છે ત્યારે તે પુરુષ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ઐશ્વર્ય ને પ્રાપ્ત થાય છે. અહીં ભગવાન્‌માં ચિત્તસમર્પણ કરવું એ ગુણ કહ્યો છે. પરન્તુ જે ચિત્તનું અર્પણ આત્માના વિકલ્પ થયેલા દેહગૃહાદિમાં કરવામાં આવે છે તે ચિત્ત ઈન્દ્રિયો સાથે દોડે છે, રજોગુણિ થાય છે તથા નિષિદ્ધ વિષયોમાં આસક્ત થાય છે, તે ચિત્તને તું વિપરીત દશાને પ્રાપ્ત થયેલું જાણ અર્થાત્ તે ચિત્ત અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય તથા અનૈશ્વર્યને પ્રાપ્ત થાય છે''. અત્ર આત્માના વિકલ્પો દેહગૃહાદિમાં જે ચિત્તનું અર્પણ થાય છે તેને દોષ કહ્યો છે. આ પ્રકારે ગુણનું તથા દોષનું કથન કરીને (ભાગ.પુરા.૧૧।૨૯।૨૭ શ્લોકમાં) શ્રીભગવાને કહ્યું છે કે '' 'ધર્મ' તે છે કે જે મારી ભક્તિ કરાવે છે'', '' 'જ્ઞાન' તે છે કે જેથી ઐકાત્મ્યદર્શન થાય છે'', ''પ્રાકૃત ગુણોમાં અનાસક્તિ થાય તે 'વૈરાગ્ય' છે'', અને ''અણિમાદિ સિદ્ધિઓ પ્રાપ્ત થાય તે

'ઐશ્વર્ય' છે''. આ પ્રકારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ઐશ્વર્ય એમ ૪ નું સ્વરૂપ કહીને સેવોપયોગિ ચિત્તૈકામ્યતાનું સૈંચન કર્યું છે. વળી સાધુપુરુષનું લક્ષણ કથતા શ્રીભગવાને કહ્યું છે કે **''આજ્ઞાયૈવં ગુણાન્ દોષાન્ મયાદિષ્ટાનપિ સ્વકાન્, ધર્માન્ સંત્યજ્ય યઃ સર્વાન્ માં ભજેત્ સ સત્તમઃ''** (ભાગ.પુરા.૧૧।૧૧।૩૨) આ પ્રકારે ગુણને તથા દોષને જાણીને મેં ઉપદેશેલા પણ પોતાના સર્વ ધર્મનો ત્યાગ કરીને જે મને ભજે છે તે સત્તમ છે -સન્તોમાં શ્રેષ્ઠ છે''. આ પ્રકારે સત્તમનું લક્ષણ આપ્યું છે. અત્ર સર્વ ધર્મનો ત્યાગ કરીને જે ભગવદ્ભજન કરે છે તે સર્વોત્તમ સાધુપુરુષ કહેલો હોવાથી અત્ર વૈદિક પ્રકાર કરતાં અન્ય પ્રકાર જ વિવક્ષિત છે, તેથી અત્ર ભગવત્સેવામાર્ગમાં અપ્રમાણિકતાની શંકા ઘટતી નથી. આ પ્રકારે ભગવત્સેવામાર્ગ વેદોક્ત તથા તન્ત્રોક્ત પૈંજામાર્ગથી ભિન્ન હોવા છતાં અપ્રમાણિક નથી. **''દેવાસુરમનુષ્યેષુ મદ્ભક્તાચરિતાનિ ચ''** (ભાગ.પુરા.૧૧।૨૯।૧૦) દેવ, મનુષ્ય તથા અસુરોમાં મદ્ભક્તના આચરણનો આશ્રય કરવો ઉત્તમ છે''. અત્ર સુમંગલ ભગવદ્ધર્મ તરીકે ભગવદ્ભક્તના આચરણોનું-સેવાપ્રકારોનું સંસેવન કરવું એમ આજ્ઞા કહેલી હોવાથી ભગવદ્ભક્તે આચરેલા સેવાપ્રકારની કૃતિ અત્યુત્કૃષ્ટ છે એમ સિદ્ધ થાય છે, તેથી ભગવત્સેવામાર્ગ અપ્રમાણિક નથી. એટલું જ નહિ પરન્તુ વાદી જે વૈધ(વેદવિહિત) પ્રકાર આદરવો એમ આગ્રહ કરે છે તે વૈધ પ્રકારનો પણ ભગવાને તો અનાદર કર્યો છે. જેમકે

**''તસ્માત્ ત્વમ્ ઉદ્ધવ! ઉત્સૃજ્ય ચોદનાં પ્રતિચોદનાં,**
**મામ્ એકમેવ શરણમ્ આત્માનં સર્વદેહિનાં,**
**યાહિ સર્વાત્મભાવેન મયા સ્યાહ્યકુતોભયઃ''**(ભાગ.પુરા.૧૧।૧૨।૧૪-૧૫)

''હે ઉદ્ધવ, ચોદના(=વૈદિક વિધિ વાક્ય), પ્રતિચોદના, પ્રવૃત્તિ, નિવૃત્તિ, ઇત્યાદિ સર્વધર્મનો ત્યાગ કરીને તું તો સર્વાત્મભાવે કરીને એક મારું શ્રીભગવાનનું જ અનન્યશરણ ગ્રહણ કર. મારાથી જ તું ખરેખર સર્વ પ્રકારે નિર્ભય થઈશ. તથા **''જિજ્ઞાસાયાં સમ્પ્રવૃત્તો નાદ્રિયેત્ કર્મચોદનામ્''** (ભાગ.પુરા.૧૧।૧૦।૪) જિજ્ઞાસા પ્રવૃત્ત થયે કર્મચોદના આદરવી નહિ'' ઇત્યાદિ પ્રમાણથી વૈધ(વેદવિહિત) પ્રકાર અનાદરણીય છે. ''પઞ્ચરાત્રાદિ ભગવચ્છાસ્ત્રમાં જગન્નાથાદિમાં તે પૈંજાનો આદર થતો જોવાતો હોવાથી (અત્ર) વૈધ પૈંજા પ્રકારનો ત્યાગ કરવો અનુચિત છે'' એમ શંકા કરવી નહિ, કારણ કે **''ભક્તિયોગઃ પુરૈવોક્તઃ''** (ભાગ.પુરા. ૧૧।૧૯।૧૯) ભક્તિયોગ મેં તને પૈંર્વે જ કથ્યો છે'' આ વાક્યમાં 'ભક્તિયોગ' પદે વ્રજસ્થ ભગવદ્ભક્તોની જ ભક્તિ મુખ્યતાએ કહેલી છે અને આ વ્રજભક્તિ તો અવૈધ-અવિહિત છે. વળી, **''તસ્માત્ ત્વમ્ ઉદ્ધવ! ઉત્સૃજ્ય ચોદનાં પ્રતિચોદનામ્''** (ભાગ.પુરા.૧૧।૧૨।૧૯) ''તેથી, હે ઉદ્ધવ, તું વૈદિકવિધિનો તથા પ્રતિચોદનાનો ત્યાગ કરી મને જ સર્માત્મભાવે શરણે રહે'' ઇત્યાદિ શ્લોકદ્વયે એ મુખ્ય ભક્તિનો જ વિસ્તાર કરીને તેનું અહીં પુનઃકથન કરવાની ભગવાન્ પ્રતિજ્ઞા કરે છે. વળી, ''અનન્તપાર ક્રિયાયોગનો અન્ત નથી'' એમ કહીને ભગવાને ક્રિયાયોગાન્તર્ગત અર્ચનની ઉપેક્ષા કરીને વ્રજભક્તોની જ પ્રશંસા કરીને તેનો બોધ કર્યો છે. પછી વૈદિક પ્રકારે જ પૈંજા કરવી યોગ્ય છે એમ શઙ્કા કરવી નહિ, કારણ કે **''નાહં વેદૈઃ ન તપસા ન દાનેન ન ચ ઇજ્યયા, શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાનસિ માં યથા''** (ભગ.ગીતા ૧૧।૨૨) અર્થાત્ ''હે અર્જુન! આવું તો મારું જેવું દર્શન કર્યું છે તેવું મારું દર્શન વેદી, તપ, જ્ઞાન અથવા યજ્ઞ થી થઈ શકે તેવા નથી'' ઇત્યાદિ ભગવદ્ગીતાના વાક્યમાં તપ આદિનું પૃથક્ કથન કરીને તથા 'વેદૈઃ' 'વેદોથી' એમ બહુવચનનો પ્રયોગ કરીને યાવન્માત્ર સર્વ

વૈદિકસાધનબળે તથા તપોદાન ઈત્યાદિ ઈતર સાધનબળે પુરુષોત્તમનાં દર્શન થઈ શકતા નથી એમ ઉપદેશ કરીને ભગવાને પોતે જ વૈદિકસાધનમાત્રનો નિરાસ કર્યો છે. એટલે તેમાં વૈદિક પૈંજાનો-અર્ચનનો પણ નિરાસ થઈ જાય છે. પુષ્ટિમાર્ગમાં જે ઘંટાનાદ તથા શંખનાદ ઈત્યાદિ કરવામાં આવે છે તે, તે-તે તન્ત્રમાં ઉપદિષ્ટ છે તેથી કરવામાં આવતા નથી, પરન્તુ ભગવદ્ભક્તોએ તેવો શિષ્ટાચાર રાખ્યો છે તેથી *ઘંટાનાદ-શંખનાદ ઈત્યાદિ પુષ્ટિભક્તિમાર્ગમાં કરવામાં આવે છે. આ પ્રકાર પુષ્ટિમાર્ગીય ભક્તિમાર્ગની સેવા તાન્ત્રિક નથી. વળી એ સેવા વૈદિકપૈંજાથી ભિન્ન પ્રકારની છે તેથી અપ્રમાણિક નથી, પરન્તુ પ્રામાણિક, ઉત્તમ તેમજ આ કલિકાલમાં સુકર, યથોચિત તથા સર્વાત્કૃષ્ટ ફલપ્રદ છે. વૈદિક પૈંજામાર્ગ ત્રૈવર્ણિકનું જ શ્રેયઃ સાધે છે, પરન્તુ પુષ્ટિમાર્ગીય ભગવસેવા ભાવપ્રચુર હોઈ સુકરતાથી સ્ત્રી-શૈંદ્રાદિ સર્વ કોઈ પ્રાણિમાત્રને ભગવત્સમ્બન્ધ કરાવી પ્રમેયબલે સર્વોદ્ધાર કરે છે.

અત્ર આ બોધ્ય છે **''શુદ્ધં કૃષ્ણં ભજેત્''** ''શુદ્ધ કૃષ્ણને ભજવા'' એવો સિદ્ધાન્ત છે. હવે શુદ્ધિ સ્વની તથા અન્યની અપેક્ષિત છે. પરન્તુ લોકમાં તે શુદ્ધિ દુર્ઘટ હોવાથી શ્રીભગવાને પ્રથમ આત્મનિવેદનનો બોધ કર્યો છે. તે આત્મનિવેદન યોગેશ્વરના વાક્યોમાં વિધિપૈંર્વક જ સિદ્ધ છે. જેમકે **''ઈષ્ટં દત્તં તપો જપ્તં વિત્તં યચ્ચ આત્મનઃ પ્રિયમ્, દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્ યત્ પરસ્મૈ નિવેદનમ્''** (ભાગ.પુરા.૧૧।૧૯।૨૩) ''યજ્ઞ દાન તપ જપ દ્રવ્ય, જે આત્માને પ્રિય હોય તે, સ્ત્રી સુત ગૃહ પ્રાણ આ સર્વનું જ પર એવા શ્રીભગવાન્‌ને નિવેદન કરવું''. આ જ આત્મનિવેદન-સમર્પણનો જ બોધ જે સાક્ષાત્ શ્રીભગવાને શ્રીમુખે કર્યો છે તે શ્રીમદાચાર્યચરણે 'સિદ્ધાન્તરહસ્ય' નામના ષોડશગ્રન્થમાં કર્યો છે. જેમકે **''બ્રહ્મસમ્બન્ધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ, સર્વદોષનિવૃત્તિર્હિ''** ''બ્રહ્મસમ્બન્ધ કર્યાથી સર્વે કોઈના દેહના તથા જીવના સર્વ દોષ, ખરેખર, નિવૃત્ત કરવાનો ઉપાય એ જ છે કે પ્રથમ સર્વકાર્યમાં સર્વવસ્તુનું સમર્પણ ભગવાન્ શ્રીકૃષ્ણને કરવું. અન્ય કોઈ પ્રકારે દોષ નિવૃત્ત થતા નથી''. આમ બ્રહ્મસમ્બન્ધ કરીને સમર્પણ કર્યાથી જીવ નિર્દોષ થઈને ભગવત્સેવા કરવાને યોગ્ય થાય છે. આ સાક્ષાદ્ ભવત્પ્રોક્ત વચનનું નિરૂપણ શ્રીમદાચાર્યચરણે 'સિદ્ધાન્તરહસ્ય' નામના નિજગ્રન્થમાં કર્યું છે. તેથી સમર્પણ પછી સર્વના સર્વત્ર દોષ નિવૃત્ત થતા હોવાથી, તથા પ્રતીયમાન દોષ આભાસ માત્ર હોવાથી, તથા ગંગાજલન્યાયે દોષ નિવૃત્ત થતા હોવાથી અદુષ્ટ પદાર્થથી તથા સહાયકોથી સર્વજીવોએ ભગવત્સેવા કરવી એમ સિદ્ધ થાય છે.

શ્રીમદાચાર્યચરણ *ભગવત્પરિચર્યામાં ધર્માર્થિતાને વ્યાવૃત્ત કરવા કહે છે કે* ***''ભક્ત્યા પરિચરેદ્''****. ભક્તિથી જાતે ભગવાન્ શ્રીકૃષ્ણની પરિચર્યા સેવાટહેલ કરવી.* ***સ્વયમ્****. વસ્ત્રપ્રક્ષાલનાદિ કરીને 'સ્વયં' પોતે-જાતે ભક્તિથી પરિચર્યા કરવી. ભગવાનના વસ્ત્રપ્રક્ષાલન કરવા ઈત્યાદિ પરિચર્યા ભગવાન્‌ની સેવાનું અતિબહિરંગ છે, તેથી પ્રથમ તેનું*

---

* પુષ્ટિમાર્ગીય સેવામાં શંખનાદાદિનો ક્રમ તાન્ત્રિક નથી. શ્રીનાથજીનો સેવામાં પ્રથમ શંખનાદ થતા ન હતા. પરન્તુ શંખનાદ ન થતા ત્યારે શ્રીઠાકોરજીને ક્રીડામાંથી આવતાં શ્રમ થતો. એક સમય ઉત્થાપનની સેવા કરતાં ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજીએ સત્વર દ્વારા ઉઘાડ્યાં ત્યારે શ્રીજીના વસ્ત્ર ઝટ દોડી આવતાં તેમણે ફાટેલા જોયા. તે દિવસથી શ્રીજીને આ શ્રમ ન થાય એ ઉદ્દેશથી શંખનાદ ત્રણ વાર કરવાનો તથા ત્યાર પછી ૧૦ પળ રાહ જોઈને મન્દિરના કીંવાડ ખોલવાનો શિષ્ટાચાર ચાલ્યો છે.

**एककालं द्विकालं वा त्रिकालं वापि पूजयेत्।।२३७।।**

धर्मार्थतां व्यावर्तयति **भक्त्या** इति. वस्त्रप्रक्षालनम् अतिबहिरङ्गमिति तद्ग्रहणम्. प्रधानावृत्तौ अङ्गानि आवर्तन्तइति प्रधानावृत्तिम् आह **एककालम्** इति. अनेन बहुकालमपि

*ग्रहण कर्युं छे.*

જેમ ધર્મમાર્ગમાં ધર્મપ્રાપ્તિને અર્થે કૃચ્છ્રાદિક તપમાં કષ્ટ સહીને પણ ઉપવાસ કરવા પડે છે તેમ અહીં ધાર્મિમાર્ગમાં ધર્મસિદ્ધિરૂપ પ્રયોજન વિચારીને ભગવત્પરિચર્યા કરવાની નથી પરન્તુ જીવે ભગવદ્દાસ થઈ ભક્તિથી પ્રીતિપૈર્વક ભગવાન્‌ની પરિચર્યા-ટહેલ કરવાની છે. સ્નેહપૈર્વક પોતાના હાથથી પોતાને મસ્તકે બિરાજતા શ્રીઠાકોરજીના વસ્ત્રો ભગવત્સેવકે ધોવા, ઉપવનમાંથી ફલ-પુષ્પાદિક પ્રભુને અર્થે જાતે લાવવા તથા જાતે જ સેવાના અતિબહિરંગ સાધન સિદ્ધ કરવા. શકાદિ તથા વ્યંજન-પાકાદિ સામગ્રીને જાતે સુધારવી તથા સિદ્ધ કરવી. એમાં કષ્ટનો વિચાર કરવો નહિ, પરન્તુ જેમ સ્ત્રી પોતાના પ્રાણપ્રેષ્ઠ સ્વામીની સેવા સ્નેહથી કરે છે તેમ પુષ્ટિમાર્ગીય ભગવદીયે પોતાને શિર પોતાના સૌભાગ્યરૂપ કોટિમન્મથસૌન્દર્યથી યુક્ત એવા જે પ્રભુ બિરાજે છે તેમને પોતાનું સર્વસ્વ નિવેદિત કરી તેમને જેમ સુખ થાય તેમ સ્નેહપૈર્વક સેવા કરવી. આ પ્રકારે પૈર્વોક્ત રીતિએ મન્દિરને *સમ્માર્જન કરવું એ જ આન્તર શોધન છે. એ રીતે પુષ્ટિમાર્ગીય ભક્તિના સેવાક્રમને અનુસરીને મન્દિરસંમાર્જનાદિ (ભગવમન્દિરની બુવારી કાઢવી) ઈત્યાદિ સેવા તથા પ્રભુના વસ્ત્રપ્રક્ષાલન ઈત્યાદિ જે બહિરંગ સેવા છે તે ભગવદીયે આત્મનિવેદનપૈર્વક સ્નેહથી જાતે કરવી એમ શ્રીમદાચાર્યચરણે ઉપદેશ કરે છે. કારણ કે **''પરિનિષ્ઠા તુ પૂજાયામ્''** (ભાગ.પુરા.૧૧।૧૯।૨૦) ''પૈંજાને વિષે પરિનિષ્ઠા રાખવી'' ઈત્યાદિ વાક્યો ભગવત્પૈંજા કરવી એ આવશ્યક છે એમ કહે છે.

***''પ્રધાનાવૃત્તૌ અંગાન્યપિ આવર્તન્તે''*** *અર્થાત્ પ્રધાનની આવૃત્તિ કરવાથી અંગોની પણ આવૃત્તિ થઈ જાય એ ન્યાયે આચાર્યશ્રી પ્રધાન અર્થાત્ મુખ્ય એવી જે પૂજા-સેવા તેની આવૃત્તિ અર્થાત્ વારંવાર કરવાનો ઉપદેશ કરે છે કે* ***એકકાલમ્.*** *''એક કાલ, દ્વિકાલ અથવા ત્રિકાલ પણ પૂજા કરવી''. એ રીતે બહુકાલ પૂજા (સેવા) કરવી એવું તાત્પર્ય નિકળે છે.* અત્ર પૈંજા એ પ્રધાન-મુખ્ય છે અને શંખચક્રાદિ ધારણ કરવાં ઈત્યાદિ તેના વિશેષ અંગો છે. પ્રધાન-મુખ્ય એવી જે પૈંજા છે તેની વારંવાર આવૃત્તિ થવાથી તેના અંગોની પણ આવૃત્તિ થઈ જાય છે. એમ **''આવૃત્તિઃ અસકૃદ્ ઉપદેશાત્''** (૪।૧।૧) બ્રહ્મસૈત્રમાં સિદ્ધ કર્યું છે. બહુવાર પૈંજા કરવામાં પણ એકવાર કરેલા અંગથી જ ઉપકાર થાય છે સર્વ અર્થ સિદ્ધ થાય છે. અત્ર પૈંજાનો ઉપદેશ કર્યો તે ''સમીપમાં રહી ભગવાન્‌ની યથાયોગ્ય સેવનક્રિયા કરવી'' એમ હોવાથી અત્ર પૈંજામાં પણ સેવા જ પ્રધાન છે. પરન્તુ વેદ-તન્ત્રાદિમાં કહેલી પૈંજા અત્ર સમજવી નહિ. (૨૩૫)

पूजनं निरूपितम्।।२३७।।

अत्र नित्यकर्मादीनाम् अङ्गत्वम् आह **स्वधर्माचरणम्** इति.

**स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम्।।**

---

**શંકા :** આ પ્રકારે સર્વદા ભગવત્સેવા કરવામાં આવે તો વૈદિકધર્મોનો કાલબાધ થાય, અને તેથી પ્રત્યવાય થાય'' આ શંકાનું સમાધાન કરવા શ્રીમદાચાર્યચરણ નિત્યકર્માદિનું અંગત્વ કહે છે.

*ભગવન્માર્ગમાં ભગવત્સેવા કરવી એ મુખ્ય ધર્મ છે, સન્ધ્યોપાસનાદિ નિત્યકર્મો ગૌણ છે.* ''મારી પૈંજાના અન્તમાં વિધિએ આજ્ઞા કરેલા સન્ધ્યોપાસનાદિ કર્મોનો સંકલ્પ કરવો, કારણ કે સંકલ્પ કર્મને પાવન કરનારો છે. **''ધર્મઃ સ્વનુષ્ઠિતઃ પુંસામ્''** (ભાગ.પુરા. ૧।૨।૮) **''ધર્મો મદ્ભક્તિકૃત્પ્રોક્તઃ''** (ભાગ.પુરા.૧૧।૧૯।૨૭) ''સારી રીતે અનુષ્ઠાન કરેલો ધર્મ વાસુદેવભગવાન્‌ને વિષે પ્રીતિ-ભક્તિ ઉત્પન્ન કરે છે''. ''ધર્મ તો તે જ કહેવાય છે કે જે મારી ભક્તિ કરાવે''. ઈત્યાદિ વાક્યથી નિત્યકર્માદિનું ભગવદ્ધર્માંગત્વ સિદ્ધ થાય છે, અને તેથી ''મારું કર્મ કરનારાઓના પ્રતિબન્ધ હું પોતે દૈર કરુ છું'' ઈત્યાદિ વાક્યથી તેમને નિત્યકર્માદિનો પ્રત્યવાય સમ્ભવતો નથી. નિત્યકર્માદિના કાલબાધ થવાથી પ્રત્યવાય સમ્ભવે તો પણ **''અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ''** (ભગ.ગીતા ૧૮।૬૬) ''હું તને સર્વપાપમાંથી મુક્ત કરીશ'' આ ભગવદ્વાક્યે કરેલી પ્રતિજ્ઞાથી ભગવાન્ શ્રીકૃષ્ણ તેનું રક્ષણ અવશ્ય કરશે, તેથી ભગવત્સેવકે યથાકાલ નિત્યકર્મ ન થવા છતાં કંઈ પણ ચિન્તા કરવી નહિ. કૃષ્ણસેવા સદા કર્તવ્ય છે. સેવાના અનવસરમાં વૈદિક નિત્ય અગ્નિહોત્રાદિ ધર્મો તથા એકાદશસ્કન્ધમાં કહેલા વર્ણાશ્રમધર્મો ભગવત્સેવાના અંગ-શેષ તરીકે જ, મુખ્ય ભગવત્સેવારૂપી ધર્મને બાધ ન કરે એ પ્રકારે યથાશક્તિ કરવા એવો અભિપ્રાય છે.

હવે આચાર્યશ્રી આ ભગવન્માર્ગના અંગત્વે ત્રણ આવશ્યક ધર્મ ઉપદેશે છે :

***સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્ ।**

**ઈન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયમ્ ।।૨૩૮।।**

**શબ્દાર્થ :** ૧.સ્વધર્મનું શક્તિપ્રમાણે આચરણ ૨.વિધર્મમાંથી સર્વથા નિવર્તન તથા ૩.સર્વથા ઈન્દ્રિયરૂપ અશ્વોનો સારી રીતે વિનિગ્રહ આ ત્રણેનો ત્યાગ સર્વથા કરવો નહિ.(૨૩૬)

**વિવેચન :** *અત્ર આચાર્યશ્રી નિત્યકર્માદિનું અંગત્વ કહે છે* ***સ્વધર્માચરણમ્.*** *૧.સ્વધર્મ એટલે અગ્નિહોત્રાદિ. 'આદિ' પદે તે-તે વર્ણના તથા આશ્રમના ધર્મો વિવક્ષિત છે.*

---

*શ્રીમદાચાર્યચરણે આ કારિકાનો પ્રથમ અર્દ્ધભાગ શ્રીમદ્ભાગવતના ૩।૨૮।૨ શ્લોક પરથી ઉપન્યસ્ત કર્યો છે. **''સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્, દૈવાત્ લબ્ધેન સન્તોષ આત્મવિચ્ચરણાર્ચનમ્''** ઈન્દ્રિસંયમાદિ હેતુઓથી ચિત્તને શુદ્ધ-કામરહિત કરીને ભગવત્સંયોગ કરાવે એવા શુદ્ધ ભગવદાવિષ્ટ્યોગના ૨૫ સાધનો ભગવાને આ શ્લોકથી ઉપદેશ્યા છે.

સ્વધર્મનું અર્થાત્ વર્ણના તથા આશ્રમના અધિકાર પ્રમાણે સિદ્ધ થયેલા દેહધર્મોનું યથાશક્તિ આચરણ કરવું. અર્થાત્ શક્તિ હોવા છતાં તેનું આચરણ કરવામાં સંકોચ કરવો નહિ. **''યત્ શક્નુયાત્ તત્ કુર્યાત્''** અર્થાત્ ''જે શક્ય હોય તે કરવું'' એવો ઉપદેશ શસ્ત્ર પણ કરે છે. આ પ્રકારે એક અંગનું નિરૂપણ કર્યું.

હવે ''વિહિત કર્મ ન કરીએ તો પણ જેમ ભગવાન્ રક્ષણ કરે છે તેમ નિષિદ્ધ કર્મ કરીએ તો પણ ભગવાન્ રક્ષા કરશે તેથી નિષિદ્ધ કર્મ કરવામાં શો દોષ છે?'' એવી શંકા થાય તો તે શંકાનું નિવારણ કરવા શ્રીમદાચાર્યચરણ અહીં દ્વિતીય અંગનું નિરૂપણ કરે છે કે ૨.***વિધર્માચ્ચ નિવર્તનમ્.*** *વિધર્મથી અર્થાત્ નિષિદ્ધ કર્મથી સર્વથા* દૂર રહેવું. **''ધર્મબાધો વિધર્મઃ સ્યાત્''** (ભાગ.પુરા.૭।૧૫।૧૩) આ વાક્યથી સિદ્ધ થાય છે કે ''જે કર્મ કરવાથી સ્વધર્મનો બાધ થાય તે 'વિધર્મ' સમજવો''. સ્વધર્મનો નિશ્ચય અધિકાર પ્રમાણે કરવો. જ્યાં સુધી આ આત્મા દેહ છે એવી બુદ્ધિ છે ત્યાં સુધી વર્ણાશ્રમના ધર્મો જ સ્વધર્મ છે અને ત્યાં સુધી ભગવદ્ધર્માદિને પણ વિધર્મ કે પરધર્મ સમજવા. પરન્તુ જ્યારે પોતે આત્માને-જીવને દેહાદિ સંઘાતથી ભિન્ન માનતો થઈ જાય છે ત્યારે ભગવદ્ધર્મ-દાસ્ય તેનો સ્વધર્મ થાય છે, ત્યારે અન્ય વર્ણાશ્રમના ધર્મો પણ તેને પરધર્મ થાય છે. વળી, જ્યારે તે ભગવદ્ભાવને પ્રાપ્ત થાય છે ત્યારે તેને ૠષભદેવાદિની માફક અલૌકિક (ગોચર્યાદિ) ધર્મો જ સ્વધર્મ થાય છે, અન્ય સર્વ ધર્મ પરધર્મ થાય છે. આ પ્રકારે યથાધિકાર સ્વધર્મનો નિશ્ચય કરવો. (જુઓ ૩।૨૮।૨ ના શ્રીસુબોધિનીજીનું વ્યાખ્યાન)

'વિધર્માચ્ચ' એમાં 'ચ=અને' પદથી પરધર્મ, આભાસ, ઉપમા તથા છલનો સમાવેશ થાય છે.

**''વિધર્મઃ પરધર્મશ્ચ આભાસઃ ઉપમાચ્છલઃ, અધર્મશાખાઃ પંચેમા ધર્મજ્ઞો અધર્મવત્ ત્યજેત્ ધર્મબાધો વિધર્મઃ સ્યાત્ પરધર્મો અન્યચોદિતઃ, ઉપધર્મસ્તુ પાષંડો દમ્ભો વા શબ્દભિચ્છલઃ યસ્તુ ઈચ્છયા કૃતઃ પુમ્ભિઃ આભાસો હ્યાશ્રમાત્ પૃથક્''** (ભાગ. ૭।૧૫।૧૨।૧૭)

''વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા(પાષંડ, દમ્ભ) તથા છલ આ પાંચ અધર્મની શાખા છે, તેથી ધર્મને જાણનારાએ એમને અધર્મ ગણી એમનો ત્યાગ કરવો''. જેમકે ૧.જે કર્મ કરતાં ધર્મનો બાધ થાય તે 'વિધર્મ' છે. ૨.કોઈ અમુકને આજ્ઞા કરેલો ધર્મ બીજા કોઈને 'પરધર્મ' છે. જેમકે બ્રાહ્મણનો ધર્મ ક્ષત્રિયને માટે પરધર્મ સમજવો. ૩.ઉપમા=ઉપધર્મ પાષંડ અથવા દમ્ભ. ૪.એમાં શબ્દનો ભેદ થાય, શબ્દનું અન્યથા વ્યાખ્યાન થાય તેને 'છલ' સમજવો. અથવા માત્ર=નામનો કહેવાનો ધર્મ જેમાં બતાવાતો હોય તે 'છલ'. ૫.સ્વેચ્છાએ પોતીકા આશ્રમથી ભિન્ન રીતે કરેલો ધર્મ 'આભાસ' સમજવો. એમ શ્રીમદ્ભાગવતના સપ્તસ્કન્ધમાં આ પાંચે નારદે કહ્યા છે તથા એમનાં લક્ષણ પણ ત્યાં જ કહ્યાં છે, *કારિકામાં*

स्वधर्मा: अग्निहोत्रादय:. **विधर्मा:** निषिद्धा:. न अत्र शक्त्या इति. सर्वथा निषिद्धं न कर्तव्यम्. इन्द्रियाण्येव अश्वा:. एतन् निग्रह: इष्टदेशप्रापक:. एतत् त्रयं क्रीडार्थमपि न त्यजेत्।।२३८।।

---

*'શક્ત્યા'='શક્તિ પ્રમાણે' એ પદનો અન્વય 'નિવર્તનમ્' પદ સાથે થતો નથી પરન્તુ એનો અન્વય 'સ્વધર્માચરણમ્' પદની સાથે જ કરવો. અર્થાત્ સ્વધર્મનું આચરણ શક્તિ પ્રમાણે કરવું જ્યારે વિધર્મમાંથી શક્તિ પ્રમાણે દૂર રહેવું એમ નથી, પરન્તુ સર્વથા જ વિધર્મમાંથી નિવૃત્ત થવું. શક્તિ હોય કે ન હોય તો પણ વિધર્મમાંથી તો સર્વથા જ દૂર રહેવું.* આથી શ્રીમદાચાર્યચરણ એવી આજ્ઞા કરે છે કે પોતાની શક્તિ હોય કે ન હોય તો પણ સર્વથા નિષિદ્ધ કર્મનું આચરણ તો કરવું ન જ જોઈએ. અધર્મનું આચરણ કર્યાથી હીન યોનિમાં જન્મ પ્રાપ્ત થાય છે એમ પ્રથમ કહ્યું છે, તેથી સર્વથા નિષિદ્ધ કર્મમાંથી દૈર રહેવું.

૩. **ઇન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ**. ઇન્દ્રિયો જ અશ્વો છે તેથી *ઇન્દ્રિયોનો અત્યન્ત નિગ્રહ જ ઇષ્ટદેશ પ્રાપ્ત કરાવી શકે છે.* ઇન્દ્રિયરૂપ અશ્વોનો જો સારી રીતે નિગ્રહ કરવામાં આવે તો જ ઇષ્ટ દેશને પ્રાપ્ત થવાય છે. અર્થાત્ જેમ અશ્વને સારી રીતે નિગ્રહમાં રાખી હાંકવામાં આવે છે તો જ અશ્વની સહાયથી પોતાના ધારેલા સ્થાને પહોંચી શકાય છે, તેમ ભક્તિમાર્ગમાં પણ જો ઇન્દ્રિયરૂપી અશ્વને સારી રીતે અંકુશમાં રાખી ભગવત્સેવા કરવામાં આવે તો જ મહાવિકટ પ્રતિબન્ધ પણ ઓળંગી પરમપુરુષાર્થરૂપ ભગવાન્‌ની પ્રાપ્તિ કરી શકાય છે. સ્વધર્મનું યથાશક્તિ આચરણ કરવું, વિધર્મમાંથી સર્વથા નિવૃત્ત થવું તથા ઇન્દ્રિયાશ્વનો વિનિગ્રહ કરવો *આ ત્રણેનો ત્યાગ ક્રીડાને અર્થે પણ સર્વથા કરવો નહિ જ* એમ અત્ર શ્રીમદાચાર્યચરણે ભગવન્માર્ગના જીવોને હિતપ્રદ ઉપદેશ કર્યો છે.

પૈર્વપક્ષી શંકા કરે છે : ''ભગવદ્ગીતામાં ભગવાને કહ્યું છે કે **''અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્, સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ''** (ભગ.ગીતા ૯।૩૦) ''અતિશય દુષ્ટ આચારવાળો જીવ પણ જો મને અનન્ય ભક્તિથી ભજે તો તેને સાધુ જ જાણવો''. વળી, શ્રુતિ કહે છે કે **''યથાકારી યથાચારી તથા ભવતિ''** (બૃહદા.ઉપ. ૪।૪।૫) ''જેવા કર્મ કરે અને જેવા આચાર રાખે તેવો તે થાય છે''. આ શ્રુતિમાં કર્મ તથા આચારનો ભેદ દર્શાવી 'આચાર' નો અર્થ ઇન્દ્રિયની સ્વાભાવિક પ્રવૃત્તિ એવો કર્યો છે, તેથી દુષ્ટ આચરણવાળો અનન્ય ભક્ત પણ સાધુ જ છે એમ સમજવું. વળી, **''તસ્માત્ મદ્ભક્તિયુક્તસ્ય યોગિનો વૈ મદાત્મનઃ, ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદ્ ઇહ''** (ભાગ.પુરા.૧૧।૨૦।૩૧) તેથી મારી ભક્તિથી જે યુક્ત થયો છે તથા જેનો આત્મા મારે વિષે છે એવા ભગવદ્ભક્તને ઘણું કરીને જ્ઞાન કે વૈરાગ્ય શ્રેયસ્કર થતાં નથી''. આ પ્રકારે શ્રીમદ્ભાગવતમાં આજ્ઞા કરીને ભગવાને પોતે ભગવદ્ભક્તને

---

*પ્રભુભમન્દિરની બુવારી કાઢવી, તેને લીપવું, શુદ્ધ કરવું-ધોવું એ સેવા જીવના અન્તઃકરણને શુદ્ધ કરે છે. પ્રભુને બિરાજવાનું અન્તઃકરણ પ્રભુમન્દિરના જેવું શુદ્ધ છે એ ભાવથી જીવે શુદ્ધ અન્તઃકરણે ભગવત્સેવા કરવી.

માટે વૈરાગ્યની આવશ્યકતા નથી એટલું જ નહિ પરન્તુ તેને માટે વૈરાગ્ય દુષ્ટ છે એવો ઉપદેશ કર્યો છે. છતાં અત્ર સિદ્ધાન્તમાં તમે શા માટે ઇન્દ્રિયનો વિશેષે કરીને નિગ્રહ કરવાનો ઉપદેશ કરો છો?''

સિદ્ધાન્તી આ શંકાનું સમાધાન કરે છે : ઇન્દ્રિયરૂપી અશ્વનો વિશેષે કરીને નિગ્રહ કરવામાં આવે તો જ ઇષ્ટ સ્થાનને–ભગવદ્ધામરૂપી ગન્તવ્ય સ્થાનને પ્રાપ્ત થઈ શકાય છે. પ્રથમ પોતાની શક્તિ પ્રમાણે મહારાજાધિરાજને યોગ્ય એવા રાજકીય ઉપચારો કરીને ભગવત્સેવા કરવાનો બાધ કર્યો છે. ભગવત્સેવામાં ભોગ સર્યા પછી જે વિવિધ પ્રકારનો ભગવત્પ્રસાદ પ્રાપ્ત થાય તેને ભગવદ્ભક્તોમાં વહેંચી, પોતાને ભાગે જે પ્રસાદનો વાંટ પ્રાપ્ત થાય તેનો પણ ભોગ ભગવદ્ભક્તે ઇન્દ્રિયને પ્રિય લાગવાથી કરવાનો નથી, પરન્તુ તે ભગવત્પ્રસાદત્વે તે વાંટ ગ્રહણ કરવો. તેમાં પણ ભગવાન્ અત્યુત્તમ સામગ્રી આરોગે છે કે કેમ તેની પરીક્ષા કરવાને અર્થે જ વૈષ્ણવે ભગવત્પ્રસાદી વાંટ લેવો કે જેથી પુનઃ પ્રભુની ભોગસામગ્રી દૈષિત ન થતાં અત્યુત્તમ થતી જાય. આ પ્રકારે ભગવત્પ્રસાદ લેવાનો ઉદ્દેશ પણ જ્યારે રસનાદિ ઇન્દ્રિયની તૃપ્તિ કરવાનો નથી પરન્તુ જિહ્વેન્દ્રિયાદિ ઉપર નિગ્રહ રાખવાનો છે ત્યારે બીજી પ્રજનેન્દ્રિયાદિના વિષયમાં ઇન્દ્રિય પર તો વિનિગ્રહ રાખવાનો હોય જ એમાં તો શું આશ્ચર્ય હોઈ શકે? સ્ત્રીઓ તો ગર્ત્ત (દુર્ગન્ધિ ખાડા) સમાન છે (યથાયોગ્ય લેવું). એમના સઙ્ગમાં આવી ઉત્કટ કામ ઉદ્ભવે તો પણ ઇન્દ્રિયનો નિગ્રહ તો અવશ્ય કર્ત્તવ્ય છે. જે સ્વસ્ત્રીગમનરૂપ ભોગ નિષિદ્ધ નથી તે ભોગ પણ ઇન્દ્રિયને પ્રિય હોવાથી કરવાનો નથી પરન્તુ તે ભોગ ભગવત્સેવામાં બાધ કરનારા કામને દૈર રાખનારો હોવાથી જ કરવાનો છે. મૈલમાં 'વિનિગ્રાહઃ' એ પદમાં પોતે 'વિ' ઉપસર્ગ યોજ્યો છે તેમાં શ્રીમદાચાર્યચરણનો આશય આ પ્રકારે છે : **''સ્વભાવવિજયઃ શૌર્યમ્''** (ભાગ.પુરા.૧૧।૧૯।૭) અર્થાત્ ''શૌર્ય તો તે જ છે કે જેથી સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય'' એમ એકાદશસ્કન્ધમાં ભગવાને શૌર્યનું લક્ષણ આપ્યું છે. આવું શૌર્ય ન હોય તેવા અશૈર જીવે પણ ઇન્દ્રિયના કાર્યોને કાયા, વાણી તથા મનથી ત્યજવા. અર્થાત્ **''અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્ય અસામર્થ્યભાવનાત્''** ''અશૈર હોય તેણે પણ પોતાના અસામર્થ્યની ભાવનાથી ઇન્દ્રિય વિનિગ્રહાદિ અવશ્ય કરવા જોઈએ'' એમ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં શ્રીમદાચાર્યચરણે જે ઉપદેશ કર્યો છે તેનું પણ સ્મરણ અત્ર થાય છે. અર્થાત્ જો પોતે અશૈર હોય ઇન્દ્રિયના સ્વભાવઉપર વિજય પ્રાપ્ત કરવા અશક્ત હોય તો તેવા અશૈર જીવે પણ પોતે ઇન્દ્રિયોથી કામોપભોગનો ત્યાગ કરવા સર્વથા અસમર્થ છે એમ પોતીકા અસામર્થ્યની ભાવના કરવી. **''કામાખ્યં સુખમ્ ઉત્કૃષ્ટં કૃષ્ણો ભુંક્તે ન ચ અપરઃ''** (ભાગ.પુરા.સુબો.૧૦।૩૦।૩।૬ કારિકા) (જુઓ પરિશિષ્ટ)'કામ' નામનું ઉત્કૃષ્ટ–અલૌકિક આધિદૈવિક સુખ તો રસાત્મક ભગવાન્ કૃષ્ણ જ ભોગવે છે, અન્ય કોઈ પણ જીવ તે કામસુખનો ભોગ કરી શકતો જ નથી''. ઇત્યાદિ આચાર્યશ્રીએ કરેલા ઉપદેશ પ્રમાણે સુરતાદિ ભોગ કરવાનું સામર્થ્ય જીવમાં નથી. એવી વારંવાર પોતીકા અસામર્થ્યની ભાવના કરીને પણ જીવે ઇન્દ્રિયનો વિશેષ નિગ્રહ કરવો, ઇન્દ્રિયોના સ્વભાવ ઉપર વિજય મેળવવો. ઇન્દ્રિયવિનિગ્રહાદિ કરવાનો એક આ પ્રકાર છે : ''જે (ઇન્દ્રદેવાદિ) લોકો સમૃદ્ધ છે, મહાભોગવન્ત છે તથા સુરતાદિભોગમાં કુશલ છે, તેમના જેવો તો હું નથી! મારા જીવનું ભોગ કરવાનું સામર્થ્ય કેટલું! કામોપભોગમાં મારાં ઉપકરણો–સાધનો કેટલા હીન છે! મારી નાયિકા પણ કેવી હીન છે! આ સર્વે કામિત પદાર્થો અત્યન્ત હીન હોઈ, સ્વલ્પ સુખાભાસ ઉત્પન્ન કરી અન્તે દુઃખ ઉત્પન્ન કરે છે તો પછી એવા દુઃખપરિણામિ સ્વલ્પ કામસુખમાં

આસક્ત થઈને શા માટે મારે મારી ઇન્દ્રિયોને શિથિલ કરી કાયાદિને વ્યર્થ કરી મારા ભગવત્પ્રાપ્તિરૂપ પરમપુરુષાર્થનો નાશ કરવો જોઈએ?'' આ પ્રકારે અશૈર જીવે પણ પોતાના અસમર્થ્યની ભાવના કરી, ઇન્દ્રિયકાર્યનો ત્યાગ કરી ઇન્દ્રિયનો નિગ્રહ કરવો જોઈએ. એ પ્રકારે ભગવાન્ પણ એકાદશ સ્કન્ધમાં કહે છે : **''રજસ્તમોભ્યાં યદપિ વિદ્વાન્ વિક્ષિપ્તધીઃ પુનઃ, યતન્દ્રિતો મનો યુઞ્જન્ દોષદૃષ્ટિઃ ન સજ્જતે''** (ભાગ.પુરા.૧૧।૧૩।૧૨) ''ઇન્દ્રિયપર વિજય ન કરનારો કામી કામવશ થઈને દુઃખ પરિણામ જોવા છતાં પણ રજોગુણના વેગથી મોહિત થઈને વિકૃત કર્મ કરે છે પરન્તુ વિદ્વાને તેમ કરવું. જો કદાચ રજોગુણ તથા તમોગુણ થી બુદ્ધિ વિક્ષેપ પામી હોય તો પણ વિદ્વાને આલસ્યરહિત થઈને મનને (ભગવાન્માં) યોજવું અને તે રજોગુણ વા તમોગુણ ના વિષયમાં દોષદૃષ્ટિ રાખીને તેમાં આસક્ત થવું નહિ''. વળી આ પ્રકારે કરવાને જે અશક્ત હોય તેને માટે બીજો પ્રકાર પણ શ્રીભગવાન્ પોતે કહે છે કે **''તતો ભજેત માં પ્રીતઃ શ્રદ્ધાલુઃ દૃઢનિશ્ચયઃ, જુષમાણશ્ચ તાન્ કામાન્ દુઃખોદર્કાંશ્ચ ગર્હયન્''** (ભાગ.પુરા. ૧૧।૨૦।૨૮) ''તેણે પણ દુઃખ પરિણામ ઉત્પન્ન કરે એવા કામભોગને ભોગવતા છતાં પણ તેમને નિન્દવા. એમ કામભોગની નિન્દા કરીને પણ તેણે શ્રદ્ધાલુ થઈ દૃઢનિશ્ચય કરી, પ્રેમથી મને ભજવો''. આ પ્રકારે ભગવદ્ભક્તે પોતે અશૈર હોવા છતાં પણ પોતાના અસામર્થ્યની ભાવના કરી એકાદશસ્કન્ધમાં ભગવાને ઉપદેશ કર્યો છે તે પ્રમાણે સ્વભાવવિજય કરી વિશેષે કરીને ઇન્દ્રિયનિગ્રહાદિ કર્તવ્ય છે. વળી, **''અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્''** (ભગ.ગીતા ૯।૩૦) એ પૈર્વોક્ત ગીતાવાક્યનો વિરોધ આવે છે એમ શંકા ન કરવી, કારણ કે 'સુદુરાચાર' 'અત્યન્ત દુષ્ટ આચારવાળો' એ પદમાં કહેલો દુષ્ટ આચાર અનન્યભક્તની પૈર્વાવસ્થાને લાગુ પડે છે. તેથી ભગવદ્ભજન પ્રાપ્ત થયા પછી તેનામાં દુરાચાર સમ્ભવતો નથી. વળી **''ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વત્ શાન્તિં નિગચ્છતિ''** (ભગ.ગીતા ૯।૩૧) આ ઉત્તર વાક્ય એમ કહે છે કે ''તે ભગવદ્ભક્ત સત્વર ધર્માત્મા થાય છે અને નિરન્તર શાન્તિને પ્રાપ્ત થાય છે''. પછી કહેલા આ વાક્યબળે પણ એમ નિર્ણય થાય છે કે જે જીવનો સુદુરાચાર કહ્યો છે તે તો ભક્તિ થાય તે પૈર્વે, પૈર્વાવસ્થાસમ્બન્ધિ છે. અર્થાત્ અનન્ય ભગવદ્ભક્તિનો એવો પ્રભાવ છે કે પૈર્વે જે જીવ અત્યન્ત દુરાચારી હોય તે પણ અનન્ય ભગવદ્ભજન કર્યે દુરાચરી રહેતો નથી પરન્તુ તે સત્વર સાધુ-ધર્માત્મા થઈ જાય છે તથા નિત્ય શાન્તિ પ્રાપ્ત કરે છે. આથી ''અનન્ય ભક્તિ પ્રાપ્ત થયા પછી દુરાચાર કરવો'' એવો અર્થ કંઈ આ ગીતાવાક્યમાંથી ફલતો નથી. વળી **''તસ્માત્ મદ્ભક્તિયુક્તસ્ય યોગિનો વૈ મદાત્મનઃ, ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદ્ ઇહ''** (ભાગ.૧૧।૨૦।૩૧) ''તેથી મારી ભક્તિથી યુક્ત થયેલા તથા મારે વિષે અન્તઃકરણ-ચિત્તને પરોવનારા યોગિને ઘણું કરીને ન તો જ્ઞાન શ્રેયસ્કર છે કે ન તો વૈરાગ્ય શ્રેયસ્કર છે''. આ ભાગવદ્વાક્યનો પણ વિરોધ નથી. આનો પૈર્વસમ્બન્ધ જોશો તો સ્પષ્ટ થશે કે ૮મા શ્લોકમાં વિરક્ત હોય એવા અસમર્થ અધિકારીનો પ્રસ્તાવ કર્યો છે. ૮મા શ્લોકનું કથન આ પ્રકારે છે **''યદચ્છયા મત્કથાદૌ જાતશ્રદ્ધસ્તુ યઃ પુમાન્, ન નિર્વિણ્ણો નાતિસક્તો ભક્તિયોગો અસ્ય સિદ્ધિદઃ''** ''જે પુરુષ વૈરાગ્યવાન્ નથી તથા જે અત્યાસક્ત નથી તેવા પુરુષને પણ જો યદચ્છાથી મારા કથાદિ ભગવદ્ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તો તેને ભક્તિયોગ સિદ્ધિનું દાન કરે છે''. અત્ર વાદી શંકા કરે છે કે આ અધિકારીમાં જ્ઞાન તથા વૈરાગ્ય નથી તો પછી એવા અસમર્થ અધિકારીને ફલની સિદ્ધિ કેમ થાય? આ શંકા થાય તો તેનું સમાધાન કરવા શ્રીભગવાને (૨૯।૩૦) એ શ્લોકમાં કહ્યું છે

કે મેં કહેલા ભક્તિયોગે ભજનારા ભક્તના હૃદયગત સર્વે કામદોષો નાશ પામે છે. જેમકે :

**'પ્રોક્તેન ભક્તિયોગેન ભજતો માઽસકૃન્મુનેઃ, કામા હૃદય્યા નશ્યન્તિ સર્વે મયિ હૃદિ સ્થિતે'**

મેં કહેલા ભક્તિયોગે મારું વારંવાર ભજન કરનારા મુનિના હૃદયમાં હું સ્થિત થયલો હોવાથી એના હૃદયગત સર્વે કામદોષો નાશ પામે છે.(૨૯)

**'ભિદ્યંતે હૃદયગ્રન્થિઃ છિદ્યન્તે સર્વ સંશયાઃ, ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ મયિ દૃષ્ટે અખિલાત્મનિ'**

સર્વાત્મા એવા મારા દર્શન થયે હૃદયમાં સર્વે બન્ધનો ભેદાઈ જાય છે. સર્વે સંશયો છેદાઈ જાય છે, તથા એનાં કર્મો ક્ષય પામે છે.(૩૦)

**'તસ્માન્ મદ્ભક્તિયુક્તસ્ય યોગિનો વૈ મદાત્મનઃ, ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદ્ ઈહ'**

તેથી જે મારામાં ભક્તિથી યુક્ત થયેલો છે તથા મારામાં જેનો આત્મા છે એવા યોગીને ખરેખર ન તો જ્ઞાન શ્રેયસ્કર છે કે ન તો વૈરાગ્ય શ્રેયસ્કર છે.

અત્રોક્ત ૩૧ મા શ્લોકમાં 'યોગિનઃ' પદ યોજ્યું છે તેથી એ અધિકારીએ ચિત્તવૃત્તિનો નિરોધ કરવો. તેમજ 'મહાત્મનઃ' પદ યોજ્યું છે તેથી ભગવાન્માં આત્માની અન્તઃકરણાદિની એકતાનતા રાખવી એવો બોધ કર્યો છે. તેથી શ્રેયસ્ત્વની દૃષ્ટિથી ભગવત્સેવાનાં પરિકરાત્મક સાધનરૂપ વિષયોનો જ વૈરાગ્ય દુષ્ટ છે એમ સિદ્ધ થાય છે. પરન્તુ આ ઉપરથી અતિરિક્ત એવા જે પ્રાકૃત કામાદિ વિષય છે તેમને વિષે તો વૈરાગ્ય અભીષ્ટ જ છે. અર્થાત્ ઈન્દ્રિયાદિના જે પ્રાકૃત કામવિષયાદિ સુખ છે તેમને વિષે તો વૈષ્ણવે વૈરાગ્ય અવશ્ય રાખવો જ જોઈએ એમ સિદ્ધ થાય છે.

વાદી પૈર્વપક્ષ કરે છે : ''શ્રીમદ્ભાગવતના રાસપઞ્ચાધ્યાયીના ૨૯મા અધ્યાયનાં (૧૭। ૧૯) **''ભજન્ત્યભજતો યે વૈ''** ઈત્યાદિ બે શ્લોકમાં ભગવાન્ શ્રીગોપીજનોને કહે છે કે ''જેઓ પરસ્પર પ્રત્યુપકારરૂપે એક બીજાને ભજે છે તેઓ સ્વાર્થીછે તથા તેઓમાં સૌહૃદ વા ધર્મ નથી. જેઓ ન ભજનારાઓને પણ ભજે છે તેઓ બે પ્રકારના હોય છે : કેટલાક દયાળુ હોય છે અને બીજાઓ માતા-પિતાની માફક સ્નેહાળુ વૃત્તિયુક્ત હોય છે. હે સુન્દર કટિવાળી સ્ત્રીઓ! દયાલુ થઈને ભજનારાઓમાં નિરપવાદ-નિર્દોષ ધર્મ છે અને સ્નેહશીલ થઈને ભજનારાઓમાં પ્રીતિ રહેલી છે. જે નિર્ઘૃણી સન્તાનો પોતાનું નિખાલસ ભજન કરી રહેલા એવા પોતીકા માતા-પિતાદિને ભજતા નથી તેઓ અકૃતજ્ઞ અને ગુરુદ્રોહી છે''. તેથી છાન્દોગ્યોપનિષદ્માં **''ન કાઞ્ચન પરિગ્રહેત્''** (છાન્દો. ઉપ.૨।૧૩।૨) ''કોઈને તજવી નહિ'' એ શ્રુતિ જેમ વામદેવ્ય-સામોપાસકને સર્વ સ્ત્રી પ્રતિ ગમન કરવાની અનુજ્ઞા આપે છે તેમ અત્ર શ્રીમદ્ભાગવતમાં પણ ભજનારને પણ ભજવાની અર્થાત્ સર્વ સ્ત્રી પ્રતિ ગમન કરવાની અનુજ્ઞા અમુક ભક્તોને કરી છે તેથી કામોપભોગમાં કંઈ પણ દોષ નથી''.

**સમાધાન :** આ શંકાનું સિદ્ધાન્તી સમાધાન કરે છે. ''તમારું આ કથન યોગ્ય નથી. ઉપરોક્ત રાસપઞ્ચાધ્યાયીના પૈર્વના ૧૮ મા શ્લોકમાં **''કરુણઃ પિતરૌ યથા''**. અર્થાત્ 'કરુણાવાળા' તથા પિતા-માતાની માફક સ્નેહયુક્ત એવા શબ્દો છે. તેથી 'કરુણા'રૂપ વૈદિક ધર્મનો તથા 'સ્નેહ'રૂપ લૌકિક ધર્મનો બોધ થાય છે. તેથી પૈર્વજન્મનો નિરુપાધિ સમ્બન્ધ હોય ત્યાં જ એ ભજનનો નિર્વાહ થાય છે. એવા 'કરુણા' તથા 'સ્નેહ' ધર્મ સાથે જો પ્રત્યુપકારની સમ્ભાવના વિના માત્ર ધર્મને અર્થે જ એ પ્રમાણે ભજન કરવામાં આવે તો જ ધર્મની ઉત્પત્તિ થવાથી એવા વિરલ અધિકારીને માટે જ એ

ભજન ઘટી શકે છે. વળી કામસૈત્રના ૬ અધ્યાયના વૈશિકાધિકરણમાં (જુઓ નિર્ણયસાગર પ્રેસનું વાત્સ્યાયન પ્રણીત કામસૈત્ર પૃષ્ઠ ૩૫૫,૫૬.) **''એવં ધર્મકામયોરપિ અનુબન્ધાન્ યોજયેત્''** (૬।૧૮।૧૯) ધર્મ ધર્માનુબન્ધ છે અર્થાત્ ''ધમાર્થે કરેલી કામપ્રવૃત્તિ ધર્મમાં પર્યવસાન પામે છે'' આવું કામસૈત્ર યોજીને વાત્સ્યાયને અનુજ્ઞા આપી છે તેથી ''કામપરવશ થઈને દશમ્યવસ્થા-મૃત્યુને પ્રાપ્ત થયેલા બ્રાહ્મણના પ્રાણનું રક્ષણ કરવા સ્ત્રીએ ગમન કરવું એ ધર્મ નિરનુબન્ધ છે -દોષોત્પત્તિથી રહિત છે'' આ પ્રકારનું જે વચન છે તે ધર્માર્થે કોઈ વિરલ ક્ષોત્રિય બ્રાહ્મણના પ્રાણરક્ષણને અર્થે જ છે. પરન્તુ આથી કાંઈ સ્વેચ્છાએ વ્યભિચાર કરવો એમ સિદ્ધ થતું નથી. વળી ભારતના સુદર્શનોપાખ્યાનમાં સત્યવતીએ અતિથિનો કામ સન્તુષ્ટ કર્યો અને ઉભયે દમ્પતીએ સ્વર્ગ પ્રાપ્તિ કરી. આવું જે વચન છે તે *અતિથિપૈંજાનું અત્યુત્તમ દષ્ટાન્ત છે, કારણ કે **''પ્રાણાશ્ચ મમ દારાશ્ચ યચ્ચાન્યદ્ વિદ્યતે વસુ, અતિથિભ્યો મયા દેયમ્ ઇતિ મે વ્રતમ્ આહિતમ્''** (મહાભા. અનુ.૨।૫૨) અર્થાત્ ''મારા પ્રાણ સ્ત્રી તથા બીજું જે કંઈ ધન છે તે મારે અતિથિઓને દાન કરવું'' એવી મારી પ્રતિજ્ઞા છે. એ પ્રતિજ્ઞાનો ભંગ થાય તો મૃત્યુદંડ થાય એમ કહ્યું છે. આ પ્રકારની પ્રતિજ્ઞા પાળવા માટે જ દમ્પતિ સુદર્શન તથા ઓઘવતી ને સદેહ સ્વર્ગપ્રાપ્તિ થઈ એમ કહ્યું છે. પરન્તુ તેથી કંઈ વ્યભિચાર કરવો એમ સિદ્ધ થતું નથી. આધુનિક સમયમાં ઓઘવતી અથવા તો વસુદેવ ની માફક સુરતોપચાર કરી અતિથિપૈંજાને નામે વ્યભિચાર કરવાનો નથી. આધુનિક સમયમાં ઓઘવતીનું વ્રત કોઈએ રાખવાનું નથી. તેવું વ્રત ન રાખવાથી પ્રતિજ્ઞાભંગ થઈને કોઈ પણ પ્રકારનું અનિષ્ટ થવાનો ભય રહેતો નથી. તેથી કોઈ પણ પ્રકારે ધર્મને નામે પણ વ્યભિચારરૂપ દોષ થાય તો તે દોષને વજ્રસમાન મહાપ્રબલ દોષ સમજીને સર્વે જીવોએ ઇન્દ્રિયનો વિનિગ્રહ સર્વથા કરવો એમ સિદ્ધ થાય છે. શ્રીસુબોધિનીજીમાં પણ ''ધર્મને અર્થે એક બીજાને ભજે ત્યારે ધર્માર્થે ભજનારને માટે પ્રતિયોગીએ પ્રાયચિત્ત કરવું'' એવો ઉપદેશ કર્યો છે. વળી, પ્રતિયોગીએ કહેલું આ પ્રાયશ્ચિત્ત પણ ફલસાધક છે એમ શ્રીમત્પ્રભુચરણે શ્રીસુબોધિનીજીના ટિપ્પણી ગ્રન્થમાં પણ ઉપપાદન કર્યું છે. તેથી ધર્માર્થે ભજન પણ અદુષ્ટ છે એમ સમજવું નહિ, પરન્તુ જો કદાચ એવું ભજન થઈ ગયું હોય તો તેવા ભજનનો અમુક પ્રકારે માત્ર નિર્વાહ જ થઈ શકે છે એમ સમજવું.

વળી પરીક્ષિત્ રાજાની શંકાનું સમાધાન કરવા શ્રીમદ્ભાગવતના રાસપંચાધ્યાયીના

---

* **''કૂટ-મુદ્ગર-હસ્તસ્તુ મૃત્યુઃ તં હેતુમ્ અભ્યયાત્, હીનપ્રતિજ્ઞ ઇત્યેવં વધિષ્યામીતિ ચિન્તયન્''** (મહાભા.અનુ.૨।૫૨) અતિથિ દેવની પૈંજાની પરાકાષ્ઠાને પ્રાપ્ત થયેલા ઇક્ષ્વાકુ વંશના રાજા સુદર્શનની પ્રતિજ્ઞાનો ભઙ્ગ કરાવવા મૃત્યુદેવ પોતે જ બ્રાહ્મણના વેશે કૈંટમુદ્ગર ધરીને ઓઘવતી પાસે ગયા. તેની પાસે અંગસંગની યાચના કરી. મૃત્યુદેવ ધરાતા હતા કે ''રાજા આવી પહોંચશે અને સ્ત્રીપર વ્યભિચાર દોષથી કોપાયમાન થઈ અતિથિને સર્વસ્વ દાન કરવાની પ્રતિજ્ઞાનો ભંગ કરશે એટલે હું આ મુદ્ગરથી એનો વધ કરીશ. ઓઘવતીએ પતિની આજ્ઞાનુસાર પ્રતિજ્ઞા પાળી. એટલામાં સુદર્શન રાજા આવી પહોચતાં મૃત્યુદેવે પોતાનું નિન્દ્ય કર્મ કબુલ કર્યું અને રાજાને કહ્યું કે ''હે રાજન્! આપ મારો દંડ કરો! પરન્તુ રાજાએ ઉત્તર આપ્યો છે કે ''મારા આવવાથી આપ જેવા અતીથિ દેવને તૃપ્તિમાં કંઈ ન્યૈનતા આવી હોય તો આપ જ મને દંડ કરો!'' આ ઉત્તર શ્રવણ કરીને મૃત્યુદેવ સન્તુષ્ટ થયા અને પોતાનું મૈંળરૂપ પ્રકટ કર્યું અને કહ્યું કે ''હે રાજન્! તે તારી દઢવ્રત પ્રતિજ્ઞાથી મારો પરાજય કર્યો છે''. મૃત્યુદેવે ઓધવતીને તેનો અર્ધ ભાગ નદી કરીને પૃથ્વી પર સ્થાપિત કરી અને તેમાં અવશિષ્ટ અર્દ્ધભાગ સહિત રાજાને સ્વર્ગ પ્રાપ્તિ કરાવી.

અન્તમાં શ્રીશુકદેવજી કહે છે :

**''તેષાં સ્વચ્છન્દચરિતં બુદ્ધિમાન્ ન તદાચરેત્ ।**
**નૈતત્ સમાચરેત્ જાતુ મનસા હ્યપિ અનીશ્વરઃ।**
**વિનશ્યતિ આચરન્ મૌઢ્યાદ્ યથા રુદ્રો અબ્ધિજં વિષમ્''**

અર્થાત્ બુદ્ધિમાન્ પુરુષે સર્વ સમર્થ ઈશ્વરનાં સ્વચ્છન્દ ચરિતનું આચરણ કરવું નહિ. અતિતેજસ્વી ઈશ્વર સર્વકર્મનો દાહ કરી શકે એમ છે તેથી તેમને રાસલીલા બાધ કરી શકતી નથી કે અધર્મ ઉત્પન્ન કરતી નથી. જે અનીશ્વર(તુચ્છ જીવ) હોય તેણે તો મનથી પણ એવું સ્વચ્છન્દ આચરણ કરવું નહિ. રુદ્રે ઐશ્વર્યભાવથી સમુદ્રના કાલકૂટ વિષયનું પાન કર્યું. પરન્તુ જો રુદ્રના દૃષ્ટાન્તથી અન્ય કોઈ જીવ એ પ્રમાણે મૌઢ્યથી વિષપાન્ કરે તો સત્વર તેનો નાશ થાય છે. તેવી જ રીતે કોટાન્ કોટી મન્મથના સાદર્યને પણ મથી નાંખે એવા સર્વસમર્થ ભગવાન્ શ્રીગોપીજનવલ્લભ કૃષ્ણપ્રભુ ઈશ્વર સર્વસમર્થ હોવાથી તેમને જ રાસલીલા શોભા થઈ પડે છે. તેથી લીલા કરવાનો વિચાર પણ જો અન્ય કોઈ જીવ કરે તો તેનો નાશ થાય છે.

**શંકા :** ''અત્ર માત્ર રાસલીલાનું આચરણ કરવું નહિ એવો ઉપદેશ છે, પરન્તુ પરદારગમન ન કરવું એનો ઉપદેશ નથી'' એમ શંકા ન કરવી કારણ કે ધર્મનું સંસ્થાપન કરવાને અર્થે તથા અધર્મનો નાશ કરવાને અર્થે જે ભગવાન્ પ્રકટ થયા. તેમણે પરદારાભિમર્શન કેમ કર્યું? એવો પરિક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો તેનું સમાધાન કરતાં ઉત્તરમાં શ્રીશુકદેવજીએ ''એવા સ્વચ્છન્દચરિતનું આચરણ બુદ્ધિમાને કરવું નહિ'' એમ કહ્યું છે. તેથી અન્ય સર્વ જીવને માટે, પરસ્ત્રીગમન ઈત્યાદિ સર્વ પ્રકારના કામરૂપી વ્યભિચારનો નિષેધ કર્યો છે એમ સમજાય છે. જો અનીશ્વર જીવ સ્વચ્છન્દચરિતનું આચરણ કરે તો તેના નાશ થાય છે. આ સમ્બન્ધમાં રાજાની શઙ્કા તથા તેનું શ્રીશુકદેવજીએ કરેલું સમાધાન શ્રીમદ્ભાગવત (૧૦।૩૦।૨૭।૪૦) માં આ પ્રકારે છે :

**રાજોવાચ :**

**સ કથં ધર્મસેતૂનાં વક્તા કર્તા અભિરક્ષિતા, પ્રતીપમ્ આચરદ્ બ્રહ્મન્ પરદારાભિમર્શનમ્**

**શ્રીશુક ઉવાચ**

**ધર્મવ્યતિક્રમો દૃષ્ટ ઈશ્વરાણાં ચ સાહસમ્, તેજીયસાં ન દોષાય વહ્નેઃ સર્વભુજો યથા**
**નૈતત્સમાચરેજ્જાતુ મનસાપિ હ્યનીશ્વરઃ, વિનશ્યત્યાઆચરન્ મૌઢ્યાત્ યથાऽરુદ્રોબ્ધિજં વિષમ્**
**ઈશ્વરાણાં વચઃ સત્યં તથૈવાચરિતં કચિત્, તેષાં સ્વચ્છન્દચરિતં બુદ્ધિમાન્ ન તદાચરેત્**
**કુશલાચરિતેનૈષામ્ ઇહ સ્વાર્થો ન વિદ્યતે, વિપર્યયેણ વા અનર્થો નિરહંકારિણાં પ્રભો**
**યત્પાદપંકજ-પરાગનિષેવતૃપ્તા યોગપ્રભાવ-વિધુતાખિલ-કર્મબન્ધાઃ ।**
**સ્વૈરં ચરન્તિ મુનયોપિ ન નહ્યમાનાઃ તસ્યેચ્છયાત્ત-વપુષઃ કુત એવ બન્ધઃ ।।**
**વિક્રીડિનં વ્રજવધૂભિરિદં ચ વિષ્ણોઃ શ્રદ્ધાન્વિતોऽન-ુશૃણુયાદ્ અથ વર્ણયેદ્ યઃ ।**
**ભક્તિં પરાં ભગવતિ પ્રતિલભ્ય કામં હૃદ્રોગમાશ્વપહિનોતિ અચિરેણ ધીરઃ ।।**

ઐશ્વર્ય, જ્ઞાન તથા વૈરાગ્યથી જે કરવામાં આવે છે તે સ્વચ્છન્દ ચરિત કહેવાય છે. અને ભગવાન જ ઐશ્વર્ય જ્ઞાન તથા વૈરાગ્ય થી પૈંર્ણ છે તેથી ભગવાન જ સ્વચ્છન્દચરિત કરી શકે છે. આમ છે તો પણ જેમ કોઈ મહારાજ્યનો અનધિકારી અનીશ્વર જીવ પણ જો ઐશ્વર્યની કામના કરે

તો તેને વધ દંડ પ્રાપ્ત થાય છે, તેમ અનીશ્વર હોવા છતાં જે કોઈ જીવ, પોતે ઈશ્વર સર્વસમર્થ એવા ભગવાન્‌ના રાસલીલાદિ-સ્વચ્છન્દચરિતનું આચરણ કરવા માટે જો મનથી પણ ઈચ્છા કરે તો તેને દંડ પ્રાપ્ત થાય છે'' એવું વ્યાખ્યાન શ્રીસુબોધિનીજીમાં શ્રીમદાચાર્યચરણે કર્યું છે. વળી, ''જેમના ચરણકમલના પરાગના નિરન્તર સેવનથી તૃપ્ત થયેલા ભક્તો, યોગિઓ તથા જ્ઞાનિઓ બન્ધ પામ્યા વિના સ્વૈરાચરણ કરે છે'' એ શ્લોક પ્રમાણે ભક્તોને પણ સ્વચ્છન્દાચરણ દોષ ઉત્પન્ન કરતું નથી એવી શંકા પણ ન કરવી. કારણ કે અત્રોક્ત શ્લોકમાં પૈંર્ણકાષ્ઠાને પ્રાપ્ત થયેલા મહાત્માઓનો અનુવાદ હોવાથી આરમ્ભદશાના જીવોને સ્વૈરાચરણ દોષજનક છે એ સિદ્ધાન્ત અસ્ખલિત રહે છે. એથી જ **''કુર્વન્તિ હિ ત્વયિ રતિં કુશલાઃ સ આત્મન્, નિત્યપ્રિયે પતિ-સુતાદિભિરાર્તિદૈઃ કિમ્''** (ભાગ.પુરા.૧૦।૨૨।૩૩). અર્થાત્ ''કુશલ લોકો ખરેખર, આપ આત્મા એવા નિત્યપ્રિય ભગવાન્‌ને વિષે રતિ કરે છે. અર્તિ-દુઃખ આપે એવા પતિ, સુત ઈત્યાદિની સાથે રતિ કર્યાથી શું પ્રયોજન સરે એમ છે? કંઈ પણ નહિ''. આ શ્લોકમાં કાળથી જેનો પરિચ્છેદ થઈ શકતો નથી એવા નિત્યપ્રિય ભગવાન્‌ની જ સેવા કરવાનો ઉપદેશ શ્રીગોપીજનોએ કર્યો છે. આ પ્રકારે રતિ કરવી તો સર્વસમર્થ પ્રભુની સાથે જ રતિ કરવી તથા એવા નિત્યપ્રિય પ્રભુનું જ ભજન-સેવન કરવું એમ સિદ્ધ થાય છે. જો એમ ન હોય તો જારની સેવા પણ ધર્મ થઈ જાય. **''વિમોહિતો અયં જનઃ ઈશમાયયા ત્વદીયયા ત્વાં ન ભજતિ અનર્થદૃક્, સુખાય દુઃખપ્રભવેષુ સજ્જતે ગ્રહેષુ યોષિત્પુરુષશ્ચ વંચિતઃ''** (ભાગ.પુરા.૧૦।૪૮।૪૬) આ શ્લોકમાં મુચુકુન્દ સ્તુતિ કરે છે કે ''હે પ્રભો! આપની માયાશક્તિથી વિશેષે કરીને મોહ પામેલો આ સ્ત્રી-પુરુષ દેહધારી જીવ છેતરાઈને અનર્થ દૃષ્ટિ કરીને દુઃખ ઉત્પન્ન કરનારા ઘરમાં સુખને અર્થે આસક્ત થાય છે''. આ શ્લોકમાં **'' 'પું' નામ્નઃ નરકાત્ ત્રાયતે અસૌ પુરુષઃ''** 'પુમ્' નામના નરકમાંથી જે રક્ષાય તે 'પુરુષ' એમ 'પુરુષ' શબ્દનો અર્થ 'નરક' કર્યો છે. 'યોષિત્'='સ્ત્રી' શબ્દનો અર્થ તો વિશેષે કરીને નરક થાય છે, કારણ કે **''શાલાવૃકાણાં હૃદયાનિ એતા''** (ઋગ્વેદ.૧૦।૧૫।૧૫) **''સ સોમો નાતિષ્ઠત''**. ખરેખર, સ્ત્રીઓમાં સખ્ય હોતાં નથી, તથા સ્ત્રીઓ કૈંર વરુઓના હૃદયરૂપ છે. તે સોમે સ્થિતિ કરી નહિ'' ઈત્યાદિ શ્રુતિવાક્યમાં સ્ત્રીઓની નિન્દા કરવામાં આવી છે. સ્ત્રી-પુરુષના સમાગમથી સુખનો અનુભવ થાય છે એમ કહેવું એ ભ્રાન્તિ છે! વસ્તુતઃ એ રીતે સુખનો યુક્તિથી બાધ થાય છે. વળી, અગ્રે સમાગમ પછી સુખના અનુભવનો પ્રત્યક્ષ બાધ થતો સાક્ષાત્ અનુભવાય છે. સ્ત્રી તથા પુરુષ એ બન્ને સમાગમ ભોગવ્યા પછી જાણે રસાભાસ થયો હોય એવી પોતાની દશા જોઈ પરસ્પર વિમુખ થઈ જાય છે! વળી, સમાગમમાં સ્ત્રી તથા પુરુષ પરસ્પર સાપેક્ષ હોય છે તથા ઉભયમાંથી જેનો કામ અપૈંર્ણ હોય તેને સુખનો અનુભવ થતો નથી.

**શંકા : ''પ્રજાપતિઃ અમૃતમ્ આનન્દ ઈતિ ઉપસ્થે''** (તૈત્તિ.ઉપ.૩।૧૦।૩) એ શ્રુતિબલે વૈષયિક આનન્દ મોક્ષદૃષ્ટાન્ત તરીકે કહ્યો છે તેથી ઉપરોક્ત સિદ્ધાન્ત યુક્ત નથી''. આ શઙ્કાનું સમાધાન આ પ્રકારે છે : **''ઈતિ માનુષીઃ સમાજ્ઞા''**. ''આ પ્રકારે માનુષી સમાજ્ઞા છે'' એમ માનુષ પ્રકરણ થઈ રહ્યા પછી **''અથ દૈવી''** ''હવે દૈવી સમાજ્ઞા થાય છે''. એમ કહીને ઉપક્રમનો ભેદ કરીને તત્ર માનુષસુખ અભિપ્રેત ન હોવાથી તે માનુષસુખની દૃષ્ટાન્તતા કહી શકાતી નથી. જે

દષ્ટાન્ત પ્રસિદ્ધ હોય તેનાથી તે પુરુષને બોધ કરવો જોઈએ એમ લૌકિક જીવોને અર્થે દષ્ટાન્તત્વે વૈષયિક-માનુષિક આનન્દનું કીર્તન કર્યું હોય તો પણ દષ્ટાન્તત્વે કહેલો એ વૈષયિક માનુષાનન્દ વસ્તુતઃ આનન્દ નથી. ઉપાસનાર્થત્વે કરીને પણ તેનું કીર્તન ઉપપન્ન છે.

**પૂર્વપક્ષ :** આ રસમાર્ગ છે. તેમાં ભગવાન્ રસાત્મબલે ફલદાન કરે છે. તેથી સ્ત્રીભાવ દુષ્ટ નથી. તેથી પોતાના સ્ત્રીભાવનું અનુસન્ધાન રાખી એક અનન્ય પતિ જે ભગવાન્ શ્રીકૃષ્ણ છે તેની ભક્તિ કરનારા સર્વે ભક્તો સપત્નીઓ જ છે. આ પ્રમાણે સર્વે સ્ત્રી-પુરુષ ભક્તો પોતાને ભગવાન્‌ની સ્ત્રીઓ માની પરસ્પર સપત્નીભાવ જણાવી પરસ્પર સ્વચ્છંદ આચરણ કરે તો તેમાં શો દોષ છે?

**સિદ્ધાન્ત :** એમાં પણ ભગવદ્રસનો સમ્બન્ધ થતો નથી, તેથી ભગવદ્રસનો અભાવ એ જ દોષ છે. તેથી જ શ્રીમદ્ભાગવતના વેણુગીતના શ્રીસુબોધિનીજીના આરમ્ભની કારિકામાં શ્રીમદાચાર્યચરણ કહે છે કે **''આસક્તિઃ પ્રેમપૂર્વૈવ પ્રેમાઽપિ હરિણા કૃતમ્, ઉદ્‌બોધકં ચ હરિણા કૃતં નાન્યેન કેનચિત્''** ''આસક્તિ પ્રેમપૈર્વા જ હોય છે. પ્રેમ પણ પ્રભુ શ્રીહરિ એ જ કરેલો છે અને ઉદ્‌બોધનો પણ શ્રીહરિએ જ કર્યા છે. શ્રીહરિ વિના અન્ય કોઈએ પણ ભગવદ્ભક્તને કરેલો પ્રેમનો ઉદ્‌બોધ ભગવદ્રસ ઉત્પન્ન કરવા અશક્ત છે'' એમ આ કારિકાથી સિદ્ધ થાય છે. લીલાસ્થ ભગવદીયોને માટે પણ જો આવી દશા છે તો પછી આધુનિક ભક્તોના પ્રસંગમાં તો ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્ર વિના અન્ય કોઈએ પણ કરેલો પ્રમેનો ઉદ્‌બોધ, સર્વથા ભગવદ્રસ ન જ ઉત્પન્ન કરે એમાં શું આશ્ચર્ય હોઈ શકે? વળી **''મુક્તિં દદાતિ અર્હિચિત્ સ્મ ન ભક્તિયોગમ્''** (ભાગ. પુરા.૫।૬।૧૮) ભજન કરનારને ભગવાન્ મુકુન્દ મુક્તિનું દાન કદાચ કરે છે, પરન્તુ ભક્તિયોગનું દાન કરતા નથી''. આ વાક્યથી પરમભક્તિ અદેય છે એમ સિદ્ધ થાય છે, અત્રોક્ત પરમભક્તિનું દાન *''**શ્રદ્ધાઽમૃતકથાયાં મે**'' (ભાગ.પુરા.૧૧।૧૯) મારી અમૃત કથામાં શ્રદ્ધા'' ઇત્યાદિ વાક્યસ્થલે કરેલા +ભગવદ્ધર્મોના સમ્યક્ આચરણથી પ્રસન્ન થઈને ભગવાન્ જ કરે છે. આ પ્રકારે 'ભક્તિહંસ' નામના ગ્રન્થમાં શ્રીમત્પ્રભુચરણે નિર્ણય કર્યો છે. આ ભગવદ્ધર્મોને ભગવાને ભક્તિના કારણરૂપે નિરૂપિત કર્યા છે, આ ભગવદ્ધર્મના સમ્યક્ આચરણથી ભગવાન્ પ્રસન્ન થઈને પરમભક્તિનું દાન કરે છે. પરન્તુ આ ભગવદ્ધર્મમાં ભગવદ્ભક્તે સ્વચ્છન્દ આચરણ કરવું એમ કંઈ કહ્યું નથી. આમ છતાં ભગવત્માર્ગમાં જેઓ સ્વચ્છન્દ આચરણ કરી *વ્યભિચાર કરે છે તેના જીવોને ભગવાન્ ભક્તિનું દાન કરતા જ નથી.

''સ્ત્રીભાવ હોવાથી સ્વચ્છન્દ આચરણમાં દોષ નથી'' એમ તેઓ કહે છે તો એ

---

* ભાગવત ૯।૧૪।૧૫ **''ક્વાપિ સખ્યં ન વૈ સ્ત્રીણાં વૃકાણાં હૃદયં યથા''** વરુઓના હૃદયની માફક સ્ત્રીઓનું સખ્ય ક્વાપિ હોઈ શકતું જ નથી. (જુઓ ઉર્વશી તથા પુરુરવસ્નું ઉપાખ્યાન ભાગ.૧૧।૨૬).

+આત્મનિવેદી ભગવદ્ભક્તના આ સર્વે ભગવદ્ધર્મોનો નિર્દેશ ભગવાને ભાગવતના ૧૧।૧૯।૨૦।૨૭ શ્લોકમાં કર્યો છે. આ શ્લોકના અનુવાદ માટે જુઓ કા. ૨૩૮ નું વિવેચન.

+આત્મનિવેદી ભગવદ્ભક્તના આ સર્વે ભગવદ્ધર્મોનો નિર્દેશ ભગવાને ભાગવતના ૧૧।૧૯।૨૦-૨૭ શ્લોકમાં કર્યો છે.

સ્ત્રીભાવ ઉત્કટ હોય તો અત્યુત્કટ સ્ત્રીભાવને લીધે સુવર્ણમાં રુંધેલા કીડાની માફક તેમનો દેહ પણ સ્ત્રીદેહ થઈ જવો જોઈએ! પરન્તુ તેમ તો થતું નથી. નરસિંહ મહેતાનું પણ આ પ્રકારનું વચન પ્રાપ્ત થાય છે. ''અગ્નિકુમારોની માફક આવતા જન્મમાં સ્ત્રીદેહ થશે અને એમ ભાવિ જન્મના જ્ઞાનને ઉદ્દેશીને જ નરસિંહ મહેતાએ એવું કહ્યું છે'' એમ કહેશો તો પણ તમારાથી સ્વચ્છન્દ આચરણનો નિર્વાહ થઈ શકશે નહિ. કારણ કે જેમ અગ્નિકુમારોએ તપ કરીને સ્ત્રીદેહ પ્રાપ્ત કર્યો તેમ તમારે પણ સ્ત્રીદેહ પ્રાપ્ત કરવા માટે તપશ્ચર્યા જ કરવી પડશે, પરન્તુ એથી ઉલટું ઈન્દ્રિયતર્પણ કરવું એ તો સર્વથા ઘટતું નથી.

વળી, ''સ્ત્રીભાવ ઉત્કટ નથી થયો'' એવો પક્ષ સ્વીકારશો તો તો તેથી અન્યભાવ વધારે પ્રબલળ હોઈ તેનું ઉપમર્દન કરશે, જે સર્વથા અનિષ્ટ છે. આથી સિદ્ધ થાય છે કે ભગવન્માર્ગમાં સ્ત્રીભાવનો ડોળ કરી ભક્તિના નામે ભોળી નિર્દોષ સ્ત્રીઓને ફસાવી ઈન્દ્રિયતર્પણ કરવાનો ઉદ્દેશ નથી જ. ઈન્દ્રિયતર્પણ દૈર કરવાના ઉદ્દેશથી જ 'સેવાફલ' નામના ગ્રન્થમાં શ્રીમદાચાર્યચરણ સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ''ભોગ સેવામાં બાધક છે''. **''ઉદ્વેગઃ પ્રતિબન્ધો વા ભોગો વા સ્યાત્ તુ બાધકં. સવિઘ્નો અલ્પો ઘાતકઃ સ્યાત્. સવિન્ધત્વાદ્ અલ્પત્વાદ્ ભોગઃ ત્યાજ્યઃ''** ''સેવામાં ઉદ્વેગ, પ્રતિબન્ધ વા ભોગ બાધક છે. ભોગ-લૌકિક કામોપભોગ વિધ્ન ઉત્પન્ન કરે છે, અલ્પ છે તથા ઘાત કરનારો છે. તેથી એ ભોગનો ત્યાગ અવશ્ય કરવો''. આ પ્રકારનો હિતપ્રદ ઉપદેશ શ્રીમદાચાર્યચરણે સ્ત્રી તથા પુરુષ એમ સર્વે જીવોને સમાનતાથી કર્યો છે. તેથી સ્ત્રીઓએ, પુરુષોએ તથા સ્ત્રીપુરુષોએ એમ સર્વ કોઈ ભગવન્માર્ગના જીવોએ વિષયભોગનો ત્યાગ કરવો. તેવા જીવોએ લૌકિક કામોપભોગને અલૌકિક સમજી ઈન્દ્રિયતર્પણ કરવામાં પોતાના પરમ ભગવત્પ્રાપ્તિરૂપ પુરુષાર્થનો નાશ કરવો નહિ. પરન્તુ તેમણે અવશ્ય ઈન્દ્રિયનો વિનિગ્રહ કરવો. દશદિગન્તવિજયી ગોસ્વામિ શ્રીપુરુષોત્તમજી શ્રીમદાચાર્યચરણની સર્વથા ઈન્દ્રિયવિનિગ્રહ કરવા માટેની આજ્ઞાનું રહસ્ય સમજાવતાં આધુનિક ભગવન્માર્ગીય સૃષ્ટિના હિતાર્થ મુક્ત કંઠે સચોટ ભાષામાં આ ગ્રન્થની 'આવરણભંગ' નામની ટીકાના ઉપસંહારમાં જે ઉદ્ઘોષ કરી રહ્યા છે તે મનનીય છે. **''અતો ભગવલ્લીલાદષ્ટાન્તેન લૌકિકે પ્રવર્તકાન્ પ્રવર્તમાનાંશ્ચ વિમુખાન્ નિશ્ચિત્ય તત્સંગં પરિહૃત્ય સર્વેન્દ્રિયનિગ્રહઃ કાર્યઃ. તદેતદ્ ઉક્તં-ઈન્દ્રિયાણ્યેવાશ્વા''** ઈત્યાદિ. અર્થાત્ આથી *''ભગવલ્લીલાના દૃષ્ટાન્તથી જેઓ પોતે લૌકિક કામોપભોગમાં પ્રવૃત્ત થાય છે અને બીજાઓને તેમાં પ્રવૃત્ત કરે છે તેવા જીવો ભગવાનૂથી વિમુખ છે એમ નિશ્ચય કરી એમનો સંગ સર્વ પ્રકારે ત્યજવો. અને ભગવદ્ભક્તે અવશ્ય સર્વે ઈન્દ્રિયોનો નિગ્રહ સારી રીતે કરવો ઘટે છે. આ ઉદ્દેશથી જ શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે કે ઈન્દ્રિયો જ અશ્વો છે અને તે ઈન્દ્રિયરૂપી અશ્વોનો વિનિગ્રહ

* આ પ્રકારે શ્રીમદાચાર્યચરણ ઉપદેશેલા ગૈઢભાવાર્થને અનુસરી શ્રીહરિરાયજી તથા શ્રીપુરુષોત્તમજી જેવા સમ્પ્રદાયના ધુરન્ધર ગોસ્વામિ આચાર્ય પણ વ્યભિચારાદિ દુષ્ટ સ્વચ્છન્દાચરણને નિન્દે છે. તથાપિ આધુનિક સમયમાં એવા સ્વચ્છન્દ આચરણ કરી વ્યભિચાર કરનારા ગુરુ-ભક્તો ભક્તિનો આડમ્બર કરી, સ્ત્રીભાવનો ડોળ કરી, ભોળી ભામિનીઓને ફસાવી આચાર્યશ્રીના પવિત્ર ધર્મની નિન્દા કરાવે એ અત્યન્ત શોચનીય છે! કારણ કે **''વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ''** વિષયપ્રચૈર દેહવાળા જીવોને વિષે ભગવાન્ હરિનો આવેશ સર્વથા થતો નથી એમ શ્રીમદાચાર્યચણે સંન્યાસનિર્ણય ગ્રન્થમાં હિતકર આજ્ઞા કરી છે.

सङ्गः त्रयाणां बाधकः. तत् परित्यजेद् इति आह **एतद्विरोधि** इति.

**एतद्विरोधि यत्किञ्चित् तत्तु शीघ्रं परित्यजेत्।।**

---

કરવામાં આવે તો જ તેઓ ઈષ્ટદેશને અર્થાત્ ગન્તવ્ય ભગવદ્ધામને પ્રાપ્ત કરાવે છે. (૨૩૬)

'સંગ' એટલે આસક્તિ. સંસારમાં આસક્તિ થવારૂપ સંગને લીધે ગૃહસેવાર્થે નિર્બન્ધથી આગ્રહપૈર્વક નિત્યકર્મ કરવાનો પ્રયાસ કરવો પડતો હોવાથી ૧.યથાશક્તિ સ્વધર્મનું આચરણ પણ થતું નથી, ૨.વિધર્મથી સર્વથા નિવૃત્ત પણ થવાતું નથી, તેમ ૩.ઇન્દ્રિયનો નિગ્રહ પણ થતો નથી. *આ પ્રકારે સંગ-સંસારાસક્તિ આ સ્વધર્માચરણાદિ ત્રણેનો તેમજ જ્ઞાન, ભક્તિ તથા ઉપાસના નો પણ બાધ કરે છે. તેથી સંગ-આસક્તિનો ત્યાગ કરવો* એમ સામાન્ય ઉપદેશ હવે આચાર્યશ્રી વલ્લભાચાર્યજી કરે છે :

**એતદ્ વિરોધિ યત્કિઞ્ચિત્ તત્તુ શીઘ્રં પરિત્યજેત્ ।**
**ધર્માદીનાં તથા ચાઽસ્ય તારતમ્યં વિચારયન્।।૨૩૭।।**

**શબ્દાર્થ :** ધર્માદિનો તથા આ (ભગવત્સેવન)ના તારતમ્યનો વિચાર કરનારા જીવે આ (ત્રણે)નું વિરોધિ જે કંઈ હોય તેનો તો સત્વર ત્યાગ કરવો.(૨૩૭)

**વિવેચન :** શંકા : ''જો એ પ્રકારે સંગ દુષ્ટ હોઈ હેય-ત્યાજ્ય છે તો પછી સંગત્યાગનો જ

---

* રાસાદિ ભગવલ્લીલાનું પ્રતિપાદક હોઈને જ કામશાસ્ત્રાદિ સાર્થક થાય છે. તત્પ્રતિપાદ્ય કામનો પ્રયોગ જો લૌકિકપરત્વે કરવામાં આવે તો તેથી જીવનો અધઃપાત થાય છે. પરન્તુ તેથી કંઈ 'કામ' નામનો તૃતીય પુરુષાર્થ સિદ્ધ થતો નથી. વળી, **''ઋચ્યા દશતયીનાં ચતુઃષષ્ટિસંજ્ઞિતત્વાદ્ ઈહાપિ તદર્થસમ્બન્ધાત્ પાંચાલસમ્બન્ધાચ્ચ બહ્વૃચૈઃ એષા પૂજાર્થં સંજ્ઞા પ્રવર્તિતા ઈતિ એકે''** (કામસૈંત્ર ૨।૨।૪) ''જેમ ઋગ્વેદના ૧૦ મંડલ છે, તેમ આ કામસૈંત્રના સામ્પ્રયોગિક અધિકરણના ૧૦ અધ્યાય છે. વળી, જેમ મહર્ષિ પંચાલે ઋગ્વેદને ૬૪ અધ્યાયોમાં નિગદિત કર્યો છે, તેમ કામસૈંત્રના સામ્પ્રયોગિક અધિકરણર્તા બાભ્રવ્યઋષિ પણ પોતે એક જ પાંચાલગોત્ર સમ્બન્ધિ હોવાથી ઋગ્વેદના બહ્વૃચ શાખાવાળાઓએ (ઉપરોક્ત વૈદિક સામ્ય હેતુથી) આ સામ્પ્રયોગાદિ અધિકરણમાં ઋગ્વેદાર્થનો સમ્બન્ધ છે એમ પ્રદર્શિત કરવા (પુરુષોત્તમની) પૈંજાર્થે અત્રોક્ત સમ્પ્રયોગાદિ રસપ્રકારની સંખ્યા ૬૪ કહી છે''. અર્થાત્ સમ્પ્રયોગાધિકરણમાં આ સૈંત્ર યોજીને કામસૈંત્રકારે સમ્પ્રયોગાંગચુમ્બનાદિનું ઋગ્વેદાર્થત્વ પ્રદર્શિત કર્યુ છે. સામ્પ્રયોગના અદ્ભૈંત જે આલિંગન-ચુમ્બનાદિ ૧૦ અવયવ છે તે પણ વેદાર્થરૂપ અલૌકિક નાયક ભગવાન્ શ્રીકૃષ્ણચન્દ્રના અંગરસમાં જ યથાર્થ રીતે ઘટી શકે છે. આ સ્વારસ્ય ન સમજતાં જો જીવ લૌકિકપરત્વે કામશાસ્ત્રોક્ત પ્રયોગો યોજી અલ્પ લૌકિક રસાભાસમાં સુખ શોધે તો ભગવતી છાન્દોગ્ય શ્રુતિ મુક્તકંઠે ગાન કરી રહી છે કે **''યો વૈ ભૂમા તત્ સુખં નાલ્પે સુખમ્ અસ્તિ. ભૂમૈવં સુખં ભૂમા ત્વેવ વિજિજ્ઞાસિતવ્ય ઈતિ ભૂમાનં ભગવો વિજિજ્ઞાસે''** (છેન્દો.ઉપ.૭।૨૩।૯) ''જે, ખરેખર, ભૈંમા-મહાભગવદ્રસ છે તે જ સુખ છે, અલ્પ(પ્રાકૃત કામાદિ)માં સુખ નથી. તે ભૈંમા-મહારસ જ વિશેષે કરીને જિજ્ઞાસ્ય છે. એ અર્થે હે ભગવાન્! હું ભૈંમા-મહાભગવદ્રસની વિજિજ્ઞાસા કરું છું''. એમ શ્રુતિ પણ અલૌકિક ભગવદ્રસની જ પિપાસા કરાવી રહી છે. તેથી જીવે અવશ્ય ઈન્દ્રિવિનિગ્રહ કરી આનન્દપ્રચુર ભગવત્પ્રાપ્તિરૂપ પરમપુરુષાર્થ સાધવો. (જુઓ ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીનો શ્રીરાસપઞ્ચાધ્યાયી પ્રકાશ.)

**धर्मादीनां तथा चास्य तारतम्यं विचारयन्।।२३९।।**

सामान्यवचनं धर्मादीनाम् उपलक्षणम्. परार्थमपि इन्द्रियनिग्रहाभावसम्भवात्. पूजाविरोधि धर्मादिकं तु त्यक्तव्यमेव इति अत्र विचारम् आह **धर्मादीनाम्** इति.

ઉપદેશ કરવો જોઈતો હતો. પરન્તુ માત્ર સંગત્યાગનો ઉપદેશ ન કરતાં 'આ સ્વધર્માચરણાદિ ત્રણેનું વિરોધિ જે કાંઈ હોય તે સર્વનો ત્યાગ કરવો' એમ સામાન્ય વચનનું શું પ્રયોજન છે?'' આ શંકાનું સમાધાન કરવા આચાર્યશ્રી કહે છે કે ***એતદ્વિરોધી***. *આ સ્વધર્માચરણાદિ ત્રણેનું વિરોધિ જે કંઈ હોય તેનો પરિત્યાગ કરવો એમ સામાન્ય વચનથી ઉપદેશ કર્યો છે, કારણ કે એ સામાન્ય વચન ધર્માદિનું પણ ઉપલક્ષણ છે.* અર્થાત્ એમાં પરોપકારાદિ ધર્માદિનો પણ સમાવેશ થઈ જાય છે. જેમકે **''એતાવજ્જન્મસાફલ્યમ્ દેહિનામિહ દેહિષુ, પ્રાણૈરર્થૈર્ધિયા વાચા શ્રેયઆચરણં સદા''** અર્થાત્ ''આ લોકમાં દેહધારી જીવોનું આટલું જ જન્મસાફલ્ય છે કે તેમણે પ્રાણથી, અર્થથી, બુદ્ધિથી તથા વાણીથી સદા શ્રેય આચરવું''. આ ભગવદ્વાક્યમાં પરોપકારની સ્તુતિ કરી છે. તેથી આવા વાક્યોમાં કહેલા પરોપકારાદિ ધર્મોનો તથા તાદશ અન્ય ધર્મોનો ભગવત્સેવા વિરુદ્ધ હોવા છતાં કેવી રીતે ત્યાગ થઈ શકે?'' આ શંકા થાય તો આચાર્યશ્રી સમાધાન કરે છે કે *''પરોપકારાદિ ધર્મો પણ જો (૧.યથાશક્તિ સ્વધર્માચરણ ૨.સર્વથા વિધર્મમાંથી નિવર્તન તથા ૩.ઈન્દ્રિયાશ્વનો વિનિગ્રહ) આ ત્રણેના વિરોધિ હોય તો પરોપકારાદિ ધર્મોનો પણ ત્યાગ કરવો. કારણ કે, પરોપકાર કરવાને અર્થે પણ ઈન્દ્રિયનિગ્રહનો ત્યાગ સંભવે છે.* જેમ કે દિતિને પ્રસન્ન કરવામાટે કશ્યપે ઈન્દ્રિયનિગ્રહનો ત્યાગ કરી આસુરી પુત્રોત્પત્તિ કરી. એ રીતે પરાર્થે પણ ઈન્દ્રિયનિગ્રહનો ત્યાગ કરવો નહિ. ભગવત્સેવાના વિરોધિ જે કોઈ ધર્માદિક થાય તેમનો ત્યાગ તો અવશ્ય કર્તવ્ય જ છે. તેથી અત્ર પરોપકારાદિના વિરોધિ જે કોઈ ધર્માદિક થાય તેમનો ત્યાગ તો અવશ્ય કર્તવ્ય જ છે. તેથી અત્ર *પરોપકારાદિના ફલનું તથા ભગવત્સેવાના ફલનું તારતમ્ય વિચારવું, આથી કારિકામાં કહ્યું છે કે* ***ધર્માદીનામ્***. *અર્થાત્ ભગવદ્ભજનનું ફળ મોક્ષપ્રાપ્તિ થાય છે જ્યારે પરોપકારાદિ સર્વ ધર્મનું ફળ ક્ષય પામે એવું જ હોય છે. એ પ્રકારે ભગવત્સેવાનું ફળ પરોપકારાદિ ધર્મના ફળ કરતાં ઉત્કૃષ્ટ છે. આ પ્રકારે બન્નેના ફલના તારતમ્યનો વિચાર કરીએ તો ભગવદ્ભજનનું ફલ ઉત્તમ છે એમ જાણીને પરોપકારાદિ ધર્મો પણ જો (ઈન્દ્રિયનિગ્રહાદિનો ત્યાગ કરાવે તથા) ભગવત્સેવામાં વિરોધિ થાય તો એ પરોપકારાદિ ધર્મો પણ કર્તવ્ય નથી એમ સમજવું.* (૨૩૯)

વાદી શંકા કરે છે કે ''શ્રીમદાચાર્યચરણે આ જે ઉપદેશ કર્યો તે સર્વ યુક્ત છે, તથાપિ ફલ તો ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે ભગવત્પૈંજાનો નિર્વાહ થાય. અને એ પૈંજાનો

भगवद्भजनस्य मोक्षः फलं परोपकारादिसर्वधर्माणामपि क्षयिष्णवेव फलम्. अतः उभयोः अन्तरं ज्ञात्वा परोपकारादिधर्मा न कर्तव्या यदि पूजाविरोधिनो भवन्ति।।२३९।।

अत्र मार्गे पूजासाधनानाम् अनुवृत्तौ कारणम् आह **यथायथा** इति.

**यथा–यथा हरिः कृष्णो मनस्याविशते निजे।।**
**तथा–तथा साधनेषु परिनिष्ठा विवर्धते।।२४०।।**

श्रवण–कीर्तनादिना हरिश्चेद् हृदये निविशते तदा पूजा सर्वदा निर्वहति इति अर्थः।।२४०।।

---

નિર્વાહ કરવા સાધનાનુવૃત્તિનું અર્થાત્ સાધનોનું પર્યાવર્તન થયા કરવું જોઈએ. વળી આ સાધનોની અનુવૃત્તિ દુર્ઘટ છે કારણ કે કાલાદિનો બાધ નડે છે'' આ આકાંક્ષા થાય તો તેનું સમાધાન કરવા હવે શ્રીમદાચાર્યચરણ દૃષ્ટ સાધનનો ઉપદેશ કરે છે :

**યથા યથા હરિઃ કૃષ્ણો મનસિ આવિશતે નિજે ।**
**તથા તથા સાધનેષુ *પરિનિષ્ઠા વિવર્ધતે ।।૨૪૦।।**

**શબ્દાર્થ :** જેમ-જેમ હરિ ભગવાન્ શ્રીકૃષ્ણ નિજ સેવકના મનમાં પ્રવેશ કરે છે તેમ-તેમ સાધનોમાં પરિનિષ્ઠા વિશેષે કરીને વૃદ્ધિ પામે છે.(૨૪૦)

**વિવેચન :** *અત્ર ભગવન્માર્ગમાં સેવાના સાધનો શી રીતે પ્રાપ્ત થાય અર્થાત્ તેની અનુવૃત્તિ-અનુસન્ધાન થવામાં શું કારણ છે? એમ આકાંક્ષા થાય તો તે અર્થે આચાર્યશ્રી કહે છે કે* ***યથાયથા.*** *જેમ-જેમ ભગવાન્ શ્રીહરિકૃષ્ણ સેવકના હૃદયમાં પ્રવેશે છે તેમ-તેમ સાધનોમાં નિષ્ઠા વધે છે. શ્રવણ-કીર્ત્તનાદિ કરવાથી જો દુઃખહર્તા ભગવાન્ શ્રીકૃષ્ણ હૃદયમાં પ્રવેશ કરે છે તો ભગવત્સેવાનો નિર્વાહ સર્વદા ચાલ્યા કરે છે.*

શ્રીમદ્ભાગવતના (૧૧।૧૯।૧૯-૨૪)શ્લોકમાં શ્રીભગવાને ભક્તિના કારણરૂપ ભગવદ્ધર્મો ઉદ્ધવજીને ક્રમપૈર્વક કહ્યા છે :

**ભક્તિયોગઃ પુરૈવોક્તઃ પ્રીયમાણાય તે અનઘ, પુનશ્ચ તે કથયિષ્યામિ મદ્ભક્તેઃ કારણં પરમ્ શ્રદ્ધાઽમૃતકથાયાં મે શશ્વત્ મદનુકીર્તનમ્, પરિનિષ્ઠા તુ પૂજાયાં સ્તુતિભિઃ સ્તવનં મમ આદરઃ પરિચર્યાયાં સર્વાંગૈઃ અભિવન્દનમ્, ભદ્ભક્તપૂજાઽભ્યધિકા સર્વભૂતેષુ મન્મતિઃ મદર્થેષ્વંગચેષ્ટા ચ વચસા મદ્ગુણેરણમ્, મય્યર્પણં ચ મનસઃ સર્મકામવિવર્જનમ્ મદર્થે અર્થપરિત્યાગો ભોગસ્ય ચ સુખસ્ય ચ, દૃષ્ટં દત્તં હુતં જપ્તં મદર્થે યદ્ વ્રતં તપઃ।।૨૩।। અવં ધર્મૈર્મનુષ્યાણામુદ્ધવાત્મનિવેદિનામ્, મયિ સંજાયતેભક્તિઃ કોન્યોર્થોસ્ય અવશિષ્યતે''**

શ્રીભગવાન્ કહે છે : ''હે નિષ્પાપ ઉદ્ધવ, મેં તારા ઉપર પ્રસન્ન થઈને ભક્તિયોગ પૈર્વે કથ્યો

---

* શ્રીમદ્ભાગવતના ૧૧।૧૯।૧૯।૨૪ માં શ્રીભગવાને ઉદ્ધવજીને ભક્તિના કારણરૂપ ભગવદ્ધર્મો ક્રમપૈર્વક કહ્યા છે : **''પરિનિષ્ટા તુ પૂજાયાં સ્તુતિભિઃ સ્તવનં મમ''** એમ તત્રોક્ત ચરણમાંથી શ્રીમદાચાર્યચરણે અત્ર કારિકામાં 'પરિનિષ્ઠા' પદ યોજેલું દિશે છે.

अत्र बाधकानां विशेषम् आह **कृष्णे सर्वात्मके** इति.

**कृष्णे सर्वात्मके नित्यं सर्वथा दीनभावना।।**
**अहङ्कारं न कुर्वीत मानापेक्षां विवर्जयेत्।।२४१।।**

---

છે. પુનઃ હું તને મારી ભક્તિનું પરમ કારણ કહું છું. મારી અમૃત કથામાં શ્રદ્ધા, નિરન્તર મારું અનુકીર્તન, મારી પૈંજામાં પરિનિષ્ઠા, સ્તુતિઓથી મારું સ્તવન, મારી પરિચર્યામાં આદર, સર્વાંગે અભિવન્દન, મારા ભક્તનું અધિક સન્માન, સર્વભૈંતોનો પરિત્યાગ કરી મનને મારામાં અર્પણ કરવું, મારે અર્થે દ્રવ્ય-ભોગ-સુખનો પરિત્યાગ કરવો, યજ્ઞ દાન હોમ જાપ તપ તથા વ્રત મારે અર્થે કરવા. આ પ્રકારે ભગવદ્ધર્મો આચરીને આત્મનિવેદન કરનારા મનુષ્યોને મારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે. તો પછી એમને ક્યો પુરુષાર્થ બાકી રહે છે? અર્થાત્ એમનો કોઈ પણ પુરુષાર્થ અવશિષ્ટ રહેતો નથી''. (૧૯।૨૪)

આ પ્રકારે ભગવાને આત્મનિવેદિ ભક્તોની ભક્તિના કારણરૂપ ભગવદ્ધર્મરૂપી સાધનોનો ઉપદેશ કર્યો છે, તેથી શ્રવણકીર્તનાદિ ભક્તિબલે ભગવાન્ કૃપા કરીને હૃદયમાં બિરાજે એ અર્થે ભગવદ્ધર્મોનું સમ્યક્ આચરણ કરવું.(૨૩૯)

અત્ર જીવકૃત સાધનથી ભગવત્સેવામાં નિષ્ઠા વધતી નથી પરન્તુ ભગવાન્ પોતે શ્રવર્ણ-કીર્તનાદિથી પ્રસન્ન થઈ કૃપા કરી જેમ-જેમ ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે તેમ-તેમ સેવા સિદ્ધ થાય છે. ભગવત્સેવમાં પ્રેમ થાય તે પણ ભગવાન્‌ને આધીન છે. પ્રેમ, આસક્તિ તથા વ્યસન ભગવત્કૃપાને અધીન છે. પુષ્ટિમાર્ગીય ભક્તે અનન્ય ભગવચ્છરણ સ્વીકારી શ્રવણકીર્તનાદિથી તેમજ ભગવત્સેવા કરી ભગવાન્‌ની કૃપાનું અવલમ્બન કરવું ત્યારે સેવા ફલરૂપ થાય છે.

*પરન્તુ આધુનિક શ્રવણ-કીર્તનાદિ કરનારાના હૃદયમાં પણ પ્રાયઃ ભગવાન્‌નો આવેશ થતો નથી. તેથી એમાં બાધ કરનારા અહંકારાદિ દોષનો વિશેષે કરીને ત્યાગ કરવો* એમ હવે શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે :

**કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીનભાવના ।**
**અહંકારં ન કુર્વીત માનાપેક્ષાં વિવર્જયેત્।।૨૪૧।।**

**શબ્દાર્થ :** સર્વાત્મક એવા ભગવાન્ શ્રીકૃષ્ણમાં પોતાની દીનભાવના સર્વથા રાખવી. અહંકાર કરવો નહિ અને માનની અપેક્ષા વિશેષે કરીને ત્યજવી.(૨૩૯)

**વિવેચન :** *સર્વ અધિષ્ઠાનમાં તેમજ સર્વ લોકમાં જ્યાં ભગવદ્બુદ્ધિ થાય ત્યાં-ત્યાં મનમાં પોતાની દીનતાની ભાવના કરવી. વળી, સર્વત્ર ભગવદ્બુદ્ધિ રાખવી. અન્ય કોઈ આપણું અપમાન કરે તો પણ અહંકાર કરવો નહિ,* કારણ કે અહંકાર સર્વથા જ બાધક છે. તેને નિવૃત્ત કરવાને અર્થે અત્ર દીનભાવનાનો ઉપદેશ કર્યો છે, કંઈ ભિન્નસાધનત્વે

मनसि स्वस्य दीनता भावनीया. सर्वाधिष्ठानेषु सर्वलोकेषु च यत्र-यत्र भगवद्बुद्धिः भवति बुद्धिश्च कर्तव्या. अन्यकर्तृकापमानेऽपि न अहङ्कारं कुर्यात्. भगवतः सकाशान् मानापेक्षां च वर्जयेत्।।२४१।।

एतत्सिद्ध्यर्थम् उपायम् आह **सर्वथा तद्गुणालापम्** इति.

**सर्वथा तद्गुणालापं नामोच्चारणमेव वा।।**
**सभायामपि कुर्वीत निर्भयो निस्पृहस् ततः।।२४२।।**

सर्वथा सर्वत्र भगवदुत्कर्षवर्णने पूर्वोक्तं सिद्ध्यति. दैत्यानां सन्निधानेऽपि **निर्भयः**. फलाभावाय **निस्पृहः ततः** इति।।२४२।।

---

દીનભાવનાનો ઉપદેશ કર્યો નથી. *ભગવાનની પાસેથી માન પ્રાપ્ત કરવાની અપેક્ષાનો ત્યાગ કરવો.*

આથી **''સ્તુતિભિઃ સ્તવનં મમ સર્વાંગૈઃ અભિવન્દનમ્, મદ્ભક્તપૂજાઽભ્યધિકા સર્વભૂતેષુ મન્મતિઃ''** (ભાગ.પુરા.૧૧।૧૯।૨૧). અર્થાત્ સ્તુતિથી ભગવત્સ્તવન કરવું, સર્વાંગોથી ભગવાનને અભિવન્દન કરવું, ભગવત્સેવકોનું અધિક સન્માન કરવું તથા સર્વ જગતમાં ભગવદ્બુદ્ધિ રાખવી'' એમ શ્રીમદ્ભાગવતમાં સાધનચતુષ્ટ્યનું કથન શ્રીભગવાને આ અર્થે જ કર્યું છે એમ જ્ઞાપિત થાય છે.(૨૩૯)

*અહંકાર તથા માનાપેક્ષાનો ત્યાગ કેવી રીતે સિદ્ધ થઈ શકે તેનો હવે આચાર્યશ્રી ઉપાય કહે છે :*

**સર્વથા તદ્ગુણાલાપં નામોચ્ચારણમેવ વા ।**
**સમ્ભાયામપિ કૂર્વીત નિર્ભયો નિઃસ્પૃહઃ તતઃ ।।૨૪૨।।**

**શબ્દાર્થ :** સેવામાં પણ નિર્ભય થઈને તથા તેથી નિઃસ્પૃહ થઈને સર્વથા ભગવાનના ગુણોનો આલાપ કરવો જ, તેમજ ભગવન્નામનો ઉચ્ચાર પણ કરવો જ જોઈએ.(૨૪૦)

**વિવેચન :** *સર્વથા સર્વત્ર ભગવાનના ઉત્કર્ષનું વર્ણન કરવામાં આવે તો ઉપર કહેલા અહંકારાદિ દોષનો ત્યાગ સિદ્ધ થાય છે. દૈત્યોના સન્નિધાનમાં પણ ભગવન્નામનો ઉચ્ચાર કોઈ પણ પ્રકારનો ભય રાખ્યા વિના કરવો.* ***નિઃસ્પૃહઃ તતઃ.*** *નિઃસ્પૃહ થઈને ભગવદ્ગુણોનો આલાપ અવશ્ય કરવો. ભગવન્નામનો ઉચ્ચાર કરવાથી શું ફળ આવશે તેની કંઈ પણ પરવા કરવી નહિ.*

**નિઃસ્પૃહઃ તતઃ.** શ્રીમદાચાર્યચરણ અત્ર શ્રીમદ્ભાગવતને અનુસરી ભગવન્નામનો ઉચ્ચાર તથા ભગવદ્ગુણનો આલાપ ગમે તે સ્થલે, દૈત્યજીવોની સમીપમાં પણ, ભય રાખ્યા વિના સર્વથા

केवलं नामोच्चारणादेः कदाचिद् असाधकत्वमपि भवेदिति मुख्यं साधनम् आह **साधनं परमेतद् हि** इति.

ફરવો એમ આગ્રહપૈર્વક આજ્ઞા કરે છે. તેથી ગમે ત્યાં પરસ્પર ભગવત્સ્મરણનો ઉચ્ચાર કરવામાં ભગવદ્ભક્તે કંઈ પણ પ્રકારની લજ્જા રાખવી નહિ. તેમ કરતાં જો આસુર જીવો ભગવન્નિંદા કરે તો

**''કર્ણૌ પિધાય નિરયાદ્ યદકલ્પ ઈશે ધર્માવિતર્યસૃણિભિઃ નૃભિરસ્યમાને,**
**છિન્દ્યાત્ પ્રસહ્ય રુશતીમ્ અસતીં પ્રભુઃ ચેત્ જિહ્વામ્ અસૂનપિ તતો વિસૃજેત્ સ ધર્મઃ''**

(ભાગ.પુરા.૪।૪।૧૭)

આ શ્રીમદ્ભાગવતના શ્લોકમાં ભગવદ્ નામની નિન્દાનું શ્રવણ ન જ કરવું એમ કહ્યું છે. ભગવત્સ્મરણનું કે ભગવાનના નામોચ્ચારનું કે ગુણાલાપનું શ્રવણ કરીને જો કોઈ મનુષ્યો નિરંકુશ થઈ ધર્મરક્ષક ભગવાન્‌ને વિષે નિન્દાક્ષેપો કરી અન્યથા વચનો કહે તો અસમર્થ ભક્તોએ પોતાના કર્ણ બંધ કરી તે ભગવન્નિંદાનું શ્રવણ ન કરી ત્યાંથી ચાલ્યા જવું. અથવા તો, જો પોતે સમર્થ હોય તો, તેમણે બળ વાપરીને પણ તેઓની અમંગલશબ્દોચ્ચાર કરતી દુષ્ટ જીહ્વાનો છેદ કરવો. તેમ કરતાં જો પ્રાણત્યાગ થાય તો તેની પણ પરવા કરવી નહિ તે ધર્મ છે. જો તેમ પણ કરવા ભગવદ્ભક્ત અશક્ત હોય તો ભગવાનની નિન્દા કરનારા તે અસુર જીવોને યથાયોગ્ય ઠપકાના શબ્દો પણ કહેવા પરન્તુ નિજપ્રાણપ્રેષ્ઠ પ્રભુના નામનું અપમાન તો સર્વથા થવા દેવું નહિ તે ધર્મ છે. તેથી શ્રીમદાચાર્યચરણે મૈંલમાં કહ્યું છે કે **નિઃસ્પૃહઃ તતઃ**. ભગવન્નામ લેવાનું શું પરિણામ આવશે તેની પરવા કરવી નહિ. દક્ષની સભામાં સતી ધર્મનું લક્ષણ આપતાં કહે છે :

> ''ધર્મ તો તે જ કહેવાય છે કે જ્યાં ધર્મરક્ષક સર્વસમર્થ ભગવાન્‌ની નિન્દા લોકો નિરંકુશ થઈને કરે તો ત્યાંથી અશક્ત ભગવદીયોએ પોતે કર્ણ બન્ધ કરી ભગવન્નિન્દા ન સંભળાય તેમ ચાલ્યા જવું. જો ભગવદીય પોતે શક્તિમાન્ હોય તો તેણે ભગવાન્‌ને વિષે નિષ્ઠુર નિન્દાના આક્ષેપો કરનારા દુષ્ટ લોકોની અમંગલશબ્દોચ્ચાર કરતી દુષ્ટ જીહ્વાને છેદી નાંખવી. જેમ સર્પદંશ પામેલા અંગુષ્ઠને કાપવામાં આવે તો જ શરીરના બીજા ભાગોની રક્ષા થાય છે તેમ ધર્મરક્ષક ભગવાનની નિન્દા કરનારા દુષ્ટની વિષમય જીહ્વાનો છેદ કરવામાં આવે તો જ તે દુષ્ટનું તથા અન્ય સત્પુરુષોનું કલ્યાણ થાય છે. અથવા તો તે સ્થળે ભક્તે પોતાના પ્રિયતમ પ્રભુની નિન્દા સાંભળવી તેના કરતાં નિજ પ્રાણનો ત્યાગ કરવો પરન્તુ ભગવન્નિન્દાનું શ્રવણ તો ભગવદ્ભક્તે સર્વથા કરવું નહિ''. (જુઓ ગોસ્વામિ શ્રીપુરુષોત્તમજીની 'આવરણભંગ' નામની આ ગ્રન્થની ટીકા તથા બાલપ્રબોધિન્યાદિ શ્રીમદ્ભાગવતની અન્ય સંસ્કૃત ટીકા)(૨૪૦)

**શંકા :** ''આ પ્રકારે તો સામાન્ય સેવાનિર્વાહ થશે. *કેવળ ભગવન્નામનું ઉચ્ચારણ કરવાથી કદાચિત્ અસાધકત્વ દોષ પ્રાપ્ત થશે,* અહંકારાદિ દોષની નિવૃત્તિ નહિ પણ થાય'' આ શંકા થાય *તો આચાર્યશ્રી ભગવત્સેવાના નિર્વાહનું મુખ્ય સાધન કહે છે :*

**સાધનં પરમ્ એતદ્ધિ શ્રીભાગવતમ્ આદરાત્ ।**

**साधनं परमेतद्धि श्रीभागवतमादरात्।।**
**पठनीयं प्रयत्नेन निर्हेतुकम् अदम्भतः।।२४३।।**

सर्वदा श्रीभागवतकीर्तनेन पूर्वोक्तं सिद्ध्यति।।२४३।।

अत्र वैष्णवमार्गे वेदमार्गविरोधो यत्र तत् न कर्तव्यम् यदि अनित्यो धर्मो भवेत्.

---

**પઠનીયં પ્રયનેન નિર્હેતુકમ્ અદમ્ભતઃ ।।૨૪૩।।**

**શબ્દાર્થ :** કોઈ પણ પ્રકારના હેતુ વિના, નિઃસ્પૃહ થઈને તથા દમ્ભ રહિત થઈને, પ્રયત્ન પૈર્વક, આદરથી શ્રીમદ્ભાગવત શાસ્ત્રનો પાઠ કરવો જોઈએ. ખરેખર, આ જ પરમ સાધન છે એમ નિશ્ચયપૈર્વક સમજવું.(૨૪૧)

***વિવેચન : સાધનં પરમ્ એતદ્.*** *આદરપૂર્વક શ્રીમદ્ભાગવત શાસ્ત્રનો નિરન્તર પાઠ કરવો* એ મુખ્ય સાધન છે. *શ્રીમદ્ભાગવત શાસ્ત્રના પાઠથી* પૈર્વે કહેલા દીનભાવના, અહંકાર આદિ દોષની નિવૃત્તિ, ભગવત્સેવામાં નિષ્ઠા, ભગવાનનો હૃદયને વિષે પ્રવેશ તેમજ સપ્રેમ ભગવદ્ભાવ ઈત્યાદિ *સર્વ સિદ્ધ થાય છે.*

**''શ્રદ્ધાં ભાગવતે શાસ્ત્રે''** (ભાગ.પુરા.૧૧।૩।૨૬) ''શ્રીમદ્ભાગવતશાસ્ત્રમાં શ્રદ્ધા રાખવી'' ઈત્યાદિ પ્રબુદ્ધયોગેશ્વરે કહેલા વાક્યથી શ્રીમદ્ભાગવતનો પાઠ કરવો એમ સિદ્ધ થાય છે. ભગવદ્ભક્તે ભગવદ્ગુણનો વાણીથી આલાપ કરવો, ભગવદર્થે પોતાના સુખનો તથા ભોગનો ત્યાગ કરવો ઈત્યાદિ સર્વ ક્રમ જે એકાદશસ્કન્ધમાં શ્રીભગવાને કહ્યો છે તેનું સર્વત્ર યથાશક્ય અનુસન્ધાન કરવું.(૨૪૧)

આ પ્રકારે શ્રીમદાચાર્યચરણે ભગવત્સેવાનો નિર્વાહ કરાવે એવા સાધનોનો ઉપદેશ કર્યો. હવે શ્રીરામાનુજ, શ્રીમધ્વ ઈત્યાદિ આચાર્યોના અન્ય વૈષ્ણવ સમ્પ્રદાય કરતાં આ માર્ગની પ્રણાલિકાના બાહ્ય પ્રકારમાં શું-શું વૈલક્ષણ્ય છે તે શ્રીમદાચાર્યચરણ દર્શાવે છે. અન્ય વૈષ્ણવ સમ્પ્રદાયમાં તપાવેલા શંખ-ચક્રાદિ ધારણ કરવાની રીતિ છે જ્યારે આ પુષ્ટિભક્તિસમ્પ્રદાયમાં વૈષ્ણવે ભગવત્પૈજાના અંગ તરીકે મૃત્તિકાથી શંખ-ચક્રાદિ અવશ્ય ધારણ કરવા, તેમજ તેણે તિલક તથા તુલસીકાષ્ઠની માલાને વૈષ્ણવત્વના ચિહ્ન તરીકે અવશ્ય ધારણ કરવાં જોઈએ એમ હવે શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે :

*અહીં વૈષ્ણવમાર્ગમાં જ્યાં વેદમાર્ગનો વિરોધ હોય તે કર્તવ્ય નથી, જો વૈષ્ણવમાર્ગ અનિત્ય એટલે કે કામ્ય હોય.* અર્થાત્ સકામ વૈષ્ણવમાર્ગમાં જ્યાં વેદમાર્ગનો વિરોધ આવતો હોય તો સકામભક્તિના તે અનુષ્ઠાનનો ત્યાગ કરવો પરન્તુ વેદમાર્ગનો વિરોધ ન કરવો. અર્થાત્ વેદવિરુદ્ધ અનિત્ય=કામ્ય વૈષ્ણવધર્મનું આચરણ કરવું નહિ.

नित्येऽपि वेदविरोधः सोढव्यः इति आहः **शङ्ख चक्रादिकं धार्यम्** इति.

**शङ्खचक्रादिकं धार्यं मृदा पूजाङ्गमेव तत्।।**
**तुलसीकाष्ठजा माला तिलकं लिङ्गमेव तत्।।२४४।।**

---

*પરન્તુ વૈષ્ણવમાર્ગના નિત્ય(નિષ્કામ)ધર્મમાં જો વેદનો વિરોધ આવે તો તે * વેદવિરોધ પણ સહન કરવો જોઈએ એથી આચાર્યશ્રી કહે છે કે **શંખચક્રાદિકં ધાર્યમ્.***

**શંખ-ચક્રાદિકં ધાર્યં મૃદા પૂજાંગમેવ તત્ ।**
**તુલસીકાષ્ઠજા માલા તિલકં લિંગમેવ તત્ ।।૨૪૪।।**

**શબ્દાર્થ :** વૈષ્ણવે શંખ-ચક્રાદિક ધારણ કરવા તે મૃત્તિકાથી જ ધારણ કરવા કારણ કે શંખ-ચક્રાદિ ધારણ કરવા એ ભગવત્પૈંજાનું અંગ છે. તથા તુલસી કાષ્ઠમાંથી બનેલી માલા કંઠમાં તથા મસ્તકાદિ પર તિલક પણ ધારણ કરવા જોઈએ કારણ કે તે વૈષ્ણવત્વના ચિહ્ન છે.

**વિવેચન :** મૃત્તિકાથી શંખચક્રાદિ અવશ્ય ધારણ કરવા એવો ભક્તિમાર્ગનો નિત્યધર્મ છે. આ નિત્યધર્મ કામ્યધર્મથી ભિન્ન છે તેથી આ ભક્તિમાર્ગીય નિત્યધર્મનું આચરણ કરવા જતાં જો વેદમાર્ગનો વિરોધ આવે તો એ વેદવિરોધ પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે સહી લેવો. મુત્તિકાથી વૈષ્ણવે શંખચક્રાદિ ભગવત્કવચ ધારણ કરવા એ યુક્ત છે કારણ કે શંખચક્રાદિ ધારણ કરવા એ પૈંજાનું અંગ છે. જે નિષેધ કર્યો છે તે તો કેવલ તપ્તમુદ્રાને ધારણ કરવાનો છે. કારણ કે તપ્તમુદ્રા કરવી એ કામ્યધર્મ છે. પૈંજાના અંગત્વે જે શંખચક્રાદિ ધારણ કરવાના કહ્યાં છે તેમને મૃત્તિકાથી ધારણ કરવા. પાદ્મોતરખંડના સુદર્શન માહાત્મ્યના અધ્યાયમાં તો તપ્તમુદ્રાધારણને કામ્ય ધર્મ કહ્યો છે. જેમકે ***"વહ્નિનૈવ તુ સંયુક્તં ચક્રમાદાય વૈષ્ણવઃ, ધારયેત્ સર્વવર્ણાનાં હરિસાલોક્યકામ્યયા"*** *"સર્વે વર્ણોના વૈષ્ણવે હરિના સાલોક્યની કામનાથી અગ્નિથી સંયુક્ત થયેલું જ ચક્ર ધારણ કરવું".* એ વાક્યમાં 'કામ્યયા'

---

* **"અપિ વેદવિરોધઃ"** એ પદ કૈમુતિક સૈંચક છે. જો નિત્ય=નિષ્કામ વૈષ્ણવધર્મમાં પણ વેદવિરોધ સહ્ય છે તો પછી અવિહિત ભક્તિમાં વૈદિક કર્મના કાલાદિનો અતિક્રમ થાય તો દોષપ્રસંગ પ્રાપ્ત થતો નથી એમાં તો કહેવું જ શું? જેમકે અવિહિત ભક્તિમાર્ગમાં પ્રાતઃકાલથી પ્રારમ્ભી શયન પર્યન્ત પ્રતિદિન અષ્ટવિધ ભગવત્સેવાનો પ્રકાર વૈષ્ણવે અવશ્ય આદરવાનો છે. ભગવત્સેવારૂપી મુખ્ય ભગદ્ધર્મનું આચરણ કરતાં એ પ્રાતઃકાલના સંધ્યા-અગ્નિહોત્રાદિક વૈદિકધર્મનો કાલાતિક્રમ થતો હોય તો તેથી બાધ આવતો નથી. વૈદિકકર્મોને ભગવત્સેવાના અનવસરમાં ગૌણકાલે કરી લેવા. અર્થાત્ ત્યાં વેદમાર્ગનો વિરોધ સહન કરી લેવો. **"આદરાદ્ અલોપઃ"** (બ્રહ્મસૈં.૩।૩।૪૦।૪૧) આ બ્રહ્મસૈંત્રના અધિકરણે નિર્ણય કર્યો છે કે એકજ સમયે જો વૈદિક વર્ણાશ્રમધર્મો તથા ભગવત્દ્ધર્મો કરવા પ્રાપ્ત થાય તો **"મહસ્તે વિષ્ણોઃ સુમતિં ભજામહે"** (ઋગ્વેદ ૧।૧૫૬।૩) "હે વિષ્ણુ ભગવન્! અમે મહાન્ એવા આપની સુમતિ-કૃપાને ભજીએ છીએ" ઈત્યાદિ ઋચ્યાઓ અન્ય સર્વ ધર્મોને દૈંર કરી ભગવદ્ધર્મમાં જ આદર રાખવો એમ ઉપદેશ કરે છે. શ્રૌત-વૈદિકધર્મ કરતાં ધર્મિ-પુરુષોત્તમ સમ્બન્ધિ ભગવદ્ધર્મો બલિષ્ઠ હોવાથી ભગવદ્ધર્મનો લોપ સર્વથા ન કરવો. ભગવત્સેવામાંથી અવકાશ પ્રાપ્ત થાય ત્યારે ગૌણકાલે પણ વૈદિક ધર્મ કરવાથી પ્રત્યવાય નિવૃત્ત થશે. (જુઓ અણુભાષ્ય.)

**''वह्निनैव तु संयुक्तं चक्रमादाय वैष्णवः, धारयेत् सर्ववर्णानां हरिसालोक्यकाम्यया''** इति तप्तमुद्राधारणं काम्यम्. **''शङ्ख -चक्रं मृदा यस्तु कुर्यात् तप्तायसेन वा, स शूद्रवद् बहिष्कार्यः सर्वस्माद् द्विजकर्मणः''** इति स्मृतिविरोधश्च. **''शङ्खादिचिह्नरहितः पूजां यस्तु समाचरेत्, निष्फलं पूजनं तस्य हरिश्चापि न तुष्यति''**. अतो मृदा शङ्ख-चक्रादिधारणं पूजाङ्गम् अवश्यं कर्तव्यम्. निषेधस्तु केवलएव, न पाषण्डत्वसम्पादकः. मृदा निषेधम्

---

'કામનાથી' એવું પદ યોજ્યું છે તેથી *અત્રોક્ત તપ્ત ચક્રધારણ કામ્ય ધર્મ છે એમ સિદ્ધ થાય છે. વળી* ***''શંખચક્રં મૃદા યસ્તુ કુર્યત્ તપ્તાયસેન વા, સ શૂદ્રવદ્ બહિષ્કાર્ય સર્વસ્માદ્ દ્વિજકર્મણઃ''*** *''જે મનુષ્ય શંખ તથા ચક્ર મૃત્તિકાથી અથવા તપેલા લોઢાથી કરે છે તેનો સર્વ દ્વિજકર્મમાંથી શૂદ્રની માફક બહિષ્કાર કરવો જોઈએ'' આ વિષ્ણુસ્મૃતિનો વિરોધ પણ તપેલા લોખંડથી શંખચક્રાદિ ધારણ કરવાનો નિષેધ કરે છે. પરન્તુ આ સ્મૃતિવાક્યમાં જે મૃત્તિકાથી પણ શંખચક્ર ધારણ કરવાનો નિષેધ કર્યો છે તે નિષેધ તો 'કેવલને' વિષે જ લાગુ પડે છે. અર્થાત્ જે વૈષ્ણવત્વથી રહિત હોય તેને જ લાગુ પડે છે નહિ કે વૈષ્ણવને. શુદ્ધ વૈષ્ણવને મૃત્તિકાથી શંખચક્ર ધારણ પાષંડત્વ સમ્પાદન કરતું નથી.* વૈષ્ણવત્વ ન હોવા છતાં પાષંડત્વે બહારના ડોળથી પૈંજાના અંગરહિત જે શંખચક્રાદિ ધારણ કરવામાં આવે છે તેને વિષે એ નિષેધ લાગુ પડે છે એમ સમજવું.

જે લોકો પાખંડિ થઈને પૈંજાના અંગરહિત શંખચક્રાદિ કરે છે તેમની નિન્દા ઉપરોક્ત સ્મૃતિવાક્યે કરી છે, પરન્તુ જે વૈષ્ણવો પૈંજાના અંગત્વે શંખચક્રાદિ મૃત્તિકાથી ધારણ કરે છે તેઓ પાખંડતા સમ્પાદિત કરતા નથી. આ કારણે, પૈંજા વ્યંગ ન થાય તેથી પૈંજાના અંગભૈંત જે શંખચક્રાદિ છે તેમને તો વૈષ્ણવે અવશ્ય મૃત્તિકાથી ધારણ કરવા જોઈએ. તેમનો નિષેધ છે એમ સમજવું નહિ. *ઉપરોક્ત વિષ્ણુસ્મૃતિના વાક્યમાં મૃત્તિકાથી શંખચક્રાદિ કરવાનો નિષેધ કરી તપેલા લોઢામાં તેનું *પર્યવસાન કરેલું છે, તેથી તપેલા લોખંડને વિષે જ નિષેધનું પર્યવસાન થાય છે. તેથી મૃત્તિકાથી પૂજાના અંગભૂત શંખચક્રાદિને ધારણ કરવામાં બાધ નથી.* વળી, ઉપરોક્ત વાક્યમાં 'તપ્તાયસેન વા' કહ્યું છે. અત્ર વા=એવ='જ' અર્થ લઈ શકાય છે. તેથી તપેલા લોહખંડથી જ જે કોઈ શંખચક્રાદિ ધારણ કરે છે તેનો શૈંદ્રવત્ બહિષ્કાર કરવો -એમ અર્થ પણ ઘટાવી શકાય છે. તેથી તપાવેલા લોહખંડથી શંખચક્રધારણ કરવા એમાં જ નિષેધ લાગુ પડે છે. મૃત્તિકાથી શંખચક્રધારણ કરવા એમાં નિષેધ લાગુ પડતો નથી.

---

* **''નિર્યાસસ્ય નાશ્યં બ્રહ્મહત્યાયૈ હ્યેષ એવ વર્ણઃ''** આ પ્રકારે શ્રુતિએ ઉપક્રમ કરી કહ્યું છે કે **''યો વાવ્રશ્ચનાન્નિર્યેષતિ તસ્ય નાશ્યમ્''**. પર્યવસાનમાં વ્રશ્ચનમાંથી-છેદમાંથી સ્રવતા રસનું આશય કરવું નહિ એમ બ્રહ્મહત્યા સૈંચક રક્તાશનનો નિષેધ કર્યો છે, નિર્યાસમાત્રનો નિષેધ કર્યો નથી. આ નિર્ણય પ્રમાણે પ્રકૃતમાં પણ તપ્તલોખંડથી થતા શંખચક્રધારણ વિષે પર્યવસાન થતું હોવાથી તપ્તલોખંડથી શંખચક્રધારણનો નિષેધ જ વિવક્ષિત છે, મૃત્તિકાથી શંખચક્રાદિ ધારણ કરવાનો નિષેધ વિવક્ષિત નથી.

उपक्रम्य तप्तायसे पर्यवसानवचनात् च. किञ्च, ब्राह्मणस्य धारणं निषिद्धं, वैष्णवस्य च विहितम्. तत्र ब्राह्मणश्चेद् वैष्णवो भवेत्, तत्र पूर्वात् परबलीयस्त्वन्यायेन वचनमिति वैष्णवधर्मानुसरणं कर्तव्यम्. नच पाषण्डत्वसम्भवः. **''किं पुनर् ब्राह्मणाः पुण्याः''**

---

**''શંખાદિચિહ્નરહિતઃ પૂજાં યસ્તુ સમાચરેત્, નિષ્કલં પૂજનં તસ્ય હરિશ્ચાપિ ન તુષ્યતિ''** ''શંખાદિ ચિહ્નથી રહિત થઈને જે પૈંજા કરે છે તેનું પૈંજન નિષ્ફલ છે, તથા હરિ પણ તેથી સન્તુષ્ટ થતા નથી''. એ વાક્ય શંખાદિ ચિહ્ન ધારણ કરવાં એ ભગવત્પૈંજામાં આવશ્યક અંગ છે એમ કહે છે. તેથી પૈંજાનું અંગ હોવાથી મૃત્તિકાથી શંખચક્રાદિ ધારણ કરવા એ આવશ્યક કર્તવ્ય છે. નિષેધસ્મૃતિ તો કેવલ એટલે કે પૈંજાના અંગરહિત શંખચક્રાદિ ધારણ કરવા નહિ એમ કહે છે.

*વળી નિષેધસ્મૃતિ પ્રથમ એમ કહે છે કે ''બ્રાહ્મણને માટે શંખચક્રાદિનું ધારણ વિહિત છે''. અત્ર **''પૂર્વાત્ પરં બલીયઃ''** અર્થાત્ પૂર્વ વાક્ય કરતાં પછીનું વાક્ય વધારે બલિષ્ઠ હોય છે એ ન્યાયે, પછીના વાક્યમાં જે શંખચક્રાદિ ધારણ કરવા એમ વૈષ્ણવધર્મનું વિધાન કર્યું છે તેને જ અનુસરવું જોઈએ.* અર્થાત્ પ્રથના નિષેધવાક્યથી, શંખચક્ર ધારણ ન કરવા એવા પૈંર્વવાક્યથી જ જો કાર્ય સરી જતું હોય તો પછીનું વાક્ય ''વૈષ્ણવે શંખચક્રાદિ ધારણ કરવા'' એવું વાક્ય નિરર્થક જાય છે. તેથી પ્રથમના નિષેધક વાક્ય કરતાં આ પરવાક્ય (પછીનું વાક્ય જે શંખચક્રાદિનું વિધાન કરે છે તે) વધારે બળવાન છે. *તેથી બ્રાહ્મણ જો વૈષ્ણવ હોય તો તેણે આ ચિહ્નો વૈષ્ણવધર્મને અનુસરીને અવશ્ય કરવાં જોઈએ. નિષેધક સ્તુતિવાકયમાં 'દ્વિજ' પદ હોવાથી જેઓ કેવલ સંસ્કારયુક્ત બ્રાહ્મણ જ હોય પરન્તુ વૈષ્ણવત્વરહિત હોય તો તેમને જ શંખચક્ર ધરવાનો નિષેધ છે.* પરન્તુ બ્રાહ્મણ વૈષ્ણવ જો શંખચક્રાદિ ધારણ કરે તો તેની નિન્દા એ સ્મૃતિ કરતી નથી એમ સમજવું. વૈષ્ણવ બ્રાહ્મણ શંખચક્રાદિ ધારણ કરવાથી પાષંડી થાય છે એમ પણ નથી, કારણ કે ''(શંખચક્રાદિ ચિહ્ન સાથે થતી) ભગવત્પૈંજા જો સ્ત્રીશૈંદ્રાદિનો પણ ઉદ્ધાર કરે છે તો પછી પુણ્યશાલી સદાચારયુક્ત તથા શ્રોત્રિય બ્રાહ્મણોનો તો તે પૈંજાથી ઉદ્ધાર થાય જ એમાં તો સન્દેહ જ શો હોઈ શકે! એવું *પ્રમાણવાક્ય શ્રીભગવાને ગીતામાં કહ્યું છે. કદાચ નિષેધસ્મૃતિ વૈષ્ણવબ્રાહ્મણને શંખચક્રાદિ ધારણ કરવાનો નિષેધ કરે છે એમ માનીએ તો પણ પ્રમાણ કરતાં પ્રમેય બલિષ્ઠ હોવાથી (પ્રમાણભૈંત) નિષેધસ્મૃતિના વચન કરતાં (પ્રમેયરૂપ) ભગવત્પૈંજા વધારે બલિષ્ઠ છે. તેથી પૈંજાના અંગ તરીકે શંખચક્રાદિ ધારણ કરવામાં કંઈ પણ દોષ નથી. એમ હોવા છતાં પણ જો દોષ માનવામાં આવે તો **''અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ''** (ભગ.ગીતા ૧૮।૬) ''હું તને સર્વ પાપમાંથી

---

* **''કિં પુનઃ બ્રાહ્મણાઃ પુણ્યાઃ ભક્તાઃ''** (ભગ.ગીતા ૯।૩૩) ''ભગવાનૂનો દૃઢ આશ્રય કરીને જો ગમે તે કોઈ પાપયોનિના જીવો, સ્ત્રિયો, વૈશ્યો તથા શૈંદ્રાદિકો પણ જો પરાગતિને પ્રાપ્ત થાય છે તો પછી પુણ્યશાલી બ્રાહ્મણો તથા રાજર્ષિયો ભક્ત થઈને પરમ ગતિ પ્રાપ્ત કરે એમાં તો પૈંછવું જ શું?''

(भग.गीता.९।३३) इति वाक्यात् प्रमाण-प्रमेययोः प्रमेयं बलिष्ठम् इति च वेदनिषिद्धदेवतापरत्वएव पाषण्डत्वम् इति स्थितिः. धर्मविरोधो न अत्र बाधकः.

ततः उक्तं **शंखचक्रादिकं मृदा पूजांगत्वेन धार्यम्** इति. तथा तुलसीकाष्ठजा मालापि धार्या. तस्या यद्यपि न नित्यत्वं तथापि वैष्णवत्वख्यापिका परम्परासिद्धा. तदुल्लंघने पारम्पर्यं

---

મુક્ત કરીશ'' એ ભગવદ્વાક્યથી તેવો દોષ નિવૃત્ત થઈ જાય છે. (શંકા : ''આ પ્રકારે તો પાખંડપણું સમ્ભવે છે'' આ શંકાનું આચાર્યશ્રી સમાધાન કરે છે કે) *''વેદમાં નિષિદ્ધ કરેલા (અર્હત્-બુદ્ધાદિ) દેવતાઓનું ભજન કરવાથી જ પાષંડિત્વ પ્રાપ્ત થાય છે,* **ધર્મના વિરોધથી પાષંડિત્વ પ્રાપ્ત થતું નથી. દત્ત-દુર્વાસા વગેરે ઋષિઓ વેદધર્મથી વિલક્ષણ એવા યોગાદિ માર્ગના ધર્મ પાળતા હતા, છતાં તેઓ પાષંડિ હતા એમ કહી શકાતું નથી તેમ અહીં ભક્તિમાર્ગના ધર્મ પણ જો ક્વચિત્ વેદધર્મથી વિલક્ષણ હોય તો તેવા ધર્મવિરોધથી પાષંડિત્વ પ્રાપ્ત થતું નથી. જો દુત્ત-દુર્વાસા ઈત્યાદિ ઋષિ વિષે યોગજધર્મે કરીને સમાધાન કરશો તો અત્ર ભગવદ્ધર્મ કરીને પણ તુલ્ય સમાધાન થઈ શકે છે. આ પ્રકારે બ્રાહ્મણ જો પૈંજાનાં અંગ તરીકે મૃત્તિકાથી શંખચક્રાદિ ધારણ કરે તો તે વેદધર્મનો વિરોધ કરી પાષંડી થાય છે એમ કહી શકાતું નથી. *ભગવદ્ધર્મ વેદધર્મથી વિલક્ષણ છે એટલે વેદધર્મનો વિરોધ અત્ર બાધક નથી તેથી જ,* શ્રીમદાચાર્યચરણ કહે છે કે, *મૃત્તિકાથી પૂજાના અંગ તરીકે શંખચક્રાદિક ચિહ્ન ધારણ કરવાં.*

*તે પ્રકારે જ વૈષ્ણવે તુલસીના કાષ્ઠમાંથી કરેલી માળા અર્થાત્ તુલસીની કંઠી પણ ધારણ કરવી.* તુલસીમાલા વૈષ્ણવત્વ જણાવે છે. *યદ્યપિ તે નિત્ય નથી છતાં પણ પરમ્પરાથી નિત્ય સિદ્ધ થયેલી છે અને તેથી જો તેનું ઉલ્લંઘન કરવામાં આવે તો પરમ્પરાનો બાધ થાય છે, તેથી તુલસીમાળા નિત્યતુલ્ય જ સમજવી.* **''સાધૂનાં સમયાશ્ચાપિ પ્રમાણં વેદવદ્ ભવેત્''** ''સાધુઓનો શિષ્ટાચાર પણ વેદસમાન પ્રમાણ છે'' આ બ્રહ્માંડપુરાણના વાક્યથી પરમ્પરાથી નિત્યસિદ્ધ થયેલી એવી તુલસીમાલા વૈષ્ણવે અવશ્ય ધારણ કરવી, એ પ્રમાણ પુરઃસર છે. *વળી,* ***''ધારયન્તિ ન યે માલાં હૈતુકાઃ પાપબુદ્ધયઃ, નરકાત્ ન નિવર્તન્તે દગ્ધાઃ ક્રોધાગ્નિના હરેઃ''*** *''જે ધર્મદ્વેષીઓ તથા પાપબુદ્ધિવાલાઓ તુલસીમાલાને ધારણ કરતા નથી તેઓ હરિના ક્રોધાગ્નિથી બળી જઈ નરકમાંથી પાછા ફરતા નથી'' ઈત્યાદિ હરિવલ્લભસુધોદયાદિના વાકયથી તુલસીમાલા નિત્ય ધારણ કરવી એમ સિદ્ધ થાય છે.*

---

**માધ્વ મતને અનુસરનારાઓ શ્રુતિનું ઉદાહરણ આપીને તપ્ત ધાતુથી શંખચક્રાદિ ધારણ કરવાનું કહે છે, તેમને પણ આ પ્રકારે પ્રત્યુત્તર મળી જાય છે. કારણ કે માધ્વ લોકો જે શ્રુતિઓનાં ઉદાહરણ આપે છે તેમાં નિત્ય લિંગ નથી, તથા એમાં ફલકથન હોવાથી કામ્યતા પ્રતીત થાય છે તેથી પણ તપ્ત શંખચક્રધારણ નિત્ય યુક્ત નથી. વળી, શંખાદિનો તપ્તસ્વરૂપ જે ધર્મ છે તે અત્ર મૃત્તિકાથી શંખચક્રાદિ ધારણ કરવામાં બાધક નથી.

बाध्येतेति नित्यतुल्या माला. किञ्च, ''**धारयन्ति न ये मालां हैतुकाः पापबुद्धयः, नरकाद् न निवर्तन्ते दग्धाः क्रोधाग्निना हरेः**'' इति वचनाद् नित्यत्वमपि. तिलकं च ''**दंडाकारं ललाटे स्यात् पद्माकारं तु वक्षसि, वेणुपत्रनिभं बाह्वोः अन्यद् दीपाकृतिः भवेत्**'' इति तिलकं माला च यज्ञोपवीतवद् वैष्णवत्वबोधकम्।।२४४।।

---

વળી, વૈષ્ણવે તિલક પણ નિત્ય ધારણ કરવું. ***''દંડાકારં લલાટે સ્યાત્ પદ્માકારં તુ વક્ષસિ, વેણુપત્રનિભં બાહ્વોઃ અન્યત્ દીપાકૃતિઃ ભવેત્''*** *''લલાટમાં દંડાકારવાળું, વક્ષઃસ્થલમાં પદ્માકારવાળું, બાહુઓ ઉપર વેણુપત્રના આકારવાળું અને અન્યત્ર દીપની આકૃતિવાળું'' આ વાક્યમાં કહ્યા પ્રમાણે તિલક ધારણ કરવું. જેમ યજ્ઞોપવીત દ્વિજત્વનું ચિહ્ન છે, તેમ તુલસીમાલા તથા તિલક વૈષ્ણવત્વનો બોધ કરનારાં ચિહ્ન છે.*

આ વિષયમાં શ્રીપુરુષોત્તમજીએ 'શંખચક્રધારણવાદ', 'તુલસીમાલાધારણવાદ' તિલકનિર્ણય તથા 'ઊર્ધ્વપુંડ્રધારણવાદ' ગ્રન્થો કર્યો છે તેમાં સપ્રમાણ શાસ્ત્રીય નિર્ણય કર્યો છે. શ્રીપુરુષોત્તમજી શંખચક્રધારણનું રહસ્ય આ વાદગ્રન્થની કારિકામાં સુન્દર રીતે સમજાવે છે : **''નિત્યત્વે સતિ પૂજાંગત્વોપવીતાઽતિદેશતઃ, કેવલે સેધતઃ શિષ્ટૈઃ ધાર્યં શંખાદિકં મૃદા''** ''શિષ્ટ ભગવદ્ભક્તોએ શંખચક્રાદિક મૃત્તિકાથી અવશ્ય ધારણ કરવા કારણ કે શંખચક્રાદિ ધારણ કરવા એ નિત્ય હોઈને પૈંજાનું અંગ છે, એમને વિષે ઉપવીતનો અતિદેશ છે. તથા જે એમનો નિષેધ કર્યો છે તે કેવલ પૈંજાનો અભાવ હોય ત્યાં જ લાગુ પડે છે''.

સામ્પ્રદાયિક સર્વે વૈષ્ણવોએ સર્વદા તુલસીમાલા અવશ્ય ધારણ કરવી, કારણ કે એ ભગવત્પ્રાપ્તિનો ઉપાય છે, વૈષ્ણવત્વનું ચિહ્ન છે, પુણ્યજનક છે, તથા નિત્ય છે. જપ પણ એ તુલસીકાષ્ઠાની માલાના મણકાથી જ કરવો.

તુલસીકાષ્ઠની માલા ન પ્રાપ્ત થાય તો ધાત્રીફલાદિમાંથી કરેલી માલા કરવી.

**''હરિનામાક્ષરમુખં ભાલે ગોપીમૃદાઙ્કિતમ્, તુલસીમાલિકોરસ્કં ન સ્પૃશેયુઃ યમોદ્ભટાઃ''**
(કાશીખંડ ૧૯)

જેના મુખમાં હરિનામાક્ષર છે, જેના ભાલમાં ગોપીચન્દનથી અંકાયેલું તિલક છે, જેના ઉરને વિષે તુલસીમાલા છે તેવા વૈષ્ણવને યમદૈતો સ્પર્શ કરી શકતા નથી''. આ કથન યોગ્ય છે, કારણ કે દેહ ક્ષણભંગુર છે.

**ન જહ્યાત્ તુલસીમાલાં ધાત્રીમાલાં વિશેષતઃ । મહાપાતક સંહર્ત્રીં ધર્મકામાર્થદાયિનીમ્ ।।**

''જે તુલસીમાલા મહાપાતકનો સંહાર કરે છે તથા જે તુલસીમાલા ધર્મ, કામ તથા અર્થ પુરુષાર્થનું દાન કરે છે તેનો જીવે ત્યાગ સર્વથા કરવો નહિ''

**તુલસીકાષ્ઠજાં માલાં કણ્ઠસ્થાં વહતે તુ યઃ । અપ્યશૌચોઽપ્યનાચારો મામેવૈતિ ન સંશયઃ''**

સ્કન્દપુરાણમાં કહ્યું છે કે ''તુલસીકાષ્ઠની માલાને જે કોઈ જીવ કંઠે ધારણ કરે છે તે ભલે અપવિત્ર હોય તો પણ તે જીવ મને જ પ્રાપ્ત થાય છે એમાં સંશય નથી''.

વળી પદ્મપુરાણે પણ પ્રમાણવાક્ય કહ્યું છે કે

**''મહાભાગવતઃ શુદ્ધઃ પુંડ્ર હરિપદાકૃતિમ્ । દંડાકારં તુ વા દેવિ ધારયેદ્ ઊર્ધ્વપુંડ્રકમ્''**

હે દેવિ! મહાભાગવત ભગવદ્ભક્તે શુદ્ધ થઈને હરિચરણની આકૃતિવાળું, અથવા દંડાકાર ઊર્ધ્વપુંડ્ર તિલક અવશ્ય ધારણ કરવું.

**''દંડાકારં લલાટે સ્યાત્''** આ કારિકામાં શ્રીમદાચાર્યચરણે તે-તે આકૃતિવાળા તે-તે તિલકનાં સ્થાનવિશેષ પણ નિશ્ચિત કર્યા છે. શ્રીમદાચાર્યચરણ અત્ર આગ્રહપૈર્વક તુલસીમાલા ધારણ કરવાનો તથા ઊર્ધ્વપુંડ્ર તિલક કરવાનો પણ ઉપદેશ કરે છે. ઊર્ધ્વપુંડ્ર તિલકનું માહાત્મ્ય એવું અતિશય છે કે એ તિલક સર્વ કોઈ પણ વૈષ્ણવ ધારણ કરી શકે છે. જેમકે આચારમાધવમાં કહ્યું છે કે

**ઉર્ધ્વપુંડ્રમ્ ઋજું સૌમ્યં લલાટે યસ્ય દશ્યતે। ચાંડાલોડપિ વિશુદ્ધાત્મા પૂજ્ય એવ ન સંશયઃ**

જેના લલાટમાં સરલ સૌમ્ય ઊર્ધ્વપુંડ્ર તિલક બિરાજી રહ્યું છે તે ચાંડાલ હોય તો પણ વિશુદ્ધાત્મા છે, પૈંજ્ય છે એમાં સંશય નથી''.

વળી 'સ્મૃતિસારસમુચ્ચય' નામના ગ્રન્થમાં કહ્યું છે કે

**સ્વાધ્યાયજપહોમાદિ સન્ધ્યાદાનાદિકં ચ યત્, ઉર્ધ્વપુંડ્ર વિના કુર્યાત્ તત્સર્વં નિષ્ફલં ભવેત્**

''ઊર્ધ્વપુંડ્ર તિલક ધર્યા વિના જે કંઈ સ્વાધ્યાય, જપ, હોમ, સન્ધ્યા, દાન ઇત્યાદિ કર્મ જે કોઈ કરે છે તે સર્વ નિષ્ફળ જાય છે''.

વળી, ઊર્ધ્વપુંડ્ર તિલક સર્વ કોઈ જીવોને કદાપિ નિષિદ્ધ નથી, ભગવત્પ્રસાદી ચન્દનનું તિલક કરવાનો વૈષ્ણવોને કોઈ પણ પ્રસંગે નિષેધ નથી. વૃદ્ધિમાં પણ તે તિલક થઈ શકે છે. આ તિલક દર્પણાદિમાં જોઈને જ સુમનોહર કરવું. કારણ કે વાંકા-ચૈંકા તિલકની શાસ્ત્રમાં નિન્દા કરી છે. જેમકે

**''વક્રં વિરૂપં વક્રાગ્રં છિન્નમૂલં પદચ્યુત્તમ્, અશુભ્રં રૂક્ષમ્ આસક્તં તથા નાંગુલિકલ્પિતમ્ । વિગન્ધમ્ અવસહ્યં ચ પુંડ્રમ્ આહુઃ અનર્થકમ્''**

''જે ઊર્ધ્વપુંડ્ર તિલક વક્ર, વિરૂપ, અગ્ર ભાગ વાંકો હોય એવું, જેનું મૈંળ છેદાયું હોય તેવું, પદસ્ખલિત, અશુભ્ર, રુક્ષ, જલ વિના કરેલું, અંગુલિથી ન કરેલું, સુગન્ધિ વિનાનું તથા જે અવસહ્ય-અમધુર છે તે તિલકને અનર્થક-વૃથા છે''. (૨૪૨)

આ પ્રકારે માલા-તિલકનો નિર્ણય કરીને હવે શ્રીમદાચાર્યચરણ એકાદશ્યાદિ વ્રત-ઉત્સવનો નિર્ણય કરે છે. (આના વિશેષ નિર્ણય માટે જુઓ શ્રીપુરુષોત્તમજીના 'સંવત્સરોત્સવ-નિર્ણયપ્રતાન'ગ્રન્થ તથા નિર્ભયરામભટ્ટનો 'વ્રતોત્સવપર્વાદિનિર્ણય' ગ્રન્થ.)

**એકાદશ્યુપવાસાદિ કર્તવ્યં વેધવર્જિતમ્ ।**
**તથા કૃષ્ણાષ્ટમી ચાપિ સપ્તમીવેધવર્જિતા ।।**
**અન્યાન્યપિ તથા કુર્યાદ્ ઉત્સવો યત્ર વૈ હરેઃ ।।૨૪૫।।**

**શબ્દાર્થ :** એકાદશીના વ્રતોપવાસાદિ (દશમી આદિના) વેધરહિત હોય તે જ કરવા. તેવી જ રીતે કૃષ્ણાષ્ટમી પણ સપ્તમીના વેધરહિત હોય તે જ કરવી. અન્ય પણ વ્રતો જેમાં નિશ્ચયે કરીને હરિનો ઉત્સવ હોય તે પણ શુદ્ધ હોય તે જ કરવાં.(૨૪૩)

**एकादश्युपवासादि कर्तव्यं वेधवर्जितम्।।**
**तथा कृष्णाष्टमी चापि सप्तमी वेधवर्जिता।।**
**अन्यान्यपि तथा कुर्याद् उत्सवो यत्र वै हरेः।।२४५।।**

एकादशीव्रतं च षट्पञ्चाशद्वेधरहितं कर्तव्यम्. पूर्वम् अन्यथाकरणेऽपि भगवन्मार्गप्रवेशानन्तरं पञ्चपञ्चाशद्घटिका दशमी चेत् तदा एकादशी त्याज्या. जन्माष्टमी तु सूर्योदयानन्तरं सप्तमी चेत् तदा त्याज्या "**उदयाद् उदयात् प्रोक्ता हरिवासरवर्जिता**" इति

---

**વિવેચન :** ભક્તિકારણોનો બોધ કરતાં શ્રીભગવાને એકાદસ્કન્ધમાં "**મદીયવ્રતધારણામ્**" મારું વ્રત ધારણ કરવું ઈત્યાદિ ઉપદેશ કર્યો છે. તેથી એકાદશ્યાદિ શ્રીભગવદુત્સવાદિનો પણ દિઙ્માત્ર નિર્ણય કરવા આચાર્યશ્રી કહે છે **એકાદશી...** *એકાદશીનું વ્રત ૫૬ ઘડીના વેધરહિત હોય એવું કરવું. અર્થાત્ ૫૬ ઘડી દશમી હોય તો તેવા વેધવાળી એકાદશી કરવી નહિ. પ્રથમ અન્યથા કરતા હોઈએ તો પણ ભગવન્માર્ગમાં પ્રવેશ કર્યા પછી આગલે દિવસે ૫૫ ઘડી દશમી હોય તો તે પછીના દિવસે એકદશીનું વ્રત કરવું નહિ,* કારણ કે તે એકાદશી દશમીથી વિદ્ધ થયેલી (વેધ પામેલી) હોય છે*. *તેજ પ્રમાણે શ્રીકૃષ્ણાષ્ટમી પણ સપ્તમીના વેધરહિત હોય તે જ કરવી. સૂર્યોદય પછી સપ્તમી હોય તો જન્માષ્ટમીનું વ્રત તે દિવસે કરવું નહિ, કારણ કે* "**ઉદયાદ્ ઉદયાત્ પ્રોક્તા હરિવાસરવર્જિતા**" *"હરિવાસરરહિત ઉદયથી ઉદય સુધી કહેલી છે" એવું વાક્ય પ્રમાણ છે.* અર્થાત્ હરિવાસરરહિત એકાદશી અરુણોદયથી અરુણોદય પર્યન્તની જે હોય તે જ કરવાની કહેલી છે. એકાદશી અરુણોદયથી ગણવાની છે, પરન્તુ શ્રીકૃષ્ણાષ્ટમી, હરિવાસર એટલે પ્રભુના પ્રાદુર્ભાવનો દિવસ હોવાથી, સૈંર્યોદયથી ગણવાની છે. તેથી સૈંર્યોદય પછી જો સપ્તમી હોય તો તે દિવસે શ્રીકૃષ્ણાષ્ટમીનું વ્રત કરવું નહિ. શ્રીકૃષ્ણાષ્ટમીનો જો ક્ષય હોય તો શુદ્ધ નવમીને દિવસે ઉપવાસ કરવો, પરન્તુ સપ્તમીના વેધવાળી અષ્ટમી કરવી નહિ. (બે દિવસે સૈંર્યોદય સમયે જો જન્માષ્ટમી હોય તો પ્રથમની જન્માષ્ટમી કરવી. કારણ કે તે દિવસે સપ્તમીનો વેધ નથી. અને પછીના દિવસ કરતાં અધિક સમય પર્યન્ત અષ્ટમી છે.) અન્ય પણ વ્રતો જેમાં હરિનો ઉત્સવ હોય તે તેવી જ રીતે (વેધરહિત શુદ્ધ હોય એવા જ) કરવાં. *અન્ય રામનવમી ઈત્યાદિ વ્રતો ભગવાન્માર્ગમાં કરવાં. નૃસિંહજયન્તીનું વ્રત ઉત્સવ હોય તો જ કરવું. તે જ પ્રકારે વામનજયન્તીનો ઉત્સવ કરવાનો હોય ત્યારે એકાદશીને દિવસે*

---

*દિવસની ૬૦ ઘડી છે. સૈંર્યોદય પૈંર્વે ૪ ઘડી પર્યન્ત અસ્રોદય-ઉષઃકાલનો સમય હોય છે. તે પૈંર્વેની અધિક એક ઘડી અરુણની હોય છે. તેથી આ ૫ ઘડીમાં દશમી હોવી જોઈએ નહિ. હવે જો આગલે દિસવે ૫૫ ઘટિકા દશમી હોય તો દિવસની કુલ ૬૦ ઘડીમાંથી ઉપર કહેલી ૫ ઘડી બાદ જતાં દશમીનો કંઈક ભાગ એકદાશીના દિવસમાં પ્રવેશ કરે છે. તેથી એવી એકાદશી દશમીથી વેધ પામેલી હોવાથી એ દિવસે વ્રત કરવું નહિ. અર્થાત્ દશમીવિદ્ધા એકદાશીના દિવસે વ્રત કરવું નહિ. પરન્તુ તે પછીના દિવસે સૈંર્યોદય સમયે એકાદશી હોય ત્યારે એકાદશીનું વ્રત કરવું.

वाक्यात्. अन्यान्यपि रामनवमीप्रभृतिव्रतानि भगवन्मार्गेकर्तव्यानि. नृसिंहजयन्तीव्रतम् उत्सवश्चेत् कर्तव्यम्. तथा वामनजयन्त्युत्सवकरणे एकादश्याम् उपोषणम् अकृत्वापि द्वादश्याम् उपोषणं कर्तव्यम्. किं बहुना! उत्सवः प्रधानभूतः. भुक्त्वा च उत्सवो निषिद्धः, भगवदावेशाभावात्. एवं पूजामार्गे उत्सवयात्रा सहिता पूजा कर्तव्या इति निरूपितम्।।२४५।।

---

*ઉપવાસ ત્યજીને પણ દ્વાદશીએ ઉપવાસ અવશ્ય કરવો.* જો એકાદશી તથા (વામન) દ્વાદશી એમ ઉભય ઉપવાસ થાય તો તે ઇષ્ટ જ છે, પરન્તુ જો તેમ કરવાનું સામર્થ્ય ન હોય અને એક જ દિવસ ઉપવાસ થાય એમ હોય તો એકાદશીનો ઉપવાસ ન કરીને પણ વામનદ્વાદશીએ ઉપવાસ અવશ્ય કર્તવ્ય છે. *વધારે શું કહેવું? ઉત્સવ પ્રધાનભૂત છે.* ***ભોજન કરીને ઉત્સવ કરવો નિષિદ્ધ છે. કારણ કે ભોજન કરવાથી ચિત્તમાં ભગવદાવેશ થતો નથી.***

શ્રીપુરુષોત્તમજી કહે છે કે અત્ર નૃસિંહજયન્તીનું વ્રત તથા વામનજયન્તીનું વ્રત પણ જો ઉત્સવ લાગતો હોય, સ્ફુરતો હોય તો કરવું એમ શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે. તેમાં કારણ આ દિશે છે. શ્રીમદ્ભાગવતમાં નૃસિંહ તથા વામન એ ઉભયને અવતાર માન્યા છે. વળી **ઋગ્વેદમાં તથા નૃસિંહતાપનીય ઉપનિષદ્માં **"વિષ્ણોર્નુ કં"** "વિષ્ણુના પરાક્રમી ચરિત્રો હું ગાઉં પણ તેમને કોણ પ્રકર્ષે કરીને ગાઈ શકે?" ઈત્યાદિ શ્રુતિમાં એમની પૈર્ણતા નિરૂપિત કરી છે. વળી, "એમનાં બહુ-બહુ ઉપાસકો છે" તથા પુરાણોમાં એમનાં વ્રતનું વિધાન કરનારા અનેક વચનો દશ્યમાન થાય છે. તેથી જે અધિકારી ભગવદ્ભક્તને આ નૃસિંહ તથા વામન રૂપમાં પુરુષોત્તમત્વ સ્ફુરે તેણે એ વ્રતો ઉત્સવ માની કરવાં. જેમને એમને વિષે આવું પુરુષોત્તમત્વ સ્ફુરે નહિ તેઓએ આ વ્રતો ન કરવાં. આ અધિકારીઓને નૃસિંહ તથા વામન જયન્તીને દિવસે સાક્ષાદ્ ભગવાનનું ભાન થતું નથી તેથી તેમને એ વ્રત કરવાની આજ્ઞા પણ નથી.

---

*એકાદશીના પારણા કરીને વામનદ્વાદશીનો ઉત્સવ કરવો ઉચિત નથી. એકાદશીનું વ્રત દ્વાદશીને દિવસે સમાપ્ત કરવા ભોજન કરવું, અને તે પછી તે જ દિવસે વામનદ્વાદશીનું વ્રત કરવું યોગ્ય નથી, કારણ કે એમ ભોજન કર્યા પછી ભગવદુત્સવ કરવો નિષિદ્ધ છે, કારણ કે વામનદ્વાદશીએ ભોજન કર્યાથી ચિત્તમાં ભગવદાવેશ થતો નથી.

**વિષ્ણુના માહાત્મ્ય માટે જુઓ ઋગ્વેદ સંહિતા મંડલ ૧।૧૫૪ ના મન્ત્ર જેમકે "ત્રિવિક્રમ ત્રણ ડગલાં ભરીને જેમણે પાર્થિવ રજઃ પ્રદેશોને વ્યાપી દીધા તથા ઉપરિલોકને પણ ધારી રાખ્યો, અને તેથી જેમનું યશોગાન સર્વત્ર થઈ રહ્યું છે એવા શ્રીવિષ્ણુનું-સર્વવ્યાપિ ભગવાનનું પરાક્રમ ક્યો જીવ પરિપૈર્ણ રીતે ગાઈ શકે?" આ પ્રથમ મન્ત્રમાં ત્રિકાલદર્શીમન્ત્રદ્રષ્ટા ઋષિએ વામનચરિત્ર ગાયું છે. તે પછી દ્વિતીય મન્ત્રમાં નૃસિંહચરિત્ર ગાયું છે. તથા અન્તિમ મન્ત્રદ્વયમાં તો ઋષિ આધિદૈવિક ગોકુલધામે ગોપીમાધવ યુગલસ્વરૂપે વિહરતા સાક્ષાત્ શ્રીકૃષ્ણભગવાનની લીલાનું ગાન કરે છે અને યમુનાપુનીત નિકુઞ્જ ગોવર્દ્ધનાદિ વિચિત્ર લીલાસ્થલે ભગવદ્દર્શન કરવાનું અહોભાગ્ય પ્રાપ્ત થાઓ! એમ વાઞ્છના કરે છે, જેમકે **"તા વાં વાસ્તૂનિ ઉશ્મસિ ગમધ્યૈ યત્ર ગાવો ભૂરિશ્રૃઙ્ગા અયાસઃ, અત્રાહ તદુરુગાસ્ય વૃષ્ણઃ પરમં પદમવ ભાતિ ભૂરિ"**. આ મન્ત્રનું અપૈર્વ વ્યાખ્યાન વિદ્વન્મંડનાદિ ગ્રન્થમાં શ્રીમત્પ્રભુચરણે કર્યું છે. તેથી કૃષ્ણાષ્ટમીનું વ્રત તો વૈષ્ણવે અવશ્ય કરવું.

उपसंहरति **एतत्सर्वम्** इति.

**एतत् सर्वं प्रयत्नेन गृहस्थस्य प्रकीर्तितम्।।**
**अन्येषां सम्भवेत्तु स्यात् यतेः पर्यटनं वरम्।।२४६।।**

गृहस्थस्य एतन् मुख्यम्. एवं कुर्वन् सकुटुम्बो भगवत्सायुज्यम् अश्नुते.

---

**'સર્વસાં તુ જયંતીનાં શ્રેષ્ઠા કૃષ્ણાષ્ટમી મતા, યસ્માત્ સંન્નિહિતાઽત્યન્તં તત્રૈવોપવસેત્ નરઃ સર્વાસ્વપિ જયન્તીષુ પૂજા કાર્યા વિશેષતઃ, સાન્નિધ્ય એવ કર્તવ્ય ઉપવાસો ન દૂરગઃ'** ''સર્વે જયન્તીમાં કૃષ્ણાષ્ટમી શ્રેષ્ઠ મનાયેલી છે, કારણ કે કૃષ્ણજયન્તી મૈંલપુરુષોત્તમના સ્વરૂપની સન્નિધિમાં આવેલી છે'' જ્યારે અન્ય જયંતીઓ 'દૈંરગ' એટલે અંશકલારૂપ સાથે સમ્બન્ધ ધરાવે છે. તેથી સર્વે મનુષ્યે કૃષ્ણાષ્ટમીનો ઉપવાસ અવશ્ય જ કરવો. સર્વે જયન્તીઓ પર પૈંજા વિશેષે કરીને કરવી, પરન્તુ ઉપવાસ તો જેમાં મૈંલસ્વરૂપનું સન્નિધાન છે એવી ભગવાન્ શ્રીકૃષ્ણની જન્માષ્ટમીનો જ કરવો. 'દૈંરગ' એટલે કે અંશ-કલારૂપની જયન્તી પર ઉપવાસ ન કરવો''. આ ભારદ્વાજ સંહિતાનું વચન 'સ્મૃત્યર્થસાર' નામના માધ્વગ્રન્થમાં પ્રાપ્ત થાય છે. તેથી અધિકારિવિશેષને લઈને તે-તે રૂપના ઉપવાસ પ્રતિ જ નૃસિંહ-વામન જયંતીનાં વ્રતનો ઉપદેશ કર્યો છે, બીજાઓનો કર્યો નથી'' એમ અત્ર કહેલું છે.

*આ પ્રમાણે પૂજામાર્ગમાં અર્થાત્ પૂજાપ્રધાન સેવામાર્ગમાં ઉત્સવ-યાત્રા સહિત પૂજા કર્તવ્ય છે એમ નિરૂપિત થયું.* દોલ-જન્માષ્ટમી ઈત્યાદિ ઉત્સવો સહિત રથયાત્રા, સ્નાનયાત્રા ઈત્યાદિ યાત્રાઓ સહિત તથા દીપાવલિ ઈત્યાદિ પર્વો કે જેનું જ્ઞાન સાહચર્યથી તથા સમ્પ્રદાયની રીતિથી જાણી શકાય છે તે પર્વ સહિત ભગવત્સેવા કરવી એવું નિરૂપણ અત્ર પર્યન્ત કર્યું છે.(૨૪૩)

*આ પ્રકારે સેવાપ્રકારનું નિરૂપણ કરીને હવે આચાર્યશ્રી ઉપસંહાર કરે છે :*

**એતત્ સર્વં પ્રયત્નેન ગૃહસ્થસ્ય પ્રકીર્ત્તિતમ્ ।**
**અન્યેષાં સમ્ભવે તુ સ્યાત્ યતેઃ પર્યટનં વરમ્ ।।૨૪૬।।**

**શબ્દાર્થ :** આ સર્વ પ્રયત્ન કરીને ગૃહસ્થે કરવાનાં કહેલાં છે. બીજા આશ્રમીઓથી તો જો થઈ શકતાં હોય તો કરવાં. યતિને માટે પર્યટન ઉત્તમ છે. (૨૪૪)

**વિવેચન : એતત્ સર્વમ્.** *આ સર્વ ભગવત્સેવાનો પ્રકાર જે ગૃહસ્થ ભગવદીય હોય તેને માટે મુખ્ય છે એમ સમજવું. આ પ્રમાણે ભગવત્સેવા કરનારો ગૃહસ્થ ભગવદીય સકુટુમ્બ ભગવત્સાયુજ્ય ફલને ભોગવે છે.* **''સગૃહઃ સપશુઃ સુવર્ગં લોકમ્ એતિ''** (તૈત્તિ.) ગૃહના પરિકર તથા પશુસહિત તે યજમાન સ્વર્ગલોક પ્રાપ્ત કરે છે. આ મન્ત્રમાં જેમ 'ગૃહ' અર્થાત્ સ્ત્રી, પશુ ઈત્યાદિ પરિવાર સાથે યજ્ઞ કરનારો યજમાન માત્ર મન્ત્રના કથનથી સકુટુમ્બ સપશુ સુવર્ગ લોકને પ્રાપ્ત કરે છે એમ કહ્યું છે તેમ અત્ર પણ

ब्रह्मचारिप्रभृतीनामपि सेवकसाधनसम्पत्तौ एतत् कर्तव्यम्. अन्यथा अन्यएव उपायः कर्तव्यः. तम् अग्रे वक्ष्यति. सन्यासिनस्तु पूर्वापेक्षयाऽपि अग्रिमएव उत्तम एवम् इति आह **यतेः पर्यटनम्** इति।।२४६।।

गृहस्थानामपि पूजायां पञ्चदोषसम्भवे पर्यटनमेव श्रेष्ठम् इति आह **विक्षेपाद्** इति.

**विक्षेपाद् अथवा शक्त्या प्रतिबन्धादपि क्वचित्।।**
**अत्याग्रहप्रवेशे वा परपीडादिसम्भवे।।**
**तीर्थपर्यटनं श्रेष्ठं सर्वेषां वर्णिनां तथा।।२४७।।**

---

શ્રીમદાચાર્યચરણ ''ગૃહસ્થીએ સપરિકર સકુટુમ્બ ભગવત્પરિચર્યા કરવી'' એવી આજ્ઞા કરે છે. તેવા ગૃહસ્થીને સકુટુમ્બ સપરિકર સેવાનું જે મધ્યમ ફળ ભગવત્સાયુજ્ય છે તે પ્રાપ્ત થાય છે. ગૃહસ્થાશ્રમમાં ભગવદીયે સકુટુમ્બ સપરિવાર સેવકસાધનસમ્પતિ યથાશક્તિ પ્રાપ્ત કરી પ્રયત્નથી ઉપર્યુક્ત પ્રકારે ભગવત્સેવા કરવી કે જેથી પોતે તરે અને નિજ સમ્બન્ધિઓને પણ તારે એમ ફલિત થાય છે.

***અન્યેષામ્.*** *'અન્ય' બ્રહ્મચારી, વિધુર, વિધવા તથા વીતરાગી ઈત્યાદિને પણ જો સેવકની તથા દ્રવ્યાદિસાધનની સગવડ હોય તો તેમણે આ પ્રમાણે સેવા કરવી. પરન્તુ જો એવી સાધનસમ્પતિ ન હોય તો એમણે બીજો ઉપાય કરવો. તે ઉપાય તીર્થ પર્યટનનો છે એમ અગ્રે આચાર્યશ્રી કહેશે.*

*યતિ-સંન્યાસીને માટે તો પૂર્વોક્ત ગૃહસ્થીના સેવાપ્રકાર કરતાં તીર્થપર્યટન જ ઉત્તમ ઉપાય છે એ આશયથી હવે આચાર્યશ્રી કહે છે કે* ***''યતેઃ પર્યટનમ્ વરમ્''.*** *યતિ-સંન્યાસીને માટે તો પર્યટન જ ઉત્તમ છે.(૨૪૬)*

*ગૃહસ્થને પણ ભગવાન્‌ની પૂજા-સેવા કરવામાં પઞ્ચદોષમાંથી કોઈ પણ દોષ સમ્ભવે તો તેણે તીર્થ પર્યટન કરવું શ્રેષ્ઠ છે :*

**વિક્ષેપાદ્ અથવા અશક્ત્યા પ્રતિબન્ધાદપિ ક્વચિત્ ।**
**અત્યાગ્રહપ્રવેશે વા પરપીડાદિસમ્ભવે ।।**
**તીર્થપર્યટનં શ્રેષ્ઠં સર્વેષાં વર્ણિનાં તતઃ।।૨૪।।**

**શબ્દાર્થ :** ૧.વિક્ષેપ થાય ત્યારે અથવા ૨.અશક્તિ થાય ત્યારે અથવા ૩.કવચિત્ પ્રતિબન્ધ પણ સમ્ભવે ત્યારે અથવા તો ૪.અત્યન્ત આગ્રહથી (સંસારમાં)પ્રવેશ થયો હોય ત્યારે અથવા તો ૫.પરપીડા (શત્રુઓથી પીડા) થવાનો સમ્ભવ હોવો ત્યારે તીર્થપર્યટન શ્રેષ્ઠ ઉપાય છે. તેથી સર્વે વર્ણિઓ માટે તીર્થપર્યટન શ્રેષ્ઠ ઉપાય છે. (૨૪૫)

**વિવેચન :** *૧.ઈન્દ્રિયોની સ્વતઃ પ્રવૃત્તિ ભગવત્સેવામાં ન થતી હોય તો પણ જો તેમનો બળજબરીથી ભગવત્સેવામાં વિનિયોગ કરવામાં આવે તો એ વિગ્રહથી કર્ષિત થયેલી*

१.स्वतःप्रवृत्तिरहितानि इन्द्रियाणि बलाद् भगवति योज्यमानानि विक्षेपं जनयन्ति विग्रहकर्शितानि. २.जरया व्याधिभिर् वा यदा शक्त्यभावः. ३.लोका वा प्रतिबन्धं कुर्वन्ति. ४.स्वस्य वा परम आग्रहः उत्पद्यते येन तमसि प्रविष्टो भगवन्तं न स्मरति. ५.लोकानां वा पीडां कुर्यात् –तत्र पूजा त्यक्तव्या. तदा अन्यत्रापि तथात्वे परदेशे शून्यदेवालये पूजा विधेया. तत्रापि दोषसम्भवे तीर्थपर्यटनं कर्तव्यम्, पापानां प्रतिबन्धकरूपाणां नाशाय. तदा यत्रैव गत्वा सेवा सम्पत्स्यते तत्रैव सेवा कर्तव्या. स्वतन्त्रतया तीर्थाटनप्रकारम् आह **सर्वेषाम्** इति. विष्णुभक्तिप्रकारत्वात् सर्वाधिकारः।।२४७।।

---

*ઇન્દ્રિયો ચિત્તવિક્ષેપ ઉત્પન્ન કરે છે.* એ ચિત્તવિક્ષેપને લીધે ભગવત્સેવા યથાયોગ્ય થઈ શકતી નથી. *૨.વૃદ્ધાસ્થાને લીધ અથવા તો વ્યાધીઓને લીધે શક્તિ નાશ થાય ત્યારે* અશક્તિને લીધે ભગવત્સેવા થઈ શકતી નથી. અથવા તો *૩.લોકો પ્રતિબન્ધ કરે ત્યારે* અથવા તો *૪.પોતાનો સંસાર-તમસ્‌માં એવો તો પરમ આગ્રહ ઉત્પન્ન થાય કે જેથી ભગવાન્‌નું સ્મરણ થઈ શકે નહિ ત્યારે* અથવા *૫.લોકોને પીડા ઉત્પન્ન થતી હોય ત્યારે ઉપરોક્ત ભગવત્સેવાનો ત્યાગ કરવો.*

*અમુક જ સ્થલે આ પ્રકારનો કોઈ દોષ સમ્ભવતો હોય તો અન્ય કોઈ સ્થળે જઈને પણ ભગવત્સેવા કરી. જો તે સ્થળે પણ એવા દોષ સમ્ભવે તો પરદેશમાં જવું અથવા તો *શૂન્યદેવાલયમાં જઈ ત્યાં ભગવત્સેવા કરવી. જો ત્યાં પણ ભગવત્સેવા કરવામાં દોષ સમ્ભવે તો તીર્થપર્યટન કરવું કારણ કે તેમ કરવાથી સેવામાં પ્રતિબન્ધરૂપ પાપનો નાશ થાય છે. એમ તીર્થપર્યટન કર્યાથી પાપનો નાશ થયા પછી જ્યાં સ્થિતિ કરવાથી ભગવત્સેવા સમ્પન્ન થઈ શકે ત્યાંજ રહીને ભગવત્સેવા કર્તવ્ય છે.*

(આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણે સેવામાં પ્રતિબન્ધરૂપ પાપનો નાશ કરવાને અર્થે તીર્થપર્યટનનો ઉપદેશ કર્યો. **શંકા :** ''આ પ્રકારે દોષનિવૃત્તિના ઉપાય તરીકે તીર્થાટનનો ઉપદેશ કર્યો તેથી એ તીર્થપર્યટન તો ગૌણ ઉપાય છે'' એમ શંકા થાય તો તેનો પરિહાર કરવાને) *હવે આચાર્યશ્રી સ્વતન્ત્ર પ્રકારે તીર્થપર્યટનનો ઉપદેશ કરે છે* ***સર્વષામ્.*** ''સર્વ વર્ણના લોકોને અર્થે તીર્થપર્યટન ઉત્તમ છે'' **''સર્વેધિકારિણો હ્યત્ર વિષ્ણુભક્તૌ યથા નૃપ''**. અત્ર સ્કન્ધપુરાણનું વાક્ય છે કે ''હે રાજા! જેમ વિષ્ણુભક્તિમાં સર્વેનો અધિકાર છે તેમ તીર્થપર્યટન કરવામાં પણ સર્વે વર્ણનો અધિકાર છે''. *વિષ્ણુભક્તિનો પ્રકાર હોવાથી તીર્થપર્યટન કરવામાં સર્વે વર્ણોનો અધિકાર છે.* ભગવદ્વિરહી વિદુરજી આદિ સન્તો પણ

---

* જુના સમયમાં વિધર્મિઓ દ્વારા અપવિત્ર કરાયેલા અનેક દેવાલયો મૈર્તિ રહિત હતા. ખુદ દ્વારકાનું દેવાલય અનેક વર્ષો સુધી મૈર્તિરહિત હતું. શ્રીગિરિરાજજી ઉપરનું શ્રીનાથજીનું મન્દિર આજે પણ મૈર્તિરહિત છે. આજે પણ મોઢેરાનું સૈર્યમન્દિર વગેરે દેવાલયો મૈર્તિરહિત છે.

वर्णाश्रमयुक्तानामपि वर्णाश्रमधर्मैः तीर्थानि विकल्प्यन्त इति आह **यज्ञाः** इति.

**यज्ञास्तीर्थानि च पुनः समानि हरिणा कृताः।।**
**अतस्तेष्वप्रतिग्राही तद्दिनान् नाधिकस्य हि।।२४८।।**

---

યાવજ્જીવન તીર્થયાત્રાદિ કર્યા કરીને કૃતાર્થ થયા હતા. એ પ્રસંગથી પણ તીર્થપર્યટનમાં સર્વે વર્ણોનો અધિકાર છે એમ જાણવું.(૨૪૫)

*વર્ણાશ્રમયુક્ત લોકોને માટે પણ વર્ણાશ્રમના ધર્મને સ્થાને તીર્થોનો વિકલ્પ છે.* અર્થાત્ તેઓ વર્ણાશ્રમધર્મનું પાલન કરવારૂપી યજ્ઞાદિ અથવા તો તીર્થયાત્રા એ બેમાંથી જે કોઈ પ્રકાર તેમની ઈચ્છામાં આવે તેનું સેવન કરે *એમ હવે આચાર્યશ્રી કહે છે.*

**યજ્ઞાઃ તીર્થાનિ ચ પુનઃ સમાનિ હરિણા કૃતાઃ ।**
**અતઃ તેષ્વપ્રતિગ્રાહી તદ્દિનાત્ નાધિકસ્ય હિ ।।૨૪૮।।**

**શબ્દાર્થ :** વળી યજ્ઞો તથા તીર્થો સમાન છે, કારણ કે ભગવાને હરિરૂપે યજ્ઞો કર્યા છે તથા (બલદેવરૂપે) તીર્થો કર્યા છે. તેથી તીર્થોમાં તે દિવસના અન્નથી અધિક અન્નનું ગ્રહણ કરવું નહિ. (૨૪૬)

**વિવેચન :** **ભારતગ્રન્થમાં તીર્થો તથા યજ્ઞો સમાન છે એમ નિરૂપિત કર્યું છે.* ભગવાને પોતે હરિરૂપે યજ્ઞો કર્યા છે તથા બલદેવજીરૂપે તીર્થો પણ કર્યા છે, તેથી પણ યજ્ઞોની તથા તીર્થોનો સમાનતા છે એમ જાણવું. *તત્ર તીર્થપર્યટન કરવાનો પ્રકાર કહે છે કે* ***અતઃ તેષુ***

---

*તે જ પ્રકારે 'તીર્થચિન્તામણિ'માં યજ્ઞોની તથા તીર્થોની તુલ્યતા નિરૂપિત કરી છે.

**ઋષિભિઃ ક્રમતઃ પ્રોક્તા વેદેષ્વિહ યથાક્રમમ્। ફલં ચૈવ યથાતત્ત્વં પ્રેત્ય ચેહ ચ સર્વશઃ ।।**
**ન તે શક્યા દરિદ્રેણ યજ્ઞા પ્રાપ્તું મહીપતે । બહૂપકરણા યજ્ઞા નાનાસંભારવિસ્તરાઃ ।।**
**પ્રાપ્યન્તે પાર્થિવૈરેવ સમૃદ્ધૈઃ વાં નરૈઃ ક્વચિત્। નાર્થન્યૂનૈરવગણૈઃ એકાત્મભિરસંહતૈઃ।**
**યો દરિદ્રૈરપિ વિધિઃ શક્યઃ પ્રાપ્તું નરેશ્વર । તુલ્યો યજ્ઞફલૈઃ પુણ્યૈઃ તન્નિબોધ યુધાંવર।।**
**ઋષીણાં પરમં ગુહ્યમ્ ઈદમ્ ઉક્તં મયાનઘ । તીર્થાભિગમનં પુણ્યં યજ્ઞૈરપિ વિશિષ્યતે ।**
**અનુપોષ્ય ત્રિરાત્રાણિ તીર્થાન્યનભિગમ્ય ચ । અદત્વા કાઞ્ચનં ગાશ્ચ દરિદ્રો જાયતે નરઃ।**
**અગ્નિષ્ટોમાદિર્યજ્ઞૈઃ ઈષ્ટ્વા વિપુલદક્ષિણૈઃ । ન તત્ફલમ્ અવાપનોતિ તીર્થાભિગમનેન યત્ ।।**

જેમ અહીં યથાક્રમ તીર્થપ્રકાર કહ્યો તેમ વેદને વિષે ઋષિઓએ ક્રમશઃ યજ્ઞો કહ્યા છે, તેનું યથાતત્ત્વ ફલ પણ આ લોકમાં તથા પરલોકમાં જે થાય તે સર્વે પ્રકાર કહ્યું છે. (પરન્તુ) હે રાજન્! દરિદ્ર જીવથી તે યજ્ઞોને પહોંચી શકાતું નથી. યજ્ઞોમાં બહુ ઉપકરણો-સાધનો જોઈએ, તથા નાના પ્રકારની વિસ્તૃત સામગ્રીએ જોઈએ. રાજાઓ અથવા સમૃદ્ધ પુરુષો જ કવચિત્ યજ્ઞોને પહોંચી શકે છે પરન્તુ જે લોકોને દ્રવ્યની ન્યૈનતા છે, જેમની અવગણના થાય છે, જેઓ એકાત્મ છે તથા જેઓ સંઘમાં એકઠા થાય નથી તેવા લોકોથી યજ્ઞોને પહોંચી શકાતું નથી. તેથી હે યોદ્ધાઓમાં શ્રેષ્ઠ નૃપતિ, હવે જે વિધિ દરિદ્ર લોકોથી પણ કરી શકાય છે તથા જે યજ્ઞફલરૂપ પુણ્યોની સમાન છે તે પ્રકાર હવે તું શ્રવણ કર. હે નિષ્પાપ! તને મેં ઋષિઓનું આ પરમ ગુહ્ય કહ્યું કે તીર્થાભિગમનનું પુણ્ય યજ્ઞોથી પણ ચઢી જાય છે. ત્રણ રાત્રી ઉપવાસ કર્યા વિના તથા તીર્થયાત્રા કર્યા વિના તથા ગાયનું તથા સુવર્ણનું દાન કર્યા વિના પુરુષ દરિદ્ર થાય છે. વિપુલ દક્ષિણાવાળા અગ્નિષ્ટોમાદિ યજ્ઞો વડે ઈષ્ટિઓ કરીને પણ પુરુષને જે ફળ તીર્થપર્યટન કરવાથી પ્રાપ્ત થાય છે તે ફળ પ્રાપ્ત કરી શકતો નથી.

**हतत्रपः पठन् नित्यं नामानि च कृतानि च।।**

भारते हि यज्ञानां तीर्थानां च तुल्यता निरूपिता. तत्र अटनप्रकारम् आह **अतस्तेष्वप्रतिग्राहि** इति. तीर्थप्रवेशदिवसेतु उपवासः. अग्रिमदिवसे यदि अन्नमात्रमपि नास्ति तदा तावन्मात्रं ग्राह्यं, नतु ततो अधिकम्. अटनस्य नित्यत्वात् न चिरकालं स्थितिः. उच्चैः नामसङ्कीर्तनं तत्र अङ्गम् अन्तर्भगवत्स्मरणञ्च.

**एकाकी निस्पृहः शान्तः पर्यटेत् कृष्णतत्परः।।२४९।।**
**देहपातनपर्यन्तम् अव्यग्रात्मा सदा गतिः।।**

---

***અપ્રતિગ્રાહી.*** *તીર્થોમાં તે દિવસનો નિર્વાહ ચાલી રહે તેના કરતાં અધિક અન્નનું ગ્રહણ કરવું નહિ. જે દિવસે તીર્થમાં પ્રવેશ કરવામાં આવે તે દિવસે તો ઉપવાસ કરવો. બીજે દિવસે જો અન્ન માત્ર પણ ન હોય તો તે દિવસને માટે માત્ર ઉદર નિર્વાહને અર્થે જેટલું અન્ન જોઈએ તેટલું જ અન્ન (ભિક્ષાદિ વડે) ગ્રહણ કરવું, પરન્તુ તે દિવસમાં કરતાં વધારે દિવસ ચાલે એવું અધિક અન્ન લેવું નહિ.* તેથી તીર્થમાં દાન લેવું નહિ. *તીર્થપર્યટન નિત્ય કરવાનું હોવાથી એક સ્થળે બહુદિવસ પર્યન્ત સ્થિતિ કરવી નહિ.* (૨૪૨)

હવે આચાર્યશ્રી *તીર્થપર્યટનનાં અંગ કહે છે કે ઉચ્ચ સ્વરે ભગવાનનાં ચરિત્રોનું તથા નામોનું સારી રીતે કીર્તન કરવું તથા ભીતર ભગવત્સ્મરણ કરવું :*

**હતત્રપઃ પઠન્ નિત્યં નામાનિ ચ કૃતાનિ ચ ।**
**એકાકી નિઃસ્પૃહઃ શાન્તઃ પર્યટેત્ કૃષ્ણતત્પરઃ।।૨૪૯।।**
**દેહપાતનપર્યન્તમ્ અવ્યગ્રાત્મા સદાગતિઃ ।**
**ઉત્તમોત્તમમ્ એતદ્ હિ પૂર્વમ્ ઉત્તમમ્ ઈરિતમ્ ।।૨૫૦।।**

**શબ્દાર્થ :** લજ્જાનો ત્યાગ કરી નિરન્તર ભગવાન્ કૃષ્ણના નામોનો તથા ચરિત્રોનો પાઠ કરતાં-કરતાં એકલા નિસ્પૃહી થઈ, શાન્ત થઈ, શુદ્ધ અવ્યગ્ર અન્તઃકરણવાળા થઈ, સદા વિચરણ કરતાં-કરતાં દેહપાત પર્યન્ત તીર્થપર્યટન કરવું. આ ખરેખર ઉત્તમોત્તમ પ્રકાર છે. (કારણ કે આ પક્ષમાં નિરન્તર ભગવાન્ કૃષ્ણ અન્તઃકરણમાં રહે છે) આથી પૈંર્વના પક્ષને ઉત્તમ કહ્યો છે. (૨૪૭-૨૪૮)

**વિવેચન :** *તીર્થપર્યટન પણ એકલા થઈને કરવું.* **''નૈકઃ પ્રપદ્યતે ધ્યાન્તમ્''** *''એકલા માર્ગે જવું નહિ''* આ *સ્મૃતિવાક્યનો દોષ અત્ર પ્રાપ્ત થતો નથી. માર્ગે ભોગાદિને અર્થે સ્પૃહા કરવી નહિ. તથા ચિત્તને વિષે શાન્ત રહેવું. આ પ્રકારનો અધિકાર ન હોય તો શ્રીમદાચાર્યચરણ અગ્રે ભિન્ન ઉપાયનું કથન કરશે.* વળી ''કૃષ્ણતત્પર રહેવું'' આ પદ યોજીને આચાર્યશ્રી એવો બોધ કરે છે કે *તીર્થપર્યટનમાં પણ તત્પરતા -તાત્પર્ય ભગવાન્ કૃષ્ણને વિષે જ છે, નહિ કે તીર્થાદિમાં.* અર્થાત્ તીર્થાદિમાં રહીને પણ તત્પરતા તો

**उत्तमोत्तममेतद्धि पूर्वम् उत्तममीरितम्।।२५०।।**

**एकाकी पर्यटेत्.** न अत्र **''नैकः प्रपद्येताध्वानम्''** इति स्मृतिदोषः. पथि भोगाद्यर्थं स्पृहा न कर्तव्या. शान्तश्च चित्ते भवेत्. एवम् अधिकाराभावे भिन्नम् उपायं वक्ष्यति: कृष्णएव तात्पर्यं नतु तीर्थादौ. देहपातनपर्यन्तं च पर्यटनम् ''देहान्ते कृतार्थोभविष्यामि'' इति. सदा शुद्धश्च भवेत्. सन्ध्यावन्दनवत् प्रत्यहं तस्य गमनम्. अस्मिन् पक्षे अन्तः कृष्णः सर्वदा स्फुरतीति उत्तमोत्तम्।।२४८-२५०।।

अत्र सम्मत्यर्थं भगवदुक्तश्लोकद्वयम् आह **''गृहं...'', ''धनम्...''** इति.

**गृहं सर्वात्मना त्याज्यं तच्चेत् त्यक्तुं न शक्यते।।**
**कृष्णार्थं तत् प्रयुञ्जीत कृष्णः संसारमोचकः।।२५१।।**
**धनं सर्वात्मना त्याज्यं तच्चेत् त्यक्तुं न शक्यते।।**
**कृष्णार्थं तत्प्रयुञ्जीत कृष्णोऽनर्थस्य वारकः।।२५२।।**

---

ભગવાન્ કૃષ્ણને વિષે જ રાખવી. આ પ્રકારે *''દેહનો અન્ત આવશે ત્યારે હું કૃતાર્થ થઈશ'' એમ નિશ્ચય કરી દેહપાત પર્યન્ત તીર્થપર્યટન કરવું. વળી, સદા શુદ્ધ થવું. ચિત્તને વ્યગ્ર થવા દેવું નહિ. સન્ધ્યાવન્દનની માફક પ્રતિદિન તીર્થગમન કરવું.* અર્થાત્ જેમ સન્ધ્યાવન્દન નિત્ય પ્રતિદિન કરવામાં આવે છે તેમ તેણે તીર્થગમન નિત્ય પ્રતિદિન કરવું. *આ પક્ષમાં અર્થાત્ ભગવાન્ કૃષ્ણમાં તત્પરતા રાખી તીર્થપર્યટન કરવામાં ભગવાન્ કૃષ્ણ સર્વદા અન્તઃકરણમાં સ્ફુરે છે તેથી આ પક્ષ ઉત્તમોત્તમ કહ્યો છે.*(૨૪૭-૮)

*આ પક્ષમાં ભગવાન્‌ની પણ સમ્મતિ છે એમ જણાવવા શ્રીમદાચાર્યચરણ હવે ભગવાને શ્રીમુખે કહેલા બે શ્લોકનો ઉપદેશ કરે છેઃ*

**ગૃહં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યક્તું ન શક્યતે ।**
**કૃષ્ણાર્થં તન્નિયુંજીત કૃષ્ણઃ સંસારમોચકઃ ।।૨૫૧।।**
**ધનં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યક્તું ન શક્યતે ।**
**કૃષ્ણાર્થં તત્પ્રયુઞ્જીત કૃષ્ણો અનર્થસ્ય વારકઃ।।૨૫૨।।**

**શબ્દાર્થઃ** ગૃહનો સર્વાત્મબલે ત્યાગ કરવો. તેનો ત્યાગ કરવાનું શક્ય ન હોય તો કૃષ્ણાર્થે તેનો વિનિયોગ કરવો. કૃષ્ણ સંસારમાંથી મુક્ત કરે છે. ધનનો સર્વથા ત્યાગ કરવો. જો તેનો ત્યાગ કરવાનું શક્ય ન હોય તો કૃષ્ણને અર્થે તેનો પ્રકર્ષે કરીને વિનિયોગ કરવો. ભગવાન્ કૃષ્ણ અનર્થને નિવૃત્ત કરે છે. (૨૪૯।૨૫૦)

**વિવેચનઃ ગૃહમ્.** ગૃહનો સર્વથા ત્યાગ કરવો. તેનો ત્યાગ જો સર્વથા થઈ શકે નહિ તો ભગવાન્ કૃષ્ણની સેવાને અર્થે તે ગૃહનો વિનિયોગ કરવો અર્થાત્ ભગવન્મન્દિર તરીકે તે ગૃહને ભગવત્સેવામાં સમર્પિત કરવું. એટલું જ નહિ પરન્તુ ગૃહના સ્ત્રી-પુત્રાદિ સર્વ

पूर्वाधिकारद्वयाभावे तृतीयं पक्षम् आह **अथवा** इति.

**अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात् ।।**
**पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम् ।।२५३।।**
**वृत्त्यर्थं नैव युञ्जीत प्राणैः कण्ठगतैरपि ।।**
**तदभावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत् ।।**
**त्रयाणां येन केनापि भजन् कृष्णम् अवाप्नुयात् ।।२५४।।**

---

કુટુમ્બીઓને પણ ભગવત્સેવામાં વિનિયોજવા. એ રીતે પોતાના સ્વાર્થના ઉપભોગને અર્થે ગૃહ-સ્ત્રી-પુત્રાદિનો ઉપયોગ ન કરતાં જો તેમનાથી કૃષ્ણસેવાર્થે પ્રભુને સુખ આપી શકાય તો તે કૃષ્ણસેવકની તેમના પરથી સંસારરૂપી આસક્તિ દૈંર થાય છે અને પ્રભુ શ્રીકૃષ્ણમાં તેની આસક્તિ વધતી જાય છે. આ રીતે સંસારાસક્તિ કરાવનાર ગૃહને જ જો ભગવત્સેવામાં સમર્પિદિવાય તો કૃષ્ણપ્રભુ સંસારરૂપી બન્ધનમાંથી મુક્તિ આપે છે. કૃષ્ણભગવાન્ મુરારિ છે અર્થાત્ સંસારના વૈરી છે એટલે ભગવાન્ કૃષ્ણને ગૃહાદિ સર્વસ્વનું સમર્પણ કરીને જે ભક્તો ભગવાન્‌ને શરણે રહે છે તેમને ભગવાન્ સંસારમાંથી મુક્ત કરે છે. (૨૪૯)

**ધનમ્**. ધનનો સર્વથા ત્યાગ કરવો. પોતાના સુખને અર્થે ધનનો ઉપભોગ કરવાથી તેમાં આસક્તિ વધે છે. તેમજ ધન, અનર્થનું મૈંળ છે. ભગવદ્વિમુખતા ઉત્પન્ન કરે એવું તથા અનર્થનું મૈંળ એવું જે ધન છે તેનો ભગવાન્ શ્રીકૃષ્ણની સેવામાં સારી રીતે વિનિયોગ કરવો ત્યારે જ તે ધન અનર્થ ઉત્પન્ન કરતું અટકે છે. શ્રીકૃષ્ણપ્રભુ અનર્થનું તથા સંસારનું નિવારણ કરનારા છે. તાત્પર્ય એ છે કે ગૃહ, સ્ત્રી, પુત્ર, ધન, દ્રવ્ય, દેહ, ઈન્દ્રિયો, પ્રાણ તથા અન્તઃકરણ ઈત્યાદિ સર્વે અહન્તા-મમતા વધારનારા પદાર્થો છે, અને સંસારાશક્તિ કરાવે છે. તેથી ગૃહ તથા ધનનો સર્વથા ત્યાગ કરવો. જો તેમ શક્ય ન હોય તો તેમને ભગવત્સેવામાં સમર્પિદિવા કે જેથી અહન્તા-મમતા તથા સંસારાસક્તિ ઈત્યાદિ સર્વે અનર્થો દૈંર થાય અને ભગવાન્ શ્રીકૃષ્ણને વિષે પ્રેમ, આસક્તિ તથા વ્યસન નું ઉત્તમોત્તમ દાન થાય. અર્થાત્ આત્મનિવેદનપૈંર્વક ભગવાન્ શ્રીકૃષ્ણની સેવાને અર્થે ગૃહ સ્ત્રી-પુત્રાદિ દેહાદિ વિત્તાદિ તથા આ લોક તેમજ પરલોક ઈત્યાદિ પોતાનું સર્વસ્વ સમર્પિત કરવું.(૨૫૦)

*આ પ્રમાણે જે બે પૂર્વાધિકાર કહ્યા તેમાંથી કોઈ પણ પ્રકારનો અધિકાર સિદ્ધ ન થાય તો આચાર્યશ્રી તૃતીય પક્ષ કહે છેઃ*

**અથવા સર્વદા શાસ્ત્રં શ્રીભાગવતમ્ આદરાત્ ।**
**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્ ।।૨૫૩।।**
**વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કંઠગતૈરપિ ।**
**તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમ્ આચરેત્ ।।**

"बाह्याभ्यन्तरभेदेन रूपे भेदद्वयं मतम्, नाम्नि चैकं ततस् त्रेधा भक्तिमार्गो निरूपितः"।।२५३-५४।।

---

**ત્રયાણાં યેન કેનાપિ ભજન્ કૃષ્ણમ્ અવાપનુયાત્ ।।૨૫૪।।**

**શબ્દાર્થ:** અથવા સર્વહેતુરહિત થઈને પ્રયત્ન કરીને શ્રીમદ્ભાગવત શાસ્ત્રનો પાઠ આદરપૈર્વક નિરન્તર કરવો જોઈએ. કંઠે પ્રાણ આવે તો પણ આજીવિકાને અર્થે શ્રીમદ્ભાગવતને યોજવું નહિ. શ્રીમદ્ભાગવતની વૃત્તિ વિના અન્ય ગમે તે કોઈ પ્રકારે નિર્વાહ ચલાવવો. આ ત્રણ પક્ષમાંથી ગમે તે કોઈ પ્રકારે પણ ભગવાન્ કૃષ્ણનું ભજન કરનારો જીવ કૃષ્ણને ફલરૂપ સદાનન્દ કૃષ્ણને પ્રાપ્ત કરે છે. (૨૫૩।૨૫૪)

**વિવેચન:** *૧.ભગવાન્ કૃષ્ણને વિષે તત્પર થઈ તીર્થપર્યટન કરવું. અથવા તો ૨.ગૃહસ્થી થઈ ગૃહાદિ તથા ધનાદિ પદાર્થો કૃષ્ણ ભગવાન્ની સેવામાં વિનિયોજવા. આ બે પક્ષમાંથી કોઈ પણ પક્ષનો સારો આદર ન થઈ શકે તો તૃતીય પક્ષ કહે છે:* ***અથવા.*** અથવા શ્રીમદ્ભાગવત શાસ્ત્રનું પઠન નિરન્તર આદરપૈર્વક કોઈ પણ પ્રકારના હેતુ એટલે લૌકિક ફલની કામના રાખ્યા વિના અવશ્ય પ્રયત્ન કરીને પણ કરવું જોઈએ. શ્રીમદ્ભાગવતનો પાઠ કર્યાથી ભગવાન્માં પ્રીતિ થાય છે. જે પ્રીતિથી ફલાત્મા કૃષ્ણ ભગવાન્ શીઘ્ર પ્રાપ્ત થાય છે. પરન્તુ આ (શ્રીમદ્ભાગવતનો નિત્ય પાઠ કરી ભગવાન્ કૃષ્ણની પ્રાપ્તિ કરવાના) પક્ષમાં એક દોષ પ્રતિબન્ધક થઈ પડે છે. શ્રીમદ્ભાગવતનો પાઠ કરનારા તથા એની કથા કરનારા લોકો (સપ્તાહાદિ કરીને) શ્રીમદ્ભાગવતશાસ્ત્રને આજીવિકાના સાધન તરીકે યોજે છે. આ કલિકાલમાં સર્વ કોઈ જીવનું સુગમ મોક્ષદ્વાર થયલા શ્રીમદ્ભાગવતશાસ્ત્રને વૃત્ત્યર્થે *સર્વથા ન યોજવું એમ શ્રીમદાચાર્યચરણ આજ્ઞા કરે છે. શ્રીમદ્ભાગવતશાસ્ત્રનો પાઠ કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના કરવો જોઈએ. પ્રાણ કંઠે આવી જાય તો પણ ભગવન્નામાત્મક શ્રીમદ્ભાગવત શાસ્ત્ર ઉપર વૃત્તિ ચલાવવી નહિ. શ્રીમદ્ભાગવત શાસ્ત્ર વિના અન્ય કોઈ પણ પ્રકારે પોતાની વૃત્તિનો નિર્વાહ કરી લેવો.

*બાહ્ય તથા અભ્યન્તર ભેદથી ભગવાન્ના રૂપ વિષે બે પ્રકાર છે :* ૧.ભગવદ્રૂપનો બાહ્ય પૈંજા-સેવા પ્રકાર તથા ૨.તીર્થપર્યટન કરી શાન્ત ચિત્તે સદા

*આ પ્રકારે ભગવત્પ્રાપ્તિ કરવાની ઈચ્છાવાળા કોઈ પણ પુરુષે શ્રીમદ્ભાગવતશાસ્ત્રને ઉદરપોષણને અર્થે કે વ્યાપારને અર્થે યોજવું નહિ એમ શ્રીમદાચાર્યચરણની સ્પષ્ટ આજ્ઞા છે છતાં તે આજ્ઞાનો ભંગ ઉદરપોષણ તથા વ્યાપાર માટે સમ્પ્રદાયના જ શાસ્ત્રીઓ તથા વ્યાપારીઓ કરે એ અત્યન્ત શોચનીય છે. આશા છે કે સમ્પ્રદાયના ધનિકો આવી વૃત્તિ ન છુટકે કરનારા વિદ્વજ્જનોને અન્ય કોઈ પણ રીતે પોષશે અને આચાર્યશ્રીની આ પરમ શ્રેયસ્કરી આજ્ઞાનો ભંગ થતો અટકાવશે. (આજથી ૬૦ વર્ષ પહેલાં વૈષ્ણવ શાસ્ત્રીઓ દ્વારા દ્રવ્ય-દક્ષિણા લઈને કરાતી અધમ ભાગવત કથા-સપ્તાહો તરફ પુનઃ ધ્યાન દોરનારા આ ગ્રન્થના અનુવાદક-વિવેચક ગો.વા.શ્રીસુંદરલાલભાઈ ખુદ શ્રીવલ્લભના વંશને દક્ષિણા લઈને કથા કરતો જોત તો તેમને કેટલું દુઃખ થાત! (સમ્પા.))

प्रपत्तिमार्गम् आह **जगन्नाथे विठ्ठले च** इति.

**जगन्नाथे विठ्ठले च श्रीरङ्गे वेङ्कटे तथा।।**
**यत्र पूजाप्रवाहः स्यात् तत्र तिष्ठेत तत्परः।।२५५।।**

विकल्पएव एषां स्थानानाम्. प्रपत्तौ ब्रह्मास्त्रन्यायस्य बाधकत्वात्. पूजाप्रवाहो भगवत्सान्निध्यप्रबोधकः।।२५५।।

---

અન્તઃકરણને વિષે ભીતર ભગવાન્ કૃષ્ણની સ્ફુર્તિ થવા દેવી. તેમજ ૩. *ભગવાન્‌ના નામ વિષે એક શ્રીમદ્ભાગવતનો નિરન્તર પાઠ કરવાનો પ્રકાર માન્યો છે. તેથી શ્રીમદાચાર્યચરણે ત્રણ પ્રકારે ભક્તિમાર્ગ નિરૂપિત કર્યો છે એમ જાણવું.* (૨૫૧।૨૫૨)

આ ભક્તિમાર્ગમાં પણ અધિકાર ન હોય તો મુખ્ય ભક્તિમાર્ગને અનુસરે એવો *પ્રપત્તિમાર્ગરૂપી બીજો સર્વસુલભ ઉપાય હવે આચાર્યશ્રી કૃપા કરીને દર્શાવે છેઃ*

**જગન્નાથે વિટ્ઠલે ચ શ્રીરંગે વેંકટે તથા ।**
**યત્ર પૂજાપ્રવાહઃ સ્યાત્ તત્ર તિષ્ઠેત તત્પરઃ ।।**
**એતન્ માર્ગદ્વયં પ્રોક્તં ગતિ-સાધન-સંયુતમ્ ।।૨૫૫।।**

**શબ્દાર્થઃ** શ્રીજગન્નાથજી, શ્રીવિટ્ઠલનાથજી, શ્રીરંગજી તથા શ્રીવેંકટેશજી આદિ જ્યાં બિરાજે છે ત્યાં, તેમજ જ્યાં ભગવત્પૈંજાનો પ્રવાહ ચાલતો હોય ત્યાં, તે ભગવત્સ્વરૂપને વિષે તત્પર થઈને સ્થિતિ કરવી. આ પ્રકારે વૈદિક માર્ગ તથા ભક્તિમાર્ગ એમ ઉભયે માર્ગનું ફલ તથા સાધન સહિત પ્રતિપાદન કર્યું.(૨૫૩)

**વિવેચનઃ** શ્રીજગન્નાથપુરી, પંઢરપુર, શ્રીરંગજી, શ્રીવેંકટેશજી ઈત્યાદિ સ્થળે જ્યાં શ્રીજગન્નાથજી, શ્રીવિટ્ઠલનાથજી, શ્રીરંગજી તથા શ્રીવ્યંકટેશજી ઈત્યાદિ ભગવત્સ્વરૂપો બિરાજે છે તથા જ્યાં નિરન્તર ભગવત્પૈંજાનો પ્રવાહ ચાલે છે ત્યાં તે-તે સ્વરૂપને વિષે ત્પર થઈને સ્થિતિ કરવી. *આ સર્વે સ્થાનોનો વિકલ્પ છે, કારણ કે પ્રપત્તિમાર્ગમાં-શરણમાર્ગમાં +બ્રહ્માસ્ત્રન્યાય બાધક છે.* અર્થાત્ શ્રીજગન્નાથપુરી ઈત્યાદિ સ્થળમાંથી ગમે તે કોઈ એક સ્થલે જ્યાં જીવને ભગવાન્‌ની પૈંજા-સેવા કરવાની વિશેષ ઈચ્છા થતી હોય અને જ્યાં ભગવત્પૈંજાનો પ્રવાહ સતત ચાલતો હોય ત્યાં તે ભગવત્સ્વરૂપને વિષે તત્પર થઈને રહેવું.

---

+ **બ્રહ્માસ્ત્રન્યાય :** રાવણની સભામાં પણ રાક્ષસોએ બ્રહ્માસ્ત્રના પ્રભાવમાં જ્યાં સુધી અનન્ય દઢ વિશ્વાસ રાખ્યો ત્યાં સુધી સૈંત્રના તારથી પણ હનુમાન્ જેવો પ્રબલ વાનર બંધાઈ રહ્યો. પરન્તુ જે ક્ષણે રાક્ષસોએ બ્રહ્માસ્ત્રમાં અવિશ્વાસ આણ્યો કે ‘‘આવો પ્રબલ વાનર કાંઈ સૈંત્રથી જ બાંધી શકાય નહી, એને લોખંડથી બાંધો’’ તે ક્ષણે બ્રહ્માસ્ત્રાનો પ્રભાવ નષ્ટ થયો. તેમ આ પ્રપત્તિમાર્ગમાં ૧.ભગવાન્‌માં અવિશ્વાસ તથા ૨.એક ભગવત્સ્વરૂપ વિના અન્ય દેવનો આશ્રય આ બે સર્વથા બાધક છે. પ્રપત્તિમાર્ગમાં બ્રહ્માસ્ત્રન્યાયે ભગવાન્‌નું જ એક અનન્ય દઢ અવલમ્બન કરવાનું છે.

ત્યાં ચાલી રહેલો *ભગવત્પૂજાનો પ્રવાહ ભગવત્સાન્નિધ્યનું ભાન કરાવે છે.* **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેક શરણં વ્રજ''** (ભગ.ગીતા ૧૮।૫૫) ''સર્વધર્મનો પરિત્યાગ કરી એક મારે જ અનન્ય શરણે આવ'' એમ ભગવાને ગીતામાં અન્તે અનન્ય શરણમાર્ગનો જ ઉપદેશ કર્યો છે. ''મને એકલાને જ શરણે આવ'' એમ આ ભગવદ્વાક્યમાં 'એક' પદથી અન્યાશ્રય સર્વથા બાધક કહેલો હોવાથી આ પ્રપત્તિમાર્ગમાં પણ અન્યાશ્રય સર્વથા બાધક છે એમ જણાવવા શ્રીમદાચાર્યચરણ અત્ર પ્રપત્તિમાર્ગે જીવે ''એક જ ભગવત્સ્વરૂપમાં તત્પર થવું'' એમ ઉપદેશ કરે છે.

પ્રપત્તિ=શરણાગતિ, આશ્રય. આ પ્રપત્તિમાર્ગના જ અંગત્વે શ્રીમદાચાર્યચરણે વિવેકધૈર્યાશ્રય તથા કૃષ્ણાશ્રય ગ્રન્થ કર્યા છે. **''એવમ્ આશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્, કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઇતિ મે મતિઃ''** વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં અન્તે શ્રીમદાચાર્યચરણ આશ્રય-શરણ-પ્રપત્તિનું નિરૂપણ કરતાં કહે છે કે ''આ પ્રકારે મેં ભગવાન્‌નો એક અનન્ય આશ્રય-અવલમ્બન કરવાનો માર્ગ પ્રકર્ષે કરીને કહ્યો છે કે જે આશ્રય-શરણ માર્ગ સર્વ જીવોને સર્વ કાલમાં હિતકારિ છે, કારણ કે કલિયુગમાં ભક્તિ આદિ માર્ગો પણ ખરેખર દુઃસાધ્ય થઈ ગયા છે એમ મારું માનવું છે''. અત્ર ભક્તિ ઈત્યાદિ માર્ગો પણ કલિકાલબલે દુઃસાધ્ય થઈ ગયા છે એમ જોઈને શ્રીમદાચાર્યચરણે કૃપા કરી સર્વ કોઈનો સર્વદા ઉદ્ધાર કરે એવા આ આશ્રય શરણમાર્ગ-પ્રપત્તિમાર્ગનો ઉપદેશ કર્યો છે. 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થના અન્તે સૈંચવેલા આ શરણાગતિ-પ્રપત્તિમાર્ગને જ સમર્થિત કરવા શ્રીમદાચાર્યચરણે તે પછી સત્વર જ 'કૃષ્ણાશ્રય' ગ્રન્થ ઉપદેશ્યો છે. દેશકાલાદિ ષટ્ પદાર્થ દુષ્ટ થયેલા હોવાથી કલિકાલમાં જીવને તરવાનો માત્ર એક જ ઉપાય છે. અને તે ભગવાન્ કૃષ્ણનો આશ્રયમાર્ગ છે.

*આ પ્રકારે આ પ્રકરણમાં પ્રથમ વૈદિકધર્મમાર્ગ ઉપદેશ્યો.* પરન્તુ કાલદોષથી જીવોની શક્તિનો હ્રાસ થવાથી વૈદિકમાર્ગ નિર્બળ થયો અને આધુનિક શક્તિહીન જીવોથી તે વૈદિકમાર્ગ સિદ્ધ થતો ન હોઈને ફલ પ્રાપ્ત કરાવી શકતો નથી. તેથી તદનુકલ્પરૂપ વૈદિકમાર્ગનો પ્રતિનિધિરૂપ અર્થાત્ મુખ્ય *વૈદિકમાર્ગને બંધ બેસે એવો ભક્તિમાર્ગ ત્રણ પ્રકાર ઉપદેશ્યો.* પરન્તુ ભક્તિમાર્ગ પણ કલિયુગમાં દુઃસાધ્ય થયો છે, તેથી હવે આચાર્યશ્રી તે મુખ્ય ભક્તિમાર્ગના પ્રતિનિધિરૂપ અર્થાત્ મુખ્યભક્તિમાર્ગને અનુકૈલ થાય એવા ભગવત્પ્રપત્તિમાર્ગનો ઉપદેશ કરે છે. કલિકાલમાં શ્રીમદાચાર્યચરણે ઉપદેશલો સર્વ સુશક્ય એવો ભગવત્પ્રપત્તિમાર્ગ, અનન્ય ભગવચ્છરણાગતિનો માર્ગ સર્વજીવોનો સર્વદા ઉદ્ધાર કરનારો છે. આચાર્યશ્રીનો આ સર્વોદ્ધારક મતનો આધુનિક સમયમાં ઉદાર સુજ્ઞોએ ઉદ્‌ઘોષ

**एतन्मार्गद्वयं प्रोक्तं गति-साधनसंयुतम्।।**

---

કરવો તથા તેને આચારમાં મૈંકવો ઘટે છે. (૨૫૨ ૧/૨)

***એતન્ માર્ગદ્વયં પ્રોક્તમ્.*** *આ પ્રમાણે વૈદિકમાર્ગ અને તે પછી ભક્તિમાર્ગનું નિરૂપણ કર્યું.* આની પૈંર્વે વૈદિકમાર્ગનું પણ નિરૂપણ કરેલું હોવાથી, વૈદિકમાર્ગ તથા ભક્તિમાર્ગ આ બન્ને મુખ્ય માર્ગોનું સાધન તથા ફલસહિત નિરૂપણ કર્યું છે એમ સમજવું.

કાલબલે વૈદિક ધર્મમાર્ગ નિર્બલ થયો છે તેથી તે ફલ આપવા અસમર્થ છે. પરન્તુ ધર્મિમાર્ગ-ભગવન્માર્ગ સુકર છે, તેથી આધુનિક જીવે પોતાથી કશું ન થાય તો પણ ભગવન્માર્ગે ભગવત્પ્રપત્તિ સ્વીકારી એક અનન્ય ભગવદાશ્રયનું દઢ અવલમ્બન અવશ્ય કરવું જોઈએ. અહીં આ ક્રમ જણાય છેઃ પ્રથમ ભગવત્કૃપાનો અંકુર સ્વતઃ સંસ્કારબલે કે ભગવન્માર્ગીય સત્સંગથી ઉદ્‌બોધ પામે છે ત્યારે દ્વારભૈંત ગુરુદ્વારા જીવની ભગવાન્‌ને વિષે શરણાગતિ થાય છે. તે પછી સાધુ ભગવદ્ભક્તોના સંગથી કે દ્વારભૈંત ગુરુનાં શિક્ષણથી શ્રીમદાચાર્યચરણને વિષે ભગવદભેદબુદ્ધિ થાય છે તથા એતન્માર્ગીય ભક્તોના સંગે ભગવદ્ભજન થાય છે.

શ્રીમદાચાર્યચરણની કૃપા પ્રાપ્ત કરવા તેમનો અનન્ય આશ્રય કરવો અને નિરન્તર શ્રીસર્વોત્તમાદિ સ્તોત્રનો પાઠ કરવો તથા એમણે પ્રકટ કરેલા શ્રીસુબોધિન્યાદિ ગ્રન્થોનું અવલોકન તથા શ્રવણ કરવું. આ પ્રકારે તે-તે પ્રતિબન્ધ નિવૃત્ત થઈને સર્વ દોષની નિવૃત્તિ થાય છે તથા સેવોપયોગિ ગુણો સુવૃદ્ધિ પામે છે. ''કુટુમ્બ-પરિકર સહિત સદા ભગવત્સેવા કરવી''.*

આ ભગવત્સેવાનું પુનઃ-પુનઃ અનુસન્ધાન કર્યાથી તો આ ભવમાં તે સકુટુમ્બ ગૃહસ્થી ભગવદીયને ભગવત્પ્રાપ્તિરૂપ ફલ સિદ્ધ થઈ જાય છે. ભગવત્સેવામાં ઉદાસીન તથા પ્રતિકૈંલ ગૃહપરિકરને આ ફલ થતું નથી. પ્રવાહી જીવોને માત્ર સંસારમાં પરિભ્રમણ જ કરવું પડે છે. વિક્ષેપ-અશકત્યાદિ પઞ્ચદોષ સમ્ભવે તો ભગવદ્ભક્તે તીર્થપર્યટન કરવું કે જેથી એ દોષ નિવૃત્ત થાય અને પુનઃ ભગવત્સેવાનું પૈંર્વોક્ત ફળ પ્રાપ્ત થાય. ભગવત્સેવામાં અધિકાર ન હોય તો ભગવન્નામરૂપ શ્રીમદ્ભાગવતનો નિરન્તર આશ્રય કરવો. તેમાં પણ અધિકાર ન હોય તો શ્રીમદ્વલ્લભદાચાર્યચરણે શ્રીભાગવત્‌માંથી સમુદ્ધૃત કરેલા

---

* જેમ વૈદિકમાર્ગે ગૃહસ્થી સપરિકર યાવજ્જીવન અગ્નિહોત્ર કરીને કૃતાર્થ થાય છે તેમ ભક્તિમાર્ગે યાવજ્જીવન સકુટુમ્બ ગૃહસ્થી સપરિકર ભગવત્સેવા કરી કૃતાર્થ થઈ જાય છે. (જુઓ તૈત્તિ.સં.)

પુરુષોત્તસહસ્રનામ તથા ત્રિવિધલીલાનામાવલિ ઈત્યાદિ ભગવન્નામાત્મક ગ્રન્થનો આશ્રય કરવો. જો ઉત્તમોત્તમ અધિકાર હોય તો દેહપાતપર્યન્ત કૃષ્ણ તત્પર થઈ તીર્થપર્યટન કરવું. અત્ર પણ અધિકાર ન હોય તો **''અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ, અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ''** (ભક્તિવર્ધિની.) આ આચાર્યશ્રીની આજ્ઞા પ્રમાણે હરિસ્થાને, દૈંર કે સમીપ, જે પ્રકારે ચિત્ત દુષ્ટ ન થાય તે પ્રકારે પુરુષોત્તમસહસ્રનામાદિ ગ્રન્થનો જાપ કરતાં-કરતાં ભગવાનનું અનન્ય શરણ સ્વીકારી પ્રપત્તિમાર્ગે સ્થિતિ કરવી. આ પ્રકાર આદરવાથી ભગવન્માર્ગીય ફલોન્મુખતા તથા ફલ પ્રાપ્ત થાય છે. (૨૫૩)

આ પ્રકારે ભક્તિપ્રકરણ સમાપ્ત થયું.

# પરિશિષ્ટ

**''ન હિ ઋષીણાં તાત્પર્યં લૌકિકે ભવિતુમર્હતિ''** અર્થાત્ કામસૈંત્રપ્રણેતા વાત્સ્યાયનાદિ વૈષ્ણવ ઋષિઓનું તથા નાટ્યશાસ્ત્રપ્રણેતા ભરતમુનિનું તથા પરમભક્તહનુમાનનું તાત્પર્ય જીવોને લૌકિક તુચ્છ કામોપભોગમાં ફસાવવા એમ નથી, પરન્તુ તેમને જિતેન્દ્રિય કરી મોક્ષસાધન પર્યન્ત લઈ જઈ અલૌકિક મૈંલ ભગવદ્રસનું દૈંરથી ઓળખાણ કરાવવું એ જ છે. આ જે હિતપ્રદ ગૈંઢોપદેશ અત્ર તથા અન્યત્ર સમ્પ્રદાયના આચાર્યશ્રીઓએ કથ્યો છે તેનું દિગ્દર્શન વાત્સ્યાયન ઋષિએ કામસૈંત્રના આદિ તથા અન્તિમ ભાગમાં સૈંચવ્યું છે : **''ચરેદ્ ધર્માન્ ઈતિ વાત્સ્યાયનઃ''** (વાત્સ્યા.કામસૈં. ૧।૨।૩૫) એમ વાત્સ્યાયન ઋષિએ ઉપક્રમ કર્યો છે તથા 'ઔપનિષદિક' નામના સપ્તમાધિકરણમાં સમાપ્તિ કરી છે :

**ધર્મમ્ અર્થં ચ કામં ચ પ્રત્યયં લોકમેવ ચ।**
**પશ્યતિ એતસ્ય તત્ત્વજ્ઞો ન ચ રાગાત્ પ્રવર્તતે।।૫૩।।**
**અધિકારવશાદ્ ઉક્તા યે ચિત્રા રાગવર્ધનાઃ।**
**તદનન્તરમ્ અત્રૈવ તે યત્નાદ્ વિનિવારિતાઃ।।૫૪।।**
**ન શાસ્ત્રમ્ અસ્તીત્યેતેન પ્રયોગો હિ સમીક્ષ્યતે।**
**શાસ્ત્રાર્થાન્ વ્યાપિનો વિદ્યાત્ પ્રયોગાંસ્ત્વેકદેશિકાન્।।૫૫।।**
**તદેતદ્ બ્રહ્મચર્યેણ પરમેણ ચ સમાધિના।**
**વિહિતં લોકયાત્રાયૈ ન રાગાર્થો અસ્ય સંવિધિઃ।।૫૭।।**
**રક્ષન્ ધર્માર્થકામાનાં સ્થિતિં સ્વાં લોકવર્તિનીમ્।**
**અસ્ય શાસ્ત્રસ્ય તત્ત્વજ્ઞો ભવત્યેવ જિતેન્દ્રિયઃ।।૫૮।।**
**તદેતત્ કુશલો વિદ્વાન્ ધર્માર્થો અવલોકયન્।**
**નાતિરાગાત્મકઃ કામી પ્રયુઞ્જાનઃ પ્રસિધ્યતિ।।૫૯।।**
**ધર્માર્થકામેભ્યો નમઃ''**

એમ પ્રથમસૈંત્રે કામશાસ્ત્રારમ્ભ કરી વાત્સ્યાયન ઋષિ પોતે કહે છે કે પુરુષે આયુર્વિભાગ કરીને અથવા યથોપપાદ -જેમ ઉચિત હોય એમ પરસ્પર ઉપઘાત-વિરોધ ન કરે એમ ત્રિવર્ગનું -ધર્મ-અર્થ-કામનું સેવન કરવું. વિદ્યાગ્રહણપર્યન્ત તો અવશ્ય બ્રહ્મચર્ય જ સેવવું. ત્રિવર્ગમાં પણ કામ કરતાં અર્થ ઉત્તમ છે, અર્થ કરતાં ધર્મ ઉત્તમ છે એમ ઋષિ પોતે ધર્મની ઉત્તમતા બોધે છે. અત્ર લોકાયતિક ચાર્વાકમતવાદી પૈંર્વપક્ષ કરે છે કે ''ધર્માચરણ કર્તવ્ય નથી, કારણ કે ધર્મનું ફલ દૃશ્ય નથી, પારલૌકિક છે, તથા સંશયગ્રસ્ત છે''. પરન્તુ આ મતનો નિરાસ કરવા વાત્સ્યાયને પોતે જ અત્ર સિદ્ધાન્ત કથ્યો છે કે મનુષ્યે અવશ્ય ધર્મોનું આચરણ કર્તવ્ય છે. એમાં હેતુ એ છે કે ૧.વેદાદિ અપૌરુષેય થાસ્ત્ર અનભિશંક્ય છે, દોષશંકાને પાત્ર તે ન હોવાથી, વૈદિક અભિચારાદિ યજ્ઞોનું કવચિત્ દૃશ્યફલ થતું હોવાથી, નક્ષત્ર-ચન્દ્ર-સૈંર્ય-તારા-ગ્રહ-ચક્રાદિ પણ લોકહિતાર્થે બુદ્ધિપૈંર્વક ધર્મપ્રવૃત્તિ કરી રહ્યા છે તેથી, લોકયાત્રા વર્ણાશ્રમલક્ષણથી

યુક્ત થઈને જ સુવ્યવસ્થિત થાય છે તેથી, તથા ભવિષ્યમાં ધાન્ય થશે એવી આશાથી લોકો પણ હસ્તગત ધાન્યબીજનો ત્યાગ કરે છે તેથી -મનુષ્યે અવશ્ય ધર્મો આચરવા. વળી, શાસ્ત્ર સમાપ્ત કરતાં પણ ઋષિ જીવોને જિતેન્દ્રિય થઈ અત્રોપદિષ્ટ ઇન્દ્રિયનિગ્રહ કરવાનો બોધ કરી રહ્યા છે :

''આ કામશાસ્ત્રનું તત્ત્વ જાણીને મનુષ્ય ધર્મ, અર્થ તથા કામ નું યથાર્થ સ્વરૂપ સમજશે તથા લોકમાં (જે પ્રયોગ થાય છે તે ધીર પુરુષો આદરે છે કે કેમ) તેની પ્રતીતિ(ખાતરી) કરી શકશે. પરન્તુ તેથી તે મનુષ્ય રાગથી જ પ્રવૃત્તિ કરશે નહિ(૫૩).

જે રાગવૃદ્ધિ કરે એવા ચિત્ર-વિચિત્ર પ્રયોગો આ કામશાસ્ત્રમાં કહ્યા છે તે અધિકારવશાત્ કથ્યા છે, પરન્તુ તે કંઈ સર્વ કોઈને માટે જ ઉપદેશ્યા નથી. જેમનો અધિકાર નથી તેમને માટે પ્રયત્નપૈંર્વક રાગવર્ધક પ્રયોગો નિષિદ્ધ કર્યા છે(૫૪).

''કામશાસ્ત્રની અનુજ્ઞા છે જ'' એમ માનીને કોઈ પણ મનુષ્યે કામશાસ્ત્રોક્ત પ્રયોગ આદરવાનો વિચાર કરવો નહિ, કારણ કે શાસ્ત્ર સામાન્ય અર્થો ઉપદેશે છે, પરન્તુ તેના પ્રયોગો તો કોઈક વિરલાને માટે જ છે. One should not have recourse to any such act only because there is a Shastric sanction for it. For, the Shashtra ordains things in general and the application should be confined to a few cases only by persons fit to adopt the same.(૫૫)

આ કામશાસ્ત્ર (રસશાસ્ત્ર) બ્રહ્મચર્યબળે તથા પરમ સમાધિબળે સર્વેન્દ્રિયોનો નિગ્રહ કરી પ્રણીત કર્યું છે તેનું લોકોને દિગ્દર્શન કરાવવા પ્રકટ કર્યું છે. પરન્તુ આ કામશાસ્ત્રનું સંવિધાન કંઈ જીવોમાં રાગ ઉત્પન્ન કરવાને અર્થે છે એમ સર્વથા સમજવું નહિ.(૫૭)

આ શાસ્ત્રના તત્ત્વને જાણનારો પુરુષ પોતીકા ધર્મ, અર્થ તથા કામ ની લોકમાં ચાલી રહેલી સ્થિતિનું રક્ષણ કરીને પોતે જિતેન્દ્રિય જ થાય છે. (૫૮)

તેથી કુશળ પુરુષ આ રહસ્ય જાણીને ધર્મનું તથા અર્થનું અવલોકન કરીને, અત્યન્ત રાગાત્મક કામી પુરુષ ન થતાં જો આ શાસ્ત્રનો પ્રકર્ષે કરીને (ભગવદર્થે) વિનિયોગ કરતો રહે તો તે પુરુષ ઉત્તમ સિદ્ધ પ્રાપ્ત કરે છે. (૫૯)

આથી સિદ્ધ થાય છે કે લૌકિક કામપ્રયોગ કર્યાથી જીવને લેશમાત્ર પણ રસસમ્બન્ધ થતો નથી, પરન્તુ તેનો અધઃપાત થાય છે. લોકમાં દિશતો તુચ્છ કામ તો અનુકરણ માત્રથી જ મૈંળ ભગવદ્રસનો આભાસમાત્ર જ છે. પ્રાકૃત કામ પરિમિત-ક્ષણિક છે, હેય છે, ઘાતક છે; જ્યારે અપ્રાકૃત ભગવદ્વિષયક કામસુખ ભૈંમા-વ્યાપક હોવાથી નિરવધિ-અપરિમિત ફલરૂપ છે. આ લૌકિક કામના દૃષ્ટાન્તથી અલૌકિક ભગવદ્રસ કેવો મહાન્ છે એનો કંઈક દૈંરથી ખ્યાલ કરાવી જીવોને જિતેન્દ્રિય કરાવી પરમ ભગવદ્રસ પ્રાપ્ત કરાવવા માટે જ ઋષિઓએ કામ-નાટ્યાદિ રસશાસ્ત્ર પ્રણીત કરવાનો પ્રયાસ કર્યો છે એમ તત્ર સ્ફુટ છે. વળી, **''ઋચ્યાં દશતયીનાં ચતુઃષષ્ટિસંજ્ઞિતત્વાદ્ ઇહાપિ તદર્થસમ્બન્ધાત્ પાઞ્ચાલસમ્બન્ધાચ્ચ બહ્વૃચૈઃ એષા પૂજાર્થ સંજ્ઞા પ્રવર્તિતેત્યેકે''** (૨।૨।૪) આ કામસૈંત્રના સમ્પ્રયોગાધિકરણમાં સૈંત્ર યોજીને

કામસૈંત્રકારે સમ્પ્રયોગાંગભૈંત ચુમ્બનાદિનું ઋગ્વેદાર્થત્વ પ્રદર્શિત કર્યું છે. **''સર્વે વેદા યત્પદમ્ આમનન્તિ''** (કઠોપ.૨।૧૫) **''વેદૈશ્ચ સર્વૈઃ અહમેવ વેદ્યઃ''** (ભગ.ગીતા ૧૫।૧૫) આ શ્રૈંતિસ્મૃતિબલે વેદનું ભગવત્પરત્વ સિદ્ધ છે. એવં સતિ આ કામ-નાટ્યાદિ રસશાસ્ત્ર વેદવત્ પરોક્ષવાદે લીલાસહિત ભગવદ્રસનું પ્રતિપાદન કરે એ યુક્ત જ છે. વળી, ગાન્ધર્વવેદ પણ સામવેદનો ઉપવેદ થઈ સંગીતદ્વારા ભગવદ્રસના પોષણાર્થે જ પ્રવૃત્ત થયો છે.

# અમૃતવચનાવલી

**શ્રીનાથજી**

(ક) શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરને પૈંછ્યું કે ''મહારાજ! કૃષ્ણદાસનો તો દેહ છૈંટ્યો... હવે અમે કોને અધિકાર (ટ્રસ્ટીનું પદ) આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ''. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો હાથમાં લઈને બધાની સામે કહો કે જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢે. ત્યારે જે આવીને કહે તેને (ટ્રસ્ટી પદ) આપો. જેનો બગાડ થવાનો હશે તે તેની મેળે જ (ટ્રસ્ટી થવા) આવશે!''.

**(શ્રીનાથજી, ૮૪ વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા)**

(ખ) એક દિવસ એક વૈષ્ણવે કિશોરીબાઈને કાંઈક સામગ્રી આપી હતી. ત્યારે કિશોરીબાઈએ તેની સામગ્રી સિદ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દિવસે શ્રીઠાકોરજી આરોગવા પધાર્યા નહીં. ત્યારે કિશોરીબાઈ પોતાના મનમાં ખૈંબજ ખેદ કરવા લાગી. ત્યારે શ્રીઠાકોરજી બોલ્યા : ''તેં મારા માટે સામગ્રી કેમ લીધી? તે અમે કેવી રીતે આરોગીએ?''
ભાવપ્રકાશ : આમાં એ જતાવ્યું કે પારકી, બીજાની સત્તા, સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને આરોગાવવી નહીં. અને કોઈ પણ વસ્તુ વૈષ્ણવ પાસેથી લઈને શ્રીઠાકોરજીને વિનિયોગ ન કરાવવી. તે શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી. **(૨૫૨ વૈ.વાર્તા, કિશોરીબાઈ વા.પ્ર.૨)**

**શ્રીમહાપ્રભુજી**

(ક)જે કટોરી(ગિરવિ) મૈંકીને સામગ્રી આવી તેનો તો ભોગ શ્રીઠાકોરજી પોતાના જ દ્રવ્યનો આરોગ્યા, તેથી તે ભોગ તો આપનો જ થયો. જે શ્રીઠાકોરજીનું (દેવ) દ્રવ્ય ખાશે તે મારો(પુષ્ટિમાર્ગી) નહીં કહેવાય. અને મારો સેવક ભગવદીય હશે તે દેવદ્રવ્ય ક્યારેય નહીં ખાય. જે (દેવદ્રવ્યનો પ્રસાદ) ખાશે તે મહાપતિત થશે. તેથી તે (દેવદ્રવ્યના) પ્રસાદમાંથી ભોજન કરવાનો આપણો અધિકાર ન હતો તેથી તે ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો''. આ સાંભળીને બધા વૈષ્ણવો ચુપ થઈ ગયા. **(ઘરુવાર્તા-૩).**

(ખ) શ્રીભાગવતનો પાઠ પોતે જ કરવો જોઈએ. લૌકિક(ફંડફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર-પુણ્ય-પ્રાયશ્ચિત્ત) કોઈ પણ હેતુ-પ્રયોજનથી શ્રીભાગવતનો પાઠ કે તેનું શ્રવણ કરવું ન જોઈએ. પ્રાણ કંઠ સુધી આવી ગયા હોય તો ભૈંખ્યા મરી ભલે જવું પણ ભાગવતની કથા યજમાન પાસેથી દક્ષિણા લઈને આજીવિકા માટે ન જ કરવી.

**(તત્ત્વાર્થદીપનિબન્ધ)**

(ગ) કથા-કીર્તન કરીને પોતાની આજીવિકા ચલાવનારા નીચ લોકોના મનોભાવને, તેઓ ભગવદ્ગુણગાન કરતા હોય તો પણ, મોઢું-મળ વગેરેને ધોતાં નીકળેલા ગંદા પાણીના નિકાલ માટે ખોદેલા ખાડા (સેસ્પોલ-ગટર) જેવા જાણવા. ભાગવત વગેરેની કથા કરીને

દક્ષિણા લેનારા કથાકારો પણ આવા નીચ કીંર્તનકારો (ગટર) જેવા જ હોય છે. તેથી આવા નીચ લોકોદ્વારા કરવામાં આવતા કથા-કીર્તન પુષ્ટિમાર્ગીઓએ ન સાંભળવા.

**(જલભેદ)**

**શ્રીગોપીનાથપ્રભુચરણ**

...શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું : ''મહારાજ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે...''.

ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ''ઠાકોરજીનો વૈભવ જોઈને તમે રાજી થયા?''.

ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું : ''આપનો કહવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુ(દેવદ્રવ્ય) ઊપર પોતાનું મન બગાડશે તેનો નિર્મૈળ નાશ થશે''.

આ સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું : ''અમારો માર્ગ તો આવો જ છે''.

**(૮૪ વૈષ્ણવવાર્તા, દામોદરદાસ સમ્ભલવાળાની વાર્તા)**

**શ્રીગુસાંઈજી શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ**

(ક) ધન વિ.ની કામનાઓને પૈંર્ણ કરવામાટે જે શાસ્ત્રમાં બતાવેલા શ્રવણ-કીર્તન-સેવા વગેરે કરવામાં આવે છે તેને કર્મમાર્ગીય સમજવા જોઈએ. પોતાની આજીવિકા (ભરણ-પોષણ) ચલાવવામાટે પૈસા કમાવવાના રૂપમાં જે શ્રવણ-કથા-કીર્તન-સેવા વિગેરે કરવામાં આવતાં હોય તો તેમને તો ખેતી-વાડીના ધંધાની માફક 'લૌકિકકર્મ' જ કહેવા જોઈએ (ધર્મ-ભક્તિ કદાપિ નહીં). (જો કોઈ અધમ માણસ) જાજરૂ જઈને પોતાના મળને ધોવા માટે ગંગાજળનો ઉપયોગ કરે તો શું તેને ગંગાસ્નાનું શાસ્ત્રોક્ત ઉચ્ચ ફળ મળી શકે? ના. પવિત્ર ગંગાનો આવો દુરુપયોગ કરવાથી તો તેને માત્ર અને માત્ર પાપ જ લાગે છે. આ જ પ્રમાણે જેઓ પૈસા કમાવવામાટે પ્રભુની સેવા-કથા કરે છે તેઓને પણ તેવી સેવ-કથાનું કંઈ પણ ફળ મળતું નથી. ઉલટાનું, આવા અધમ આચરણને કારણે તેઓ પાપના જ ભાગીદાર બને છે. (**ભક્તિહંસ**).

(ખ)આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો શી ગતિ થાય? ...તે વ્યક્તિ અન્તે કલેશ જ પામે છે એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક કલેશ પર નથી અટકતી, તેના પરલોકના અધિકાર અને ફળ નો પણ આવા નિષિદ્ધ આચરણને કારણે નાશ થાય છે. ... અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય તે આવું કુકૃત્ય કરી શકતો નથી. **(સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિ)**

(ગ)શ્રીગુસાંઈજીએ શ્રીગોવર્ધનધરને પૈંછ્યું કે ''મહારાજ! કૃષ્ણદાસનો તો દેહ છૈંટ્યો... હવે અમે કોને અધિકાર (ટ્રસ્ટીનું પદ) આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ''. ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો હાથમાં લઈને બધાની સામે કહો કે જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢે. ત્યારે જે આવીને કહે તેને (ટ્રસ્ટી પદ) આપો. જેનો

બગાડ થવાનો હશે તે તેની મેળે જ (ટ્રસ્ટી થવા) આવશે!''

**(૮૪વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા, પ્ર.૧૦)**

**શ્રીગોકુલનાથજી**

પોતાના સેવ્ય સ્વરૂપની સેવા જાતે જ કરવી. અને ઉત્સવ વગેરે સમય અનુસાર, પોતાના જ ધન અનુસાર, વસ્ત્ર-આભૈંષણ વિવિધ પ્રકારના મનોરથો કરી સામગ્રી કરવી.

**(શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ : ૨૪ વચનામૃત)**

**શ્રીઘનશ્યામાત્મજ ગોપીશજી**

સેવામાં જરૂરી તેવા ધન-સામગ્રી-સાજ વગેરે ન હોય તો સેવા કેમ થઈ શકે! આ બધું વસાવવામાટે બીજો કોઈ ઉપાય ન હોય તો કોઈક પાસેથી ઉધાર લઈને કે કોઈક પાસેથી માંગીને કે ફંડ-ફાળો કરીને સેવા-મનોરથ કરી શકાય કે નહીં?

ઉપરોક્ત શંકાને દૈંર કરવામાટે શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં આજ્ઞા કરે છે આવી પરિસ્થિતિ આવી પડી હોય, પછી તે પ્રભુસુખ-સેવા સમ્બન્ધી પણ કેમ ન હોય, તો પણ હઠ ન કરવી. ''ઉધાર લઈને કે કોઈ પાસેથી માંગીને પણ હું સેવા-મનોરથ કરીશ જ'' આવી હઠ ન કરવી. યથાલાભ સન્તોષ રાખીને પોતાની પાસે જે ઉપલબ્ધ હોય તેનાથી જે બની શકે તેનું જ પ્રભુસેવામાં સમર્પણ કરવું. ઉધાર કરીને કે ઠાકોરજી માટે માંગીને સેવા ન જ કરવી. કારણ કે ભગવદાશ્રય રાખીને પ્રભુ જે સહજતાથી કરાવે તે કરવું આવી પુષ્ટિમાર્ગીય મર્યાદામાં રહીને પ્રભુને જે સમર્પણ કરવામાં આવે છે તેનો જ અંગીકાર પ્રભુ કરે છે એવો શ્રીમહાપ્રભુજીનો આશય છે. **('વિવેકધૈર્યાશ્રય' વિવૃતિ શ્લોક ૪)**

**શ્રીહરિરાયમહાપ્રભુ**

જ્યારે સંતદાસનું બધું ધન નાશ પામ્યું ત્યારે શ્રીઠાકુરજીકી સેવાના ખર્ચની વ્યવસ્થા તેમણે (પહેલેથી જ પોતાના ઠાકોરજીમાટે પોતાના જ અલગથી મૈંકી રાખેલ) દેવદ્રવ્યથી કરી. અને ઠાકોરજીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા લોન તરીકે લઈને તેને મૈંડી તરીકે રાખીને તેની કોડી વેંચતા. (તેમાંથી જે નફો મળતો તે પોતાની કમાઈના પૈસાથી પોતાના ઠાકોરજીને ભોગ અલગથી ધરતા અને તે ભોગનો જ પ્રસાદ પોતે લેતા. એક દિવસ સંતદાસને આર્થિક સંકટમાં જાણીને નારાયણદાસે મદદ મોકલાવી. સંતદાસે તે ન સ્વીકારી અને નારાયણદાસે મોકલેલ માણસ સાથે તે મદદ પાછી મોકલાવી.) હવે શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી તો નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપી ન શકાય. તેથી તેમણે પોતાની કમાણીનો ટકો તેને આપી દીધો. તેથી તે દિવસ તેઓ મોતાની કમાઈના પૈસાથી ઠાકોરજીને રાજભોગ ધરી ન શક્યા. તેથી જ તેમણે તે દિવસે પ્રસાદ પણ ન લીધો. કેમકે તેઓ પોતાની કમાઈના ટકાના લોટનો જુદો ભોગ ધરતા અને તેને જ રાજભોગ ધર્યો માનતા અને મહાપ્રસાદ પણ તેનો જ લેતા. ઠાકોરજીના દ્રવ્યથી તો રોજ ઘણી ભોગ-સામગ્રી ધરતા (પરન્તુ તે તો દેવદ્રવ્યનો ભોગ હતો). નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપવાને કારણે તે દિવસની રાજભોગની સેવા પોતાની ન માની. તેમણે નારાયણદાસને લખ્યું કે તમારી પ્રભુતાને કારણે

ઠાકોરજીને હું એક દિવસ મારી કમાઈના પૈસાથી રાજભોગ ધરાવી ન શક્યો. આ પ્રકારે સન્તદાસે વિવેકધૈર્યાશ્રય જીવી દેખાડ્યા. વિવેક એ કે શ્રીગુસાંઈજીને હૂંડી મોકલાવી, (તે દિવસે) પોતાની સેવા ન થઈ તેમ માન્યું, રાજભોગ ઠાકોરજી ન આરોગ્યા તેમ માન્યું. ધૈર્ય એ કે શ્રીઠાકુરજીના દ્રવ્યના મહાપ્રસાદનું ખાન-પાન ન કર્યું. આશ્રય એ કે મનમાં આનન્દ પામ્યા, દુઃખકલેશ ન કર્યો. **(ભાવપ્રકાશ. ૮૪ વૈષ્ણવવાર્તા-૭૬).**

૧૧મો અપરાધ : અવૈષ્ણવ જો પોતાના સેવ્ય શ્રીઠાકોરજીના દર્શન કરી લે તો.

ફળ : એક વર્ષની સેવા નિષ્ફળ થઈ જાય છે.

પ્રાયશ્ચિત્ત : શ્રીઠાકોરજીને પઞ્ચામૃતથી સ્નાન કરાવવું.

૩૬મો અપરાધ : શ્રીઠાકોરજીના નામે માંગવું.

ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે.

પ્રાયશ્ચિત્ત : જેટલું માગ્યું કે ભેગું કર્યું હોય તેનું પાંચ ગણું નૈવેદ્ય પ્રભુને દાન રૂપે આપવું.

૩૫ મો અપરાધ : શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન.

ફળ : 'અસિપત્ર' વગેરે નામના ઘોર નરકોમાં પાત થાય.

પ્રાયશ્ચિત્ત : વૈષ્ણવ અને શ્રીમહાપ્રભુજીને પ્રસન્ન કરવા.

**(ષટ્ષષ્ઠિરપરાધસ્તત્ફલાનિ-પ્રાયશ્ચિત્તાનિ ચ)**

## ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ

મહેનતાણા (ન્યોછાવર-ભેટ-પગાર-મજૈંરી) તરીકે રૂપીઆ આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્માં ચોંટે નહીં. તે જ પ્રમાણે, જો ભગવત્સેવા કરવામાટે બીજા પાસેથી મહેનતાણા તરીકે રૂપીઆ લેવામાં આવે તો યજમાન વતી કર્મ કરનાર ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનનેજ મળે તેમ પારકા પૈસે સેવા કરનારની ભગવત્સેવા પણ નિષ્ફલળ જાય છે. દક્ષિણા આપીને યજમાન ગોર-મહારાજદ્વારા જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીને ગોસ્વામિ-મહારાજોદ્વારા હવેલી-મન્દિરોમાં કરાવે છે તેમ -અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો? ઉત્તર : કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદ્દુક્ત પ્રકારે(પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી)જ ભગવત્સેવા કરવી જોઈએ.

**(સિદ્ધાન્તમુક્તાવલી વિવૃતિ પ્રકાશ. શ્લોક ક્ર. ૨)**

## શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી

અહીં ભક્તિવર્ધિની ગ્રન્થમાં સેવોપયોગી સ્થળના રૂપમાં પોતાના ઘરનું વિધાન (ગૃહે સ્થિત્વા) હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઈ બીજી જગ્યાએ

(એટલે કે હવેલીઓમાં જેમ અત્યારે ભેટ-સામગ્રી આપીને નિત્ય કે મનોરથ ની ઝાંખી કરી લેવી તેને જ વૈષ્ણવો એ પુષ્ટિમાર્ગમાં પરમ ધર્મ માની લીધો છે તેમ) ભગવત્સેવા કરવાવાળાને પણ ક્યારેય ભક્તિ સિદ્ધ થઈ શકતી નથી. (**'ભક્તિવર્ધિની' વ્યાખ્યા શ્લોક-૨**)

**નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ**

લૌકિક કામનાઓને પૈંર્ણ કરવાની ઈચ્છાથી જે ભગવત્સેવા-કથા કરે છે તે (લોકાર્થી) દરેક પ્રકારે ક્લેશ પામે છે. તેથી, કંઈક ભેટ-સામગ્રી મળી રહે તેમાટે જે સેવા-કથા વગેરે કરે છે તે 'પાખંડી' અને 'દેવલક' કહેવાય છે. તેથી સેવા-કથા કરવામાં આર્થિક વગેરે લાભ કે પદ-પ્રતિષ્ઠા ની કામના રાખ્યા સિવાય જેમાં નિષેધ નથી તેવા પ્રકારે એટલે કે ''મારું લૌકિક સિદ્ધ થાય'' એવી કામનાથી જે સેવા-કથા કરતો હોય તેને 'લોકાર્થી' કહેવાય છે.

**(સિદ્ધા.મુક્તા.ટી.શ્લો.૧૬-૧૭).**

**નિ.લી.ગો. શ્રીમટ્ટુજી મહારાજ**

જે શ્રીવલ્લભકુળ છે તે પોતના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહિ; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે... **(૩૨ વચનામૃતો : વચનામૃત પાંચમું)**

**ગોસ્વામિતિલકાયિત નિ.લી.ગો.શ્રીગોવર્ધનલાલજી મહારાજ**

શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવામાટે, યોગ્ય વ્યક્તિઓની એક સમિતિની નીમણૈંક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજી (શ્રીનાથજી)નું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબજ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

**(ડેક્લેરેશન મિતિ-ભાદ્ર-શુક્લા પંચમી સં.૧૯૮૯=તા.૫-૯-૧૯૩૨).**

**નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી, રાજનગર.**

...તેવીજ રીતે આપણે ત્યાં સન્મુખભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજી ના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો

મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, યમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું...અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે... શ્રીઠાકોરજી-નિમિત્તે કાંઈ મંગાય નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને...તે લેનારની બુદ્ધિ બગડ્યા વગર ન રહે.

**(વચનામૃત = ૪૮૪-૮૭)**

## નિ.લી. ગો.શ્રીવાગધીશલાલજી મહારાજ, અમરેલી

મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાંથી ઘર-ખરચ તરીકે ઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. ઠાકોરજીને માટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. ઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૈંષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. ... ઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી...ઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

**(મહારાજશ્રીના આમ-મુખત્યાર : ''અમેરેલી હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક'' મુદ્દા ઊપર ઇ.સ. ૧૯૦૯-૧૦ માં ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમાં આપવામાં આવેલી જુબાની).**

## પંચમગૃહાધીશનિ.લી.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, કામવન

જેવી રીતે અમારા પૈર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈત સિદ્ધાંત સંપૈર્ણરીતે સમજીને વૈષ્ણવ ધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમાં, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજ્જે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

**('આશ્રય' એપ્રિલ ૧૯૮૭).**

## નિ.લી.ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, સુરત

**વકીલ :** જો પુષ્ટિમાર્ગીય કોઈ પણ મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગમાટે અને શ્રીઠાકુરજીની સેવાના નભાવમાટે ભેટ વિગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે?

**પૂ.પા.મહારાજશ્રી :** પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

**(''નડિયાદની હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક'' વિવાદમાં પુષ્ટિમાર્ગના વિશેષજ્ઞ સાક્ષીના રૂપમાં આપેલી જુબાની).**

## દ્વિતીયગૃધીશ નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી મહારાજ, ઇન્દૌર-નાથદ્વારા

આપણો પ્રમુખ સિદ્ધાન્ત છે 'અસમર્પિતનો ત્યાગ'. ઉત્તમ ઉપાય તો તે જ છે કે ઘરમાં જે પણ રસોઈ બને તે પ્રભુને ભોગ ધરીને પછી જ મહાપ્રસાદ લેવો. ... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ ઉત્તમ નહીં બને. સાનુભાવતા ક્યારે સિદ્ધ

થઈ શકે? જ્યારે આપણી બુદ્ધિ નિર્મળ બને. ...આજે આપણે (ઘરમાં બિરાજતા સેવ્ય) હીરાને પારખી નથી શકતા. સાચા હીરાને ઝવેરી જ પારખી શકે. સ્થિતિ કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મન્દિરોમાં?) ભાગી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપી સાચો હીરો જ આપણને આપ્યો છે. ભગવાન્ ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમીશ્વરમ્''. ભગવાનને ઓળખવામાટે તો દિવ્યતા પ્રાપ્ત થવી જોઈએ. દિવ્યતા જ આત્મબળ છે. ... તેથી મારો તો આપ લોકોથી સાગ્રહ અનુરોધ છે કે આત્મબળને પ્રાપ્ત કરવામાટે પોતાનો કંઈક દૈનિક નિયમ બનાવો. ષોડશગ્રન્થના પાઠનો નિયમ લો...

**(શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪).**

### નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ, મુંબઈ-કિશનગઢ

(ક) અને જ્યારે જનરલ પબ્લિક-ટ્રસ્ટ છે ત્યારે ઠકોરજીને ગોસ્વામી-સંબંધથી જુદા કરીને, ઠાકોરજીને બધી સંપત્તિ અર્પણ કરીને, એટલેકે ભેટ કરીને, રિલીજિયસ એંડૉમેંટ ના રૂપમાં થયેલા તે ટ્રસ્ટ છે. આવી સ્થિતિમાં આવા ટ્રસ્ટોથી જે નેગ-ભોગ જલાવવામાં આવે છે તે દેવદ્રવ્યથી ચલાવવામાં આવે છે. દેવદ્રવ્યનો ઉપભોગ કરનાર અંતે દેવલક (નરકમાં પડનાર પાપી) જ છે. શ્રીમદાચાર્યચરણે પ્રભુની સોનાની કટોરી ગિરવી રાખીને જ્યારે ભોગ આરોગાવ્યો ત્યારે આપે દેવદ્રવ્યથી સમર્પિત બધો જ પ્રસાદ ગાયોને ખવડાવી દીધો હતો. આ છે સામ્પ્રદાયિક સિદ્ધાંત. આવા આદર્શરૂપ સિદ્ધાંતોનો જે(જાહેર હવેલીઓની) પ્રથાથી વિનાશ થઈને આચાર્યોને દેવલક બનાવવામાં આવે છે તે પ્રથાને જેટલી જલદી સમ્પ્રદાયમાંથી હટાવી દેવામાં આવે એટલો જ શ્રેય તેમાં ગોસ્વામી સમાજ તથા વૈષ્ણવ સમાજનો રહેલો છે.

(ખ) ભગવત્સેવા એ સંપ્રદાયની આત્મરૂપ પ્રવૃત્તિ છે. આચાર એ સેવાનો અંગ છે. સેવાની અનુકુળતાના અનુરૂપ જ આચારનું પાલન કરવું જોઈએ. આચાર-પાલનને પ્રમુખતા આપીને ભગવત્સેવાનો ત્યાગ કરવો ઉચિત નથી. ભગવત્સેવા જેમ પણ બને કરો...ગુરુઘરમાં ન મોકલો. જો આપણે ભગવદ્દ્રવ્યને પેટમાં નાખીશું તો તે અપરાધ છે. આપણને ગ્રન્થોના અધ્યયન પ્રત્યે લોકોને આકર્ષિત કરવા જોઈએ.

**(કઃ'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ' લેખ પૃષ્ઠ ૭; ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫)**

### તૃતીયગૃહાધીશ નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, કાંકરોલી-વડોદરા

(ક) વૈષ્ણવોની પાસે જે કાંઈ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજના જ શુભ દિનને આભારી છે. કાળની ભીષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતો ઉપર અટલ રહેવામાં જ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવના ઉપર જગતના જીવો દૃઢ રહે તો, જે વૈષ્ણવ હવેલીઓના વૈભવોને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૈંલી ગયા હતા,

સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાંથી આપણું સર્વનું શ્રેય જ સધનારું છે.

(ખ) મારા અનુયાયીઓને બે પ્રકારે દીક્ષા આપું છું. પ્રથમ કંઠી બાંધવી તથા બીજી બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવી. કંઠી બાંધવી એ સાધારણ વૈષ્ણવોને જ આપવામાં આવે છે. તથા બ્રહ્મસમ્બન્ધ ખાસ કરીને તે અનુયાયીઓને કે જે સેવામેં વિશેષરૂપથી આગળ વધવા ઇચ્છે છે. પહેલી દીક્ષાને 'શરણ-દીક્ષા' કહેવામાં આવે છે તથા બીજી દીક્ષાને 'આત્મનિવેદન' કહેવામાં આવે છે. શરણ દીક્ષામાં વૈષ્ણવ કેવળ નામસ્મરણ કરવાની યોગ્યતા મેળવે છે. જ્યારે કે સેવાવાળા વૈષ્ણવને બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા પછી જ સેવા કરવાની યોગ્યતા મળે છે. બ્રહ્મસમ્બન્ધવાળો વૈષ્ણવ પોતાના ઘરમાં જ સેવા કરવા યોગ્ય બને છે... અમે સ્વરૂપની સેવા નન્દાલયની ભાવનાથી કરીએ છીએ તેથી સાતે સાત પુત્રોના ઘર 'ઘર' જ કહેવાય છે. અને અમારું ઘર 'ત્રીજું ઘર' કહેવાય છે.

(ગ) શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્ સમ્બન્ધ અને ભગવત્ સેવા ને જ પ્રધાનતા આપવામાં આવી હતી. બાદમાં પરિલક્ષિત થાય છે કે આમાં પણ કંઈક અંતર આવી ગયું. ... આજના સમયમાં, મને એવું પ્રતીત થાય છે કે આપણે તે ચરિત્રને ભૈલી અને પાછળથી મુખ્ય બનેલા કેવળ ભાવાત્મકરૂપને લઈ બેઠા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે. ... હું માનું છું કે ચરિત્રોનો વિચાર કરવામાં સિદ્ધાન્તોની આવશ્યકતા રહે છે.

**(કઃતા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેરસભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮: ખ : બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ.કાંકરોલી. ફાઈલ સંખ્યા.૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશમંદિર દિનાંક ૭/૧૧/૬૫: ગઃ શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૨૦મું, પૃષ્ઠ ૧૪૬,૧૪૯).**

## નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ, મુંબઈ-મદ્રાસ

આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હે ઓર વહી અનર્થોંકી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. ''કરત કૃપા નિજ દૈવી જીવનપર'' ઈસ ઉક્તિમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હ પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ'કા નામ લેનેકે ભી અધિકારી નહીં હ! ...આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હ? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર

રખ્ખો...ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, ક્યોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આ ગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હ. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

**(વલ્લભવિજ્ઞાન સં.૫-૬ વર્ષ ૧૯૬૫)**

## નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ, પોરબન્દર

(ક) જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે...વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (પાપ)લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદા પ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(ખ) તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટેજ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને ક્યાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલનો વ્યવસાય કરનાર(=હવેલી ચલાવનાર ગો.બા., ટ્રસ્ટી, મુખીયા વગેરે) વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી...અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટ્યુશન ફી આપીને (''પૈસા ફેંક તમાશા દેખ'' કરનાર મનોરથી) સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણકે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ : એક દુકાનદાર (ઘરમાં ઠાકોરજી પધરાવીને પાતાના તન-મન-ધનથી સેવા કરનાર) દુકાન અને માલ ની ખરીદીમાં મૈંડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે : કેમ વેપાર સારો થાય, કેમ વધે...માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવામાટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભાવપૈંર્વક કરવી

**(ક : સુધાધારા ૧૧૪-ખ : સુધાબિન્દુ ૭૩)**

## નિ.લી.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ, મુંબઈ-પોરબંદર

પ્રશ્નઃ આપશ્રીને ભક્તો તરફથી ઘર અગર જમીનો ની ભેટ અપાય છે તે ઘર અગર જમીન તમે વેચો છો તે શાસ્ત્રોક્ત છે? કારણ, શાસ્ત્રમાં ગાય, દીકરી, જમીન તથા ઘોડા ના વેચાણના પૈસા લેવાનો નિષેધ છે. તો ઊપરના પૈસાનો શો વ્યય કરો છો?

ઉત્તરઃ અત્રે ખુલાસો કરી દેવો પણ અમે અગત્યનો ગણીએ છીએ કે વૈષ્ણવ ભેટ કરવાની વસ્તુ ગુરુશ્રીને ભેટ કરી દઈ તે વસ્તુ ઊપરની પોતાની સત્તા(માલીકી) ઉઠાવી લઈ ગુરુની સત્તાનું સ્થાપન તે વસ્તુ ઊપર કરી દે છે. પછી ગુરુશ્રી તે વસ્તુ પોતાના ઠાકોરજીને અંગીકાર કરાવે છે. હવે પ્રસંગ એવો ઉપસ્થિત થાય કે જેમાં મકાન અથવા જમીન વેચ્યા સિવાય

ઠાકોરજીને શ્રમ પડવાનો સંભવ લાગતો હોય તેવા પ્રસંગે ...મકાન ન વેચવાની શાસ્ત્રાજ્ઞા ન પળાય તેમાં કશી હરકત હોઈ શકેજ નહિ.

પ્રશ્ન : મન્દિરો ધર્મસ્થાન છે કે વેપારી પેઢી છે?એમાં ભેગા થતા પૈસાનો ઉપયોગ વૈષ્ણવોનાં ભલાં માટે થાય છે કે મહારાજોના વૈભવવિલાસ માટે?

ઉત્તરા : શ્રીવલ્લભસમ્પ્રદાયની હવેલીઓ એ શ્રીવલ્લભવંશજ ગોસ્વામીશ્રીઓની માલીકીનાં ઘર છે. વ્યાપારી પેઢી નથી. તેમાં ભેગા થતા પૈસાનો ઉપયોગ વૈષ્ણવોના ભલા માટે થાય છે જેવા કે સામ્પ્રદાયિક પાઠશાળા ચલાવવી, ગ્રન્થો છપાવી વૈષ્ણવોને સામ્પ્રદાયિક જ્ઞાનથી વાકેફગાર બનાવવા વગેરે. જો કે મુખ્યપણે તો શ્રીઠાકોરજી માટે જ થાય છે. એથીજ આ સમ્પ્રદાયનો પ્રાચીન રિવાજ છે કે એકત્ર થયેલાં દ્રવ્યનો વિનિયોગ છપ્પનભોગ આદિ મનોરથો કરીને પ્રભુમાં કરી દેવો...મહારાજશ્રીઓના સ્વતન્ત્રપણે વૈભવ વિલાસની તો આ સમ્પ્રદાયમાં વાતજ ન હોઈ શકે કારણ કે ''નિવેદીઓએ પ્રભુને સમર્પણ કરીને જ બધું કરવું આવી સમ્પ્રદાયની મર્યાદા છે'' આ શ્રીમહાપ્રભુજીના વચનાનુસાર તમામ ચીજોને ભગવત્પ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાય છે. અન્યથા લૌકિક ભોગ ભગવત્સેવામાં પ્રતિબન્ધકર્તા થાય.

**(રાજુલા(કાઠીયાવાડ)ના કેટલાક સંશયાત્માઓએ પૂછેલા પ્રનોના જવાબ. શુદ્ધાદ્વૈત-ભક્તિમાર્તંડ નો વધારો, વિં.સં.૧૯૮૫)**

## નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, જામનગર

''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઈતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકૈં (જુઓ નીચે આપેલ 'સંયુક્ત ઘોષણાપત્ર')કોર્ટમેં સમઝાયે''-''હમારા ઈસમેં પૈંરા સહયોગ હોગા, તન-મન-ધનસે... હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હ''.

**(નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ ગો.શ્રીશ્યામ મનોહરજી(કિશનગઢ-પાર્લા)ને લખી મોકલાવેલ તા.૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં.)**

## નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ, કોટા-જતિપુરા-મુંબઈ

ટ્રસ્ટ હવેલી-મન્દિરો એટલે પુષ્ટિભાવોની મોત :

ભગવાન્-સ્વધર્મ પૈસાથી બંધાઈને નથી ચાલતા; તેઓ શ્રદ્ધા-પ્રેમ પરવશ બનીને ચાલે છે. આજે જે (મંદિર-હવેલીઓના) ટ્રસ્ટો કે સ્થાનો ની પ્રણાલી ચાલી રહી છે તે મૈંડીવાદની એક અભિનવ દાસ્તાન છે જેમાં ભગાવન્ ગાય ગુરુ અને ધર્માનુયાયિઓ ઊપર એક છત્ર સામ્રાજ્ય કરવાની લાલસા રહેલી છે. આ રીતે આદર્શના કપડાં પહેરેલ આ ધનલિપ્સા અને ધનિકોની દાસ્તાંમાં તે પ્રેમ નથી કે જે એક અકિંચન ભક્તના ''રહિયે મેરે હી મહલ અનત ન જૈયે'' ... આ આત્મીયતા ભરેલા મીઠા વચનોમાં ઝલકે છે. આ પ્રેમસભર અનુનય છે. અને આજનો ટ્રસ્ટી અને સત્તા ભગવાનને પૈસા અને સત્તાના જોરે એમ કહે છે કે ''આ જગાથી જરા પણ ખસતા નહીં. ધ્યાન રાખજો! હું તમારો વ્યવસ્થાપક ટ્રસ્ટી છું. ગમે કે ન ગમે, તમને મારા ઊપર ભરોસો રાખવો જ પડશે!

સમજ્યા!''. લોકો સમજે છે કે ધર્મની રક્ષા કરવાનો આ એક શ્રેષ્ઠ પ્રકાર છે. પરન્તુ...આમાં પણ પ્રાણની એટલી જ અસલામતી છે કે જે મોતથી ઓછી નથી. ...વલ્લભાચાર્યે આવા (ટ્રસ્ટ-હવેલીમાં) જકડાયેલા ઈશ્વરને દામોદર માનવાની પણ ના પાડી દીધી છે.

<u>પોતાના ઠાકોરજીને ટ્રસ્ટમાં પધરાવનારાઓએ ઠાકોરજી વેચી નાખ્યા છે :</u>

...સરખી રીતે વિચારો કે એવી કોન માં હશે કે જે પોતાના લાડલાને ધનની લાલચમાં વેચી નાખે; અથવા તો કોઈ પ્રેમી ક્યારેય એવું, પ્રત્યક્ષ તો શું સપનામાંય એવું કરવાનું તો શું વિચારી કે જોઈ પણ નથી શકતો. આ બાબત એક વાર્તા યાદ આવે છે. ...એક વખત એક પૈસાદાર વાંઝણી સ્ત્રી(અત્યારના દર્શનીયા વૈષ્ણવ અને ટ્રસ્ટી) એ એક ગરીબ(ગોસ્વામી ગુરુ) બાળક(ઠાકોરજી) રમાડવામાટે લીધું. થોડા દિવસો પછી બાળકની ગરીબ માંએ પોતાનું બાળક પાછું માંગ્યું. પૈસાદાર સ્ત્રીએ કહ્યું કે આ તો મારું જ બાળક છે, તારું નથી. તારાથી જે થાય એ કરીલે. બિચારી ગરીબ માં ... ન્યાય માંગવા લાગી...પણ બધા લોકો(દર્શનીયા વૈષ્ણવો, આમ જનતા, સરકાર વગેરે) એ ગરીબના વિરુદ્ધ જુબાની આપવા આવી ગયા. ...ન્યાયાધીશ ચતુર હતો. ...ન્યાયાધીશ બોલ્યો કે આ બાળકના બે હક્કદાર છે તેથી આ બાળકના ટુકડા કરીને બંનેને આપી દેવામાં આવે. (ટ્રસ્ટી) પૈસાદાર મહિલાએ આ વાત માની લીધી, પરંતુ ગરીબ માંએ રડતા-રડતા કહ્યું કે ''ના હુજૈંર! આ બાળક મારું નથી, આ તેનું જ છે, બાળકના ટુકડા ન કરાવો''. ...આવો ત્યાગ એક સાચી માં જ કરી શકે છે, પોતાના કલેજાના ટુકડાની પ્રાણરક્ષા કરવામાટે. આવો જ નહીં, આથી પણ વધુ ક્રૈંર અને અભિમાની છે આજનો ટ્રસ્ટી અને કાનૈંન કે જેણે ભગવાનને એન્ટિક્ બનાવી દીધો છે. અને એ હંસતો-રમતો બાળક જડ બની ગયો, જકડાઈ ગયો એ સાંકળોમાં. એ એ વ્હાલ ક્યાં નસીબમાં છે કે જે એક માં તેને આપી શકે છે. આ તો બનાવટી ઠોકી બેસાડેલ વ્યવસ્થા છે. આમ ધને ઈમાનને ખરીદ્યો, ભગવાનને ખરીદ્યા અને એ ઉન્મુક્ત બાળકની ગુંજતી કિલકારીઓ હંમેશ-હંમેશ માટે ચુપ થઈ ગઈ. લોકો કહે છે કે ભગવાન્ હવે બોલતા નથી, હંસતા નથી, ખેલતા નથી. પરન્તુ આવી આશાઓ તો તેનાથી કરી શકાય કે જે જીવિત હોય, કોઈના પ્રેમમાં બંધાયેલ હોય! પછી તો એ સુંદર બાળક(હવેલીના ઠાકોરજી)નું પ્રદર્શન યોજાવા લાગ્યું, જેમ બેબી મિલ્કના ડબ્બાના ચિત્રનું કે કોઈ મોડેલનું યોજાતું હોય છે.

<u>ટ્રસ્ટીઓ દ્વારા કરાવાતી સેવા એ પૈંતનાના પ્રેમના સમાન છે :</u>

રોજ એ વિચારાવા લાગ્યું કે આ(ઠાકોરજી)નાથી કેટલી કમાણી થઈ! કેટલું વેચાણ થયું. અને બધા વ્યવસ્થાપકો આની દેખરેખ કરવા લાગ્યા. જ્યારે કોઈ (મોટ ભેટ કરનાર કે મનોરથી) આવે ત્યારે એ(ઠાકોરજી)ને વ્હાલ કરવામાં આવતું. લોકો સમજે છે કે આ પ્રેમ છે, ભક્તિ છે; પરંતુ આ તો ધંધો હતો જેના ભપકાએ પૈંતનાના પ્રેમની માફક અસલીયતને ઢાંકી દીધી અને ભોળી યશોદાએ પોતાના લાલને એ (ટ્રસ્ટીઓ)ને રમાડવા આપી દીધો.

મંદિરો–હવેલીઓ દુકાનો છેઃ

...કેટલું વેચાણ થયું એનો હિસાબ રખાવા લાગ્યો. કેટલું ખાધું અને કેટલું કમાવ્યું એનો નાપ-તોલ થવા લાગ્યું. વેચાવા લાગ્યો ધર્મ અને ધર્મસ્વરૂપ એ બાળકૃષ્ણ કે જે પ્રેમવશ પેતાના ભક્તો માટે ભોળો બની ગયો હતો. લોકોએ એના ભોળપણનો ગેરલાભ ઉઠાવ્યો અને કહી દીધું ''આ સાર્વજનિક ઠાકોરજી છે''. એ સર્વશક્તિમાનને સ્વાર્થનું સાધન(બનાવી દેવામાં આવ્યો) અને જગન્નિયન્તા ઊપર ધનનિયન્તા શાસન કરવા લાગ્યા. હાલ એવા થયા કે કોન એને ખવડાવે-પીવડાવે? કેમકે એ તો સાર્વજનિક હતો. દ્વારકાધીશને પણ એ છૈંટ હતી કે એ વિદુરના ઘેર શાક આરોગી શકતા હતા. પરન્તુ આ (હવેલીના ઠાકોરજી) તો તદ્દન નિષ્ક્રિય બની ગયો, દેખાવમાત્ર!...શું આ સિદ્ધાન્ત કોઈ પ્રિયતમ માટે પ્રિયતમા કે માતાને માન્ય હશે? પરન્તુ આજે આ માન્ય છે અને માન્ય કરવું પડશે. ફક્ત પૈસા ખાતર, પોતાને નહીં દુનિયાને ખુશ કરવા માટે વેશ્યાની માફક કે જેમાં હૃદય નામની કોઈ વસ્તુ રહી શકતી નથી. અને હોય તો તેને ગણકારવામાં આવતી નથી. કેમકે દરેકનો એના ઊપર અધિકાર છે, જાણે કે એ સમ્પત્તિ હોય. જે ચાહે તે ખરીદે, જે ચાહે તે ભોગવે, જેમ કરવું હોય તેમ કરે. તેને(હવેલીના ઠાકોરજીને) એ બધું કરવું જ પડશે. કેવી અનોખી(!) છે આ ભક્તિ અને પ્રેમની પરિભાષા! આમ છતાં સ્વતન્ત્રતાનો ઉદ્‌ઘોષ કરવામાં આવે છે(આ અમારું ઘર છે! અમારા ઠાકોરજી છે!) શું આ એ જ ભક્તિ છે કે જેને શ્રીવલ્લભ ''માહાત્મ્યજ્ઞાનપૈર્વક...'' કહે છે? આજે આ ભક્તિનું માહાત્મ્ય એમાં જ છે કે ક્યા ઠાકોરજીને ત્યાં કેટલી આવક થાય છે!

<u>ટ્રસ્ટના મન્દિરો ઠાકોરજી માટે જેલ સમા છે :</u>

હવે કોઈ એમ નથી કહી શકતું કે મારું બાળક મોડેથી સૈંતું છે, વહેલા નહીં જગાવતા. સૈંરદાસજીનું કીર્તન ઠાકોરજીને જગાવવા માટે વ્હાલસભર નથી રહ્યું, ન તો કેલેઉના પદમાં મમતાભર્યો એ અનુનય છે, એ તો ફરજીયાત કરવો પડતો નાસ્તો છે કે જેને નક્કી કરેલ સમયે કેદીની માફક ઠાકોરજીને કરવો પડે છે. જાણે કે કોઈ જેલમાં ઊઠવા કે ખાવા માટેનો ઘંટ વાગ્યો હોય!

<u>ઠાકોરજી વેચાઈ રહ્યા છે; મનોરથી-દર્શનાર્થી ભક્ત નથી ગ્રાહકો છેઃ</u>

શ્રીવલ્લભાચાર્યે જીવનમાં પોતાના કાળજાના ટુકડા પોતાના આરાધ્યને કદિ પોતાનાથી દૈંર રહેવા દીધા નથી. આજે એ વેચાઈ રહ્યો છે પૈસાદારોના હાથે અને જકડાયેલો છે સરકારી શિકંજામાં, પબ્લિક પોલિસીની અંદર. અને અવે એને મ્યુંઝિયમની શોભા બનાવવાનો સમય આવી રહ્યો છે. બિચારા ધર્મ અને ઠાકોરજી ની દશા કોલ્ગર્લ (વેશ્યા) થી પણ બદતર છે. ઠાકોરજીની વિનિન્દિતમુક્તા-દંતપંક્તિ ભગલા ભગતોને જોઈને ખીલી જાય છે. સદાનન્દ નિરાનન્દ બનીને આ ઈમાન(ધર્મ) ખરીદનારાઓના હાથે ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે...બધાને સહારો આપવાવાળો પોતે અસહાય બનીને (હવેલીની કેદમાં)

બેઠો છે, કોઈક ધનિક ગ્રાહકની વાટ જોતો!

દેવદ્રવ્યનો પ્રસાદ  ખાવો એટલે નરકની  ટિકિટ કપાવવી :

ધર્મશાસ્ત્રમાં જે બુદ્ધિમાન્ બ્રાહ્મણને દેવલકવૃત્તિને કારણે અધમ માનવામાં આવ્યો છે...આજે એ દેવલકવૃત્તિનું ધન સ્વાદથી વૈષ્ણવજનતા ખાઈ રહી છે. નાથદ્વારામાં કઈ આઈટમ સ્વાદિષ્ટ છે...એનું જ વિવેચન થાય છે...પરન્તુ મારું કર્તવ્ય શું છે એ ક્યારેય વિચારવામાં આવતું નથી....નાથદ્વારામાં આજકાલ પૈસો ઘણો આવી રહ્યો છે, કેમકે ત્યાં ધનિકોનું સામ્રાજ્ય છે. તેઓના દલાલો શ્રીનાથજીનો મહિમા વધારે છે...ગરીબો માટે ઊભા રહેનારા ઠાકોરજી હવે ફક્ત ધનિકો માટે ઊભા રહે છે.

ટ્રસ્ટ મન્દિરો  શ્રીવલ્લભના  આદર્શોનું  સ્મશાન :

ઠાકોરજીના નામ અને ભાગવત થી હોસ્પિટલો માટે કરોડોની રકમ જમા થાય છે, જામનગરમાં આદર્શ સ્મશાન પણ છે, પરન્તુ અહીં તો સ્મશાનમાંથી પણ આદર્શ ગાયબ થતો જઈ રહ્યો છે. કદાચ આદર્શોનું સ્મશાન છે આ ટ્રસ્ટ અને સરકારી દેવાલય!

મન્દિરોનો પ્રસાદ ખાઈ ન શકાય :

વલ્લભમતમાં એ સિદ્ધાંતતઃ ખોટું છે અને એવા દેવસ્થાનો(હવેલી-મંદિરો)નો પ્રસાદ ખાઈ નથી શકાતો. કેમકે ત્યાં દેવલકવૃત્તિ જ મુખ્ય છે.

દર્શન-મન્દિરને ધર્મપ્રચારનું માધ્યમ ન બનાવી શકાય :

જ્યાં સુધી ભગવત્સ્વરૂપ કે મૈર્તિ નો પ્રશ્ન છે, ધર્મપ્રચારને એની સાથે કોઈ લેવા-દેવા નથી. અને એમ કરવું ઉચિત પણ નથી. કેમકે ભગવાને ધર્મની વ્યવસ્થા માટે વેદવ્યાસ વગેરે અનેક જ્ઞાનાવતાર અને અંશાવતાર ધારણ કરીને જ ધર્મની રક્ષા કરી છે. આજની (સાર્વજનિક હવેલી-મન્દિરની) વ્યવસ્થા આચાર્યને છાજે તેવી, ધાર્મિક કે ભારતીય પણ નથી ત્યારે તેના વલ્લભાચાર્ય સમ્મત હોવાનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. ...મારી આ વિષયમાં સલાહ છે કે એક અલગ વ્યવસ્થા ...ઊભી કરવી જોઈએ જેથી વલ્લભ સિલ્દાન્તોની રક્ષા થઈ શકે. જો એવી વ્યવસ્થા કરવામાં નથી આવતી તો દેવદ્રવ્ય થાય છે, જેનું સેવન કરવાથી મહાપ્રભુજી સ્પષ્ટ કહે છે કે નરકપાત થશે.

નકલી બેઠકો :

બેઠકોની ભાવગંગા તો આજકાલ ઘરબેઠાં જ મનુષ્યોને પવિત્ર કરવા પોતાની ઉત્તાલ તરંગોથી સમગ્ર ઘર-બારને જ સરાબોર કરવા લાગી છે! ...૮૪ બેઠકોથી કામ ન નીકળ્યું તો હવે મહાપ્રભુ શ્રીવલ્લભને મુસલમાનોના ખેતરોમાં પોતાની ઝારી અને અન્ય ચિહ્નો પ્રકટ કરવા મજબૈર થવું પડી રહ્યું છે.

**(''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થાકે હેતુ પ્રતિવેદન'')**

(ખ) શ્રીવલ્લભાચાર્યે સેવાને ખરીદવાની વાત નથી કહી કે ખરીદી આવો રૂપીઆ આપીને. 'તનુવિત્તજા' પદનો અર્થ જ એ છે કે એ સમસ્ત પદ છે. જ્યાં તન લાગે ત્યાં જ ધન લાગે ત્યારે જ સેવા થઈ ગણાય. પરન્તુ જો ધન લાગે પણ તન ન લાગે તો સેવા થઈ ન

ગણાય. **(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૫૩)**

(ગ) ''સેવાપિ કાયિકી કાર્યા''. એમ નહીં કે પૈસા આપી દીધા. પૈસા આપીને ઘરમાં વિવાહિતા પત્નીને લાવવામાં આવતી નથી, વેશ્યાને લાવવામાં આવે છે. વેશ્યાથી ઘર નથી વસતું એ સ્પષ્ટ વાત છે. તેથી સાફ વાત એ છે કે ભગવત્સેવા અને વરણ માં પતિ-પત્નીનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે કે જેમાં આત્મીય સમ્બન્ધ હોય છે.**(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૭૪)**

(ઘ) ભેટ પણ આચાર્યના સન્મુખ જ થાય છે, પ્રભુના સન્મુખ ભેટ નથી થતી. દેવલકવૃત્તિથી બચવાની વિધિ અને વૈદિક વ્યવસ્થા ને સંભાળીને રાખવી જોઈએ નહિતો બુદ્ધિ બગડશે. આમ કરવાથી પતન થાય છે અને થયું છે. **(ત્યાંજ-૧ પૃ. ૧૭૧)**

(ઙ) વસ્ત્ર-અલંકારમાં મન બહુ જતું હોય તો એવું સાહિત્ય રાખવાની જરૂર નથી. આમ કરવાથી લૌકિક વધે છે અને ધર્મભાવના નષ્ટ થાય છે. ...તેથી વૈભવ વધારવાની શ્રીગુસાંઈજીએ ના પાડી હતી. અને શ્રીમહાપ્રભુજીએ નાવ ડૅબાડીને કેવળ પુરુષોત્તમને જ ઘરમાં પધરાવ્યા હતા **(ત્યાંજ -૧ પૃ. ૧૮૦)**

(ચ) ધર્મની પરંપરા પ્રદર્શન ઊપર આધારિત નથી પણ એક યથાર્થ જીવનનો ઉજ્વળ પક્ષ છે. ...કુનવારો અને અન્ય મનોરથ...નું સ્વરૂપ આગળ જઈને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની આચાર-પરમ્પરા અને સમ્પ્રદાયની મર્યાદામાટે મરણતોલ સાબિત થશે જેની કલ્પના પણ થઈ શકે તેમ નથી. **(પ્રથમેશવાક્સુધા-૧ પૃ. ૧૯૭)**

**નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત**

(ક) પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય?

ઉત્તર : દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. ...પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય...આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલો જ છે.

(ખ) મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૈં.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરા જ નથી. એમાં વ્યક્તિગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. ... વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર'જ કહે છે...

**(ક : વૈ.વા.અંક.૩.વર્ષ.માર્ચ ૧૯૮૩– ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩ માંથી સાભાર).**

**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ, કામવન-વિદ્યાનગર**

પુષ્ટિમાર્ગની આજે ઉપેક્ષા થઈ રહી છે. તેની પરમ્પરા જ હવે ટૈંટતી જઈ રહી છે.

આના મૈંળમાં જો કંઈ છે તો તે છે આજની સાધન-સમ્પત્તિ. તે જ આપણા સંસ્કાર બગાડી રહી છે. હજી પણ જે ઘરમાં અલૌકિક (પ્રભુ)સેવા હશે ત્યાં પુષ્ટિમાર્ગ જરૂર નભશે.

**(વૈષ્ણવતા,જુલાઈ ૨૦૦૭ પૃ. ૬).**

શ્રીમદાચાર્યચરણના મતાનુસાર ગૃહસેવા અને પોતાના માથે બિરાજતા ઠાકોરજીનું અતિ સ્નેહથી જતન કરવું એ જ સાચા સંસ્કારનું મૈંળ છે. ...શ્રીગુસાંઈજીના સમયમાં છપ્પનભોગ જેવા મનોરથોની શરુઆત કરતી વખતે (તેમાં) કેવળ લૌકિકતા જ વધશે એવી સ્પષ્ટ સૈંચના અપાઈ હતી.

...આજકાલ ... મંદિરોનો ઉપયોગ યશ-કીર્તિ પ્રાપ્ત કરવા માટે થવા લાગ્યો છે. મંદિરોમાં પ્રાધાન્ય મનોરથીનું થવા લાગ્યું છે. શ્રી(ઠાકોરજી), ગુરુ તથા સેવાભાવના નો ઉપહાસ થવા લાગ્યો છે. જ્યારથી માર્ગીય સિદ્ધાન્તોનો ઉપહાસ થવા લાગ્યો છે ત્યારથી મંદિરની, તેના સંચાલકોની વૃત્તિ જ પલટાઈ ગઈ છે. આડંબર અને યશ ને પુષ્ટ કરવા માટે ...દર-દર ભટકવાની સ્થિતિ પેદા થઈ ગઈ છે. ... આ બધાનો સાચો ઉપાય આ કલિકાલમાં આપણા સન્તાનોને જરૂરી સંસ્કારો આપણા ઘરમાંથી જ આપવામાં આવે એ જ છે. મંદિરોનું સમ્પૈંર્ણ વ્યાપારીકરણ થવા લાગ્યું છે. ...સમ્પત્તિ પ્રાપ્ત કરવાની લાલચ વધવાથી પ્રભુ (સ્વરૂપ-સેવા)ને પણ આપણે વેપારના રૂપમાં પરિવર્તિત કરવા લાગ્યા છીએ. **(વૈષ્ણવતા,જુલાઈ ૨૦૦૭ પૃ. ૬)**

ઠાકોરજીની સેવા ચોરની માફક કરવી જોઈએ. ... સેવ્યસ્વરૂપનો હું સેવક છું તેનો ઢંઢેરો પીટવો કે તેનું પ્રદર્શન કરવું તે પણ જીવના દૈન્યમાં વિક્ષેપ ઉત્પન્ન કરી શકે છે. ... આપણા ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવામાં આટલી ગુપ્તતા જરૂરી છે. ''પ્રીત હિયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય'' ની રીતે તમારા પ્રાણપ્રેષ્ઠ તમને જે રસની પ્રાપ્તિ કરાવે તેને ક્યારેય પ્રકટ કરી શકાતું નથી. **(વૈષ્ણવતા, સપ્ટેમ્બર ૨૦૦૪, પૃ. ૭)**

આજે તો શ્રીનાથજી-નાથદ્વારા, ચંદબાવા-કામવન અને અન્ય ઠાકોરજીના દર્શન કરતાં જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી ભુલાઈ જાય છે. પુષ્ટિમાર્ગમાં તો 'શ્રીજી'નો અર્થ જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી થાય છે. લક્ષ્મણબાલાજીમાં પણ 'તિરુપતિ' શબ્દનો પ્રયોગ થાય છે જેમાં 'તિરુ' નો અર્થ શ્રી અને 'પતિ'નો અર્થ નાથ(એટલે શ્રીનાથ) જ થાય છે. અર્થાત્ પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં જ પોતાના સર્વસ્વ હોવાનું દર્શન થવું જોઈએ. એમને આરોગાવ્યું મતલબ સમસ્ત જગત્‌ને પ્રસાદ લેવડાવી દીધો એવો ભાવ સિદ્ધ થવો જોઈએ. અહીં તો એનાથી ઉલટી ગંગા વહી રહી છે. પોતાના સેવ્ય ઠાકોરજીમાં બધા નિધિસ્વરૂપોના દર્શન થવાને ઠેકાણે હવે તો બધામાં અરે, ત્યાં સુધી કે જીવમાત્રમાં આપણે આપણા ઠાકોરજીના દર્શન કરવાનો વિચાર કરી રહ્યા છીએ! અને પાછી બુદ્ધિની ચતુરાઈ પણ વાપરી રહ્યા છીએ કે બધામાં ઠાકોરજીનો અંશ છે તેથી ઘરમાં પ્રભુની સેવા કરીએ કે અન્યની સેવા કરીએ વાત એક જ છે!! તેથી અન્યની સેવામાંથી સન્તોષ લેવાનું શરુ કર્યું. આનાથી શરીર, પૈસા, કીર્તિ બધાની રક્ષા થાય અને ઊપરથી ભગવદીય કહેવાતા

થયા!!! **(વૈષ્ણવતા,સપ્ટેંબર, ૨૦૦૭, પૃ. ૭)**

શ્રીવલ્લભ ઠાકોરજી-સ્વામિનીજીના ઉભય સ્વરૂપે બિરાજે છે તેથી લક્ષ્મી તેમની દાસી ગણાય. એટલે કે શ્રીવલ્લભને તો કોઈ જ આર્થિક પ્રશ્ન હોય જ નહીં. છતાં આપના વાર્તા પ્રસંગમાં સ્પષ્ટ બતાવે છે કે આજે સેવા (ગુરુભેટ) નથી આવી તો ઠાકોરજીની કટોરી ગીરવે રાખી પૈસા લાવી સામગ્રી લાવો અને ભોગ ધરે. પ્રભુસેવા તો થાય પણ તે પ્રસાદ આપ પણ આરોગે નહીં કે સેવકને પણ લેવા ન દે. વાર્તા પ્રસંગમાં સમજાવેલી આવી સ્થિતિ આપણા જેવાને શીખ આપવા માટે છે કે ગમે તેવી વિકટ સ્થિતિ હોય છતાં દેવદ્રવ્ય કદાપિ કોઈથી લઈ શકાતું નથી. એટલે જ બ્રહ્મસંબંધ સમયે સઘળું સમર્પિત કરવાની આજ્ઞા કરી છે કે જેથી ભગવત્પ્રસાદ સ્વરૂપે તમે લઈ શકો. અર્થ સ્પષ્ટ જ છે કે પ્રભુનો પૈસો ગુરુદેવ કે સેવક કોઈથી વાપરી ન શકાય. **(વૈષ્ણવતા,ફેબ્રુઆરી, ૨૦૦૯, પૃ.૭)**

**(માસિકપત્ર-વૈષ્ણવતા, સાંચે બોલ તિહારે, પ્રકાશક-પંચમ ગૃહાધીશ ગો.શ્રીવિક્કીબાવા, વલ્લભવિદ્યાનગર-કામવન).**

## નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ(મુંબઈ-દહીસર)

(ક) આપણે શ્રીવલ્લભાચાર્યજીની આજ્ઞાનું પાલન ક્યાં કરી રહ્યા છીએ? આપણે ત્યાં ગૃહસેવા ક્યાં બચી છે? કેવળ મંદિરોમાં દર્શનથી શું લાભ છે? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે ''કૃષ્ણસેવા સદા કાર્યા''. જો શ્રીમહાપ્રભુજી મંદિરને મુખ્ય માનતા હોત તો પોતાની ત્રણ પરિક્રમાઓમાં અનેક મંદિર સ્થાપિત કરી દેત. શ્રીગુસાંઈજીએ શ્રીગિરધરજીને સાતસ્વરૂપનો મનોરથ કરતા સમયે આ જ પ્રકારની ચેતવણી આપી હતી. મન્દિરની સ્થાપના કરતા સમયે તેમને ડર હતો કે ઘરમાંથી ઠાકોરજી મન્દિરમાં પધારી જશે. મારા પિતાજી (નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ)એ કાલે જે કહ્યું હતું (અગાઉ ટાંકેલું) તે અક્ષરશઃ સત્ય છે. તમે પોતાના ઘરોમાં ઠાકોરજીને પધરાવો અને તેમની સેવા કરો.

(ખ) પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરું ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભક્તિવર્ધિની) અર્થાત્...પોતાના ઘરમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાળકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોક્ત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે...માટે મારું માનવું તો આ જ છે કે આચાર્યચરણનાં સિદ્ધાંત પ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને ... ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

**(કઃ 'વલ્લભવિજ્ઞાન' અંક૫-૬ વર્ષ ૧૯૬૫, ૨૦/ખ : 'નવપ્રકાશ' અંક ૮, વર્ષ ૮).**

## સપ્તમગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી, કામવન

કેમકે શ્રીનાથજી સ્વયં તેના ભોક્તા છે, કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ પણ તેનો મહાપ્રસાદ પણ લઈ શકતા નથી. આ આચાર્યચરણના (કટોરીના પ્રસંગવાળા) ઈતિહાસથી પ્રત્યક્ષ પ્રમાણભૈંત છે. તે (હવેલી)નો મહાપ્રસાદ કેવળ ગાયોજ લઈ શકે છે. નહિતો તે

દેવદ્રવ્યને ખાવાથી ચોક્કસ અધઃપતન છે. ...અનેક પ્રકારના દાન-ભેટનો અને વસૈંલ-વસૈંલી કરવાનો ઉલ્લેખ (નાથદ્વારા મંદિરની વ્યવસ્થામાં) કરવામાં આવ્યો છે તે પણ સમ્પ્રદાયના સિદ્ધાંતથી સદંતર વિરુદ્ધ છે. અમારા સંપ્રદાયની પ્રણાલી અનુસાર જેઓ અમારા સમ્પ્રદાયના સેવકો છે તેમનું જ દ્રવ્ય ગુરુ-શિષ્યના સંબંધથી સ્વીકારીને તેનો સેવામાં ઉપયોગ કરી શકાય છે. સમ્પ્રદાયમાં બધા પ્રકારના દાન-ભેટનો ઉપયોગ સેવામાં કરવામાં આવતો નથી. અને જો કદાચ ક્યાંક કરવામાં આવતો હોય તો તે સંપ્રદાયના નિયમથી વિરુદ્ધ હોવાને કારણે બંધ કરી દેવું જોઈએ.

**( શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા.૧-૨-૧૯૫૬).**

**પૂ.પા.ગો. શ્રીહરિરાયજી મહારાજ, જામનગર**

(ક)ગો.શ્રીહરિરાયજી : જરા ધ્યાનથી સાંભળજો ... ''તત્ર અયમ્ અર્થઃ. લાભપૈંજાર્થ-યત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ'' સ્પષ્ટ સાંભળજો, ''સમ્પાદકત્વાત્''. ...લાભ-પૈંજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૈંજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું; દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર પ્રવેશે છે. ...

ગો.શ્રીશ્યામમનોહરજી : એટલે ખાસ ધ્યાનમાં રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૈંજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે ...

ગો.શ્રીહરિરાયજી : અને ઉપધર્મત્વ આવી રહ્યું છે ...અને આ નિષિદ્ધછે. ...

ગો.શ્રીશ્યામમનોહરજી : આ સ્થિતિમાં ગુરુપોતાની લાભ કે પૈંજાનેમાટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજીમાટે માંગતો હોય તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવાયોગ્ય હોતું નથી.

ગો.શ્રીહરિરાયજી : હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ'થી પણ સ્પષ્ટ થાય છે.

(ખ) શ્રીમદાચાર્યચરણે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આમ કહ્યું છે. કારણ કે બે અલગ-અલગ વ્યક્તિ તનુજા વિત્તજા કરે છે તો માનસી સિદ્ધ નથી થતી. ...આ જ અભિપ્રાયને સમજાવવા માટે આચાર્યચરણે 'તનુવિત્તજા' આ સમસ્તપદ કહ્યું છે. ...મજૈંરી પેટે પૈસા લઈને કે દઈને બે પુરુષો દ્વારા કરવામાં આવેલી એવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી બનતી આ અભિપ્રાય સમજાવવા માટે 'તનુવિત્તજા' સમસ્તપદ કહેલું છે. નહીંતર તો તનુવિત્તજા ન કહીને તનુજા-વિત્તજા કહેત...જો બે જુદી-જુદી વ્યક્તિ તનુજા અને વિત્તજા કરે તો બંને સેવાઓની એક સંયુક્ત અવસ્થા તનુવિત્તજા નથી બની શકતી. તેથી જ માનસી સિદ્ધ નથી થતી.

(ગ) જ્યાં સુધી લાભ-પૈંજાર્થ યત્નનો પ્રશ્ન છે તો તે તો કોઈ પણ કક્ષાનો ભક્ત કરશે તો દેવલક જ થશે...જો કોઈ સ્વલાભ-પૈંજાર્થ દર્શન-મનોરથ-મહાપ્રસાદ વગેરે કરે છે તો એ

ચોક્કસ દેવલક છે...બીજાના ઘરમાં, બીજાના પૈસાથી, બીજાના ઠાકોરજીના ભોગનો મહાપ્રસાદ લેવો ઘોર સિદ્ધાન્ત વિરુદ્ધ છે.

(ઘ) હવે રહ્યો પ્રશ્ન ટ્રસ્ટની આવક અને નફો, તો ટ્રસ્ટની આવક-નફાનો લાભ અમે નથી લેતા. ઉલટાનું ભગવત્ શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણ ન્યાયથી ટ્રસ્ટનો બધો જ નફો ભગવદર્થ કે ગો-બ્રાહ્મણને માટે વાપરીએ છીએ...અમારા પ્રભુનો નિત્યનેગ-ભોગ પોતાના પૈસાથી આરોગાવીએ છીએ.

(ઙ) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે ભાગવતકથા કરીને આજીવિકા ચલાવવી નિષિદ્ધ છે.

**(કઃપુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ૧૬૪,૧૯૩. ખ-ચ : અનિર્દિષ્ટપૃષ્ઠસંખ્યાક ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''.)**

## પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ (અમરેલી-કાંદીવલી-ચાંપાઝર)

પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, દેખાડો કરવા માટે તો છે જ નહીં, ભક્ત અને ભગવાન્ વચ્ચે આન્તરિક સમ્બન્ધ દઢ કરવાનો માર્ગ છે...બન્નેના સમ્બન્ધો એવા હોવા જોઈએ કે કોઈ ત્રીજા વ્યક્તિને એની જાણકારી ન થાય. આપણો આપણા ભગવાન્ સાથે કેવો સમ્બન્ધ છે, તે બીજી કોઈ વ્યક્તિને જણાવવાની જરૂરત શું? નામના મેળવવા માટે? પોતાનું મહાત્મ્ય વધારવામાટે? આ તો બધુ બાધક છે. **('પુષ્ટિનવનીત' પૃ.૧૨).**

## પ્રથમગૃહાધીશ ગો.શ્રીલાલમણીજી મહારાજ (કોટા-મુંબઈ-જતિપુરા)

જ્યાં શ્રીમહાપ્રભુજી ''કૃષ્ણ-સેવા સદા કાર્યા માનસી સા પરા મતા'' ઉપદેશથી આપણને દેહ-ઈન્દ્રિય-પ્રાણ-અન્તઃકરણ ના અધ્યાસોથી છૈંટકારો અપાવે છે ત્યાં આપણે એક નવા કેંસરને ક્યાં જન્મ આપી દીધો એ મારી સમજમાં ન આવ્યું! દેહેન્દ્રિય-પ્રાણ અન્તઃકરણાધ્યાસોથી આપણે સેવા કરતા-કરતા છૈંટ્યા ન હતા તેવામાં તો મનોરથાધ્યાસ, ભગવત્ પ્રદર્શનાધ્યાસ, પ્રસાદાધ્યાસ, અસત્સંગાધ્યાસ આવા બધા અધ્યાસો (ભ્રમણાઓ) એ મળીને આપણને આપણા સિદ્ધાન્તોની વિસ્મૃતિ કરાવી દીધી. 'અધ્યાસ' એટલે જે વસ્તુ જેવી હોય તેવી ન દેખાય પણ બીજી જ દેખાય તે. ...તો મનોરથોનો આપણને અધ્યાસ થઈ ગયો. આપણે જેને મનોરથ સમજતા હતા આજ સુધી ...તે મનોરથ જ નથી, પણ કંઈક બીજું જ છે જે આપણને અહન્તા-મમતા તરફ ધકેલી રહ્યું છે.

જેને આજ સુધી આપણે પ્રસાદ સમજતા હતા અને રૂપીઆથી ખરીદી રહ્યા હતા તે ફક્ત ઘસીટારામની મિઠાઈના લાડવા છે, બીજું કંઈ નહીં. ...આપણે લાડુ ખરીદીને લાવીએ છીએ, પણ તેમાં આપણને પ્રસાદનો ભ્રમ થઈ ગયો છે.

..જે ભગવદ્દર્શનને આપણે આપણી અહન્તા-મમતાને નીચવીને ભગવત્પ્રાપ્તિ તરફ લઈ જવાવાળા સમજતા હતા તે ધંધાકીય હેતુથી કરાવવામાં આવતા ભગવદ્દર્શન આપણા માટે અપસિદ્ધાન્તનો ફાંસો છે.

...પૈંતનાનો અર્થ શ્રીમહાપ્રભુજી સુબોધિનીમાં કરે છે ''પૈંતં નયતિ ઈતિ પૈંતના''. જે

આપણા પુત્રોને ઉપાડી જાય, આપણી પવિત્ર વસ્તુઓને આપણે ત્યાંથી લઈ જાય તેને આપણે 'પૈંતના' કહીએ છીએ. તેથી લોકમાં વાહ-વાહી મેળવવાની અને ધન મેળવવાની જે લાલચ છે તે પૈંતના છે કે જે આપણા ''વ્રજ ભયો મહરકે પૈંત''ને ક્યારે આપણે ત્યાંથી ઉપાડીને લઈ ગઈ, આપણે ક્યારે ધનલિપ્સાના તૃણાવર્તને તેને સોંપી દીધો તેની આપણને ખબર પણ ન પડી.

મને દમલાની વાર્તા યાદ આવે છે. મહાપ્રભુજીએ જ્યારે પૈંછ્યું કે શ્રીનાથજીની આજ્ઞા તે સાંભળી ? ત્યારે દમલાએ કહ્યું કે ''સાંભળી પણ સમજ્યો નહીં''. જો આપણે પણ ...શ્રીશ્યામદાદાની આજ્ઞા સાંભળીને બાહર ચાલ્યા જઈએ કે ''સાંભળ્યું પણ સમજ્યા નહીં'' અને પાછા મનોરથાધ્યાસ, પ્રસાદાધ્યાસ અને ભગવત્પ્રદર્શનાધ્યાસ માં લાગી જઈએ તો આપણે મહાપ્રભુજીની નજરમાં ગદ્દાર ઠરીશું. અને શ્રીમહાપ્રભુજીની પીનલકોડમાં ''યદા બહિર્મુખા યૈંયં'' ના અધિકારી થઈશું. અને શ્યામુદાદાના શબ્દોમાં પતિતતાનો ચાર્જ આપણા ઉપર લાગશે.

...શ્રીગુસાંઈજી એક વખત હાંસી ખેલ કરી રહ્યા હતા ત્યારે દમલાએ તેમને પોતાની પુષ્ટિપ્રૌઢીથી ટોક્યા હતા કે ''મહારાજ, આ હાંસી-ખેલનો માર્ગ નથી, આ તો તાપ-ક્લેશનો માર્ગ છે''. ...જે દિવસે તમારામાં દમલા પ્રકટ થશે તે દિવસે અમારામાં શ્રીમહાપ્રભુજી પ્રકટ થશે. ...તેથી જો તમે બહાર જઈને એમ કહેશો કે ''સાંભળ્યું પણ સમજ્યા નહીં'' તો તમારામાં દમલાનું નહીં, પતિતાનું પ્રાકટ્ય છે. તમે માહર જઈને પોતાના ગુરુને કહો કે મહારાજ, આ હાંસી-ખેલનો માર્ગ નથી, મનોરથ અને પ્રદર્શન નો માર્ગ નથી, આ તો ''નીકે રાખિ યશોદા મૈયા નારાયણ ગૃહ આયો''ને ગુપ્ત રાખવાનો માર્ગ છે.

**(ગો.શ્રીશ્યામ મનોહરજી -કિશનગઢ-પાર્લા- દ્વારા થયેલ 'નવરત્ન'ગ્રન્થના પ્રસંગે કરેલ સમાપન વક્તવ્ય. તા. ૩૧-૦૮-૧૯૮૪)**

**પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી (કાંકરોલી-વડોદર)**

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ... તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

**('વલ્લભીય ચેતના', ઓક્ટો. ૧૫, ૨૦૦૩, પૃ.૪)**

**પૂ.પા.ગો. શ્રીમથુરેશ્વરજી મહારાજ (વડોદરા-સુરત)**

(ક) ...બ્રહ્મસંબન્ધ લઈને સેવા કરવાથી પ્રત્યેક ઈન્દ્રિયનો ભગવાન્‌માં વિનિયોગ થાય છે ... ગુરુઘર કેવળ ઉપદેશ ગ્રહણ કરવા માટે છે. સેવા આપણને આપણા ઘરમાં કરવાની છે.

(ખ) આજે ઘણા ઘરોમાં સેવા થાય છે, પરંતુ શું આપણે વિશ્વાસ પૈંર્વક કહી શકીએ છીએ કે આ સેવા સાચી સેવા છે? શું આજની સેવા ''ચેતસ્તત્પ્રવણં સેવા''નું અક્ષરશઃ

સાર્થક સ્વરૂપ છે.?

હકીકતમાં તો અમે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી પણ આવો દાવો કરી જ નથી શકતા કે આજે અમે સાચી સેવા કરી રહ્યા છીએ. આવું કહેવામાં મને જરા પણ સંકોચ નથી થઈ રહ્યો, કેમકે હું દંભનું સંરક્ષણ કરવા નથી માગતો. તેથી સ્પષ્ટ છે કે જો અમારા ગોસ્વામીઓમાં સેવાની અને શ્રીમહાપ્રભુજીદ્વારા ઉપદેશાયેલા સિદ્ધાન્તોના પૈંર્ણ પરિપાલનની ક્ષમતા હશે તો જ અમારા અનુયાયી આપ મેળે સેવા અને સિદ્ધાન્ત ના પરિપાલનમાં સક્ષમ બની શકશે, બાકી તો નહીં. કેમકે અમે ગોસ્વામી અને વૈષ્ણવ એક જ તત્ત્વના બે પ્રકાર છે. વલ્લભકુળ બિન્દુસૃષ્ટિ છે તો વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણ દ્વરા કરવામાં આવેલી આજ્ઞા વલ્લભકુળ અને વૈષ્ણવ બંનેના માટે પરિપાલનીય છે.

**(ક : વલ્લ.વિજ્ઞા. અંક૫-૬ વર્ષ ૧૯૬૫ ખ : પુષ્ટિબોધ ભાગ-૧, પૃ.૨૩, વિ.સં.૨૦૩૪).**

**તૃતીયગૃહાધીશ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી (કાંકરોલી-વડોદરા)**

(ક) પ્રશ્ન : આજે ચાલી રહેલા વિવાદમાં કેટલાક સિદ્ધાન્તો ચર્ચાઈ રહ્યા છે જેવા કે નવા મન્દિરો ન ખોલવા, ટ્રસ્ટ મન્દિરો ન બનાવવા, ઠાકોરજીના નામે દ્રવ્ય ન લેવું, ઠાકોરજીના દર્શન ન કરાવવા અને સમજ્યા-વિચાર્યા વિના ગમે તેને બ્રહ્મસમ્બન્ધ ન આપવું. આ બધા વિષયમાં આપનો શું અભિપ્રાય છે?

ઉત્તર : જુઓ, મન્દિરની જ્યાં સુધી સ્થિતિ છે તો એ વા સત્ય છે કે ...મન્દિર માત્ર એક જ છે; બીજે બધે ઘરની સ્થિતિ હતી. ...આજે મંદિર જેટલા છે ... તેને આપણે મર્યાદાપુષ્ટિ મંદિર કહી શકીએ છીએ, પષ્ટિમંદિર નહીં. પુષ્ટિનો પ્રકાર તો માત્ર ગૃહસેવામાં જ છે.

(ખ) આજથી દોઢસો વર્ષ પૈંર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા.

(ગ) આમ તો અજ્ઞાન આજે સ્વરૂપભાવના સ્થાપન કરીને સેવ્ય કરવાની પ્રક્રિયામાં પણ છે. શ્રીગુસાંઈજીએ લખેલી શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારના અન્તર્ગત ભાવક્રમના અનુસાર ગુરુમુખોદિત માર્ગથી સેવ્ય કરવાનું પણ ભૈંલાઈ ગયું છે. કેવળ ચરણસ્પર્શ માત્રની વ્યક્ત ક્રિયા જોઈને લોકો એને જ પુષ્ટ કરવાની વિધિ માની બેસે છે.

(ઘ) તનુવિત્તજા સેવા : ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આને એમ સમજવું જોઈએ કે દેહ અને દ્રવ્ય અથવા હું અને મારું, આમનો વિનિયોગ જ્યારે ભગવદર્થે કરીએ છીએ તો તેનાથી મનની નિયન્ત્રિત એકતાનતાનો લાભ થાય છે. ...તનુજા અને વિત્તજા સેવાનો અર્થ આ જ સમજવો જોઈએ. આ શબ્દો અને તેના અર્થો ના ભ્રામક પ્રયોગોથી ભ્રમિત ન થવું જોઈએ.

જેમ માટી અને પાણી લતાને પલ્લવિત અને પુષ્પિત બનાવવામાં મદદરૂપ બને છે તે જ પ્રમાણે ભગવદીય જનોનું વાત્સલ્ય અને ભાવ રૂપ બીજ આ માટી-તન અને પાણી-વિત્ત ના સહયોગથી માનસી સેવારૂપી લતાને પલ્લવિત કરીને ફલવતી બનાવીદે છે.

(ઙ) ખેતરમાં ભરાયેલા પાણીને પી ન શકાય...તે અનાજ પેદા કરી શકે છે. તે પોતાનું કેવળ પેટ ભરવાનું સાધન જ કરે છે. તે કોઈ બીજાને માટે ઉપયોગી થતું નથી. ...પોતાનું પેટ ભરવામાટે ભગવદ્ગુણગાન કરે છે તેઓ આવા પ્રકારના હોય છે કે જેમ ખેતરમાં ભરેલું પાણી હોય છે. પદ્મનાભદાસજી ...આચાર્યચરણના નિબન્ધનો શ્લોક સમજાવતાંની સાથેજ પોતાની પૌરાણિક વૃત્તિ છોડી દીધી! ...આપણા મકાનમાં વાસણ ધોવાના પરનાળા છે તેમાં જે પાણી જાય છે તે એક ખાડામાં ભેગું થાય છે...તે પાણી તો માત્ર (દુર્)ગંધ જ મારે છે ...ભગવદ્ભાવ હોવા છતાં પણ જેના સ્વભાવમાં દુઃસંગ દ્વારા દોષ ઉત્પન્ન થઈ જાય છે આવા મનુષ્યો તે ગંદા ખાડા જેવા બની જાય છે કે જેમાં પાણી તો ભરેલું હોય છે પરંતુ તે પાણી કોઈ ઉપયોગનું નથી હોતું. તે ભરાયેલું પાણી માત્ર દુર્ગંધ પેદા કરે છે...પાંચમા (ભગવદ્ગુણગાન કરીને પોતાની આજીવિકા ચલવનારા નીચ વક્તાઓનો ભાવ) ગટરના જેવોજ દુર્ગન્ધયુક્ત...સ્પર્શ પણ ન કરી શકાય તેવો હોય છે.

**(પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ ૩૦/ક : 'આચાર્યશ્રીવલ્લભ' ઑગસ્ટ ૧૯૯૪, અંક૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭. ૩૦/ખ : બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧. ૩૦/ગ : સિદ્ધિસોપાન, પૃ. ૪૭-૪૯. ૩૦/ઘ : જલભેદ પ્રવચન, વડોદરા)**

**પૂ.પા.સુશ્રીઈન્દિરાબેટીજી (વડોદરા)**

શ્રીમહાપ્રભુએ જુદા-જુદા મંદિરોની પ્રણાલી ઊભી કરી નથી; પણ એમાં જગદ્ગુરુશ્રીવલ્લભાચાર્યનો એક લાંબો દષ્ટિકોણ હતો : પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ ...એક મંદિરની બાજુમાં એક બહેન રહે. એમને ત્યાં ઠાકોરજી બિરાજે. મંદિરની આરતીના ઘંટા એમને સંભડાય. સેવા કરતા બેઠેલી એ બહેન ઠાકોરજીના વસ્ત્રો કાઢી સ્નાન કરાવતી હતી ત્યાં આરતીના ઘંટા પડ્યા. પેલી ઠાકોરજીને પડતા મુકીને મંદિરે દોડી. થોડી વારે ઘેર આવી. હવે વિચાર કરો, આવી રીતે કોઈ સેવા કરે તો એમાં સેવાનો આનંદ આવે ખરો? અહીં તો પ્રત્યેક વૈષ્ણવનું ઘર નન્દાલય છે. **(વૈષ્ણવ પરીવાર અંક જૂન ૧૯૯૦).**

**ઘણી કથાઓ કરીને, ઘણા પ્રવચનો કરીને, આત્મચિન્તન કરતાં લાગ્યું છે કે ધિસ્ ઇઝ્ રોંગ્ વે**

(વિશ્વવૈષ્ણવ સમ્મેલ., ૪ જુલાઈ ૨૦૦૯, ન્યુજર્સી અમેરીકા)

પુષ્ટિમાર્ગમાં ફેરફાર નથી જોઈતો પણ ૨૧ સેંચ્યુરીમાં પુષ્ટિમાર્ગમાં ફરેફાર જોઈએ છે. ...આજે પુષ્ટિમાર્ગે જે સ્વરૂપ ધારણ કર્યું છે એને માટે આપણને ફેરફાર જોઈએ છે. ... લોકો ...એક ઘેંટા પાછળ બીજું જાય, બીજા પાછળ ત્રીજું જાય એમ ...ઘેંટાની માફક બધા લોકો ચાલી રહ્યા છે. એ ક્યાં જવાના છે, શું કરવાના છે, ખરેખર શ્રીમહાપ્રભુજીના માર્ગ પર ચાલી રહ્યા છે કે જુદે જ રસ્તે દોડી રહ્યા છે એનું આત્મચિન્તન કરવાની આજે ઘડી આવી ગઈ છે.

ખરેખર અર્થમાં શું આપણે પુષ્ટિમાર્ગના ફોલોવર્સ્ છીએ! વી આર્ ફોલોઇંગ્ પુષ્ટિમાર્ગ ઓર સમથિંગ્ એલ્સ્! જવું છે ઉત્તરમાં અને દોડી રહ્યા છીએ દક્ષિણમાં. માર્ગ એ જ સાચો હોય કે જે મંજિલ્ સુધી પહોંચાડી શકે. મને આટલા બધા લોકોમાંથી જવાબ આપો કે આપણી મંજિલ્ સુધી પહોંચી શકીએ એવી ક્ષમતા આપણી જડ ધાર્મિકતામાં દેખાય છે? ભલે ખુબ સેવા કરતો હોય, સ્મરણ કરતો હોય, વ્રજમાં રહેતો હોય કે પછી જપ વગેરે કરતો હોય, પ્રવચનો કરતો હોય, હું તો અમારા બધા(ગુરુજનો)ની વાત કરું છું, હું મારી પોતાનું આત્મચિન્તન કરું છું કે હજુ એની અંદર મંજિલ્ સુધી પહોંચવાની જે ક્ષમતા આવવી જોઈએ તે નથી આવતી.

...શ્રીવલ્લભાચાર્યજીએ જીવન જીવવાની પદ્ધતિ આપી જેનું  નામ 'પુષ્ટિમાર્ગ' છે. ... સમાજને પ્રભુપરાયણ બનાવવા માટે, ભગવત્પરાયણ બનાવવામાટે, ટોટલ્ ટ્રાન્સ્ફોર્મેશન્ ઓફ્ માઈંડ્ એન્ડ બોડી કરવા માટે એમણે આપણને જે પ્રોસેસ્ આપ્યો છે, જે સાધનાપદ્ધતિ આપી છે, જે રસ્તો આપ્યો છે એ રસ્તાનો વિચાર કર્યા વગર આપણે દોડી રહ્યા છીએ.

...આપણા સમાજમાં ... એટલી બધી દામ્ભિકતા ઘુસી ગઈ છે કે દેખાવ અને ડોળ વધી ગયા છે, દોડા-દોડી વધી ગઈ છે. ...બહુ લોકો આવ્યા, એટલે માનીએ છીએ કે આ કામ બહુ સરસ થયું. હું પ્રવચન સારું કરી શકું એનો અર્થ એ નથી કે હું ખરેખર પુષ્ટિમાર્ગીય છું. કોઈ પણ સાધક જ્યાં સુધી પોતાના ગુરુના પગલે ન ચાલે ત્યાં સુધી એ સફળ નથી. ...સત્સંગ કરાવનારા અમે લોકો છીએ, અમારી અંદર પણ દામ્ભિકતા આવી ગઈ છે. ...આજે તમને કોઈ પુછે કે વ્હાય્ યુ આર્ પુષ્ટિમાર્ગીય? વોટ્ ઈઝ્ પુષ્ટિમાર્ગ? તો બે-ચાર ઉત્તરો સિવાય આપણી પાસે એનું થરો નોલેજ્ નથી. ...આજે આપણે ભારતમાં પણ એટલા બધા મન્દિરો ઉભાં કર્યા મન્દિરોની અંદર ભીડ વધી ગઈ, મનોરથો થવા લાગ્યા, મહાપ્રસાદો વેચાવા લાગ્યા. દોડા-દોડી કરીને લોકો આવે અને દોડા-દોડી કરીને જાય. અને અમે ખાલી આરતીઓ જ ઉતારીએ! પરન્તુ ત્યાં આવનાર સમાજને કંઈક નોલેજ્ મળે એવું અમારા સ્થાનોમાં બન્યું છે! ...તમને  નથી લાગતું કે આપણા ધર્મસ્થાનો એ જ્ઞાનપીઠ બનવા જોઈએ! એ વિદ્યાપીઠો બનવી જોઈએ! એ સાધનાની પીઠો બનવી જોઈએ! વી નીડ્ ચેંજ્ ...આજે આપણે મન્દિરોની જે વ્યવસ્થા કરીએ છીએ અને એના જે હોદ્દેદારો બનીએ છીએ એમને પૈંછો કે તમને પુષ્ટિમાર્ગ કંઈ આવડે છે? ભરતભાઈને હું પૈંછું છું. શું આપણે થોડાક પણ સાધક છીએ! ... અમે લોકો જ્ઞાન આપવામાટે ધ્યાન આપતા નથી. અમે પણ બસ અમારા સ્થાનમાં બેઠા છીએ. અમે આ વૈષ્ણવસમાજનો વિચાર નથી કરતા કે આ વૈષ્ણવસમાજ કેટલો ભૈંખ્યો છે

... આ માસ્ પ્રોડક્શની અંદર નોલેજ્ આપવું એ કંઈ નોલેજ્ આપવાની પદ્ધતિ નથી. ઘણી કથાઓ કરીને, ઘણા પ્રવચનો કરીને, મેં આત્મચિન્તન કરતાં લાગ્યું છે કે ધિસ્ ઈઝ્

રોંગ્ વે.

હવે જરૂર છે ક્લાસ્ પ્રોડક્શન્ની નાના-નાના વર્ગોને બોલાવી એમની સામે ડિસ્કસ્ કરી એમને સાચા સાધક બનાવો. એમનામાં આસ્તિકતા અને સાચી શ્રદ્ધા જાગૃત કરો. એમનામાં સમર્પણબુદ્ધિ જાગૃત કરો. શરણાગતિ બુદ્ધિ જાગૃત કરો. તો પ્રિય વૈષ્ણવજનો, આજે જે આપણે ટોળાશાહીની અંદર મંદિરોમાં જીવી રહ્યા છીએ, ...આપણી અંદર એક જાગૃતિ આવે, ...શિક્ષણવ્યવસ્થાઓ ક્લાસ્ની અંદર થાય. અને એને શિક્ષણ આપવા માટેનો સ્વતન્ત્ર શિક્ષક વર્ગ ઉભો થાય.

આજે જે લોકો શિક્ષણ પણ આપે છે એ અધુરા નોલેજ્ વાળા છે. કારણ કે સાધક નથી. ...આપણા શિક્ષકો પણ એવા હોવા જોઈએ કે જે લોકો પુષ્ટિમાર્ગને જાણતા હોય. ... અમારા લોકોની એ કમી છે કે અમે હજી કોઈ પુષ્ટિવિદ્યાલય બનાવ્યું નથી. એવી કોઈ કોલેજ્ બનાવી નથી, એવી પ્રયોગશાળાઓ બનાવી નથી. અને આજના જમાનામાં જો નોલેજ્ આપવું હશે તો જુની ભાષામાં નહીં આપી શકીએ. જે શિક્ષકો છે એમણે જુના શબ્દોમાં શીખવું પડશે. ઓરિજિનલ્ ગ્રન્થો ભણવા પડશે. અને આજની નવી લેંગ્વેજ્માં નવા તર્ક સાથે, નવા વિચારો સાથે, નવા દાખલા-દલીલો સાથે લોકોને એનું શિક્ષણ આપવું પડશે. અને એના માટે આપણા એવા આશ્રમો તૈયાર થાય, એવી વિદ્યાપીઠો તૈયાર થાય કે જ્યાં કમ્પેરિટિવ્ સ્ટડીસ્ થાય. સાયકોલોજી ઈન્ પુષ્ટિમાર્ગ, ફિલોસોફી ઈન્ પુષ્ટિમાર્ગ, સાયન્સ્ ઈન્ પુષ્ટિમાર્ગ. તમે ધર્મનું આચરણ કરો છો તો અનાથી તમારી અંદર શું ફેરફાર થાય છે આવા પ્રેક્ટિકલ્ પ્રયોગો થાય. વિદ્યાર્થીઓ એમાં રસ લે. આજે આ જાતના નવા-નવા પ્રયોગો, પ્રેક્ટિકલ્ વસ્તુઓ પુષ્ટિમાગન.ી અંદર હજી જોવા મળતી નથી. હજુ આપણે બહુજ પાછળ રહ્યા છીએ. તો હું વૈષ્ણવ સમાજને, અમારા સમાજને પણ હૃદય પૈર્વકની વિનન્તી કરું છું કે આવો આપણે બધા જાગીએ. હું તમને નથી કહેતી કે તમે જાગો. મારી જાતને પણ કહું છું કે આવો આપણે બધા જાગીએ. નવું ચિન્તન કરીએ. નવો વિચાર કરીએ અને પુષ્ટિમાર્ગ જે ટ્રેક્ ઊપરથી ઉતરી ગયો છે એને પાછો ટ્રેક્ ઊપર ચઢાવી દઈએ.

વલ્લભાચાર્યના વિચારોમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી પણ ૨૧મી સદીનો જે પુષ્ટિમાર્ગ છે એની અંદર ઘણા પરિવર્તનો માંગી લે છે. મન્દિરવ્યવસ્થાપરિવર્તન, જીવનવ્યવસ્થાપરિવર્તન, સમાજવ્યવસ્થાપરિવર્તન. કારણ કે ધર્મ એ મંદિરે આવીને ખાલી આરતીના આંટા જોઈ જવાનો નથી. ઘણા લોકો કહે છે ક્યાં જાઓ છો? કહે, નાથદ્વારા. શું કરવા? તો કહે બસ્, આરતીના આંટા જોયા એટલે બસ્ પતી ગયું. ... આપણા ધર્મસ્થળોમાં પણ ઈન્સ્પિરેશન્ (પ્રેરણા) નથી. ત્યાં પણ જાગૃતિ નથી. ...લેટ્ અસ્ ચેંજ્ અવરસેલ્વ્સ્, અવર સિસ્ટમ્, અવર લાઈફ્ સ્ટાઈલ્ અને આપણી ધર્મ જીવવાની પદ્ધતિને, એના પ્રચાર અને પ્રસારની પદ્ધતિને ...કાર્યકર્તાઓ પધાર્યા છે. હું એમને પણ કહીશ કે આપણે ખાલી દોડાદોડી, દર્શન અને મહાપ્રસાદ જ નથી આપવાનો અને ટોળાશાહી જ

ઊભી નથી કરવાની.

ક્લાસ્‌ની અંદર તમે ધર્મપ્રચાર શરુ કરો. થોડા-થોડા લોકોને બોલાવીને ચર્ચા કરો. અને આ ધર્મ આજના વર્તમાન યુગની સમસ્યાને કઈ રીતે દુર કરે છે તે જુઓ!

**(વિશ્વવૈષ્ણવ સમ્મેલ., ૪ જુલાઈ ૨૦૦૯, ન્યુજર્સી અમેરીકા)**

**પૂ.પા.ગો. શ્રીગોકુલોત્સવજી મહારાજ (ઇન્દૌર-નાથદ્વારા)**

જેઓ ઘરમાં રહીને પ્રભુની સેવા કરે છે તે પોતે તો કૃતાર્થ થાય જ છે કિન્તુ તેમના પરિજનો પણ કૃતાર્થ થાય છે. ...બધી ઇન્દ્રિયોથી અન્તઃકરણથી ભજનાનન્દનો અનુભવ ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા કરવાથી થઈ જાય છે. ... તેથી ગુરુ પાસેથી શ્રીઠાકોરજીને પુષ્ટ કરાવીને ઘરમાં પધરાવો અને સમયને સેવામય બનાવો ... શ્રીઠાકોરજી જે ઘરમાં બિરાજે છે તે ઘર ઘર ન રહીને ... નન્દાલયની લીલાનું સ્થળ બની જાય છે.

... મુકુન્દદાસ ... રામદાસ સાંચોરા ... કિશોરીબાઈ ... જીવનદાસ... આ બધા મહાનુભાવોએ ... શ્રીનાથજી તથા ઘરના ઠાકોરજીમાં ભેદ નથી જાણ્યો.

... શ્રીઠાકોરજી આપણી નિધિ છે. ...આવા પૈર્ણપુરુષોત્તમ શ્રીનન્દરાજકુમારને શ્રીમહાપ્રભુજીએ આપણા ખોળામાં પધરાવી આપીને આપણને ભાગ્યશાળી બનાવ્યા છે. આથી મોટું બીજું કયું ફળ છે!

... સાંસારિક કામનાથી જે શ્રીઠાકોરજીના... દર્શન-સ્મરણ-સેવા કરે છે તેને ક્લેશજ હાથલાગે છે. ...ઘરના શ્રીઠાકોરજી જ સર્વસ્વ છે...તે જ નિત્યલીલાના આનન્દનો અનુભવ કરાવશે. તે આપણા પતિ છે જે ભયથી રક્ષા અનુ સુરક્ષા પણ કરે છે.

શું કોઈ સ્ત્રી અન્ય સ્થળે જઈને કોઈ બીજાની સેવા કરી શકે છે? કદાપિ નહીં. ...ઘરના પરિજનો આ સાંખી નહીં શકે. ...તે જ પ્રમાણે આપણા માથે જે શ્રીઠાકોરજી આપણા ઘરમાં બિરાજે છે તેમના આપણે મનગમતાં નવા-નવા પુષ્ટિમાર્ગીય મનોરથકરીને, સામગ્રી સિધ્ધ કરીને લડ લડાવી શકીએ છીએ પરન્તુ એવો અધિકાર કોઈ બીજે ઠેકાણે થોડો મળી શકે છે! તેથી નઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયોસ્ર.

શ્રીનાથજીને પણ દેવાલયની લીલા છોડીને નન્દાલયની લીલા કરવામાટે શ્રીગુસાંઈજીના ઘરે પધારવું પડ્યું. નવ્યાજં લૌકિકમાશ્રિત્ય શ્રીવિટ્ઠલગૃહેડગમત્સ્ર. તેથી શ્રીનાથજીનો તે જ પાટોત્સવ મુખ્ય મનાય છે કે જે ફાગણ સુદ સાતમના આવે છે.

... તેથી ઘરના શ્રીઠાકોરજીનું સ્વરૂપ સમજવું ખુબજ જરૂરી છે. ...કોઈ પત્ની પોતાના પતિની સેવા ન કરે અને તેના ફક્ત ગુણગાન કરતી રહે તો શું તેથી તેનો પતિ સન્તુષ્ટ થશે?

...જે કૃષ્ણ-કૃષ્ણ ગુણગાન કરતા રહે છે પણ સેવા સ્વધર્મથી વિમુખ છે તે હરિના દ્વેશી છે (વિષ્ણુપુરાણ) તેથી સેવાથી સેવ્યને સન્તોષ મળે છે આ જ વૈષ્ણવનો સ્વધર્મ છે.

**(૨૫૨ વૈષ્ણવ વાર્તાની ભૂમિકા)**

**ષષ્ઠગૃહાધીશ પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી મહોદય, વડોદરા**

ચિત્ત ભગત્પ્રેમમાં પરિપૈંર્ણ થઈ જાય છે, પૈંર્ણતઃ ભગવાન્‌માં જોડાઈ જાય છે, તન્મય અને તલ્લીન થઈ જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને 'માનસી' સેવા કહેવાય છે. આની સાથે મનુષ્યે શરીરથી પણ સેવા કરવી જોઈએ. ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાય છે. અહંતા-હુંપણા નો નાશ થાય છે. ધનથી કરાતી સેવા 'વિત્તજા' સેવા છે. તેનાથી મમતા-મારાપણાનો નાશ થાય છે. અહંતા અને મમતા એકબીજા સાથે જોડાયેલા રહે છે આથી તનુજા અને વિત્તજા સેવા સાથે થવી જોઈએ. આમાં પ્રધાનતા તનુજા સેવાની છે. કેવળ ધન આપી દેવાથી સેવા થતી નથી. એનાથી રાજસી વૃત્તિ આવે છે.

**( 'શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન' પૃ.૧૨૫)**

**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય, વડોદરા**

આ (પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા) કાર્યક્રમ દ્વારા બને એટલો પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૈંર કરવાનો કર્યો છે; બીજો કોઈ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્ધાન્તવૈપરીત્ય થઈ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો...એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઈ કાલે ''લોકાર્થીચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા'', એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ.... એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઈ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઈ આવે! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઈ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોઈ શકે! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. ...આવા બધા સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભક્તિ જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ...અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

**('પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા.૧૦-૧૩ જાન્યુઆરી ૯૨ પાર્લા, મુંબઇ, વિસ્તૃત વિવરણ પૃ.૩૧૭-૩૧૮).**

**નિ.લી.ગો. શ્રીગોવિન્દલાલજી મહારાજ પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજ**
**પૂ.પા.ગો. શ્રીરાજેશકુમારજી મહારાજ પૂ.પા.ગો. શ્રીવિજયકુમારજી મહારાજ**
**પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ(કડી-અમદાવાદ)**

''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુકતઘોષણાપત્ર-૧૯૮૬''

...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિ-સમ્પત્તિ-સેવાકર્તા (ગુરુકે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકાર છે જ નહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દૃષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભ સમ્પ્રદાયમાં ગો.મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે. ... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ''.

**(નિ.લી.ગો.શ્રીગોવિન્દલાલજી મહારાજ, ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ, ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ, ગો.શ્રીવિજયકુમારજી મહારાજ તેમજ ગો.શ્રીવલ્લભલાલજી મહારાજની હસ્તાક્ષરિત સમ્મતિથી ભારતની સુપ્રિમકોર્ટમાં રજુ કરવામાટે તૈયાર કરવામાં આવેલ**

''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્તઘોષણાપત્ર-૧૯૮૬'' ના અંશો)

## સિદ્ધાન્તવચનાવલી

કોઈ પુરુષ કૃષ્ણસેવામાં તત્પર છે કે નહીં, દમ્ભાદિ દુર્ગુણોથી રહિત છે કે નહીં; તેમજ શ્રીમદ્ભાગવતપુરાણના મર્મનો જાણકાર છે કે નહીં આટલી વાતો સરખી રીતે ચકાસી લીધા પછી જ તેની પાસે ગુરુબુદ્ધિ રાખીને જવું જોઈએ.

...તેવા લક્ષણોથી યુક્ત ગુરુ બળવાન કળિયુગને કારણે ન મળે તો ...જાતે જ ભગવત્સેવામાં પ્રવૃત્ત થઈ જવું જોઈએ.

પાત્રાપાત્રનો વિવેક રાખ્યા વિના જો નામદીક્ષાનું દાન આપવામાં આવે તો નામવિક્રયનો દોષ લાગે જ છે કે જેને કારણે દીક્ષાદાતા અપરાધી બને છે.

પૈસા આપીને કોઈ બીજા માણસ થકી કરાવવામાં આવતી સેવા ...અને ...કૃષ્ણસેવામાટે કોઈક બીજા માણસ પાસેથી પૈસા લઈને કરવામાં આવતી સેવા... આવા બન્ને પ્રકારે કરવામાં આવતી સેવાઓને કારણે ચિત્ત ક્યારે પણ કૃષ્ણપ્રવણ બની શકતું નથી. ... સેવા ...વિત્ત આપીને કરાવવામાં આવતી હોય ત્યારે તે વિત્તજા સેવા ચિત્તને રાજસભાવ દર્પ-દમ્ભથી યુક્ત બનાવે છે ...ગોરમહારાજને જેમ યજ્ઞ-યાગનું ફળ મળતું નથી તેમ પારકા પૈસાથી કરવામાં આવતી તનુજા સેવા કરનારને પણ કૃષ્ણપ્રવણતારૂપ ફળ ક્યારેય મળતું નથી.

જેઓ પોતાના સ્વજન હોય અને ભક્ત હોય તેઓને જ શ્રીઠાકોરજીના દર્શન કરાવવા જોઈએ.

૧૧મો અપરાધ : અવૈષ્ણવ સમક્ષ પોતાના ઘરે બિરાજતા શ્રીઠાકોરજીનું પ્રદર્શન કરવું. ફળ : એક વર્ષની સેવા નિષ્ફળ થઈ જાય છે. પ્રાયશ્ચિત્ત : શ્રીઠાકોરજીને પઞ્ચામૃતથી સ્નાન કરાવવું.

૩૬મો અપરાધ : શ્રીઠાકોરજીના નામે માંગવું. ફળ : સેવા સર્વથા નિષ્ફળ બની જાય છે. પ્રાયશ્ચિત્ત : જેટલું માગ્યું કે ભેગું કર્યું હોય તેનાથી પાંચ ગણું નૈવેદ્ય પ્રભુને દાન રૂપે આપવું.

આજીવિકા કે યશ વગેરે કમાવવા માટે ભજન કરે તો શી ગતિ થાય? ...તે વ્યક્તિ અન્તે ક્લેશ જ પામે છે એવો શ્રીમહાપ્રભુજીના કથનનો સાફસાફ અર્થ છે. વાત કેવળ ઐહિક ક્લેશ પર નથી અટકતી, તેના પરલોકના અધિકાર અને ફળ નો પણ આવા નિષિદ્ધ આચરણને કારણે નાશ થાય છે. ... અત્યલ્પ પણ જ્ઞાન કે સંસ્કાર હોય તે આવું કુકૃત્ય કરી શકતો નથી.

જો પોતાના ઘરમાં બિરાજતા પ્રભુનું ભજન છોડીને બીજે કશે ભજન(સેવા) કરવામાં આવે તો તેને ભક્તિ ન કહેવાય.

ભાગવતનો પાઠ પ્રયત્નપૈર્વક, અન્ય કોઈ પણ હેતુ વિના જ કરવો જોઈએ. પ્રાણ

આપણા કણ્ઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકાર્થ તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. મોઢું વગેરે ધોવા માટે વપરાયેલ અપવિત્ર પાણીને ભેગું કરવામાટે જમીનમાં જે ખાડો ખોદવામાં આવે છે તેના જેવા નીચ ભગવદ્વાનોપજીવીઓ હોય છે. આથી... વપરાયેલું ગંદુ પાણી જેમ વપરાશમાં લેવાતું નથી તેમ ભગવદ્વાનોપજીવીઓના ભાવો સારા મનુષ્યો માટે ગ્રાહ્ય નથી હોતા. ... આજીવિકાર્થે પુરાણકથા કરનારાઓ પણ આવા ગાયોકો સમાન છે.

હે શ્રીવલ્લભ! આપે કહેલ (ઉપરોક્ત) વચનોથી વિપરીત જેઓ કોઈ કંઈ કહે છે તો તેઓ બધા ભ્રાન્ત અને કેવળ અન્ધન્તમ નરકને પ્રાપ્ત થનારા સહજ આસુરી જીવ છે.

**(ગો.શ્રીવ્રજેશકુમારજી, ગો.શ્રીરાજેશકુમારજી તથા ગો.શ્રીવિજયકુમારજી ની હસ્તાક્ષરિત સમ્મતિથી પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભામાં વિચારાર્થ પ્રસ્તુત કરવામાં આવેલ સિદ્ધાન્તવચનાવલીના અંશો. હસ્તાક્ષર માટે જુઓ : પેજ ન. )**

## સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ 'સુજ્ઞજનો' શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક 'સંવાદસ્થાપકમણ્ડળ'ની સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી(કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી'ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૈં.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૈંષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૈંજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૈંજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૈંજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છેઃ

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૈંર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય(વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને(સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૈંનાધિક હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે,

સાર્વજનિક(સ્થળ) નહીં.
૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.
૪. દેવલક વ્યક્તિ (=ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.
૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૈંજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દૃષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.
૬. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.
૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથી–શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

**(ગો.શ્રીવ્રજેશકુમારજી, ગો.શ્રીરાજેશકુમારજી તથા ગો.શ્રીવલ્લભલાલજી ની હસ્તાક્ષરિત સંમતિથી પ્રકાશિત થયેલ ''સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ'', મિતિ ફાલ્ગુન સુદી૭, શ્રીવલ્લભાબ્દ૫૧૪, દિનાંક : ૧૧ માર્ચ ૧૯૯૨)**

**પૂ.પા.ગો. શ્રીવલ્લભરાયજી મહારાજ, સુરત**

પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શામાટે કહેવામા આવે છે?

ઉત્તર : સામાન્ય રીતે ઈતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યક્તિગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એક માત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યક્તિગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતા નો પતિ અથવા પુત્ર ની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યક્તિગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્યસ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યક્તિગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે...માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે.

હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી. **(પુષ્ટિ.શીત.છાંયડે પૃ.૧૫૭-૫૮)**

**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ, કામવન-સુરત**

તનુજા સેવા અને વિત્તજા સેવા એક જ વ્યક્તિ કરે ત્યારે જઈને તે માનસીને સિદ્ધ કરે છે. કેવળ તનુજા કરી લીધી કે કેવળ વિત્તજા કરી લીધી તો તેનાથી અહન્તા-મમતા દુર નહીં થાય... કેવી રીતે? હું તમને એક ઉદાહરણ આપું છું. જેઓ ઘરમાં સેવા કરે છે તેમના માટે તો કો સમસ્યા જ નથી. પણ જો કોઈ વિત્તજા સેવા કરશે, સમજો કે તેણે મન્દિરમાં ભેટ આપી. મનોરથ કરાવ્યો. તેની તમે રસીદ લેશો. ...ત્યારે તમે કહેશો કે ''મેં સેવા લખાવી છે''. તમે કહો છો ''મેં સેવા લખાવી છે'' ત્યારે (વિચારો કે) અહન્તા ક્યાં દુર થઈ? હવે તમે મહેતાજી પાસેથી શું માંગશો? ''આ મારી રસીદ છે, મારો પ્રસાદ લવો''. તો જુઓ, અહન્તા-મમતામાં આપણે વધુ બંધાઈ ગયા. તો આવી સેવા સંસારને દુર નહીં કરે, સંસારમાં બાંધશે. .... જો આપણે કેવળ વિત્તજા કરીએ છીએ તો આપણે આપણા અહંકારને વધારીએ છીએ. અને અહન્તા દુર નહીં થાય, મમતા દુર નહીં થાય તો માનસી કેમ સિદ્ધ થશે? કેમ કે બધા બન્ધનોનું મૈંળ તો અહન્તા-મમતા જ છે!

**(સિદ્ધાન્તમુક્તાવલી પ્રવચન, ભરૂચ, જન્યુઆરી ૨૦૦૫)**

**પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી મહારાજ, કામવન-ભાવનગર**

કઈ બાર પ્રભુ સામગ્રીપર માત્ર દષ્ટિ કરતે હ, ઉસે અરોગતે નહીં હ. જિસ પ્રસાદકો લેનેકા આમન્ત્રણ પહલે હી દે દિયા ગયા હો ઉસે ...વૈષ્ણવોંકો પહલેસે નિમન્ત્રણ ભેજા જાતા હૈ કિ હવેલી પર દોપહર બારહ બજે પ્રસાદ લેને આના હૈ. યહ બાત ઠીક નહીં હૈ.

**(આશ્રય, માર્ચ ૨૦૦૫, પાનું ૧૨)**

શ્રીમહાપ્રભુજીકી સ્પષ્ટ આજ્ઞા હૈ કિ પ્રત્યેક વૈષ્ણવકા મુખ્ય કર્તવ્ય પ્રભુસેવા હૈ. અપને ઘરમેં બિરાજતે પ્રભુકી સેવા કરના હી વૈષ્ણવકા પરમ ધર્મ હૈ. ... ''હમ ઘરમેં સેવા નહીં કર સકતે, નિત્ય પાઠાદિ ભી નહીં હો પાતે હ ઈસલિયે નિયમિત મન્દિરમેં દર્શન કર આતે હ'' યહ તો મન મનાનેકી બાત હૈ . યહ વિચાર ઠીક નહીં હૈ. સેવા નિત્યનિયમ અવશ્ય કરને ચાહિયે. સેવાકા વિકલ્પ મન્દિર જાના નહીં હો સકતા.

**(આશ્રય, ફેબ્રુઆરી ૨૦૦૫, પાનું ૧૨)**

**પૂ.પા.ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી મહોદય, રાજકોટ-પોરબંદર**

આજે જે રીતે બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રદાન કરવામાં આવે છે એમાંથી ઘણા ખરા દીક્ષાર્થીઓ એવા હોય છે જેમને પુષ્ટિમાર્ગ શું છે, દીક્ષા પછી એમનું કર્તવ્ય શું છે, પુષ્ટિમાર્ગના પાયાગત સિદ્ધાંતો શું છે એના સાથે એમને કોઈ પણ પ્રકારની નિસ્બત નથી હોતી. આવા દીક્ષાર્થીઓ તો ફક્ત જાતને વૈષ્ણવ કહેડાવવાની ઔપચારિકતા પૈંરી કરે છે. ...જેમનો ધ્યેય રાસ-ગરબા, દર્શન અને પ્રસાદ પૈંરતો જ સીમિત છે. આપણા સેવ્ય પ્રભુમાં નિરોધ સિદ્ધ થાય, પ્રભુનો સાનુભાવ-સાક્ષાત્ પ્રકટ થવું-થાય એ જ પુષ્ટિમાર્ગીયોનું

ફળ છે અને એ જ દરેક પુષ્ટિમાર્ગીનો ધ્યેય હોવો જોઈએ. ...પુષ્ટિમાર્ગના સાચા ધ્યેયને જ આજે પુષ્ટિમાર્ગીયો વિસરી ગયા છે. ...માર્ગના ગ્રન્થોના અધ્યયનમાં અનુયાયી વર્ગની ઘટતી જતી રુચિ આ પરિસ્થિતિની ઘણા અંશે જવાબદાર છે. શ્રીઆચાર્યચરણોના ઉપદેશો જ આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શકશે. ...પોતાના સિલ્દ્ધાન્તનો નિશ્ચય કરતા શ્રીવલ્લભ આપણને ''કૃષ્ણસેવા સદા કાર્યા''નો જ ઉપદેશ કરે છે. પણ માર્ગમાં વધતા જતા વ્યાપારીકરણને કારણે શ્રીવલ્લભાધીશના ગૃહસેવાના સિલ્દ્ધાન્તને કેટલી હાની પહોંચી છે તે આપણે સહુ જોઈ શકીએ છીએ. ...શ્રીઆચાર્યચરણની કૃપાથી વ્રજના અધિપતિ એવા સાક્ષાત્ પૈંર્ણપુરુષોત્તમ આપણે ત્યાં પધારી આપણી સેવા અંગીકાર કરે છે એથી વિશેષ કૃપા બીજી કઈ હોઈ શકે? ...એવા પુષ્ટિપ્રભુને પોતાને ઘરે પધરાવી સર્વસમર્પણ પૈંર્વક એમની સેવા કરવાને બદલે જાહેર સ્થાનો (હવેલીઓ)માં પૈસા દઈ સેવા કરાવીને જ અનુયાયીવર્ગ સંતોષ માની લે છે. પછી ઘરે સેવા કરવાની એમને કોઈ જરૂર નથી લાગતી. શ્રીવલ્લભની આજ્ઞા પર નિષ્ઠાપૈંર્વક ચાલવાવાળા (સિલ્દ્ધાન્તવાદી) પણ આજે માર્ગમાં ઘણા અનુયાયીઓ છે. પણ માર્ગ(હવેલીઓ)માં સેવાના નામે થતા જાહેર પ્રદર્શનોથી એમના હૃદય પણ વીંધાય છે. એવા જાહેર મંદિરો કે જ્યાં બધાને નફા-નુકશાનનો વિચાર છે, મનોરથીનો વિચાર છે પણ પ્રભુના સુખનો કોઈ વિચાર નથી. એવા વાતાવરણમાં શ્રીમહાપ્રભુજીનો ''ચેતસ્ તત્પ્રવણં સેવા''નો ઉપદેશ કેટલી હદે શક્ય છે? એવા વાતાવરણમાં ચિત્તની પ્રવણતા કેવી રીતે થઈ શકે છે કે જ્યાં ધર્મના નામે (હવેલી-કથા-યાત્રા-કીર્તન-ઢાઢીલીલા-રાસલીલ વગેરેમાં) વેપાર ચાલતો હોય. ધર્મના નામે થતી આવી વ્યાવસાયિક પ્રવૃત્તિ ચાલતી જોઈને લાગે છે કે આપણા આચાર્યચરણ પ્રત્યેની આપણી નિષ્ઠા મરી પરવારી છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમાં ચિત્ત પરોવાઈ જાય એ જ સેવા છે. ચિત્તની પ્રવણતા કેવી રીતે થાય? ''તત્સિલ્દ્ધ્યૈ તનુવિત્તજા''...પોતાના દેહ(શરીર)થી અને પોતાના વિત્ત(ધન)થી પ્રભુસેવા કરવી જોઈએ. શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે...ધન દઈને અથવા લઈને કરવામાં આવતી સેવા ફલરૂપા માનસી સેવાને સાધી શકતી નથી એટલા માટે શ્રીઆચાર્યચરણે ''તનુજા-વિત્તજા'' અલગ ન કહી 'તનુવિત્તજા' સમસ્તપદ કહ્યું. આ વિષયપર શ્રીપુરુષોત્તમચરણ લેખે છે ...જો વિત્ત વેતનની જેમ દઈને સેવા કરાવવામાં આવે તો તેનાથી ચિત્તમાં રાજસ વધે છે, અહંકાર આવે છે. અને જો વિત્ત વેતનની જેમ લઈને સેવા કરવામાં આવે તો જેવી રીતે બ્રાહ્મણનું વરણ હોય પણ તેને યજ્ઞનું ફળ નથી મળતું (તેમ સેવા-મનોરથના નામે પૈસા લેનાર ગો.બા., ટ્રસ્ટ, મુખિયા વગેરેની સેવા નિષ્ફળ જાય છે). આથી સ્પષ્ટ થાય છે કે વિત્ત-પૈસા દઈને કરાવવામાં આવતી વિત્તજા સેવા અથવા વિત્ત લઈને કરવામાં આવતી તનુજા સેવા માનસીરૂપ ફળને નથી સાધી શકતી. આ બંને સેવા જ્યારે સાથે થાય છે, પોતાના તનથી અને પોતાના ધનથી જ્યારે તનવિત્તજા સાથે

કરવામાં આવે છે ત્યારે એ માનસી સિદ્ધ કરે છે. ...પરમ કૃપાળુ શ્રીવલ્લભે આપણને એમના સર્વસ્વ એવા વ્રજાધિપતિ પધરાવી આપ્યા. એવા પ્રભુને પોતાના સર્વસ્વ માનીને એમની સેવા કરવાને બદલે એ પ્રભુનો જ ઉપયોગ કરી પોતાના અર્થ સાધવાવાળા (હવેલીવાળાઓની) શું ગતિ થશે એ તો પ્રભુ જ જાણે.

(ખ) ઘણો એવો વર્ગ છે જેને (સેવા-મનોરથ-કથા-કીર્તન વગેરેના) વ્યાપારીકરણનો વિરોધ જરા પણ પસંદ નથી. તેમની દલીલ હોય છે કે આનાથી પ્રચાર થાય છે, વ્યાપ વધે છે. પણ તેવા વ્યાપ વધારવાથી શું ફાયદો કે જેમાં કોઈ ફલશ્રુતિ જ ન હોય! ...પહેલા જ્યારે દ્રવ્ય ખૈબજ વધી જતું તો તેનો ભગવદ્ વિનિયોગ થાય તે ભાવથી પ્રભુને છપ્પનભોગ અરોગાવવામાં આવતો. આજે દ્રવ્ય ઘટી જાય તો છપ્પનભોગ કરવામાં આવે છે અને ભીડ ભેગી કરવામાં આવે છે. ...આ (ધંધાકીય મનોરથોના) દૈષણના કારણે વધારે પડતા વૈષ્ણવોની એવી માનસિકતા બંધાઈ ગઈ કે ભેંટ ધરી દીધી એટલે ધર્મ નિભાવી લીધો. (સેવા-મનોરથ-દર્શનને) વેચવાવાળા(હવેલીવાળ)ને ખરીદવાવાળા મળી ગયા એટલે દૈષણ દિવસેને દિવસે વધતું ગયું. પણ દરેક પુષ્ટિમાર્ગીએ સમજવું પડશે કે ફક્ત ભેંટ ધરી દેવાથી ધર્મ નથી થઈ જતો. કેમકે ધર્મ કોઈ વેચવા કે ખરીદવા ની વસ્તુ નથી. ...બીજાને સુધારતા પહેલા આપણે સુધરીયે તો ...સંપ્રદાય આ વ્યાપારીકરણના દૈષણથી મુક્ત થશે.

**(કઃ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય, પ્રસ્તાવના, વિ.સં. ૨૦૬૨. ખ : ધર્મસેતુ, વર્ષ-૧, અંક-૩ પૃ. ૩, માર્ચ ૨૦૦૯)**

### પૂ.પા.ગો.ચિ.શ્રીજયદેવલાલજી શ્રીવ્રજેશકુમારજી, કડી-અમદાવાદ

''આપ સેવા કરી શીખવે શ્રીહરિ''. વલ્લભે પોતે સેવા કરી અને વૈષ્ણવને સેવા શીખવાડી છે. ઠાકોરજીએ કીધું કે હું કોઈ દેવી નથી પણ સાક્ષાત્ કલ્યાણરાયજીનું સ્વરૂપ છું. અને તુ વલ્લભની પાસે જા. વલ્લભ થકી સહુ પડે સહેલું. અને તુ એમની જોડે બ્રહ્મસમ્બન્ધ લે. અને પછી તુ મારી બરાબર રીતે સેવા કર. વલ્લભે બ્રહ્મસમ્બન્ધ આપ્યું. પુષ્ટિરીતિ શિખવાડી અને પછી એ ઘરમાં આનન્દથી ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણમ્'' ની રીતે સેવા સુંદર રીતે કરવા લાગી ગયા. આ વાર્તાનો ભાવાર્થ એ જ છે કે વલ્લભ જેમ આજ્ઞા કરે છે એ જ પ્રમાણે સેવા કરવી અન્યથા સેવા કરવાનો કોઈ લાભ થતો નથી. **(વચનામૃત : ૮૪ વૈષ્ણવવાર્તા અન્તર્ગત વાર્તા : બાબાવેણુ દાસ)**

### સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ 'સુજ્ઞજનો' શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે, દૈવીજીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે. તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવા આચાર્યોએ એક 'સંવાદસ્થાપકમણ્ડળ'ની

સ્થાપના કરીને મુમ્બઈમાં ... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું. ... સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી'ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૈં.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૈંષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૈંજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવે ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધિ છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૈંજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૈંજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છેઃ

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૈંર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય (વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને (સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ન્યૈંનાધિક હોતું નથી.
૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક(સ્થળ) નહીં.
૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને ધનની પ્રાપ્તિનું સાધન બનાવવું ન જોઈએ.
૪. દેવલક વ્યક્તિ (=ભગવત્સેવ્યસ્વરૂપને ધનની પ્રાપ્તિનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.
૫. શ્રીઠાકોરજીને માટે કોઈ પણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૈંજાના હેતુથી પોતાનામાટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દષ્ટિમાં
ૠણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.
૬. પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટ ના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ(દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.
૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથી– શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથી જ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(સંયુક્ત ઘોષણાપત્ર : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાંક : ૧૧ માર્ચ ૧૯૯૨)

ઉપરોક્ત સિદ્ધાન્ત ગર્જના કરનારા ગોસ્વામી મહાનુભાવોના હસ્તાક્ષર :

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ (અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ(ગોકુલ-અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ(કડી-અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ(કડી-અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી મહારાજ (કામા-વીરમગામ-અમદાવાદ)

પૈં.પા.ગો.શ્રીહરિરાયજી(કામા-વીરમગામ-અમદાવાદ)

## ''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬

...જ્યાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિસમ્પત્તિ-સેવાકર્તા (ગુરુકે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં પોતાના ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં અમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન(સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન જ નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકારછેજનહિ.

...ભેટ ધરેલા ધનથી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે. ...સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દૃષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. ... વાલ્લભસમ્પ્રદાયમાં ગો.મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે.

... બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે; ક્યારેય સાર્વજનિક ન બની જાય! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ''.

**(''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬. પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)**

ભારતની સર્વોચ્ચ અદાલતમાં ઉપરોક્ત સિદ્ધાન્ત ગર્જના કરનારા

ગોસ્વામી મહાનુભાવોના હસ્તાક્ષર :

૧. ગો. શરદ્કુમારજી શ્રીઅનિરુદ્ધજી (માંડવી)
૨. ગો. કિશોરચન્દ્રજી (જુનાગઢ)
૩. ગો. અજયકુમારજી શ્રીશ્યામસુંદરજી (મદ્રાસ)
૪. ગો. મનમોહનજી શ્રીનૃત્યગોપાલજી (વસઈ)
૫. ગો. શ્યામસુન્દરજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
૬. ગો. કૃષ્ણચન્દ્રજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)
૭. ગો. વલ્લભલાલજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૮. ગો. હરિરાયજી શ્રીગોવિંદરાયજી (પોરબંદર)
૯. નિ.લી.ગો.શ્રીવ્રજાધીષજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)
૧૦. ગો. શ્યામ મનોહરજી શ્રીદીક્ષિતજી (કિશનગઢ-પાર્લા)
૧૧. ગો. વ્રજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૨. નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમારજી શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
૧૩. ગો. રાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૪. ગો. વિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
૧૫. ગો. યોગેશ્વરજી શ્રીમથુરેશ્વરજી (વડોદરા-સુરત)
૧૬. ગો. રઘુનાથલાલજી શ્રીરમણલાલજી (મુંબઈ-ગોકુલ-કામવન)
૧૭. ગો. દેવકીનન્દનાચાર્ય (ગોકુલ-અમદાવાદ)
૧૮. ગો. નવનીતલાલજી શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)
૧૯. ગો. ચન્દ્રગોપાલજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
૨૦. ગો. મુરલીમનોહરજી શ્રીવ્રજાધીશજી (દહિસર)
૨૧. નિ.લી.ગો.શ્રીમાધવરાયજી શ્રીગોકુલનાથજી (નાશિક-મુંબઈ)
૨૨. ગો. રમેશકુમારજી શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)
૨૩. ગો. કલ્યાણરાયજી (વીરમગામ-અમદાવાદ)

૨૪. ગો. યોગેશકુમારજી શિશુકુમારજી (કાંદીવલી)
૨૫. ગો. વ્રજપ્રિયજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
૨૬. ગો. વ્રજેશકુમારજી (વીરમગામ-અમદાવાદ)
૨૭. ગો. અનિરુદ્ધલાલજી શ્રીદ્વારકેશલાલજી (માંડવી)[પત્રદ્વારા]
૨૮. નિ.લી.ગો.શ્રીવ્રજભૈંષણલાલજી મહારાજ (જામનગર)[પત્રદ્વારા]
૨૯. ગો. વિટ્ઠલનાથજી શ્રીવ્રજભૈંષણલાલજી મહારાજ (જુનાગઢ)[પત્રદ્વારા]
૩૦. ગો. હરિરાયજી શ્રીવ્રજભૈંષણલાલજી મહારાજ (જામનગર)[પત્રદ્વારા]
૩૧. ગો.શ્રીશ્યામમનોહરજી શ્રીવ્રજભૈંષણલાલજી મહારાજ (કાશી)[પત્રદ્વારા]
૩૨. ગો. વ્રજરત્નજી શ્રીવ્રજભૈંષણલાલજી મહારાજ (નડીયાદ)[પત્રદ્વારા]
૩૩. ગો. નવનીતલાલજી શ્રીવ્રજભૈંષણલાલજી મહારાજ (જુનાગઢ)[પત્રદ્વારા]
૩૪. ગો. બાલકૃષ્ણજી શ્રીવ્રજભૈંષણલાલજી મહારાજ (જેતપુર)[પત્રદ્વારા]
૩૫. ગો. નીરજકુમારજી શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)[પત્રદ્વારા]
૩૬. ગો. મધુસૈંદનજી શ્રીકૃષ્ણચન્દ્રજી (ચેન્નઈ)[પત્રદ્વારા]
૩૭. નિ.લી.ગો.શ્રીમથુરેશજી (વીરમગામ-અમદાવાદ)
૩૮. નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણચન્દ્રજી (મુંબઈ)
૩૯. ગો.શરદ્કુમારજી (શીલૈંબાવા) શ્રીમુરલીધરજી (પોરબંદર)
૪૦. નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)[પત્રદ્વારા]
૪૧. પઞ્ચમપીઠાધીશ્વર નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
૪૨. નિ.લી.ગો.શ્રીગોવિંદલાલજી (કોટા)[પત્રદ્વારા]
૪૩. ગો. હરિરાયજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ-કેશોદ)

## શપથપત્ર

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો / જાહેર ખાનગી મંદિરો માં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જનમાટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગ-સામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ લઈને તેમજ ભંડોળી ભાગવત કથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામ રૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાન્તોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણા વિરુદ્ધ આપ્યા છે. ...પારિવારિક ભાવનાથી પૈંર્વમાં ફક્ત દર્શન માટે આપવામાં આવેલી છૈંટના દુષ્પરિણામ રૂપે આજે સમ્પ્રદાયના ધર્મગુરુઓને પુજારીપણાની હલકી પાયરી ઊપર બધી રીતે પટકી દેવા માટે સમ્પ્રદાય વિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને દેવલક પુજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સમ્પ્રદાયની આવી દુર્ગતિ કરવાની જવાબદારી વૈષ્ણવો ઊપર છે કે મહારાજશ્રીઓ ઊપર એ વિવાદનો વિષય હવે

વીતી ગયો છે.

આવો આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યોની ક્ષમા-યાચના માંગીયે, સોગંદ લઈએ કે

(૧) પોતાના માથે બિરાજતા ન હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શનનો નિત્યનિયમ નહીં લઈએ, કે જેથી પુષ્ટિપ્રભુને નન્દાયલ છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય. કેમકે આપણા આવા દુષ્કૃત્યથી (તે ઠાકોરજીના દર્શન-સેવા કરવાનો) જાહેર જનતાનો કાનૈની અધિકાર ઊભો થતો હોય છે.

(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાના માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઉજવવામાટે નથી તેવા મનોરથોમાં ભેટ-સામગ્રી આપી કે દર્શન કરવા જઈને મહાપ્રભુજીના શ્રીનિધિસ્વરૂપ, સમ્પ્રદાય કે સિદ્ધાન્ત ને હવે આપણે કદિ દગો નહીં આપીએ.

(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીનાં સિદ્ધાન્તોથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા ગૈરબ્રહ્મસમ્બન્ધી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-
સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતાં જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ, બલ્કે કોઈ પણ સંજોગોમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે (દેવદ્રવ્યનો પ્રસાદ) કદિ પણ લઈશું નહીં.

(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવન્મનોરથો કે ભાગવતકથા માં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહીં કે જેથી તેવી દુષ્પ્રવૃત્તિઓને પ્રાત્સહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયું તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણો ક્ષમા કરે! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ, રતિ અને ક્રિયાશક્તિ પ્રદાન કરે! ''બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ!''.

**(શપથપત્ર સ્થળ : મનુ ભવન, ભગતસિંહ રોડ, પારલે (પશ્ચિમ), મુંબઈ-૫૬, તારીખ : ૧૨-૯-૧૯૮૬)**

શપથ લેનારની સહી :

કિશોરચન્દ્ર ગોસ્વામી(જુનાગઢ), રઘુનાથ ગોસ્વામી(ગોકુળ-પાર્લા), શ્યામ મનોહર ગોસ્વામી (કિશનગઢ-પાર્લા), યોગેશ ગોસ્વામી (ગોકુળ-પાર્લા), શરદ્ ગોસ્વામી (માંડવી)